॥ ओ३म ॥

देवसभानुं वर्तन.

અથવા

સ્વામી જીવરીમલની પોલ.

લખનાર

ગોકળચંદ ખુશાલચંદ ભાટિયા.

મંત્રી, આર્ય સમાજ ઠઠ્ઠા (સિન્ધ.)

છપાવી પ્રગટ કરનાર

આર્ય સમાજ ઠઠ્ઠા (સિન્ધ.)

શ્રી "નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસ, ઢાળગર—અમદાવાદ.

ઇસ્વીસન ૧૯૦૭

મૂલ્ય આના આઠ.

॥ ओश्म ॥

धर्मसभानुं धतिंग.

અથવા

પંચકલ્યાણી ખીચડીમતની પોલ.

લખનાર

ગોકળચંદ ખુશાલચંદ ભાટિયા.

પ્રધાન, આર્ય્ય સમાજ ઠઠ્ઠા (સિન્ધ.)

છપાવી પ્રગટ કરનાર

આર્ય્ય સમાજ ઠઠ્ઠા (સિન્ધ.)

શ્રી " નિર્મળ " પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—અમદાવાદ.

ઇસ્વીસન ૧૯૦૭

મૂલ્ય આના આઠ.

॥ ओ३म ॥

ગ્રંથાર્પણ.

ધર્મનું નામ સાંભળી જેઓ પોતાનું તન, મન અને ધન અર્પણ કરી દે છે! કોઇને ન અડકવામાં જ ધર્મ સમજી જે સ્ત્રીઓ પોતાના શિરતાજ સ્વામીને–પોતાથી અધમગણી-સ્પર્ષ કરવા પણ નથી ચાહતી! ધર્મમાં હાની પહોંચવાના ભયથી જે માતાઓ પોતાના ગર્ભમાંથી ઉત્પન્ન કીધેલા પુત્રને અડકવામાં પણ પાપ સમજે છે! ધર્મમાં અડચણ આવવાના ડરથી જેઓ પોતાના સહોદર ભાઇના હાથનું પણ નથી ખાતા! પોતાની જ્ઞાતિ અને કુટુંબની પવિત્ર કુલાંગનાઓની લાજ લુંટનારા દુરાચારીઓને પણ જેઓ ધર્મ સમજી ગુરૂ અથવા ઇશ્વર કરી પૂજે છે! અને પોંતાના સનાતન મતનું મહત્વ જાળવવા જેઓ વિધવાઓને નિયોગ અથવા પુનર્લગ્ન કરતી અટકાવી ગર્ભપાત અને દુરાચારમાં પ્રવર્તાવે છે. એવા ધર્મના નામપર સર્વસ્વ અર્પણ કરનારા ધર્મવીરો અને વીરાંગનાઓની સેવામાં આ ગ્રંથ અર્પણ કરૂંછું! અને તે ધર્મ રક્ષક પરમેશ્વર પાસે પ્રાર્થના કરૂંછું કે, તે ધર્માભિમાનીયોને સત્યધર્મ સમજવા જેટલી સદ્બુદ્ધિ બક્ષે!

ગોકલચંદ.

॥ ओ३म् ॥

આર્ય સમાજના નિયમો.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે તે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વ શક્તિમાન ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું, ભણાવવુ અને સાંભળવુ, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫ સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સભા (સમાજ) નો મુખ્ય ઉદ્દેશ્ય છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ; પરંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

॥ ओ३म ॥

ભૂમિકા

આ લઘુ ગ્રંથ લખવાનો હેતુ એના નામપરથીજ જણાઇ આવે છે. એમાં સનાતન ધર્મ સભાનું પોલ અમારા સુજ્ઞ વાંચકોની સન્મુખ પ્રદર્શિત કરવામાં આવ્યું છે. જો ધર્મ સભાના પંડિતો અને લાગતા વળગતા પૂછડાઓ, આર્ય્ય સમાજપર ખોટા આક્ષેપો નહીં કરતાં માત્ર સ્વસિદ્ધાંતનું જ પ્રતિપાદન કરતા હોય તો તેમના સામે આર્ય્ય સમાજને કલમ ઉઠાવવાની જરૂર પડત નહિ; કારણ કે તેઓના મતના ખંડનમાં કાંઈ થોડું નથી લખાયું. પણ જ્યારે આર્ય સમાજને છેડ્યા વગર તેમને ચેનજ પડતું નથી; ત્યારે લાચારીએ અમને પણ ઉત્તરમાં કાંઇ લખવુ પડે છે.

આ પુસ્તકના પ્રથમ ભાગમાં સનાતન ધર્મ સભાની મૂળ ઉત્પત્તિ દર્શાવી, દ્વિતીય ભાગમાં આર્ય્વ સમાજપરના આક્ષેપોનો ઉત્તર આપી, પંડિત ગોવિંદરામના વ્યાખ્યાનોની સમાલોચના કરવામાં આવી છે. અને તૃતીય ભાગમાં મી૦ કીકલા અને તેઓના લાગતા વળગતાઓનો કચવાટ શાંત પાડી, સિદ્ધ કરી બતાવવામાં આવ્યું છે કે, સનાતન ધર્મ સભાનો ન તો કાંઇ સિદ્ધાંત છે અને ન કાંઈ નીયમો પણ છે. માત્ર આર્ય્ય સમાજથી લોકોને બ્હેકાવવા સારૂં અથવા એમ કહીયે કે પોતાની દુકાનદારીની રક્ષા કરવા સારૂં અમારા બુદ્દેવો; અનેક સમ્પ્રદાયો-કે જેનું ઉચિત નામ તો પંચ કર્યાણી ખીચડીજ છે-નામ સનાતન ધર્મ રાખી લોકોને પાખંડ તરફ

ખેંચી રહ્યા છે. ચતુર્થ ભાગમાં સ્થાનિક આર્ય્ય સમાજ સાથે, શાસ્ત્રાર્થ માટે ચાલેલો અમારા વૈષ્ણવ ભાઇયોનો પત્ર વ્યવહાર પ્રગટ કરવામાં આવ્યો છે. આશા છે તો સુજ્ઞ પુરૂષો વાંચીને અવશ્ય ન્યાય કરશે કે, શાસ્ત્રાર્થથી કોણુ હઠી ગયું ? પૌરાણિકો કે આર્ય્ય સમાજ !

તેઓનું શાસ્ત્રાર્થથી હઠી જવુજ સિદ્ધ કરી બતાવે છે કે, આધુનિક સનાતન ધર્મ કેવળ " ઢમ ઢોલ અને માંહે પોલ " છે. માત્ર મેજોરીટી-વધુ સંખ્યા-ના બળથી પોતાનો કક્કો ખરો કરી રહ્યા છે. પણુ તે વધુ વખત ટકી શકે તેમ નથી.

અંતમાં અમારા સુજ્ઞ વાંચનારાઓને આ નાનકડુ પુસ્તક આદ્યોપાન્ત વાંચી જવાની, અને કંઇ દોષ જણાય તો ક્ષમા કરી, સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરવાની વિનતી કરીયે છીએ.
किम्बहुना विज्ञेषु ।

ઠઠ્ઠા (સિન્ધ)
તા૦ ૨૦ માર્ચ
સને ૧૯૦૭ ઈ૦

આર્ય્ય બન્ધુઓનો એક તુચ્છ સેવક,
ગોકલચંદ પ્રધાન આર્ય્ય સમાજ
ઠઠ્ઠા.

સ્વર્ગ પ્રાપ્તી.

જે સ્વર્ગની આશામાં રાજા હરીશ્ચન્દ્રે સત્ય પ્રતિજ્ઞા ધારણ કરી ચક્રવતી રાજ્ય દાન કીધું, અને ચાંડાલની સેવા કીધી, જે સ્વર્ગની આશામાં રાણી સામાન્ય સ્ત્રીયોની દાસી થઇ, જે સ્વર્ગની આશામાં રાજા મયુરધ્વજે પોનાના પ્રાણ પ્રિય પુત્રના પ્રાણની કાંઇ કીમત ન ગણી, જે સ્વર્ગની આશામાં કાશી કર્વતાદિ તીર્થોમાં હજારો નહી પણ લાખો મનુષ્યોએ પોતાનું સર્વસ્વ દાન કરી પ્રાણને પણ સમર્પણ કરી દીધા, જે સ્વર્ગની આશામાં લાખો સ્ત્રિયો પતિયોની સાથે ચિતામાં બળી ભસ્મ થઈ, ક્યાં સુધી ગણીએ લાખો નહી પણ કરોડો સ્ત્રી પુરૂષો જે સ્વર્ગની આશામાં પોતાના પ્રાણોને ન્યોછાવર કરી ચુકયા છે તે સ્વર્ગ ક્યાં છે ? અને શી રીતે પ્રાપ્ત થાય ?

સ્વર્ગમાં જે ચાર વસ્તુઓ મુખ્ય કરી બતાવવામાં આવે છે, જેમ કે ૧ "કલ્પ વૃક્ષ" (ઇચ્છાનુ સાર સર્વ વસ્તુઓ આપનાર) ૨ "હંસપક્ષી" (દુધ અને પાણીને પ્રથક કરનાર પક્ષી) ૩ "કામધેનુ" (જે ઇચ્છિત સર્વ વસ્તુઓ આપે એવી ગાય) ૪ "અમૃત" (જેના પીવાથી માણસ અમરત થઇ જાય) તે ક્યાં છે ? અને શી રીતે પ્રાપ્ત થાય ?

પ્રિય મિત્રો આ "સ્વર્ગ પ્રાપ્તિ" નામક પુસ્તકમાં એજ વિધિ બતાવવામાં આવી છે કે તે સ્વર્ગ જેમાં કલ્પ વૃક્ષ, હંસ પક્ષી, કામધેનુ અને અમૃત છે, તે આ જન્મમાં ઘેર બેઠે શી રીતે પ્રાપ્ત થાય ? જો આ પુસ્તકમાં બતાવેલી વિધિ અનુસાર ચાલ્યાં છતાં આ જીવનમાં સ્વર્ગ અને તેમાં બતાવેલી સર્વ વસ્તુઓ પ્રાપ્ત ન થાય તો પુસ્તકની કીમત પાછી આપીશુ ! ! !

આ પુસ્તકનો ખાસ કોઈ પ્રણ ધર્મ સાથે સબંધ નથી. પુસ્તક એક પ્રસિદ્ધ વિદ્વાન પુર્વ રાજોપદેશક શ્રીમાનનું હિંદીમાં રચેલ તેનું આ ગુજરાતી ભાષાંતર છે.

પુસ્તક આવું ઉત્તમ હોવા છતાં કીમત માત્ર ચાર આના રાખી છે. અગાઉથી ગ્રાહક થઈ નામ નોધાવનાર પાસેથી માત્ર બે આના લેવામાં આવશે.

નરસિંહલાલ ધમનમલ

મન્ત્રી આર્ય સમાજ

ઠઠ્ઠા. (સિન્ધ)

॥ ओ३म् ॥

ધર્મસભાનું ધતિંગ.

પ્રથમ ભાગ.

મહર્ષિ કપિલ સાંખ્ય દર્શનના ત્રીજા અધ્યાયમાં લખે છે કે:-

ઉપદેશકોનો અભાવ

उपदेश्योपदेष्टृत्वात् तत्सिद्धिः । इतरथा न्धपरम्परा । અર્થાત્ જ્યારે ઉત્તમોત્તમ ઉપદેશકો પેદા થાય છે ત્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સારીપેઠે પ્રાપ્તિ થાય છે. અને જ્યારે ઉત્તમ ઉપદેશક તથા શ્રોતા નથી રહેતા ત્યારે અન્ધ પરમ્પરા ચાલે છે.

કયો સુશિક્ષિત પુરૂષ નથી જાણતો કે મહાભારતના ભયંકર યુદ્ધમાં માત્ર વીર ક્ષત્રીઓનોજ નહી પરન્તુ લક્ષાવધી બ્રહ્માર્ષિઓ, ધર્માચાર્યો અને સદુપદેશકોનો પણ સંહાર થઇ ગયો હતો. ઉપદેશકોના અભાવથી પ્રજામાં એટલું તો અજ્ઞાન પ્રસર્યું કે તે ધીમે ધીમે ખરા મનુષ્યત્વને પણ ભુલી જવા લાગી.

ધૂર્તોની ચાલાકી

અજ્ઞાનોના સમુદાયમાં ચપળ અને ધૂર્ત પુરૂષોને લુંટીખાવું સહેલ થઇ પડે છે. અને અજ્ઞાનતામાં હમેશ વિષયાસક્તિ પ્રબળ હોય છે. તે પ્રમાણે ચાલાક લોકો મનગમતાં નવીન નવીન શાસ્ત્રો રચવા લાગ્યા, અને લોકોને વિષય વાસના તરફ દોરવવા લાગ્યા. કર્મ, ધર્મથી ભ્રષ્ટ થયા છતાં પણ જેઓ પોતાને બ્રાહ્મણ કહેરાવતા હતા, તેઓએ શિવ, ભૈરવ, પાર્વતી આદિ મહાન પુરૂષ સ્ત્રીઓના નામથી મનગમતા શ્લોકો જોડી કાઢયા, અને હવન યજ્ઞાદિમાં નિર્દોષ પશુઓનો હોમ કરી તેઓનું માંસ પ્રસાદી તરીકે ખાવા લાગ્યા! (જેવી રીતે આજ કાલના લોકો સ્વાદિષ્ટ મિષ્ટાનો ખાવાના લોભથી ઠાકોરજીને ભોગ લગાડવાનું બહાનું કાઢે છે.) અને નિરક્ષર નામધારી બ્રાહ્મણો શ્રાદ્ધનો ઢોંગ રચી મુડદાઓના નામથી પોતાનું પાપી પેટ ભરવા લાગ્યા.

માયાવાદે પ્રવર્તાવેલું આળસ.

યદપિ મહાત્મા ગૌતમ બુદ્ધના સદુપદેશથી હિંસા આદિ મહાન અધમ કાર્યોનો અટકાવ થયો હતો, અને તે મહાત્માના દેહાન્ત પશ્ચાત તેના ચેલાઓએ ચલાવેલા નાસ્તિક વાદના ખંડન માટે સ્વામી શંકરાચાર્યે પ્રશંસનીય ઉદ્યોગ કીધો હતો, તથાપિ ભારત વાસીઓને તે વૈદિક જ્ઞાનરૂપી સૂર્યનાં દર્શન નહોતાં થયાં કે જે સૂર્યની તે સમયે અત્યન્તાવશ્યક્તા હતી.

બુદ્ધના અનુયાયીઓ જ્યારે ઇશ્વરના અસ્તિત્વનો પણ ઇનકાર કરતા હતા, ત્યારે શંકરાચાર્યના અનુયાયીઓ “અહં બ્રહ્માસ્મિ” ના ઘમંડમાં સ્વયં ઇશ્વર બની બેસવા લાગ્યા! શંકરાચાર્યના લેખો અને શાસ્ત્રાર્થોથી લોકોની બુદ્ધિ ખીલી ખરી, પરન્તુ માયાવાદે ચારે

વર્ણોનાં સ્રી પુરૂષોને પુરૂષાર્થ હીન અને મહા આળસુ બનાવી દીધાં. યદપી ભારત વાસીયો તે સમય ખોટા વૈરાગ્યમાં પડી કર્મકાંડથી રહિત થઇ ગયા હતા, અને યમ નિયમોના લુપ્ત થવાથી સામાજીક જીવનથી હીન થઇ શક આદિ પરદેશી રાજાઓના હુમલાઓના ભોગ થઇ પડયા હતા, તથાપિ મહારાજા ભોજના કાળસુધી તે વામમાર્ગનો ફરીથી ઉદય નહોતો થયો કે જે માર્ગનો અસ્ત મહાત્મા બુદ્ધના સમયમાં થઇ ગયો હતો.

વામમાર્ગનો ઉપદ્રવ. વામમાર્ગ કુટિલમાર્ગનું નામ છે. ઇન્દ્રિય રૂપી ઘોડાઓને વિષય રૂપી મેદાનમાં વિના લગામ છુટા મુકી દેવા, એ તેનો મુખ્ય ઉદ્દેશ છે. કોઇ પણ પ્રજાને ઉન્નતિના શીખર પરથી નીચે ફેંકનાર વામ માર્ગ જ હોય છે. ભારત વાસીઓના આચાર વિચારોમાં જો કે વચલા સમયમાં ઘણું પરિવર્તન થયું હતું; તોપણ તે દુષ્ટ માર્ગનાં બીજ તેઓના હૃદયમાંથી નાશ પામ્યાં નહોતાં. માત્ર તેઓને ફુટી નીકળવા સારૂં સામગ્રીનીજ આવશ્યક્તા હતી. તે સામગ્રીનાં સાધન રાજા ભોજના સમયમાં પુરાં પડયાં. રાજા ભોજના સમયમાં લોકોની રૂચી ઇતિહાસ લખવા અને નવીન કાવ્યો બનાવવા તરફ ઘણી વધી ગઇ હતી. કવી કાળીદાસનાં રચેલાં વિષય રસથી ભરપુર શકુન્તલા આદિ નાટકો ઘર ઘરમાં વંચાવા લાગ્યાં, અને આર્ય સન્તાન વિષયોના વિષમય કાવ્યાલંકારમાં પડી પુનઃ વીર્યહીન થવા લાગ્યા. પવિત્ર શાસ્ત્રો અને ઉપયોગી વિદ્યાઓને તિલાંજલી દઇ કાવ્ય ગ્રંથોની લલિત ભાષાપર ભારત સંતાન ગદ્‌ગદ્ થવા લાગ્યાં. આ રૂચી રસીકતાનો અનુભવ કરી સ્વાર્થી-ધૂર્ત બ્રાહ્મણોએ મધુર કવિતામાં ભાગવત આદિ પુરાણ રચી મિથ્યા સિદ્ધાંત અને અશ્લીલ કથાઓનો

ભારતમાં પ્રચાર કરી દીધો. આ કાવ્ય ગ્રંથોએ વામમાર્ગનો પુનરો- દ્ધાર કર્યો; કેમકે જ્યાં લોકોનાં મન વિષયાસક્તિ તરફ દોડતાં હોય ત્યાં વામમાર્ગને પોતાનું રાજ્ય જમાવવામાં કંઇ વાર લાગતી નથી. વામમાર્ગના જાગવા સાથેજ શૈવ, શાક્ત, જૈન આદિ મતો ને પુનઃ જાગ્રતી આવી, અને આ બધાઓના પ્રચારે મળી ભારતવર્ષને મિ- થ્યા ૧૮ પુરાણોનો અનુયાયી બનાવી દીધો.

પૌરાણિક ઘોર રાત્રી

પ્રિય વાચક! તે પૌરાણિક અમાવાસ્યાની ઘનઘોર રાત્રિમાં એ- વું કયું કર્મ નીચ, અધમ પેટાર્થી બ્રાહ્મણોએ રહેવા દીધું, કે જેને ધર્મને નામે નહીં ઓળખા- વ્યું હોય !? કાશી કરવત લઇ મરીજવાને ધર્મ; ગંગા યમુના અથવા સમુદ્ર અને નદી- ઓનાં સંયોગ સ્થળે ડુબી મરવું ધર્મ; જીવતી સ્રીને–તેની ઇચ્છા હોય અથવા ન હોય તોપણ જુલમથી મૃત પતિના શબ સાથે બાળી મારવી ધર્મ; નિર્દોષ અવાચ્ય પ્રાણીઓને કાપી યજ્ઞમાં હોમી દેવાને ધર્મ; વગેરે અનેક ઘાતકી કર્મોનો ધર્મને નામે પ્રચાર કરવા લાગ્યા !

કદાચિત કોઇ એમ શંકા કરે કે તેમાં એ પૌરાણિકોને શો લાભ? તો તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું જે, કાશી કરવત લઇ મરીજનારની તથા નદીઓના સંયોગ સ્થળે ડુબી મરનારની તમામ મિલકત, તે સ્થળે કસાઇખાનાની દુકાનમાંડી બેઠેલા અધમ બ્રાહ્મ- ણો લઇ લેતા હતા. (જેમ હમણાં પ્રયાગ, કાશી, ગયા, મથુરા આદિ સ્થળોએ બેઠેલા કોરા બ્રાહ્મણો પિંડ સરાવનારની ખુબ પૅાકેટ ખાલી કરાવે છે.)

એવો કોઇ પણ અભક્ષ્ય પદાર્થ ભાગ્યેજ બાકી રહ્યો હોય,

કે જે પ્રસાદીના નામે અમારા તે ધર્મ ધુરંધર ભાઇયોએ અંગીકાર ન કીધો હોય! ભાંગ, ગાંજો, ચડસ, આદિ શિવજીનો પ્રસાદ; માંસ, મદિરા દેવીનો પ્રસાદ; ઇત્યાદિ અનેક હિંસાવર્દ્ધક, કામોત્પાદક, બુદ્ધિનાશક પદાર્થો તેઓ પ્રસાદી તરીકે ખાવા લાગ્યા. એટલુંજ નહીં પણ પૂજ્ય અપૂજ્ય વસ્તુઓનું પણ તે સમય હતભાગી આર્ય્ય સન્તાનને ભાન નહોતું રહ્યું–અને પોતાના સૃજનારને પણ ભુલી જઇ તેઓ અવળે માર્ગે વળી ગયા હતા.

જે જુઓ તે દેવતા! પીપળો દેવતા, તુલસી દેવતા, નાગ દેવતા, કુતરો દેવતા, ગધેડો દેવતા, સિંહ દેવતા, સુવર દેવતા, મચ્છ દેવતા, કચ્છ દેવતા, ઇંટ દેવતા, દિવાલ દેવતા, બત્તી દેવતા, ગમે તે હો–રસ્તે ચાલતાં એક પત્થરપર લાલરંગ ચડેલો હોય તો તે પણ દેવતા! મતલબ કે એક પણ એવો પ્રાકૃત પદાર્થ અને પશુ પક્ષી વગેરે બાકી નહોતું રહ્યું કે જે દેવતાના નામે, આર્ય્ય મટી હિન્દુ થયેલાઓએ નહીં પૂજ્યો હોય.

કુતરો, ગધેડો, સિંહ મોર, ઉંદર વગેરે જ્યારે ભૈરવ, શીતળા, પાર્વતી, સરસ્વતી, ગણપતિ આદિની સ્વારી તરીકે પૂજ્ય ગણાતા હતા, ત્યારે મચ્છ, કચ્છ, સુવર આદિ ઇશ્વરાવતારના જાત ભાઇયો હોવાથી પુજનીય ગણાતા હતા.

આ અધોગતિ માત્ર એટલેથીજ નથી અટકી. માત્ર કુદરતી ચીજોનેજ નહીં પણ સ્વરચિત પદાર્થોને પણ તેઓ ઇશ્વર માનવા લાગ્યા હતા. જે મૂર્તિને આપણે ઘડી કાઢીએ, જે ચિત્રને આપણે સ્વહસ્તે ચિતરીએ, જે પાદુકાઓને આપણે પગમાં પહેરીએ, તેજ ચીજો આગળ માથુ નમાવવું, એના કરતાં વધુ તે વળી શી અધમતા હશે! અફસોસ! ઋષિ પુત્રો! આ તમારી શી અધો-

ગતી !!! જે વસ્તુ આપના હાથમાંથી પડી જાય તેને લઇ પાછી ઠેકાણે રાખો, ફરી પડી જાય, તો ફરી ઉપાડો ! મેલી થાય, તો સાફ કરો, ભાગી જાય, તો બીજી બનાવો, તેજ ચીજમાં તમો ઇશ્વરનો ભાવ રાખો ! !!

ઋષિ દયાનંદનું આગમન.

વાચક વૃન્દ ! જે સમય પુરાણરૂપી અંધકારનાં વાદળો ભારતમાં છાઇ રહ્યાં હતાં, જે સમય પત્થરોને ઇશ્વરમાની લોકો પૂજી રહ્યા હતા, જે સમય નદીઓમાં સ્નાન કરવાથી મુક્તિ માની રહ્યા હતા, જે સમય બાળ વિધવાઓને જાતિ દંડનો ભય બતાવી પુનર્વિવાહથી રોકવામાં આવતી હતી, જે સમય સ્ત્રી તથા શુદ્રને પશુવત સમજી રહ્યા હતા, જે સમય મુસલમાન અને ઇસાઈ વેદોની નિંદા કરતા આર્ય્ય સન્તાનને પોતપોતામાં મિલાવવા માટે બ્રહ્મોસમાજ જન્મ ધારણ કરી સ્વયં તેઓની શાખારૂપ બની ચુકી હતી અને જે સમય ચાર વર્ણાશ્રમોની મર્યાદા લુપ્ત થઈ ગઇ હતી, તે સમયે જગત પિતાના નિયમાનુસાર પાંચ હજાર વર્ષ પછી ભારત દેશમાં એક ઋષિએ ઉત્પન્ન થઇ પૃથ્વીમાં ફરી વૈદિક જ્યોતિ પ્રકાશિત કરી હતી.

અમે અહિંયાં તે મહા પુરૂષનું જીવન ચરિત્ર લખવા બેઠા નથી; પરન્તુ અત્રે માત્ર એટલું જ બતાવવા ઇચ્છીએ છીએ કે તે બાલબ્રહ્મચારી, પૂર્ણ યોગી, જીતેન્દ્રિય, મહાત્મા મહર્ષિદયાનન્દ સરસ્વતીને ભારત વર્ષનો ઉદ્ધાર કરવામાં, વૈદિક ધર્મની પુનઃ સ્થાપના કરવામાં અનેક સંકટો સહન કરવાં પડયાં હતાં. અને અંતે પોતાનો પ્રાણ પણ આર્ય્ય સન્તાનની ઉન્નતિના પ્રયત્નમાં અર્પી દીધો હતો.

જીવ, બ્રહ્મ અને પ્રકૃતિને અનાદિ માનવાં, વેદને ઇશ્વર વાક્ય માનવું, ઇશ્વરને નિરાકાર માનવો, મોક્ષ જ્ઞાનથી માનવો, જાતિ જન્મથી નહીં પણ કર્મથી માનવી, ઇત્યાદિ તેમના સિદ્ધાન્ત છે. આર્યાવર્ત વાસીઓની અધોગતીપર તે મહાત્મા વારંવાર

ઋષિ દયાનન્દનો સિદ્ધાન્ત.

રક્તાશ્રુ પાડતા હતા. ચારે વર્ણોમાં મુખરૂપ બ્રાહ્મણ જાતિના સુધારા માટે તેઓએ અનેક પ્રયત્નો કીધા હતા. અને તેઓને આળસ તથા અવિદ્યા રૂપી રોગોથી મુક્ત કરવા માટે, મૂર્તિપૂજા ખંડન આદિ અનેક તિક્ત ઔષધીઓનો તેઓ પ્રયોગ કરતા હતા, અને તે સાથે વિદ્યા સંપાદન કરી આત્મોન્નતિ તથા દેશોન્નતિ કરવા રૂપી અનેક પથ્ય ભોજનો પણ બતાવતા હતા. તેમજ કુચાલો—અનિષ્ઠ રૂઢીઓ અને વહેમોનું ભારત વર્ષમાંથી નિકંદન કાઢવા માટે તેઓએ કાંઇ થોડા પ્રયત્ન કર્યા નથી.

આર્ય્ય સમાજના તેઓ નેતા અથવા પ્રવર્તક હતા, અને આર્ય્ય સમાજ તે મહાત્માના ઉદ્દેશોને પૂર્ણ કરનારૂં મંડળ હોવાથી તેઓના સ્મારક ચિન્હ રૂપે છે. યદપિ સમગ્ર ભૂમંડળમાં વૈદિક ધર્મનો ધ્વની ફેલાવવા જેટલું આયુષ્ય તેઓ

આર્ય્યસમાજે હિંદુઓને જગાડયા !

ભોગવી શકયા નથી, તથાપિ આર્ય્ય સમાજે યથાશક્તિ યથામતિએ તેઓના દેહાન્ત પશ્ચાત ઘણું કીધું છે. અમે પોતે આર્ય્ય સમાજી હોવાથી, આર્ય્ય સમાજનાં કાર્યોની પ્રશંસા કરવી અમને આત્મશ્લાઘાજ લાગે છે, તોપણ જગત્ જોઇ રહ્યું હશે કે ભારતવર્ષની કાયા પલટાવવામાં, અને અચેત ઘોર નિંદ્રામાં પડી રહેલા હિંદુઓને જગાડવામાં તેમણે મહાન પરિશ્રમ વેઠી અંતે તેમાં સફળતા

મળતી છે. મૃતઃ પ્રાય હિંદુઓ જેઓ અસહ્ય યાતનાઓ સહેતા હોવા છતાં ચું કે ચાં પણ કરતા નહોતા, તેઓ થોડાં વર્ષો થયાં પોતાના મતનો બચાવ કરવા સારૂં સનાતન ધર્મ સભાઓ ભરવા લાગ્યા છે. પણ શોક માત્ર એટલો જ છે કે ધર્મ સભાઓ ભરાયા-થયા છતાં પણ તેઓ કોઇ દેશોદ્ધારક કાર્ય કરી શક્યા નથી: માત્ર અન્ધ પરમ્પરાથી ચાલતી આવેલી કુરીતિઓ અને મિથ્યા ક્રિયાઓનું સમર્થન કરવામાં જ તેમની શક્તિ ખર્ચી નાખવામાં આવે છે.

સત્ય છે કે ઘણા સમયથી જાગ્રત થઇ કામ ધંધે લાગેલા અને તરત ઘોર નિદ્રામાંથી ઉઠેલાના કામોમાં ફેર હોય છે. જ્યારે લાંબી મુદ્દતથી જાગ્રત થયેલો, સમજી, શોચી, સાર અસારનો વિચાર કરી કાર્ય કરવા માંડશે, ત્યારે કુંભકર્ણની નિદ્રામાંથી મહા મુશ્કેલીએ લાતો ખાઇ જાગ્રત થયલો, "અરે મને કોઇ લુંટી તો નથી ગયું"? "મારૂં બધું ઠીકઠાક તો છે?" વગેરે બકવાદ કરી તરતની નિદ્રાની ધુનમાં કંઇનું કંઇ કરી મૂકશે.

આર્ય્યસમાજ ભાઇ અને ધર્મ સભા બ્હેન !

સત્ય પુછો અને ન્યાયની દ્રષ્ટિએ જુવો તો આપને જણાશે કે, આર્ય્ય સમાજ ભાઇ અને સનાતન ધર્મ સભા તેની બ્હેન છે. મહર્ષિ દયાનંદ તેઓ બન્નેના પિતા રૂપ છે. ઋષિ દયાનંદના પરિશ્રમનું ફળ આર્ય્ય સમાજ, અને આર્ય્ય સમાજ સ્થાપન થતાં જ સનાતન ધર્મ સભાનો જન્મ, એ સિદ્ધ કરી બતાવે છે કે ત્રણેનો ઉક્ત સંબંધ ખરેખર સત્ય છે. યદપિ ઋષિ દયાનંદનાજ પ્રતાપથી તેની પુત્રી ધર્મ સભાએ જન્મ લીધો છે, તથાપિ સ્ત્રી જાતિ સ્વભાવે હઠીલી હોવાથી તેણીએ જન્મથી જ પોતાના પૂજ્ય પિતાને પગલે ચાલવાની સાફ

ના પાડી છે, અને તેના વડા ભાઇ આર્ય સમાજે તેને ઘણીએ સમજાવ્યા છતાં તેણી એકની બે થઇ નથી. પરન્તુ સ્ત્રી જાતિનો સ્વભાવ ગમે તેટલો હઠીલો હોય પણ તેમાં નમ્રતા તો છેજ, એ વિષે તો કોઇથી ના પાડી શકાય જ નહીં. તેવીજ રીતે સનાતન ધર્મ સભા રૂપી બ્હેન ગમે તેટલી હઠીલી હોવા છતાં તેના નમ્ર સ્વભાવને લીધે તેને પોતાના વડીલ ભાઇ આર્ય સમાજનું અનુકરણ કરી પોતાના પિતા સ્વામી દયાનંદને જ પગલે ચાલવું પડયું છે !

બ્હેને કીધેલું ભાઇનું અનુકરણ !

પ્રથમ જ્યારે (ઋષિ દયાનંદ અને) આર્ય સમાજ રૂપી ભાઇના ઉપદેશકો ઉભા થઇ વ્યાખ્યાનો આપવા લાગ્યા, ત્યારે સનાતનધર્મસભારૂપી બ્હેનના અનુયાયીઓએ (ભારત વર્ષમાં) કોલાહલ મચાવી દીધો કે, " આતો ક્રિશ્ચિયનોની રીતિ છે. આપણો ધર્મ તો બેસીને કથા કરવાનો છે. " પણ આજે તેજ બ્હેનના ઉપદેશકો ઉભા થઇ ઠેકાણે ઠેકાણે વ્યાખ્યાનો આપે છે !

પ્રથમ જ્યારે સમાજ રૂપી ભાઇના અનુયાયીઓ ભર સભામાં વ્યાખ્યાનમાં વેદ મંત્રો બોલતા હતા, ત્યારે ધર્મ સભા રૂપી બ્હેન બડબડતી હતી કે, " આતો હિંદુ ધર્મનો સત્યાનાશ વળ્યો, વેદનો સ્વર પણ જો શુદ્રાદિના કાનપર જાય તો તેમના કાનમાં સીસું રેડવું જોઇએ. " આજે તેજ બ્હેનના ઉપદેશકો ભર સભામાં મુસલમાન અને ઇસાઇઓની સન્મુખ વેદમંત્રોનું ઉચ્ચારણ કરે છે !

પ્રથમ જ્યારે સમાજરૂપી ભાઇના અનુયાયી પત્ર વ્યવહાર, વિજ્ઞાપનાદિને મથાળે **" ઓ૩મ "** લખતા હતા, ત્યારે ધર્મ સભારૂપી બ્હેનના અનુયાયીઓને કચવાટ પેદા થતો હતો. અને કેહતા

હતા જે "મથાળે તો 'શ્રી ગણેશાય નમઃ 'જ લખવું જોઇએ" આજે તેજ ધર્મધુરંધરો પોતાના લખવા પઢવાના વ્યવહારમાં મથાળે ૐ લખવા લાગ્યા છે !

પ્રથમ જ્યારે સમાજરૂપી ભાઇના અનુયાયી ભારત વર્ષમાં સ્ત્રી શિક્ષાના પ્રચાર માટે સ્થળે સ્થળે કન્યાશાળાઓ સ્થાપન કરવા લાગ્યા, ત્યારે ધર્મ સભારૂપી બ્હેનના અનુયાયીઓ એકદમ ભડકી ઉઠી કહેવા લાગ્યા જે, "ભાઇ ! સ્ત્રીઓ માટે તો વિદ્યા છેજ નહિ. વિદ્યા ભણવાનો સ્ત્રીઓને અધિકારજ નથી, સ્ત્રીઓનો અજ્ઞાન રહે તેમાંજ લાભ છે, ભણશે તો આડે માર્ગે દોરવાઇ જશે." પણ આજે તેઓ પોતેજ સ્ત્રી શિક્ષાના પ્રચાર માટે અનેક કોશેશો કરી રહ્યા છે !

પ્રથમ જ્યારે આર્ય્ય સમાજીભાઇ જોર શોરથી બાળલગ્નનું ખંડન કરતો હતો, ત્યારે સનાતન બ્હેન "**अष्टवर्षा भवेद् गौरी**" નો શ્લોક આગળ ધરી, દશ વર્ષ ઉપરાંતની કુંવારી કન્યાના ડગલે ડગલે બ્રહ્મહત્યાનું પાપ થતું બતાવતી હતી. આજે તેજ બ્હેનના ઉપદેશકો (તો શું પણ તેના નેતા સ્વર્ગવાસી પંડિત રામમિશ્ર શાસ્ત્રી આદિ) પણ કન્યાના લગ્નની હદ ઓછામાં ઓછી સોળ વર્ષની બતાવે છે. અને બાળલગ્નપર સખ્ત ટીકા કરે છે !

પ્રથમ જ્યારે આર્ય્ય સમાજી ભાઇએ ઇસાઇ તથા મુસલમાન થઇ ગયેલા પતિતોને શુદ્ધ કરવાનું ગૌભક્ષકમાંથી ગૌરક્ષક, અને શત્રુમાંથી મિત્ર બનાવવાનું પગલું ભર્યું, ત્યારે ધર્મ સભારૂપી બ્હેને હાય વોય કરી જમીન, આસમાન એક કરી દીધું હતું. અને "બસ સનાતન ધર્મનો નાશ થવા માંડયો છે" એમ તેણીએ નિશ્ચય કરી લીધો હતો; પણ આજે તેજ સનાતન બ્હેને શાહાજહાંપુર, કપુરથલા,

રાવળપીંડી આદિ અનેક સ્થળે પતિતોને પાવન કીધા છે!

એવી રીતે જો સમીક્ષા કરવા બેસીએ તો એવી અનેક વાતો મળી આવે. એ ઉપરાન્ત જે જે વિષયોમાં આર્ય્ય સમાજનું તેણીએ સંપૂર્ણ અનુકરણ નથી કીધું, તે વિષયોમાં પણ પરિવર્ત્તન તો ઘણું થઇ ગયું છે.

સનાતન ધર્મ સભાનું પ્રથમાધિવેશન જ્યારે વંદ્રાવનમાં થયું હતું, ત્યારે અમારા ભુદેવો એમજ બતાવતા હતા કે, " આ મૂર્તિજ અમારો સાક્ષાત કર્ત્તા હર્ત્તા ઇશ્વર છે. " આજે તેજ ધર્મ સભાના ઉપદેશકો મૂર્તિને માત્ર ધ્યાનનું સાધન જણાવે છે !

આગળ જ્યારે અમારા સનાતન ધર્માવલંબીઓ સરઘસ આદિમાં ભાગવત અથવા માટીના ગણપતિની સ્વારી કાઢતા હતા, ત્યારે હમણાં વેદ ભગવાનની સ્વારી કાઢવા લાગ્યા છે !

અત્રે નગરઠઠ્ઠામાં બરેલી નિવાસી પંડિત ગોવિન્દરામ શાસ્ત્રીએ તો " બ્રાહ્મણોના લેટર બૉક્સમાં નાંખવાથી નહીં પણ અગ્નીદ્વારાજ પિતૃઓને મળે છે. " એમ જણાવ્યું હતું.

તેમની સાથે ચાલેલા શાસ્ત્રાર્થ માટેના પત્ર વ્યવહારમાં તેમણે સાફ જણાવ્યું હતુ જે, " મનુસ્મૃતિ, ભાગવત, રામાયણ, મહાભારતાદિમાં જે ભાગ વેદ વિરૂદ્ધ હશે તે અપ્રમાણ છે. ' (જુઓ તેમનો પત્ર નં૦ ૩ જો.) જ્યારે એવી રીતે આગળ કોઇએ ભાગ્યેજ કહ્યું હોય. સનાતન ધર્મ તો કોઇ વાતની ના ન્હોતો પાડતો. સંસ્કૃત અક્ષરોમાં હોય તે બધું શાસ્ત્ર! " **बाबा वाक्यं प्रमाणं** " ! ! !

એથી નિષ્પક્ષપાતી મનુષ્યોને તો સારી રીતે વિદિત થયું હશે કે, ધર્મ સભારૂપી બ્હેને પોતાના વડીલ બન્ધુ આર્ય્ય સમાજની

ઘણીક વાતોનું ગમે તેટલી હઠ તથા દુરાગ્રહ છતાં પણ અનુકરણ કીધું છે.

શું સનાતન ધર્મ સભાની સ્થાપના આર્ય્ય સમાજનું અનુકરણ નથી? દરેક શહેર અને દરેક ગામે દેવ મંદિરો હોવા છતાં ધર્મસભા સ્થાપવાની શી આવશ્યક્તા હતી? આટલા લાંબા કાળથી મહારાજો મંદિરમાં આવી ઉતરે છે અને ત્યાંજ તેઓની ધર્મચર્ચા થાય છે, ત્યારે શું કોઇ પંડિતનો ઉતારો અથવા તેનું વ્યાખ્યાન મંદિરમાં નહીં થઇ શકે? પણ ધર્મ સભાની તે મંદિરોથી પ્રથક્ સ્થાપનાજ સિદ્ધ કરી આપે છે કે ધર્મસભા, આર્ય્ય સમાજરૂપી ભાઇની નાની બ્હેન થાય, આર્ય્ય સમાજનો જન્મ થતાં પાછળ તે જન્મ પામે છે. મંદિરોની ક્રિયાઓ ધાર્મિક નહી પણ ધર્મને નામે મનગમતી હોવાથીજ સનાતન ધર્મસભાને તેઓનાથી જૂદું સ્થાન લેવું પડે છે, એમ અમારા હિંદુ ભાઇઓના વર્તનથી સિદ્ધ થાય છે.

ઠઠ્ઠામાં સનાતન ધર્મસભા.

ઘણી હર્ષોત્પાદક બીના છે જે અત્રે નગરઠઠ્ઠામાં પણ આર્ય્ય સમાજરૂપી ભાઇને જન્મ લીધે હજી પુરાં બે વર્ષ પણ નથી થયાં, એટલામાં સંવત ૧૯૬૩ ના ફાગણ સુદિ સાતમને દિવસે સનાતન ધર્મ સભારૂપી બ્હેને પણ જન્મ લીધો છે.

હિંદુઓની હલકાઇ.

તે પ્રસંગે અમારા હિંદુ ભાઇઓ તરફથી વેદ ભગવાનની સ્વારી કાઢવામાં આવી હતી અને તેમાં ગામના તમામ પ્રતિષ્ઠિત પુરુષોએ ભાગ લીધો હતો, પણ શોક માત્ર એટલો છે કે તે સર ઘસમાં સેંકડો સભ્ય ગૃહસ્થો સમ્મિલિત

હોવા છતાં પણ કેટલાક બુદ્ધિમાન ભાઇઓ આખા ગામમાં અને વિશેષતઃ આર્ય્ય સમાજના મંદિર આગળ, પોતાની સભ્યતા અને બુદ્ધિમત્તાનો પરિચય દેતા " **सनातन धर्मकि जय** " અને " **आर्य्य समाजकि क्षय** " આદિ જોશ ભરયા પોકારથી પોતાની વાણીને પવિત્ર કરતા—આર્ય્ય સમાજને ગાળો ભાંડી રહ્યા હતા !

અફસોસ ! સનાતન બ્હેન એક દિવસ એવો હતો કે જ્યારે તું ઘોર નિદ્રામાં ઘોરતી અચેત પડી રહી પરધર્મીઓનું ભક્ષ બની રહી હતી, ત્યારે ત્હારૂં રક્ષણ એજ આર્ય્ય સમાજે કીધું હતું કે જેની તું ક્ષય બોલાવતી પોતાની કૃતઘ્નતાનો પરિચય દેતી ચાલતી હતી ! ! !

સનાતન બ્હેન ! તારે યાદ રાખવું જોઇએ કે તારા મૃતઃ હિંદુ શરીરમાં જો કોઇએ પણ પ્રાણ ફુંકયો હોય, તો તે આર્ય્ય સમાજે જ છે ! શું તું અદ્યાપી પર્યન્ત એટલી બધી કૃતઘ્ન રહી છે કે પોતાના પ્રાણદાતાનો ઉપકાર પણ નથી માનતી ? પુરાણોના પાશમાં ફસેલી બ્હેન ! આજે ભલે તું વેદ ભગવાનની સ્વારી કાઢતી હોય, પણ તે દીવસોનું પણ તારે સ્મર્ણ રાખવું જોઇએ કે, જ્યારે તને વેદોના નામની પણ ખબર નહતી કે વેદ કયા ચીડીયાનું નામ છે !

આજે જે ઠગોને તું માત્ર ગુરૂ તરીકે માને છે તેને જ તું ગફલતની નિદ્રામાં ઇશ્વર માનતી હતી. અને તેઓના હાથે ત્હારૂં સર્વસ્વ લુંટાવતી હતી. તું ગમે તો આર્ય્ય સમાજનો ઉપકાર માન અથવા ન માન, પણ આર્ય્ય સમાજ અદ્યાપી પર્ય્યન્ત તારો રક્ષક જ છે અને ત્હારા અજ્ઞાનને લીધે ત્હારા હિતેચ્છુ ભાઇને તું ગમે તે રૂપે દેખતી હોય તો પણ પોતાનું કર્તવ્ય સમજનાર આર્ય્ય સમાજ

તને પોતાની સહોદર જાણીને અને ત્હારા હિતાહિતમાં પોતાનું હિતાહિત સમજીને તે તારી રક્ષા કરી રહ્યો છે.

જ્યારે કોઇ શત્રુ તારાપર વેદ નિંદારૂપી તરવાર ઉપાડે છે, ત્યારે જો કોઇપણ ઢાલ બની તે તરવારની સામે થતું હોય, તો તે આર્ય્ય સમાજ જ છે! હે કૃતઘ્ન! તું ખાત્રીથી સમજજે કે આર્ય્ય સમાજ તારો શત્રુ નહીં પણ મિત્ર છે! જે વેદોને તું માત્ર ગાડીમાં ચડાવી સ્વારી કાઢવામાં તથા તેની આગળ માત્ર આર્તિ ઉતારવામાંજ પોતાનું જીવન સાર્થક માને છે, તેજ વેદોના ગૌરવની જો કોઇપણ રક્ષા કરતું હોય, તો તે આર્ય્ય સમાજ જ!

હિંદુઓની દુર્દશા.

મુડદા હિન્દુકોમ! તું વિચાર કર કે આ સમય તારી કેવી દશા છે? પ્રાચીન સમયમાં તું જ્યારે માત્ર ચાર વર્ણોમાં વહેંચાયલી એકજ આર્ય્ય જાતિના નામથી ઓળખાતી હતી, ત્યારે આજે તું હજારો જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓથી છિન્નભિન્ન છે.

આગળ જ્યારે તું શત્રુઓને પણ મિત્ર બનાવી પોતાને અજીત કહેવરાવી હતી, ત્યારે આજે તું હાથે કરી પોતાનાં અંગો કાપી રહી છે!

આગળ જ્યારે તું સમગ્ર દ્વિજ વર્ણમાં પરસ્પર રોટી બેટી વ્યવહાર રાખતી હતી, ત્યારે આજે તારામાં સ્ત્રી પતિના, અને માતા પુત્રના હાથનું ખાવામાંજ નહિ પણ તેને સ્પર્શ કરવામાંએ—અપવિત્ર થઇ જાય છે!

તું એટલી તો વહેમરૂપી પરતંત્રતાની ઝુંસરીમાં ફસેલી છે કે મૂહુર્ત વગર એક પગલું પણ ભરી શકતી નથી! આગળ જ્યારે તું મહાન સંગ્રામોમાં પણ માત્ર સમય અનુકૂળ જોઇ કુદી પડતી

હતી, ત્યારે આજે તારે ચણા ખાવાનું અને હજામતનું પણ મુહુર્ત જોઇએ છે! શુક્રવારે તું ભલી રીતે ચણા ખાય છે, ત્યારે રવીવારે તેનું નામ લેતાંજ અભડાઇ જાય છે! શની અને મંગળવારે હજામત કરાવે તેનો ધર્મ નાશ થઇ જાય એમ તું માને છે!

આમ એક બે નહીં પણ હજારો વહેમોમાં તું સપડાયલીછે, તેમાંથી તને મુક્ત કરી સત્ય વૈદિક ધર્મનો રસ્તો બતાવનાર, ૐકારની ધ્વજા તળે એકત્ર કરનાર કોઇ પણ મંડલ હોય, તો તે આર્ય્ય સમાજ જ છે! જે તારા દુઃખોપર અહરનીશ શોકાશ્રુ પાડી રહ્યો છે!

આર્ય્ય સમાજની સહનશીલતા અને સત્યોપદેશ.

આર્ય્ય સમાજ—ભાઇને એનો જરા પણ શોક નથી. ધર્મ સભા રૂપી અજ્ઞાન, નાની બ્હેને બે ગાળો દીધી તેમાં શું થઇ ગયું? સ્ત્રીજાતિ સ્વભાવે અજ્ઞાન તો હોય છેજ, તેમાં પણ વળી નાની બ્હેનનો દોષ તો ક્ષમનીય જ છે! સમાજ રૂપી ભાઇ તો ગાળો સહન કરતો પણ તેને પુનઃપુનઃ પોકારી-સમજાવી રહ્યો છે કે, હે મૂર્ખ બ્હેન! મારૂં કહ્યું માનવામાંજ તારો લાભ છે-કલ્યાણછે! તું હવે નાની નથી, આ મૂર્તિ પૂજા રૂપી ઢીંગલા ઢીંગલીનો ખેલ છોડીને સાચા ઇશ્વરને શોધવાનો માર્ગ ગ્રહણ કર.

જીતેન્દ્રિયતા, સત્યતા, મનોનિગ્રહ આદિ યોગના માર્ગો અખત્યાર કર કે જેથી તને ઇશ્વરની પ્રાપ્તિ થશે. જન્મથીજ પોતાને શ્રેષ્ઠ ન માની લે, પણ કર્મ કરીને શ્રેષ્ઠોમાં ખપ. મૃતક શ્રાદ્ધ રૂપી બાળ ક્રિયાઓને મુકી તારા પ્રાચીન પંચ મહાયજ્ઞો ઉપર વિશ્વાસ રાખ!

જ્યાં સુધી તું મારૂં કહ્યું માનીશ નહીં, ત્યાં સુધી કોઇ પણ

સભ્ય પુરૂષ તને ડાહી અને સમજુ ગણશે નહીં. આ તારી બાળ ક્રિયાઓનો સમય વહી ગયો છે; માટે પ્યારી બ્હેન! હજીપણ જો તું ચેતી લેશે તો ઉન્નતિના શીખરે ચડવામાં તને જરાપણ વાર નહીં લાગશે. કારણકે તું સભ્ય અને સુજ્ઞ મહાત્માઓની ઓલાદ છે!

બ્હેનની હઠીલાઇ. પરન્તુ શોક છે કે ધર્મ સભા–હઠીલી બ્હેન પોતાના વડીલ ભ્રાતા આર્ય્ય સમાજનું જરાપણ નહી સાંભળતાં ઉલટુ તેને મેણાં મારવા લાગી જાય છે. કારણ કે પોતાના દોષ તરફ મુદ્દલ દ્રષ્ટિ નહી કરતાં, સત્ય કહેનારને સામે મેણાં મારવાનો સ્ત્રીઓનો સ્વભાવજ હોયછે. હવે આ પ્રથમ ભાગને

પ્રથમ ભાગની સમાપ્તિ. સમાપ્ત કરતાં, દ્વિતીય ભાગમાં સનાતન ધર્મ સભાના ઉપદેશક પંડિત ગોવિન્દરામ શાસ્ત્રીનાં વ્યાખ્યાનોની સમાલોચના કરી ધર્મ સભા રૂપી બ્હેનનાં મેણાંનો અર્થાત્ ઉક્તપંડિતજીએ કીધેલા આર્ય્ય સમાજ તથા સ્વામી દયાનંદાદિ આર્ય્ય પુરૂષોપરના આક્ષેપોનો ઉત્તર આપીશું. આશા છે કે વાચકવર્ગ નિષ્પક્ષપાતથી તે લેખ ઉપર દ્રષ્ટિ કરશે.

પ્રથમ ભાગ સમાપ્ત.

॥ ઓ૩મ્ ॥

દ્વીતિય ભાગ.

પંડિત ગોવિન્દરામ શાસ્ત્રીનાં વ્યાખ્યાનોની સમાલોચના, અને તેમણે આર્ય્ય સમાજપર કીધેલા આક્ષેપોનો ઉત્તર.

વેદ રક્ષાર્થે ઉપદેશ.

પ્રિયપાઠકો ! એટલું તો આપ અવશ્ય સમજતા હશો કે, આર્ય્ય સમાજની સ્થાપના પહેલાં ભાગ્યેજ કોઇ હિંદુ પંડિત કોઇ સ્થળે વ્યાખ્યાન આપવા નીકળ્યો હોય ! તે સમયે માત્ર ભાગવતાદિ પુરાણોની કથા કરવામાંજ, પંડિતો પોતાને કર્તવ્ય પરાયણ સમજતા હતા. પણ જ્યારથી ઋષિ દયાનંદની સિંહ ગર્જનાથી ધૂર્તોના ખેલ ઉઘાડા પડયા, અને તે પછી પણ આર્ય્ય સમાજના ઉપદેશકો તરફથી તેજ પગલે સત્ય વૈદિક ધર્મનો પ્રચાર થવા લાગ્યો ત્યારથી, રખેને (નામધારી) બ્રાહ્મણોનાં ભોજનો બંધ થઇ જાય, એ ભયને લીધે પૌરાણિક પંડિતો પણ સનાતન ધર્મની રક્ષા કરવાનો ડોળ ઘાલી, મહામંડલના ઉપદેશકોનો સ્વાંગ ધારણ કરી ઠેકાણે ઠેકાણે ફરતા રહે છે. અને આર્ય્ય સમાજને બેચાર ગાળો દઇ, ભોળા લોકોને ખુશ કરી પોતાનું સાધી લેછે.

ઠઠ્ઠામાં પૌરાણિક પંડિતોનો પગપેસારો.

અત્રે નગર ઠઠ્ઠામાં પણ બે વર્ષ થયાં તે ધર્મ ધુરંધરોનો પગ પેસારો થવા લાગ્યો છે. સર્વથી પ્રથમ પંડિત દ્વારકાપ્રસાદનું અત્રે આગમન થયું હતું. જેમનાં વ્યાખ્યાનો તથા ઉટપુટાંગ બકવાદની સમાલોચના સ્થાનિક સમાજના મંત્રી શ્રીમાન નરસીહલાલ તરફથી " ભાટિયાઓની ગુરૂભકિત " નામની ચોપડી-

માં કરવામાં આવી છે. તત્પશ્ચાત્ પંડીત ચૈતન્યરામ શાસ્ત્રીજી અત્રે પધાર્યા હતા. અને તેઓએ આર્ય્ય સમાજીઓને શંકા સમાધાન કરવા સારૂ એક પત્ર લખ્યો હતો. તે પત્રની નકલ અમારા ભાઇઓની જાણમાટે નીચે આપીએ છીએ.

आर्य्य समाजीयोंको पत्र देते है आज ६ बजेसे लेके ८ बजे तक व्याख्यान पं०चेतनराम शास्त्रीगी करेंगे. सेठ गंगारामजीके मंदिरमें आपको प्रश्न करिना होतो आप आवे आपका सत्कार पूर्वक प्रश्नका उत्तर शास्त्रीजी देंगे.

आपका शुभचिंतक

पं० चेतनराम शास्त्री.

ઉપરોક્ત પત્રથી એટલું તો સિદ્ધ થાય છે કે તેઓમાં વિશેષ વિદ્વતા હોય એમ લાગતું નથી, કારણ કે તેઓને ભાષામાં પત્ર લખવાની પણ પૂર્ણ માહીતી નથી. ભાષાની ઢબ ઊંધી સુધી હોય તો ચાલે પણ પોતે પત્ર લખનાર, અને નીચે પોતાનીજ સહી, ત્યારે વચમાં પણ પોતાના નામની શી આવશ્યકતા ? કે " ચેતન રામશાસ્ત્રી વ્યાખ્યાન કરેંગે. " તેઓ વિદ્વાન હોય અથવા ન હોય એ જુદી વાત છે, પણ તેઓની સભ્યતાની તો કોઇથી પણ ના પાડી શકાય નહીં. યદપિ તેઓ શંકા સમાધાન કરવામાં નિષ્ફળ નિવડયા હતા, તથાપિ તેઓએ સમાજના મંત્રીજીને સભ્યતા પૂર્વક પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા.

આર્ય્ય સમાજની પૌરાણિક ધર્મ પરની શંકાઓનું સમાધાન

શંકા સમાધાન ન કરી શકયા !

કાશીના મહાન્ મહાન્ શાસ્ત્રીઓ પણ નથી કરી શકયા, ત્યારે ચેતનરામ બિચારાની શી વિસાત ! પરન્તુ તેઓએ આર્ય્ય સમાજની વિરૂદ્ધ એક પણ અયોગ્ય શબ્દનો પ્રયોગ ન હોતો કીધો, કે જેના ઉત્તરમાં આર્ય્ય સમાજને કલમ ઉઠાવવી પડે.

પં૦ ગોવિંદરામનું પહેલુ વ્યાખ્યાન.

તત્ પશ્ચાત જો કોઈ પણ પૌરાણિક પંડિતનું આગમન થયું હોય, તો તે માત્ર બરેલી નિવાસી પંડિત ગોવિંદરામ શાસ્ત્રીનુંજ છે. જેઓનાં વ્યાખ્યાનોની સમાલોચનામાં આ લેખ લખવો પડયો છે. તેઓ વિદ્વાન ન હતા એમ કહેવું તેઓની નિંદા કરવા બરાબર છે. પણ તેઓ પોતાની વિદ્વતાનો દુરૂપયોગ કરતા હતા એમાં તો કંઈ સંદેહજ નથી. તેઓ બહુરૂપી અને આત્મ પ્રશંષક હતા, એમ તેઓના વર્તાવથી સિદ્ધ થઇ ચુકયું છે.

તેઓનું પહેલું વ્યાખ્યાન ઇસ્વી સન ૧૯૦૭ ના જાનેવારીની વીસમીએ થયું હતું. જેમાં તેઓએ ભારત વર્ષના પ્રાચીન ગૌરવનું વર્ણન કરતાં સંસ્કૃત ભાષા સમગ્ર ભાષાઓની માતા તરિકે સિદ્ધ કીધી હતી. અને આગળ વધતાં તેઓએ જણાવ્યું હતું કે, "**અમારાં શાસ્ત્રોમાં બૌદ્ધોએ ઘાલમેલ** કીધો, તથા મુસલમાનોએ અમારાં પુસ્તકોનો સંહાર કીધો." સનાતન ધર્મના બુઢાપાપર રૂદન કરતાં તેઓએ જણાવ્યું કે, "**પાંચસો વાર સ્નાન કરવાથી પણ શુદ્ધિ નથી થતી, જયાં સુધી મન શુદ્ધ નહીં** હોય. **એમ તો લાખો મચ્છ, કચ્છ નદિયોમાં પડયા છે.**" પુષ્ટિ મા-

ર્ગિય મહારાજો પર કટાક્ષ કરતાં સંકેતમાં તેઓએ કહ્યું કે, " **સેતાન આવી કાનમાં ફુંક મારી કહી જાય છે કે, હવે તારાથી કોઇ મોટો નથી.** " તેઓએ સનાતન ધર્મ બગાડનારાં ઇર્ષા, દ્વેષ અને અવિદ્યા એ ત્રણ કારણો જણાવ્યાં હતાં, અને ભારત વાસીઓએ સંસ્કૃત પઠન પાઠન મુકી દીધું, તે માટે અત્યન્ત શોક દર્શાવ્યો હતો. કૃષ્ણના ભક્તોને તેઓએ વારંવાર સંબોધી જણાવ્યું હતું કે, **"માત્ર કૃષ્ણની મૂર્તિ આગળ ઘંટડી હલાવવી એ કૃષ્ણની ભક્તિ નથી, પણ તે મહાત્માના ગુણોનું અનુકરણ કરવું એજ ખરી કૃષ્ણભક્તિ છે."**

આગળ ચાલતાં વૈષ્ણવોની દુર્દશાપર શોક પ્રકટ કરતાં તેઓએ જણાવ્યું કે, " **આપના ગુરૂ જીવણલાલ મહારાજ આપને કહી ગયા હતા કે, 'સંધ્યાદિક નિત્ય કર્મો અવશ્ય કરવાં જોઇએ, તે પ્રમાણે શું આપ કરો છો? મને અત્યન્ત શોક છે કે આપ આપના ગુરૂઓની આજ્ઞાઓનું પણ ઉલ્લંઘન કરો છો.** " યજ્ઞોપવિત શાસ્ત્રોક્તવિધી પ્રમાણે થવું જોઇયે, એમ તેઓએ ભાર દઇ જણાવ્યું હતું. અને મૂર્તિ પૂજકો માત્ર ઠાકોરજી આગળ ધરીને યજ્ઞોપવિત ધારણ કરી લે છે, તે અવૈદિક ક્રિયા તરફ તેઓએ ધિક્કાર બતાવ્યો હતો. હિંદુઓની મૃતઃપ્રાય દશાપર શોક કરતાં, આર્ય્ય સમાજની પ્રશંસા કરી તેઓએ જણાવ્યું કે, " **ભારત વર્ષના દુઃખદાયક સ્થિતિનું જો કોઇને પણ દુઃખ હોય તો તે માત્ર આર્ય્ય સમાજનેજ છે. અમારા સનાતની ભાઇઓનાં અંગો કપાઇ જાય છે છતાં પણ તેઓ કાંઇ ચેતતા નથી. આજે ભારતવર્ષમાં જે કરોડો મુસલમાન થઇ ગયા છે તે કંઇ સબળા**

અરબ દેશથી નથી આવ્યા. ત્યાંથી તો દશ વીશ માણસો આવ્યા હશે, બાકી તો બધા આપણાંજ કપાયેલાં અંગો છે. છતાં પણ આપણે કંઇ શોચતા નથી. જો હું આજે આર્ય્ય સમાજના શુદ્ધિ કાર્યમાં સામિલ થાઉં તો તમો સઘળા મને ખરાબ કહેશો. ભાઇ ! હું તો સત્ય કહું છું. આપ ગમેતો મારૂં માનો ગમે તો ન માનો, ગમે તો માઠું લગાડો ગમે તો સારૂં સમજો એ તમારી મરજી ઉપર આધાર છે. આજે જો કોઇ ઈસાઇ મુસલમાન આદિ પરધાર્મિઓ સાથે શાસ્ત્રાર્થ કરવો હોય તો આપણે બધા અહીંજ બેઠા રહીશું અને આર્ય્ય સમાજજ સામે થશે." વગેરે અનેક કરૂણામય શબ્દોમાં તેઓએ આર્ય્યસમાજની પ્રશંસા કીધી હતી. અને સનાતન ધર્મિઓને આર્ય્ય સમાજ સાથે એક સંપ કરી ચાલવા વિષે ભાર દઇ સમજાવતાં તેઓએ કહ્યું હતું કે, "પોતપોતામાં લડો નહીં, લડીને તમોએ સર્વસ્વ નાશ કીધું છે. આ સમય લડવાનો નહીં પણ સાથે મળી કામ કરવાનો છે. જે વાત સમાજીયોને અરૂચીકર હોય તે તમો તેઓની પાસે ન છેડો અને જે તમોને અરૂચીકર હોય તે તેઓ તમારી પાસે નહીં છેડે." બાળ લગ્ન તથા વૃદ્ધ લગ્નપર સખ્ત ટીકા કરતાં તેઓએ જણાવ્યું કે, "આજકાલ હિંદુઓમાં પાંચ વર્ષની છોકરી અને ચાર વર્ષનો છોકરો, અથવા સાઠ વર્ષનો બુઢો અને સાત વર્ષની છોકરીનાં કુજોડાં નજરે પડે છે." મંદિરોના મફતખોર પૂજારીઓની તેઓ સખ્ત રીતે વિરૂદ્ધ ગયા હતા. અને જણાવ્યું હતું કે, "આટલાં બધાં મંદિરો રાખી તેઓનો ખર્ચ પૂરો કરો છો, તેમાં તમોને શો લાભ છે? મંદિરોના સ્થળે પાઠશાળાઓ સ્થાપન કરવી જોઇએ, અને જે નિર-

ક્ષર, આળસપ્રિય, સંડમુસંડ પૂજારીઓને ખવરાવોછો, તે વિદ્યાર્થીઓને બોર્ડિંગ હાઉસો સ્થાપન કરી ખવરાવવું જોઇએ. વર્ત્તમાન સમયના મોજ શોખમાં ગુલ્તાન થઇ પડેલા ગુરૂઓપર સખ્ત ટીકા કરતાં તેઓએ જણાવ્યું હતું કે, " **સર્વ વિષયોને ત્યાગ કરનારજ ગુરૂ થઇ શકે છે. પણ શોક ! જે આજ કાલના ગુરૂઓને પ્રાણાયામ કરતાં પણ નથી આવડતું. એવા ગુરૂઓથી તમારૂં શું કલ્યાણ થશે? જુઠા ગુરૂઓનો ટોટોજ નથી, માટે સાચાની શોધ કરો !** " તેઓએ ખુલ્લા શબ્દોમાં જણાવ્યું હતું કે, " **હું પોતે વૈષ્ણવ છું, પણ વૈષ્ણવ ધર્મમાં ધુસાડેલી અવિદ્યાની વાતોને હું નથી માનતો.** " વેશ્યાના નાચ નચાવનારા કામાંધ ધનવાનોની પણ તેઓએ સખ્ત ભાષામાં રેવડી ઉડાવતાં કહ્યુંકે, " **જો હમણાં દિલોજાન વશ્યા અત્રે ચાલી આવે તો મહાન મહાન તવંગરો તેની સામે ગાડી ઘોડા લઇ તેડવા જશે, અને તેને મહેલમાં ઉતારો આપશે.** પણ જો કોઇ પંડિત નીકળી આવ્યો તો કોઇ તેને પુછશે પણ નહીં, અને તેને તબેલામાં ઉતારો મળશે !" (કારણકે તે બીચારાના વ્યાખ્યાનોની વ્યવસ્થા તબેલાના ઉપરના હૉલમાંજ થઇ હતી.) વર્ત્તમાન સમયના કોરા નિરક્ષર ભટ્ટાચાર્યોની પણ તેઓ વિરૂદ્ધ ગયા હતા, અને જણાવ્યું હતું કે, " **જે બ્રાહ્મણ વેદ નથી ભણતો તે શુદ્રવત્ છે.** " વગેરે અનેક લોકોપયોગી, સાર્વજનિક વિષયોપર વિવેચના કરી, અંતમાં શ્રી રામચંદ્રજીના પરમ ભક્ત મહાત્મા તુલશીદાસજીનું દ્રષ્ટાન્ત આપી તેઓએ પ્રથમ દીવસનું વ્યાખ્યાન સમાપ્ત કીધું હતું.

શેઠીયાઓ સદુપદેશને શું કરશે?

અમારા ભાવિક ભુદેવો અને સુજ્ઞ શેઠીયાઓ જે અન્ય દિવસોનાં વ્યાખ્યાનોમાં પંડિતજીના મોંમાંથી એક બોલ પણ આર્ય્ય સમાજની વિરૂદ્ધ નીકળતાંજ એકદમ તાળોટા પીટવા મંડી જતા હતા, તેઓ તમામ પ્રથમ દીવસનું આ વ્યાખ્યાન શોકાગ્ર ચહેરે અને મુંગે મોઢે સાંભળ્યા જ કરતા હતા. તેઓને સદુપદેશ થોડોજ શ્રવણ કરવો છે! તેઓને તો અંધપરમ્પરાથી ચાલતી આવેલી કુરીતીઓનાંજ ગુણગાન, અને આર્ય્ય સમાજને બે ચાર ગાળો સાંભળીનેજ પ્રસન્ન થવું છે. અન્ય ધાર્મિક વિષયોમાં તો તેઓ વેદશાસ્ત્ર પારંગત થઇ બેઠા છે!

સુજ્ઞ પુરૂષોએ સુધારો કરવો જોઇએ!

અમે અમારા સુજ્ઞ બંધુઓનું શ્રીમાન્ પંડિતજીનાં ઉક્ત વ્યાખ્યાન પર અને તેમાં પણ વિશેષતઃ જે વાકયોની નીચે અમે લીટીઓ કરી દીધી છે, તે ઉપર ખાસ ધ્યાન ખેંચીએ છીએ અને તે સદાને માટે સ્મર્ણ રાખવાની તેઓને કરગરી વિનંતી કરીએ છીએ. જો અમારા ભાઇઓ સાચા સનાતન ધર્માભિમાની હશે, તો અવશ્ય પંડિતજીનાં ઉક્ત વચનોપર અમલ કરી, કુલકલંકિની વેશ્યાઓના વ્યભિચાર વર્દ્ધક નાચ, અને મંદિરોમાં થતા ઘંટાનાદનો શીઘ્ર અંત આણશે. અને મંદિરોને સ્થળે પાઠશાળાઓ સ્થાપન કરી, મફતખોરોને વિદાય કરી, તેઓની પાછળ થતું ખર્ચ બોર્ડીંગ હાઉસો પર કરશે. અને અમારા ભૂદેવોને પણ પ્રાર્થના કરીએ છીએ જે, તેઓ શ્રીઓ જ્યાં સુધી વેદ નથી ભણ્યા, માત્ર નવગ્રહના સિપાઇઓ તરીકે પોતાની દુકાનદારી જેટલી મીન મેખ ભણે છે, ત્યાં સુધી તેઓએ કૃપા કરી આ

ભ્રણોમાં ખપવાની લાલસા મુકી દેવી. પણ ઉપરોક્ત બાબતોમાંથી એક પણ વિષય ઉપર અમારા ભાઇઓ તરફથી અમલ થાય એવી અમને સ્વપ્ને પણ આશા નથી. કારણ કે તેઓ સ્ત્રીઓને ધર્મોન્નતિ થોડીજ કરવી છે! તેઓ તો માત્ર આર્થીકોન્નતિનેજ પોતાનું સર્વસ્વ માને છે. તેઓમાંનો એક ભાગ જે હમણાં ઉપદેશક વર્ગના નામથી પ્રસિદ્ધ થયો છે, તે તો જન્મપત્રીઓ જોઇ ગ્રહોની ગુલામગીરીમાંજ પોતાનું આયુષ્ય વ્યતીત કરનારો છે. ત્યારે બીજો પક્ષ ભાગ્યેજ વેપારી ખાતાના ચોપડાઓ વગર એક નાનું ટ્રેક્ટ પણ હાથમાં લેતા હોય?

એવા વિદ્યાના વેરી વર્ગ તરફથી દેશોદ્ધારની આશા રાખવી રેતીમાંથી તેલ મેળવવાની આશા સમાન છે. બાકી જે થોડી ઘણી આ હતભાગી દેશના ઉદ્ધારની આશા અમે રાખી બેઠા છીએ, તે માત્ર યુવક વર્ગ ઉપરજ છે. પણ અત્યંત દુઃખથી લખવું પડે છે કે, તે બીચારાઓને પણ કોઇ નવીન ઉન્નતિ કારક કાર્યમાં ભાગ લેવાથી રોકવામાં આવે છે. "અમે જે ખાડામાં પડી રહ્યા છીએ તેમાં તમે પણ ડુબી મરો!" એજ તેઓના વડવાઓનું કથન અને ઉદ્દેશ છે. હાય! શોક!!! હતભાગી ભારત વાસીઓ! દિન પ્રતિદિન આગળ વધવાનો તમારો ઉચ્ચ સ્વભાવ ક્યાં નાશ થઇ ગયો! પણ સત્ય છે કે સડેલા મળમાં પડેલો કીડો કદીપણ પોતાનું સ્થાન ત્યાગવા નહીં ઇચ્છશે. અમારા ભાઇઓની બુદ્ધિ ધોતીયાનું પાણી પી, મંદિરોમાં વૈષ્ણવોના પગની ધુળ, અને તે ભ્રષ્ટાત્માઓનું જુંઠણુ ખાઇ એવી તો મલીન થઇ ગઈ છે કે, તેઓને સત્ય, અસત્ય; લાભ, હાનિ; અને શત્રુ, મિત્રનું પણ ભાન નથી રહ્યું.

સત્યોપદેશ નહો રૂચ્યો !

શ્રીમાન પંડિત ગોવિન્દરામના પહેલા વ્યાખ્યાનનું અમારા સુજ્ઞ વાંચકોને સ્મરણ કરાવતાં પ્રસંગથી અમને આડા ઉતરી જવું પડયું. હવે આપણે તેજ ગોવિન્દરામજીનાં વ્યાખ્યાનોના વિષય પર આવીશું.

પ્રિય પાઠકગણ ! શ્રીમાન્ પંડિતજીના પહેલા વ્યાખ્યાનથી આપ સમજી ગયા હશો કે, સત્ય ધર્મોપદેશકને છાજે એવું જ નિષ્પક્ષપાતતા દર્શક પંડિતજીનું વ્યાખ્યાન હતું; પરન્તુ અમારા ધર્માંધ ભાઇઓને તે રૂચીકર નહોતું લાગ્યું. ઉપરોક્ત વ્યાખ્યાન માત્ર આર્ય્ય સમાજીઓને ખુશ કરવા સારૂં પંડિતજી એ આપ્યું છે." એમ તેઓ મુછોપર હાથ ફેરવી કહેતા હતા. જાણે ઉપરોક્ત બાબતોમાં તેઓ શ્રીઓને કાંઇ સમજવાનું હોય જ નહી !

મર્મમાં મૂર્તિપુજાનું ખંડન પણ ભોળા ભટાકો નહિં સમજ્યા !

બીજે દીવસે ભાવિક ભક્ત જેઓએ પંડિતજીને મૂર્તિપૂજા મંડન પર વ્યાખ્યાન આપવા વિનંતી કીધી હતી. અમને અમારા એ ભાવિક ભાઇઓની બુદ્ધિપર આશ્ચર્ય લાગે છે કે, શું તેઓ ઉપલા વ્યાખ્યાનમાં કાનમાં કપાસ ઘાલી બેઠા હતા ? માતાનું ખંડન, પિતાનું ખંડન, ત્યાં પુત્રનું મંડન કરવા જવું, એ એક વીસમી સદીની નવી નવાઇ જ છે ! મૂર્તિઓના પિતારૂપ પુજારીઓનું ખંડન, માતારૂપ મંદિરોનું ખંડન, ત્યાં વળી પુત્રરૂપ મૂર્તિપૂજાના મંડનની વિનંતી કરવી, એના કરતાં વધુ ધૃષ્ટતા તો ભાગ્યેજ હોય ! ! !

હાજી હા કર્યા વગર છુટકોજ નહોતો.

શ્રીમાન્ પંડિતજી તો દક્ષણાર્થેજ આવ્યા હતા. તેઓને તો મારી મચડીને તેઓનો પક્ષ સિદ્ધ કર્યા વગર છુટકોજ ન હતો. બીજે દીવસે તેઓએ મૂર્તિપૂજાપર વ્યાખ્યાન આપવું શરૂ કીધું હતું. અને મૂર્તિપૂજામાં જાણે કાંઇ મહાન ફિલોસોફી છુપાઇ રહી હોય તેમ પાંચ દીવસ વ્યાખ્યાનને લંબાવ્યું હતું. મૂર્તિપૂજા વિષય તથા શ્રીમાન્ પંડિતજીનાં અન્ય વ્યાખ્યાનોની સમાલોચના અમે એજ ભાગમાં અન્યસ્થળે કરીશું. અહીંઆં માત્ર પંડિતજીને અમે લખેલા એક પત્રનું કારણ તથા તે પત્રની નકલ બતાવી, આર્ય્ય સમાજપરના આક્ષેપોનો ઉત્તર આપીશું.

ગોવિંદરામને વેદનિંદા ન કરવાની નમ્ર વિનંતી.

યદપિ પંડિત ગોવિંદરામજી મૂર્તિપૂજાપર વ્યાખ્યાન આપતાં આર્ય્ય સમાજના સિદ્ધાંતપર કટાક્ષ કરતા હતા, તથાપિ તેઓ આર્ય્ય સમાજીઓને વેદાનુયાયી આસ્તિક બતાવી, તેઓની સાથે કોઇ પણ પ્રકારનો વિરોધ ન કરવાનો સનાતની ભાઇઓને વારંવાર આગ્રહ કરતા હતા. અને જ્યારે કોઇ પ્રસંગે સ્વામી દયાનંદનું નામ લેવાની તેઓને આવશ્યકતા પડતી હતી ત્યારે "**हमारे श्रीमान् स्वामी दयानंद सरस्वतीजी महाराज**" વગેરે ઘણા સભ્યતાયુક્ત શબ્દોથી સ્વામીજીનું નામોચ્ચારણ કરતા હતા.

તેઓ મૂર્તિપૂજા સિદ્ધ કરવામાં વેદમંત્રોનો ઉલટો સુલટો અર્થ કરી બતાવે એ જુદી વાત છે, પણ વારમ્વાર તેઓ વેદમાં પરસ્પરની વિરૂદ્ધતા બતાવતા હતા. તેઓ ખુલ્લેખુલ્લા શબ્દોમાં કહેતા હતા કે,

વેદોમાં ઇશ્વર નિરાકાર, સાકાર; અજન્મા, જન્મા; વગેરે અનેક પ્રકારે વર્ણવેલો છે. તથા બીજી પણ એવી કેટલીક વિપરીત વાતોનો વેદોને ભંડાર બતાવતા હતા. જેથી અમારા કેટલાક અંગ્રેજી ભણેલા મિત્રો— કે જેઓને વેદોની વિરૂદ્ધ તો મિશન સ્કુલોમાં ભડકાવવામાં આવે છે જ તેઓ "વધારે શંકાશીલ થયા છે." એમ અમોને તેઓમાંના કેટલાક મિત્રો તરફથી જણાવવામાં આવ્યું હતું. તેઓના હૃદય પરથી વેદોના ગૌરવની છાપ ઉઠી જાય એ આર્ય્ય ધર્મની સાથે હિંદુ ધર્મને પણ હાનિકારક છે, એ વિચારથી; તેમજ પંડિત ગોવિંદરામને અમે આર્ય્ય સમાજ જેવા દેશોપકારક મંડળના એક હિતેચ્છુ તરીકે ઓળખેલા હોવાથી; એક પત્રદ્વારા નમ્રતા અને મિત્રભાવથી તેઓને વેદોને ગમારોની ગાથા તરીકે સિદ્ધ ન કરવાની વિનંતી કીધી હતી. અને તેઓ એક સભ્ય પુરૂષ તેમજ આર્ય્ય સમાજના હિતેચ્છુ છે, એમ જણાવી તેઓનો ઉપકાર પણ માન્યો હતો. તે પત્રની નકલ અમારા ભાઇઓની જાણ માટે આ નીચે પ્રગટ કરીએ છીએ.

॥ ओ३म् ॥

आर्य्य समाज ठट्टा.

ता० २४-१-१९०७

सेवामें श्रीमान् महामहोपदेशक पंडित गोविन्दराम शास्त्रीजी महाराज !

महाशयजी ! नमस्ते !

हम इस बातके लिये आपको कोटान कोटि धन्यवाद देते हैं और कृतकृत्य हैं कि आप आर्य्य समाजी ओर

सनातन धर्मावलम्बीयोंको हिलमिल के भारतोन्नति करने का सदोपदेश कर रहे हैं! और यह भी हम भारत वासी-यों का अहो भाग्य है कि आप निष्पक्षपातताका परिचय देते हुवे आर्य्य समाजीयों को वेदानुयायी आस्तिक बतला उनोसे विरुद्धता न करने के लिये सनातनी भाइयों का लक्ष खेंच रहे हैं! किन्तु हमको आपके गत् दिन के व्या-ख्यान को सुन अत्यन्त दुःख हुवा जबकि आप वेदों को परस्पर के विरुद्धताका भंडार बतला लोगों की वेदोंपर से श्रद्धा उठाने का कारण बनने लगे ॥

यह और बात है कि आप तानतुनके वेदोंमेंसे साकारवाद सिद्ध करें, यह हो सक्ता है कि आप हमारे वैष्णव भाईयों को प्रसन्न रखने के लिये श्रीमद् वल्लभा-चार्य के मत को वेदानुकूल सिद्ध करने का प्रयत्न करें! परन्तु यह अनहद् दुःख की बात है कि आप जैसे वेद धर्माभिमानी वेदों को परस्पर की विरुद्धता से भरपुर बता अन्य धर्मावलम्बीयों के इस आक्षेप को पुष्ठ करें कि "वेद गंवारों की गाथा है"!

अहा! यदि महात्मा गौतम बुद्ध जैसे पवित्र पुरुष की वेदों से श्रद्धा उठजाने का कोइभी कारण हो, तो यही

कारण था कि सर्व वैदिक क्रियाऐं पशु हिंसा विधायक बताई जाती थी !

अहा ! यदि एकेश्वरवादि, भारत के सत्पुत्र, सत्य शोधक राजा राम मोहनराय प्रणित ब्रह्मो समाज का वेदों को अन्तिम तिलांजली दे गंगा में बहा देने का कोई भी कारण हो, तो यही परस्पर की विरुद्ध बातें और वेद मंत्रोका उटपटांग अर्थ ही था, जो कि उक्त समाज की ओरसे भेजे हुवे चार विद्यार्थीयों को काशी नगरमें पढाया गयाथा.

अहा ! यदि हमारे सेंकडों नहीं प्रत्युत सहस्त्रो अंग्रेजी पढे लिखे युवक भाइयों की वेदों परसे श्रद्धा उठ क्रिश्चियन मत ग्रहण करने का—जिसके लिये आप स्वयं प्रथम दिनके व्याख्यान में शोकाश्रु बहा रहे थे—कोई भी कारण हो, तो यही कारण है कि आप जैसे अनेक धुरंधर विद्वान वेदाभिमानी होते हुवे भी वेदों को अनेक परस्पर के जगडों का भंडार बता, यज्ञ और अग्नी होत्रादि में पशु होमने का विधान सिद्ध कर, वेद ईश्वरीय वाक्य न होने की शंका को द्रढ कर रहे हैं !

यदि आप, वेद धर्मोद्धारक महर्षि दयानंद सरस्वतीजी महाराजका उपकार न माने तो स्वतंत्र हैं—कि जि-

सने वेदों का सत्यार्थ कर, अन्य धर्मावलम्बीयोके प्रहारों से बचा, सत्य शोधकों की श्रद्धाबढा, यह सिद्ध कर बतलाया है कि वेद गंवारों की गाथा नहीं किन्तु सर्व विद्याओं का मुल हो परस्पर की विरुद्धता से रहीत है, किन्तु आप जैसे सनातन धर्मोपदेशक के मुखसे यह बात निकलना अत्यन्त शोकोत्पादक है कि, वेद परस्पर की विरुद्धता का भंडार या यहीं कहीये कि चवचव का मुरब्बा है! उस समय में कि जिस समयमें आर्य्य समाज वेदों को बडे गौरवसे देखता हुवा समग्र भूमंडलमें उतका ध्वनी फैलाने का प्रयत्न कर रहा है!

हम इसलिये भी आपके उपकृत है कि व्याख्यान में आप अन्य सनातन धर्मोपदेशको के सदृश महर्षि दयानन्द के विषय में अयोग्य शब्दो का उपयोग न कर आवश्यक्ता होने पर बडी ही सभ्यता पूर्वक महर्षिजी का नामोच्चारण करते हैं!

उपरोक्त लेखमें यदि कोइ भी वाक्य श्रीमान् को अयूक्त प्रतीत हो तो कृपया क्षमा करे! किम्बहुना विज्ञेषु!

आपके हितैषी

गोकलचन्द, प्रधान } आर्य्य समाज
नरसिंहलाल, मन्त्री } ठट्टा–सिन्ध

नोट—हम श्रीमान् को इसबात से भी विज्ञप्त करना चाहते हैं कि वह ननामा प्रश्नपत्र कि जिस विषय में आपने सभा में संकेत किया था वह आर्य्य समाज की ओर से लिखा हुवा मत समजें !

સામા ધણીની નમ્રતા જોઇ કાયર પુરૂષો ભડકી ઉઠે છે.

પ્રિય પાઠકો ! આપ ઉપરોક્ત પત્રથી સારીપેઠે સમજી શક્યા હશો કે કેટલી બધી નમ્ર ભાષામાં પંડિતજીને વેદોનું ગૌરવ ન ઘટાડવાની અમે વિનંતી કીધી હતી, કે જે વેદોને આર્ય્ય સમાજ તથા તેઓ શ્રી સઘળા માનનીય સમજે છે. પણ એક આરબ કવીનું કથન છે. કે, " કરીમ મિન્ત્ કરમું ઇત્ મિલ્કુ, હિઝીલ મિન્ત્ કરમુ ઇત્ મરઃદ. " અર્થાત્ જ્યારે ઉદાર પુરૂષને ઉદારતા અથવા નમ્રતા બતાવવામાં આવે છે; ત્યારે તે બમણો નમ્ર અથવા તેનો તાબેદાર થઇ જાય છે. પણ જ્યારે કાયર પુરૂષને નમ્રતા બતાવવામાં આવે છે ત્યારે તે બમણો મસ્ત થાય છે. મનમાં તે ધારે છે કે, " યા તો આ મારો ગરજાઉ છે, યા તો મારાથી ડરે છે. "

પંડિત ગોવિન્દરામજીએ પોતાની ઉદારતાનો નહીં પણ કાયરતાનો પરીચય દીધો હતો. એક તરફથી તેઓને આર્ય્ય સમાજની વિરૂદ્ધ, લોકોને ભડકાવવાની અમારા કેટલાક ધર્માંધ ભાઇઓ તરફથી વિનંતી થઇ ચુકી હતી. તેમાં વળી તેઓને અમારો ઉક્ત પત્ર મળવાથી એકદમ ભડકી ઉઠ્યા હતા. અને આર્ય્ય સમાજ તેમજ ઋષિ દયાનંદાદિ આર્ય્ય પુરૂષોને, સભ્યતાનો ત્યાગ કરી ખુબ ગાળો દેવા

લાગ્યા હતા. અને આર્ય સમાજ પર અયોગ્ય બેહુદા આક્ષેપો કરવા મંડી ગયા હતા.

જો અમે એમ જાણ્યું હોત તો તેઓશ્રીને પત્ર લખવાની કંઈ આવશ્યકતાજ ન હતી—એકદમ તેઓને શાસ્ત્રાર્થની ચેલેંજ આપત કે, " વેદાર્થપર શાસ્ત્રાર્થ કરવા કટીબદ્ધ થાઓ ! " પણ તેઓને—એક સભ્ય પુરૂષ જાણી મિત્ર ભાવથી અમે પત્ર લખ્યો હતો, પણ પાછળથી તેઓ કેવા સભ્ય હતા તે જણાઇ આવ્યું હતું.

વ્યાખ્યાન સભામાં અને શંકા સમાધાન ઘરમાં !

યદપિ અમને સંપૂર્ણ વિશ્વાસ હતો કે, " પંડિતજી અમારી શંકાઓનો કોઈ કાળે પણ ઉત્તર આપનાર નથી, તથાપિ અમારા ઘણા ભાઇઓના આગ્રહથી પંડિતજીને, અમે ભર સભામાં ઉભા થઇને શંકા નિવારણ કરવાની વિનંતી કીધી, પણ શોક! જે અમોને કાંઇ પણ ઉત્તર નહી મળ્યો. પંડિતજીએ સાફ કહી દીધું કે, " જો તમોને કંઇ પુછવું હોય તો અમારા ઉતારાપર આવી પુછજો, " સભામાં અમને ઉત્તર ન મળવાથી સનાતન ધર્મની પોલ અમારા ઘણાક ભાઇઓ સમજી ગયા હતા.

પં૦ પૂર્ણાનંદ સાથે ગોવિન્દરામ શાસ્ત્રાર્થ ન કરી શકયા !

પંડિત ગોવિંદરામજીના ઉટપટાંગ, તથા પરસ્પરની વિરૂદ્ધતાથી ભરપુર વ્યાખ્યાનોથી સુશિક્ષિત વર્ગમાં ઘણો કચવાટ પેદા થઇ ગયો હતો, તેમજ તેઓએ આર્ય સમાજના સિદ્ધાંતપર અત્યંત અયોગ્ય આક્ષેપો કીધેલા હોવાથી, પ્રજા સત્ય અસત્યનો નિર્ણય થયેલો જોવાને ઘણીજ આતુર બની ગઇ હતી. જેથી અમોને શ્રીમાન્ પંડિત પૂર્ણાનંદજી—જેઓને શ્રી કરાચી બંદરમાં સનાતની પંડિત જગત્પ્રસાદ

સાથે શાસ્ત્રાર્થ કરવા સારૂં, લાહોરથી આર્ય્ય પ્રતિનિધી સભા પંજાબે મોકલ્યા હતા. અને પંડિત જગતપ્રસાદ શાસ્ત્રાર્થથી હઠી, દ્વારકા તરફ પલાયન કરી ગયલા હોવાથી તેઓ હજી કરાચીમાં વ્યાખ્યાનો આપી રહ્યા હતા. તેઓને પત્ર લખી અત્રે (દ્વારકામાં) બોલાવવા પડયા હતા.

ફેબ્રુઆરીની બીજીએ તેઓ અત્રે આવી પહોંચ્યા હતા, અને બારમીએ અહિંથી પ્રસ્થિત થયા હતા. તે અગ્યાર દીવસ જેટલી લાંબી મુદતમાં, અમારા ભાઇઓ સાથે અમારો માત્ર પત્ર વ્યવહારજ ચાલ્યો હતો. તેઓ અમારી સાથે મળી નિયમ નિયત કરવાનો સાફ નકારમાંજ ઉત્તર લખતા હતા. અને અંતે તો તેઓએ અમારા અન્તિમ પત્રનો ઉત્તર પણ નહીં લખ્યો. જેથી અમારા ભાઇઓ સારી પેઠે સમજી શકયા હશે કે, તેઓના ધર્મમાં પોલ હોવાથી લોકો તે જાણી ન લે, તેથીજ ડરતા હતા.

અમે અમારા સુજ્ઞ વાચકોનું આ પુસ્તકના ચતુર્થ ભાગમાં લખાયલા પત્ર વ્યવહાર તરફ લક્ષ ખેંચીએ છીએ. અત્રે અમે માત્ર આર્ય્ય સમાજપરના આક્ષેપોનો પ્રથમ સંક્ષિપ્તમાં ઉત્તર લખી, પશ્ચાત્ પંડિત ગોવિન્દરામજીના ઉટપટાંગ વ્યાખ્યાનોની સમાલોચના કરીશું.

નિયોગ આદિ આક્ષેપોનો ઉત્તર.

ઋષિ દયાનંદ નિયોગ ને આપત્કાળનો ધર્મ માને છે.

સનાતનધર્મસભાના ઉપદેશકોને ઋષિ દયાનંદ કૃત સત્યાર્થ પ્રકાશપર કટાક્ષ કરવા સારૂ જો કોઈ પણ વિષય હાથ લાગ્યો હોય, તો તે માત્ર નિયોગજ છે. તેઓ નિયોગને આર્ય્ય સમાજનો સિદ્ધાન્ત જણાવી લોકોને સમાજની વિરૂદ્ધ ભ્હેકાવે છે. અમે નિયોગ વિષે કંઇ લખીએ તે પહેલાં એ જણાવવું આવશ્યક છે કે, નિયોગને આર્ય્ય સમાજ સિદ્ધાંત તરીકે નહી પણ આપત્કાળના ધર્મ તરીકે માને છે. અમે પોતાના તરફનું કંઇ લખીએ તે કરતાં ઋષિ દયાનંદનાં વાકોમાંજ લખવું વધારે યોગ્ય ધારીએ છીએ.

(જુઓ " સત્યાર્થ પ્રકાશ " પૃષ્ઠ ૧૧૪)

" जो नियोगकी बातमें पाप मानते हो तो विवाहमें पाप क्यों नहीं मानते ? पाप तो नियोगके रोकनेमें है. क्योंकि ईश्वरके सृष्टिक्रमानुकूल स्त्री पुरुषका स्वाभाविक व्यवहार रुकही नहीं सक्ता सिवाय वैराग्यवान पूर्ण विद्वान योगीयोंके ! क्या गर्भपातन रुप भ्रूणहत्या और विधवा स्त्री और मृतक स्त्री पुरुषोंके महा सन्तापको पाप नहीं गिनते हो ? क्योंकि जब तक युवावस्थामें है, मनमें सन्तानोत्पत्ति और विषयकी चाहना होने वालों को किसी राज्य व्यवहार वा जाति व्यवहार से रुकावट होनेसे गुप्त २ कुकर्म बुरी चालसे होते रहते हैं, इस व्य-

भिचार और कुकर्मके रोकनेका एक यही श्रेष्ठ उपाय है कि जो जितेन्द्रिय रह सकें किन्तु विवाह वा नियोग भी न करे तो ठीक है, परन्तु जो ऐसे नहि है उनका विवाह, आपत्कालमें नियोग अवश्य होना चाहिये. इससे व्यभिचारका न्यून होना प्रेमसे उत्तम सन्तान होकर मनुष्योंकी वृद्धि होना सम्भव है, और गर्भहत्या सर्वथा छुट जाती है"

ઉક્ત લેખમાંથી અમારા સુજ્ઞ વાચકો સમજી ગયા હશે કે, ઋષિ દયાનન્દ નિયોગને ધર્મ નહી પણ આપદ્ધર્મ માને છે. તેઓ સાફ સાફ શબ્દોમાં જણાવે છે કે, "જો જીતેન્દ્રિય રહી શકે તો તેને વિવાહનીજ આવશ્યકતા નથી, પણ તેમ ન હોવાપર વિવાહ અને આપત્કાળે નિયોગ હોવા જોઇયે." તેઓ નિયોગને માત્ર ગર્ભ હત્યાદિ મહાન્ અઘોર કૃત્યોને અટકાવનારૂં સાધન બતાવે છે, અને તે વિષે તેઓએ અનેક વેદ મંત્રો પણ સત્યાર્થ પ્રકાશમાં નિયોગ પ્રકરણમાં આપ્યા છે. જે સજ્જનોને જોવાની ઇચ્છા હોય તેઓએ "સત્યાર્થ પ્રકાશ" પૃષ્ટ ૧૧૨ થી ૧૨૨ સુધીમાં જોવું.

પરમાત્મા પાસે સ્ત્રી પુરૂષ સર્વ સમાન છે.

નિયોગ વિષે જો વેદ મંત્રો શિવાય માત્ર યુક્તિ પૂર્વક વિચાર કરીએ તો પણ નિયોગ વ્યભિચાર નથી ઠરી શકતો. સકળ સૃષ્ટિનો કર્તા પરમાત્મા કંઈ આપણા જેવો સ્વાર્થી, પક્ષપાતી અને નિર્દય નથી કે સ્ત્રીઓને પતિના મૃત્યુ પછી રીબાવી મારવાની વેદ દ્વારા આજ્ઞા આપે; અને પુરૂષોને ગમે તો રોજ પાંચ સ્ત્રી પરણી લેવાની છુટ આપે. તે મહાન પિતા પાસે સ્ત્રી અને પુરૂષ સર્વ સમાનજ છે.

સ્વાર્થાંધતા અને પક્ષપાતને મુકી જો વિચાર કરીએ તો જણાઇ આવશે કે, સ્ત્રીઓને પતિના દેહાન્ત પશ્ચાત રીબાવી મારવી એ માત્ર નિર્દયતાજ નહીં પણ મહા પાપ છે. કારણ કે કુદરતી વેગ કદી રોકી શકાતોજ નથી. શું પતિના દેહાન્ત પશ્ચાત સ્ત્રીનો માસિક ઋતુ પ્રાપ્તિ ધર્મ અટકી જાય છે ? શું વૈધવ્ય પ્રાપ્ત થતાં તેના યૌવન સ્વરૂપમાં કંઇ પરિવર્તન થાય છે ? એટલું ખાત્રીથી સમજવું જોઇએ કે જ્યાં સુધી વ્યાધિ રહિત શરીરમાં ઉષ્ણ રૂધિરનું અભિસરણ હોય, અને રજો અથવા વીર્ય શરીરમાં ઉત્પન્ન થતું હોય ત્યાં સુધી શરીરમાંથી કામનો નાશ કરવો એ સૂર્ય હોય ત્યાં સુધી પ્રકાશનો નાશ કરવા જેવો મિથ્યા પ્રયત્ન છે. જેમ પર્વત પર પડતા બરફથી વહેતી નદી તમારા ગમે તેટલા પ્રયત્ન છતાં કદી પણ અટકનાર નથી, જ્યાં સુધી તે સાગરમાં નહીં જઇ મળે, અથવા કુદરતી રીતે બરફ પીગળવું બંધ નહીં થઇ જાય, તેવીજ રીતે જ્યાં સુધી સ્ત્રીને કુદરતી રીતે માસિક ઋતુ પ્રાપ્તિ બંધ નહીં થાય, અથવા તેને વૈરાગ્ય ઉત્પન્ન નહીં થાય, ત્યાં સુધી તેને બ્રહ્મચારિણી રાખવાની આશા રાખવી એ આંખે કાળાં ચશ્માં રાખવા જેવું છે. જો તમો તેઓની સીધી ગતિ અયોગ્ય રીતે અટકાવશો તો તે આડકતરી રીતે ફાટશે !

જ્ઞાન અને વૈરાગ્ય વિના જીતેન્દ્રિય થવું અશક્ય છે.

વેદ કંઇ સ્વાર્થીઓના બનાવેલા નથી કે તેમાં સ્ત્રીઓને રીબી મરવા, તથા પુરૂષોને ગમે તો એકજ સાથે દશ વીશ સ્ત્રીઓ કરવાની આજ્ઞા આપે. વેદ ઇશ્વરકૃત હોવાથી તેની આજ્ઞા સૃષ્ટિ નિયમાનુકૂળ છે. પણ નિયોગની પ્રથા પ્રચલિત સમયમાં નષ્ટ થઈ ગયેલી હોવાથી લોકોને વિસ્મયકારક લાગે છે.

વેદોનો કર્ત્તા અન્યાયી નથી.

નિયોગને વ્યભિચાર કહેવો, ભુલ છે.

પ્રિય વાચક ! તું સ્વાર્થાંધતાને ત્યાગ કરી ન્યાયનાં ઘરમાં ધાલી દષ્ટિ કર ! કે જ્યારે તું નિયોગને વ્યભિચાર સમજે છે, ત્યારે એક પારકી છોકરીને ઘરમાં ઘાલી યથેચ્છ આનંદ ભોગવવાને વ્યભિચાર કેમ નથી સમજતો ? કદાચીત તારા સસરા અન્ય ગામમાં હોય અને ત્યાં તું પરોણા તરીકે ગયો હોય અથવા સાસરેજ વાસ કરી રહ્યો હોય, ત્યાં જ્યારે તું તારી સ્ત્રી–અર્થાત્ તારા સસરાની પુત્રીને સાથે લઇ શયનવાસ કરે છે, ત્યારે તારા સસરાને તેની પુત્રીની લાજ લુંટાવાથી ક્રોધ કેમ નથી ચડતો ? તેની માતા કેમ હાથે કરી તમારી પાસે તેને મોકલે છે ? અને તે, લોકોને વ્યાભિચાર કેમ નથી લાગતો ?

બસ, તું એજ ઉત્તર આપીશ કે, " જન સમુદાયની સમક્ષ વૈદિક રીત્યાનુસાર અમારો વિવાહ થયો છે, તેથીજ તેઓને વ્યભિચાર નથી લાગતો. " તો જેમ વિવાહ વેદાનુકૂળ છે, તેમ નિયોગ પણ વેદાનુકૂળ છે ! જેમ વિવાહની પ્રતિજ્ઞાઓ જન સમુદાયની સમક્ષ થાય છે તેથી તે વ્યભિચાર નથી ગણાતો, તેવી જ રીતે નિયોગની પ્રતિજ્ઞાઓ પણ જન સમુદાયની સમક્ષ થાય છે.

સંસ્કારથીજ માટીમાંથી કાચ થાયછે.

અખંડ બ્રહ્મચર્યનું સેવન ઉત્તમ હોવા છતાં તે સર્વ સાધારણ માટે અશક્ય હોવાથી આપણા પ્રાચીન ઋષિઓએ વેદાજ્ઞાને અનુસરી લગ્ન નિર્માણ કીધાં છે. અને જો તે લગ્ન પણ અધર્મ માનતે તો વ્યભિચાર અને કુકર્મ તેને સ્થાને અવશ્ય આવત. પરન્તુ બુદ્ધિમાનોની બુદ્ધિમતાથી જે વસ્તુ સંસ્કાર વિના કોલસોજ રહી જાત તે સંસ્કારથી હીરો બન્યો, અને જે-

ના અભાવે વ્યભિચારજ હોત તે હવે પવિત્ર ગૃહસ્થાશ્રમ થયો છે. પરન્તુ સૃષ્ટિ નિયમમાં પતિ પત્નીનો સાથેજ દેહાંત થવાનો નથી, તેથી લગ્નનો વારંવાર ભંગ થાય છે, અને વિધવા અથવા વિધુર એકલા રહી જાય છે. તે સમય તેઓ કુકર્મમાં આડે માર્ગે ન ઉતરે તે માટે જેમ ઋષિઓએ કુંવારી અને કુંવારા માટે લગ્ન નિર્માણ કીધાં છે, તેમ વિધુર અને વિધવા માટે નિયોગ નિયત કીધો છે.

પ્રત્યેક કામની હદ હોવી જોઇયે.

ઋષિ દયાનંદે એવું કોઇ પણ ઠેકાણે નથી લખ્યું કે પ્રત્યેક સ્રીએ અવશ્ય અગ્યાર પતિ કરવા જોઇયે. એ તો માત્ર લોકોને બહેકાવવા સારૂં જ સનાતની પંડિતોનો ઉટપટાંગ બકવાદ છે. તેઓ સ્થળે સ્થળે એમજ બતાવે છે કે, "બ્રહ્મચર્યનું પાલન સર્વથા ઉત્તમ છે, પણ જો તેમ નહીં થઇ શકે તો વિવાહ, અને આપત્કાળે વ્યભિચારાદિ કુકર્મો કરી ગર્ભ હત્યાઓ કરવી. એના કરતાં નિયોગ ઉત્તમ છે." એમ તેઓએ વેદ મંત્રોથી સિદ્ધ કરી બતાવ્યું છે.

હવે જ્યારે નિયોગની વેદમાં આજ્ઞા છે ત્યારે તેની હદ પણ હોવી જોઇએ. તે વિષે તેઓએ સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૧૧૭ માં, ઋગ્વેદ મંડળ ૧૦ સૂક્ત ૮૫ મંત્ર ૪૦ થી સિદ્ધ કરી બતાવ્યું છે કે, વધુમાં વધુ સ્રી ૧૧ મા પુરૂષ, અને પુરૂષ ૧૧ મી સ્રી સુધી નિયોગ કરી શકે છે.

વગર વિચારે ભડકી કેમ ઉઠોછો ?

અગ્યારનું નામ સાંભળી કેમ ભડકી ઉઠોછો ? જો કદી કોઇ ૮૦ વર્ષનો વૃદ્ધ પુરૂષ વીસમીવાર આઠ વર્ષની કન્યા સાથે લગ્ન કરે તો કેમ નથી ભડકતા ? આ સ્વાર્થાંધતા અને પક્ષપાત નહીં તો બીજું શું છે ?

જ્યારે કોઇ પણ પુરૂષ ચાલીસમીવાર લગ્ન કરે તો પણ તેને કોઈ રોકનાર નથી, તેથી કોઇ દીવસે આપે કોઇ પુરૂષનું ૧૧ મું લગ્ન સાંભળ્યું છે? જ્યારે સારસ્વત બ્રાહ્મણ, લુવાણાદિ અનેક દ્વિજ ગ્નાતિઓમાં સ્ત્રીઓના પૂનર્લગ્નની છુટ છે, ત્યારે કોઇ દીવસે આપે કોઇ સ્ત્રીનો અગ્યારમો વિવાહ જોયો છે? મિત્રો! અગ્યારનું નામ સાંભળી નહીં ભડકવું જોઇએ! આતો માત્ર દુર્ભાગ્યવશ આપત્કાળ ઉપર આપત્કાળ પ્રાપ્ત થતો જતો હોય તે માટેજ વધુમાં વધુ અગ્યાર સુધી વેદાજ્ઞા છે.

આર્ય્ય સમાજનો સિદ્ધાંત નિયોગ નહીં પણ બ્રહ્મચર્ય છે?

આર્ય્ય સમાજનો સિદ્ધાંત નિયોગ નહી પણ બ્રહ્મચર્ય છે. આર્ય્ય સમાજના પ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતી બાલબ્રહ્મચારી હતા. આદિત્ય બ્રહ્મચારી હતા, અને માત્ર કહેવા કરતાં કરી બતાવવું તેઓ વિશેષ પસંદ કરતા હતા. તેઓ જ્યારે બ્રહ્મચર્યનો ઉપદેશ કરતા હતા, ત્યારે તેઓએ જીંદગી પર્ય્યન્ત બ્રહ્મચર્ય પાલન કરી બતાવ્યું હતું. અને જ્યારે તેઓ, પ્રાણ જાય તો પણ સત્યમાર્ગથી ન હઠવાનું કહેતા હતા, ત્યારે તેઓએ સત્ય માર્ગથી ન હઠતાં અન્તે પ્રાણ પણ અર્પી બતાવ્યો હતો.

ઋષિ દયાનંદ ગર્ભહત્યાઓના વિરોધી હતા.

ઋષિ દયાનંદ અને આર્ય્ય સમાજ જ્યારે બ્રહ્મચર્યના પોષક છે, ત્યારે ગર્ભહત્યાઓના વિરોધી પણ છે. તેઓએ જીતેન્દ્રિય સ્ત્રી પુરૂષોને માટે માત્ર સંતાનોત્પત્તિ સારૂં નિયોગ નથી બતાવ્યો, તેઓ જો રહી શકે તો બ્રહ્મચર્યજ ઉત્તમ છે—પણ તે આડે માર્ગે ઉતરી ભ્રુણહત્યારૂપી મહાન

પાપોના ભોગી થાય તે કરતાં નિયોગ ઉત્તમ છે. અમે ઋષિ દયાનંદનાંજ વાક્યો અત્રે ટાંકી બતાવીએ છીએ. જેથી સત્યાર્થ પ્રકાશની વિરૂદ્ધ ભડકેલાઓ અવશ્ય ન્યાય દૃષ્ટિથી વિચાર કરશે. (જુવો સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૧૧૨)

"क्योंकि जो स्त्री पुरुष ब्रह्मचर्यमें स्थित रहना चाहे तो कोइभी उपद्रव न होगा, और जो कुलकी परम्परा रखनेके लिये किसी अपने स्वजातिका लडका गोद लेलेंगे उससे कुल चलेंगा और व्यभिचारभी न होगा और जो ब्रह्मचर्य न रख सके तो नियोग करके सन्तानोत्पत्ति करले"

સ્વામીજીનાં ઉપરોક્ત વાક્યોથી અમારા પાઠકો સમજી ગયા હશે કે તેઓએ નિયોગ માત્ર ભ્રુણહત્યાઓ થાય તે કરતાં સારો ગણ્યો છે. નહીં તો ભાર દઇ ઉપદેશ તો તેઓએ બ્રહ્મચર્યનોજ કીધો છે. કુળની પરંપરા ચલાવવી હોય તો તેઓ દત્તક લેવાનું લખે છે. માત્ર ગર્ભપાતોથીજ તેઓ નિયોગને ઉત્તમ બતાવે છે.

નિયોગપર ટીકા કરનારાઓ બે પ્રકારના વિચાર ધરાવે છે.

નિયોગપર ટીકા કરનારાઓના બે પક્ષ છે.

એક પક્ષ જ્યારે નિયોગને વ્યભિચાર ગણે છે, ત્યારે બીજો પક્ષ તેને વ્યભિચાર નહીં ગણતાં સમયથી વિરૂદ્ધ બતાવે છે. પ્રથમ પક્ષના ભાઇઓની ઉપરોકત લેખથી સારી પેઠે ખાત્રી થઇ હશે કે, નિયોગ વ્યભિચાર નહીં પણ **વ્યભિચાર તથા મહાન હત્યાઓને અટકાવનાર આપત્કાળનો એક ધર્મ છે.**

બીજા પક્ષના વીચાર સાથે અમે પણ મળતા છીએ. બેશક પ્રચલિત સમયનાં વિષયાસક્ત પુરૂષ સ્ત્રીઓથી નિયોગના ધાર્મિક નિયમોનું પાલન થઇ શકે એ અશકય છે. તેથીજ આર્ય્ય સમાજ નિયોગપર જોર નહીં દેતાં પુનર્વિવાહ પરજ જોર દે છે. નિયોગના નિયમોનું પાલન થવું દુર્ઘટય હોય એ જુદી વાત છે, પણ એમ તો કદી પણ નહીં કહેવાવાય કે નિયોગ વ્યભિચાર છે.

બીજા પક્ષના વિચાર સાથે અમે સહમત છીએ.

ઘણાક ભાઇઓ વળી એમ પણ પ્રશ્ન કરે છે કે, જ્યારે નિયોગ સમયથી વિરૂદ્ધ છે ત્યારે સ્વામી દયાનંદે "સત્યાર્થ પ્રકાશ" માં તેનું વિધાન લખી લોકોને શા માટે ભડકાવ્યા? તેઓને અમે માત્ર એટલુંજ પુછીશું કે, શું મૂર્તિપૂજા ખંડનથી લોકો નથી ભડકી ઉઠ્યા? મૃતકશ્રાદ્ધ ખંડનથી અમારા ભૂદેવોએ શું થોડો કોલાહલ મચાવ્યો છે?

ઋષિ દયાનંદ સત્યનો પ્રચાર કરતાં કોઇથી પણ નહોતા ડરતા.

ઋષિ દયાનંદ સત્યમાર્ગ બતાવતા હતા, વેદાદિ ધર્મ શાસ્ત્રોનો ઉપદેશ કરતા હતા, પછી લોકો ભડકી ઉઠે તો એ શું, અને પ્રસન્ન થાય તો એ શું તેની તેઓ જરા પણ દરકાર નહોતા રાખતા. તેઓને ઘણીકવાર મહાન મહાન રાજાઓ, પંડિતો તથા સંપ્રદાયાચાર્યો તરફથી ખાનગી રીતે વિનંતીઓ કરવામાં આવતી હતી કે, "તમે મૂર્તિપૂજાનું ખંડન નહીં કરો." અથવા માત્ર એટલુંજ કહો કે, "મૂર્તિપૂજા અજ્ઞાનીઓ માટે તો અવશ્ય છે." તો અમે તમને મહાન આચાર્ય કરી પૂજીશું, અને સોનાની પાલખીઓમાં

બેસાડી, જગદ્‌ગુરૂની પદવીથી વિભૂષિત કરી, લાખોની ઉપજ કરી આપીશું.

અહા! આટલીબધી લાલચ છતાં પણ તે સર્વ ત્યાગી, લંગોટબંધ સન્યાસી શો ઉત્તર આપતા હતા? તે પ્રત્યેક મનુષ્યે ધ્યાનમાં રાખવા જેવું છે. તે કોપીન ધારી મહાત્મા કહેતા હતા કે, "સોનાની પાલખીઓ અને લાખોની મિલકતો શું પણ આ પ્રાણપ્યારી કાયા—કે જેને એક કાંટો લાગતાં પણ મહાન દુ:ખ થાય છે, તે પણ જ્યારે સાથે ચાલનાર નથી ત્યારે હું કેમ ખોટું બોલી ઇશ્વરનો દ્રોષી થાઉં!"

અહા! ક્યાં આજના લાખો તો શું પણ એક પૈસા ખાતર પણ એક સો વાર જુઠું બોલનાર અને હજાર સોગંદ ખાનાર પેટાર્થી બ્રાહ્મણો! અને ક્યાં તે સત્યવ્રત ધારી દયાનંદ સન્યાસી!

મહાત્મા મુન્શીરામજી પોતાના વ્યાખ્યાનમાં કહેતા હતા કે, "એક સ્થળે સ્વામીજીનું મૂર્તિપૂજા ખંડનપર વ્યાખ્યાન થનાર હતું, અને વ્યાખ્યાનગૃહ અનેક અમીર લોકો ઉપરાન્ત સત્તાધારીઓથી ભરાઇ ગયું હતું. સ્વામીજી આવી પહોંચતાં એક સજ્જન આવી તેઓને ધીમે સ્વરે કહેવા લાગ્યો, 'કૃપા કરી આપ આજે એ વિષયપર વ્યાખ્યાન ન આપતાં કોઇ બીજા વિષયપર આપજો. કારણ કે અહીં જે લોકો બેઠા છે તેમાં ઘણા લોકો મહાન્ સત્તાધારીઓ છે. અને તેઓ મૂર્તિપૂજક છે. તેથી જો તેઓને મૂર્તિ ખંડનથી માઠું લાગ્યું તો એમાં આપના જીવને ભય છે.' એટલું સાંભળતાંજ સ્વામીજી ઉંચે સ્વરે જોશ ભરયા શબ્દોથી કહેવા લાગ્યા કે, 'જ્યારે મને કોઇ સાબિત કરી બતાવશે કે આત્મા પણ મરે છે, ત્યારે હું વિચાર કરીશ કે એઓથી ડરૂં કે નહીં. પણ જ્યાં

સુધી મને દ્રઢ વિશ્વાસ છે કે આત્મા અમર છે, ત્યાં સુધી હું ચક્રવર્તિ રાજા ને પણ સત્ય કહેતાં નથી ડરતો ". અહા ! કેવો નિડરતાનો ઉત્તર ?

ઋષિઓ સત્ય ધર્મનેજ સર્વસ્વ માને છે.

ઉક્ત વચનોથી સિદ્ધ થાય છે કે મનુષ્ય અને ઋષિઓના જીવનમાં ફેર હોય છે. મનુષ્યો જ્યારે આ નાશવંત માયાનેજ પોતાનું સર્વસ્વ માની ધર્મ વિરૂદ્ધ આચરણ કરે છે, ત્યારે રૂષિઓનો મુખ્યોદ્દેશ ધર્મજ હોય છે. એક પૈસાની ખાતર મનુષ્યોને જ્યારે ખોટું બોલવું પડે છે, વ્યવહારમાં હાનિ પહોંચવાના ભયથી હાજીહા કરી મેંઢાઓમાં મેંઢુ થઈ ચાલવું પડે છે, મુઠી ગર્મ થવાના લોભથી મહાન પંડિતો ખોટી વ્યવસ્થાઓ લખી આપે છે અને લોકોને ખોટું સમજાવી ખાડામાં ઉતારે છે, માનના લોભથી લક્ષાધિપતીઓને પોતાના મન્તવ્યથી વિરૂદ્ધ ચાલી આત્મઘાતી થવું પડે છે, ત્યારે ઋષિઓ માન અપમાનની કંઈ દરકાર નહીં કરતાં, દ્રવ્યને તૃણવત્ ગણી સત્યનોજ ઉપદેશ કરે છે. સત્ય બોલતાં પ્રાણ જાય તો તેની પણ તેઓ દરકાર નથી કરતા. ઋષિઓને વિશ્વાસ હોય છે કે આત્મા અમર છે. મરણ માત્ર એક શરીર ત્યાગી બીજું શરીર ધારણ કરવાનેજ કહે છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૬૨૩ માં લખે છે કેઃ—

" अब जो वेदादि सत्य शास्त्र और ब्रह्मासे लेकर जैमिनि पर्यन्तोंके माने हुवे ईश्वर रचित पदार्थ है जिनको कि मैं भी मानता हूं सब सज्जन महाशयोंके सामने प्रका-

शित करता हुं. मैं अपना मन्तव्य उसको जानताहुं जो तीन कालमें सबको एकसा मानने योग्य हैं. मेरा नविन कल्पना वा मत मतान्तर चलानेका लेशमात्र अभिप्राय नाहि है किन्तु जो सत्य है उसको मानना मनवाना और जो असत्य है उसको छोडना छोडवाना मुजको अभीष्ट है. यदि मैं पक्षपात करता तो आर्य्यावर्तन प्रचरित मतोमेंसे किसी एक मतका आग्रही होता किन्तु आर्य्यावर्त और अन्य देशोमे धर्मयूक्त चालचलन है उनका स्वीकार और जो धर्मयुक्त बाते हैं उनका त्याग नहि करता, न करना चाहताहुं क्योंकि ऐसा करना मनुष्य धर्मसे बाहिः है. मनुष्य उसीको कहना कि मननशील होकर स्वात्मवत् अन्योंके सुख दुःख और हानि लाभको समजे. अन्यायकारी बलवानसे भी न डरे और धर्मात्मा निर्बलसे डरता रहे इत्यादि इत्यादि ॥ ”

સ્વામીજીનાં ઉક્ત વચનો અને જીવનથી સિદ્ધ થાય છે કે તેઓ દ્રવ્યનો લોભ નહોતા રાખતા, અને સત્ય કહેતાં સાર્વભૌમ રાજાથી પણ નહોતા ડરતા, તેથીજ તેઓ અખંડ બ્રહ્મચર્ય અને વિદ્યા બળથી આખા ભારત વર્ષની કાયા પલટાવી શક્યા હતા. તેઓનો નવીન મત અથવા પંથ ચલાવવાનો લેશ પણ અભિપ્રાય ન હતો. તેઓ માત્ર અસ્તઃપ્રાય થયલા સત્ય સનાતન વૈદિક ધર્મનોજ પુનરુદ્ધાર કરવા ચાહતા હતા.

સત્યતાનો પ્રતાપ.

આજ કાલના વિદ્વાનો ભાષણો કરતાં કરતાં યમપુરીમાં સિધારી જાય છે, પણ તેઓનું કોઇ નથી સાંભળતું. એક કાને સાંભળ્યું તો બીજે કાને નીકળી ગયું. પણ સ્વામીજીના એકજ વારના વ્યાખ્યાનથી સેંકડો મનુષ્ય સમાજી બની જતા હતા! જે રાજાના કાનપર સ્વામીજીનાં વ્યાખ્યાનોનો એકજ વાર ધ્વની પડયો તે તેઓનો શિષ્ય બની જતો હતો! તેઓએ પોતાની હયાતીમાં, અપૂર્વ વિદ્વત્તા અને વ્યાખ્યાન બળથી લાખો મનુષ્યોને પોતાની તરફ ખેંચી લીધા હતા, અને તેઓના મૃત્યુ પશ્ચાત પણ હજારો મનુષ્ય તેઓએ બતાવેલા સત્ય વૈદિક માર્ગ પર આરૂઢ થતા જાય છે. ભારત વર્ષમાં આજે એવું એક પણ નગર અથવા ગ્રામ ભાગ્યેજ બાકી રહ્યું હોય જ્યાં તે મહાત્માની સ્થાપિત સમાજની અસર પહોંચી ન હોય! એવો કોઇ બાળક પણ નહીં નીકળે કે જે ઋષિના નામથી અનભિજ્ઞ હોય!

ઉપકારનો બદલો અપકાર.

અહા! જે મહાત્માએ ભારતવાસીઓને ભરનિદ્રામાંથી જગાડી સચેત કીધા; અનેક કષ્ટો સહન કરતાં વેદ ધર્મનો પ્રચાર કરી લાખો હિંદુઓને ઇસાઇ અને મુસલમાની ધર્મથી બચાવી આર્ય્ય બનાવ્યા; જેઓએ અખંડ બ્રહ્મચર્ય ધારણ કરવાના હેતુથી ભરયૌવનમાં વિવાહનો તિરસ્કાર કરી, ઘર બહાર ત્યાગ કર્યાં; એવા એક જીતેન્દ્રિય આદિત્ય બ્રહ્મચારી ઋષિ દયાનંદને પંડિત ગોવિન્દરામજી વ્યભિચારી કહેતાં પણ લજ્જીત નહોતા થતા!!!

અફસોસ! સ્વાર્થીઓને ઉટપટાંગ બકતાં પણ લજ્યા નથી આવતી!

સંકટો સહ્યા છતાં પણ સત્ય માર્ગથી ન હઠનારની જ અંતે જય છે.

પણ અમને એ વાતથી જરા પણ આશ્ચર્ય નથી લાગતું. કારણ કે સંસારની લીલાજ એ ઢંગની છે. સત્યવાત, અને સર્વના હિતની વાત ઠીક સમયપર લોકો માનવાને તૈયારજ નથી થતા. ઉલટું સત્ય કહેનારને સતાવી, રીબાવી વગોવે છે! એક સમય એવો હતો કે જ્યારે ચીનના પ્રખ્યાત ધર્મ પ્રચારક મહાત્મા કન્ફ્યુશસને બંદીખાનામાં નાંખવામાં આવ્યો હતો. અને એક આ સમય છે કે જ્યારે તે મહાત્માને ઘર ઘર પરમેશ્વરની જગાએ પૂજવામાં આવે છે. ચીનના નામદાર શહેનશાહ, તે મહાપુરૂષના સ્મર્ણમાં બંધાયલા મંદિરમાં વરસમાં બેવાર પ્રાર્થના કરવા જાય છે, અને ઘુંટણીએ પડી ત્રવાર ભૂમી સુધી શીશ નમાવે છે!

મહાત્મા ઇસા મસીહના જીવન સમયમાં તેઓની પણ એજ દશા હતી! હાય હાય! લોકોએ તે મહાન શિક્ષકને સુળી સુદ્ધાં દઇ દીધી! પરન્તુ આજે તેજ મહા પુરૂષ ઇશ્વરની ગોદનો એકાકી જનિત પ્યારો પુત્ર કહેવાઇ સમસ્ત યુરોપખંડપર રાજ્ય કરી રહ્યોછે.

ઇટાલીના મહાપુરૂષ મેઝાનીનો પણ તેના જીવન કાળમાં કાંઇ આદર નહતો થયો, ઉલટું તેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. પરન્તુ આજે માત્ર ઇટાલીજ નહીં પણ સમસ્ત યૂરોપ તે મહાત્માના ગુણોનું યશોગાન કરે છે!

સમય આવ્યે ભુલનો પશ્ચાતાપ કરશો.

એવી દશામાં કે જ્યારે સૃષ્ટિનો પ્રવાહજ એમ દેખાય છે, તો યદિ અમારા દેશવાસીઓએ મહર્ષિ દયાનંદ સરસ્વતીનો ઉચિત આદર નહીં કીધો તો કાંઇ આશ્ચર્યની વાત નથી.

આશ્ચર્ય ગમ તો ન હોય, પણ દુઃખ તો અવશ્ય છે !

સંસારના અન્ય દેશો કે જેઓની ઉન્નતિનો સમય હમણાં આવ્યો છે, તેઓએ જો તે અધમ અવસ્થામાં પોતાના શિક્ષકોની વાત તત્કાળ નહીં માની તો કંઇ મહાન આશ્ચર્યની વાત નથી. કારણ કે જન્મના નીચાઓ ને ઉંચ બનવાના વીચાર અને શિક્ષાઓ વિલમ્બથી સમજાય એ સ્વાભાવિક છે. પણ આર્યાવર્ત દેશ જે નીતિશિક્ષા, વિદ્યાશિક્ષા અને સભ્યતાની શિક્ષામાં સમસ્ત સંસારનો ગુરૂ હતો, યદિ તે પણ પોતાના સાચા શિક્ષકનો આદર કરવા, અને શિક્ષા–તેજ પ્રાચીન શિક્ષા ગ્રહણ કરવામાં વિલંબ અને બેદરકારી કરે, એટલુંજ નહિં પણ તે શિક્ષકનો અનાદર પણ કરે, તો કહો પ્રિય પાઠક ! એથી વધુ દુઃખની વાત કઇ હશે ?

શુ થયું ? યદિ જીવન કાળમાં ઋષિ દયાનંદનો આદર આપે નહીં કીધો ? તેનાં અમૃતરૂપી વ્યાખ્યાનો સાંભળવાથી બે દરકાર રહ્યા, અને આજ પણ તે મહાત્માની અનમોલ શિક્ષાઓ–અહા ! તેજ શિક્ષાઓ કે જેને લીધે આપ સમયમાં જગદ્‌ગુરૂ, જગતરાજાધિરાજ અને સામ્રાટની પદવીએ હતા–તેને પસંદ નથી કરતા ! ઉલટું તેને ગાળો આપી વગોવો છો !

પરન્તુ સમય આવશે કે જ્યારે આપ અને આપનાં સંતાનો જ ઋષિરાજને માટે રૂદન કરશે, વ્યતીત કાળ માટે પશ્ચાતાપ કરશે કે, "કેમ તે અમૂલ્ય સમય ગુમાવી દીધો ? કેમ સમય પર તે મહા શિક્ષકની શિક્ષાઓપર ધ્યાન નહીં દીધું ?"

આપ ચાહશો, અને નિસંદેહ ચાહશો કે, ફરી પણ એકવાર તે ઋષિરાજ પધારી અમારી જન્મ ભૂમિને પવિત્ર કરે તો કેવું સારૂં !

યાદ રાખજો કે:—

" आवैंगे बौर रसालनमें अरु कोकिल डारनमें विहरैंगे
एक दिना नतु एक दिना, यहीभारतके दिन फेरिफिरैंगे'
(ठाकुर गदाधरसिंह.)

સિંહના બળને હસ્તિ જાણે. બિચારા ઉંદરને શી ખબર?

પંડિત ગોવિન્દરામ, સ્વામીજીને માત્ર વ્યભિચારીજ નહીં પણ સાથે વળી અવિદ્વાન પણ બતાવતા હતા. તેઓ કહેતા હતા કે, " આજના મિડલપાસ છોકરાઓ પણ દયાનંદથી સારૂં સંસ્કૃત જાણે છે. ' વેદાન્ત ધ્વાન્તિ નિવારણ ' નામનું પુસ્તક સ્વામીજીએ મુન્શી ઇંદ્રમણી પાસે લખાવ્યું હતું. વગેરે, વગેરે. "

અમે એના ઉત્તરમાં માત્ર એટલુંજ બતાવીશું કે જ્યારે દયાનંદ અવિદ્વાન હતા, મિડલ પાસ છોકરાઓ જેટલું પણ સંસ્કૃત નહોતા જાણતા, ત્યારે ગોવિન્દરામજી તો તેના કરતાં હજાર દરજ્જે વધુ વિદ્વાન હોવા જોઇયે. ત્યારે સ્વામી દયાનંદ જેટલું કરી શક્યા છે, તેનાથી તો પંડિતજીએ વધુ, નહીં તો તેટલું તો અવશ્ય કરી બતાવવું જોઇયે. ખાલી ઘરમાં બેશી બકવાદ કરવામાં શો લાભ ?

દયાનંદ વિદ્વાન હતા એ સિદ્ધ કરવું, પ્રકાશી રહેલા સૂર્યની પ્રત્યક્ષ રોશની ને સિદ્ધ કરવા જેવું છે. ઋષિ દયાનંદ કૃત વેદભાષ્યોજ સાક્ષી પુરે છે કે, હજારો વર્ષ પછીજ એવા મહાન સંસ્કૃત વેત્તાનું ભારતવર્ષમાં આગમન થયું હતું. તેઓએ કીધેલાં મહાન કાર્યો જ સિદ્ધ કરી બતાવે છે કે તેઓમાં અપૂર્વ વિદ્વતા હતી. તેઓના અનુયાયી એક છોકરાને પણ સનાતની પંડિતોને ઉત્તર આપવો મુશ્કેલ થઇ પડે છે. પણ સત્ય છે કે:—

विद्वानेव विजानाति विद्वज्जन परिश्रमम् ।
नहि वंध्या विजानाति गुर्वी प्रसव वेदनाम् ॥

અર્થાત્—વિદ્વાનોના શ્રમને વિદ્વાનજ જાણે છે, કેમકે ગર્ભવતીની પ્રસવ વેદનાને વંધ્યા જાણતી નથી.

गुणीगुणंवेतिनवेतिनिर्गुणो बलीबलंवेतिनवेति निर्बलः ।
मधोर्गुणं कोकिलकोनवायसः करीचसिंहस्यबलंनमूषिकः ॥

અર્થાત્—ગુણવાન ગુણને જાણે છે, ગુણહીન જાણતો નથી; બળવાન બળને જાણે છે પણ બળહીન જાણતો નથી; કારણ વસંત ઋતુના ગુણને કોયલ જાણે પણ કાગડો જાણે નહીં ને સિંહના બળને હસ્તિ જાણે પણ ઉંદર જાણે નહીં.

તેવીજ રીતે સ્વામીજીની વિદ્વત્તાને કાશીના મહાન્ પંડિતો સારીપેઠે જાણે છે, જેઓ એકવાર હઠી ગયા પછી સ્વામી દયાનંદ સાત વાર કાશીમાં પધાર્યા હતા અને વૈદિક ધર્મનો ડંકો બજાવતા રહ્યા હતા, પણ તેઓમાંનો એક પણ સામે નહોતો થયો. બીચારા ગોવિન્દરામને સ્વામીજીની વિદ્વત્તાની શી ખબર ? તેઓ તો ઠંડા પહોરના તડાકા હાંકનારા અને અમારા ભોળા ભાઇઓ તાળીઓ પીટનારા. "મા રાંધનારી અને દીકરી ખાનારી" બાકી બ્હાર તો હિસાબી હિસાબ છે !

સૂર્યને જો ઉલ્લુએ નહીં જોયો તો શું સૂર્ય નથી ?

એક વેદવેત્તા ઋષિ કે જે ઇસાઇ, મુસલમાન અને હિંદુ વગેરે કરોડો મનુષ્યોના મતનું છડેચોક ખંડન કરતો હતો, છતાં કોઇ પણ સામે નહોતું થતું ! એક પૂર્ણ યોગી, બાળ બ્રહ્મચારી જે એકલોજ લંગોટબંધ–કોઇની પણ સહાયતા વિના

સૈંકડો સંપ્રદાયોના પંડિતોને તેમાં પણ સંસ્કૃત વિદ્યાના કેન્દ્રસ્થાન કાશીજેવા નગરમાં શાસ્ત્રાર્થ કરવાની ચેલેંજો આપતો, પણ કોઈ સું ચાં પણ નહોતું કરતું; એવા એક મહાત્માને વ્યભિચારી અને અવિદ્વાન કહેવાથી કહેનારનોજ તોલ થાય છે. તેઓના પવિત્ર જીવનને કંઇ કલંક નથી લાગતું. કહ્યું છે કે:–

दोहा–मूर्ख गुन समजे नहिं तो न गुनीमें चुक ।
कहा भयो दिनके विभो देखे जो न उलूक ॥

ધર્મવીરપર મિથ્યા આક્ષેપ.

પંડિત ગોવિન્દરામજી માત્ર સ્વામીજીની નિંદા કરીનેજ નહોતા અટકયા પણ સ્વર્ગવાસી પંડિત લેખરામ, તથા મીરઠ નિવાસી પંડિત તુલસીરામજી સામવેદ ભાષ્યકારની પણ તેઓએ પેટભર નિંદા કીધી હતી.

તેઓ સ્વર્ગવાસી ધર્મવીર પંડિત લેખરામ–કે જેઓએ " આર્ય્ય મુસાફર " નામ ધારણ કરી આખા ભારતવર્ષમાં વેદધર્મના પ્રચારાર્થ ભ્રમણ કીધું હતું, અને જેઓએ યવન મતના ખંડનમાં અનેક પુસ્તકો રચ્યાં હતાં, અને તેજ કારણથી એક દુષ્ટ મુસલમાનના હાથે તેઓનું ખુન થયું હતું; તેઓને પિશાવરના લશ્કરમાંથી રદ થયેલા એક બદમાશ સિપાઇ બતાવતા હતા, અને " તેઓનું ખુન છુપી રીતે તેઓના એક ઓફીસરે કીધું હતું, અને મુસલમાનોના ખંડનમાં તેઓએ જે લખ્યું હતું તે બધું મુન્શી ઇંદ્રમણીના ગ્રંથોપરથી જોઇને લખ્યું હતું. " એમ તેઓ કહેતા હતા.

પંડિત ગોવિન્દરામજીને આખા ભારતવર્ષમાં વિદ્વાન એક મુન્શી ઇંદ્રમણીજ જોવામાં આવ્યા છે, જેની બધા આર્ય્ય પંડિતો

નકલ કરી લખે છે. અને સ્વામી દયાનંદ પણ કાંઇ નહોતા જાણતા જેઓએ " વેદાન્ત ધ્વાન્તિ નિવારણ " નામનો ગ્રંથ તેની પાસેથી લખાવ્યો હતો !!!

ધન્ય છે! પંડિતજી ! આપની ફિલાસોફીની વાતોને સમજનારા પણ ફિલાસોફરોજ જોઇયે !

ઋષિ દયાનંદને વેદોનાં ભાષ્ય અને બીજા અનેક ગ્રંથો પણ મુન્શી ઇંદ્રમણીએજ લખી આપ્યા કે કેમ ? તેનો પંડિતજીને ખુલાસો કરવો જોઇતો હતો.

પંડિત લેખરામ જ્યારે આપના કથનાનુસાર—એક લશ્કરમાંથી રદ થયલા બદમાશ સિપાઇ હતા, ત્યારે રદ થયા પશ્ચાત તે ઓફીસરનો તેઓની સાથે એવું શું વેર હતું ? જે તેણે ખુનીની પેઠે છુપી રીતે આવી ખુન કીધું ?

લશ્કરના ઓફીસરોના, ગુસ્સો ચડતાં તેજ વખતે ગોળીથી મારી નાખવાના બનાવો ઘણા બન્યા છે; પણ આ ગોવિન્દરામજીની લીલાનો બનાવ તો અમે હમણાંજ સાંભળ્યો. લશ્કરનો ઓફીસર પણ એવો તો વીર અને તેજસ્વી પ્રકૃતિનો પંડિતજીએ સિદ્ધ કીધો જે, તેને વેર લેવાનું પણ પંદર વીસ વર્ષ પછી સુજ્યું !

ધન્ય છે, પંડિતજી ! તમે સત્ય કહેતા હતા કે, " હું સભા જોઇ વ્યાખ્યાનો આપું છું. કલકત્તામાં મારૂં વ્યાખ્યાન જે ઢંગનું થાય છે તે ઢંગનું બીજાં મોટાં નગરોમાં નથી થતું. અને બીજાં મોટાં નગરોમાં જે પ્રકારનું થાય છે તેવું ઠઠ્ઠા આદિ નગરોમાં નથી થતું. "

મોઢું જોઇને તિલક કરૂં છું !

ખરેખર, છે પણ એમજ. જો એવા બકવાદથી ભરપુર આપનાં વ્યાખ્યાનો લાહોર આદિ નગરોમાં થયાં હોત તો પંડિત લેખરામ બદમાશ હતા કે તેને કહેનાર બદમાશ છે, તે તેજ વખતે સિદ્ધ થઇ જાત !

પંડિત લેખરામજીના મૃત્યુ સમયે તો લાહોરના " સનાતન ધર્મ ગેઝેટ " નામના કટ્ટર સનાતની પત્રે પણ મુક્ત કંઠથી તેઓની પ્રશંસા કીધી હતી, જેની નકલ અમારી પાસે અહિંયા પ્રસ્તુત છતાં લંબાણના ભયથી અત્રે આપી શકયા નથી.

પં૰ ગોવિંદરામની મિથ્યા આત્મપ્રશંસા.

પંડિત ગોવિંદરામજી આત્મપ્રશંસા કરવામાં પણ કાંઇ બાકી નહોતા રાખતા. તેઓને જ્યારે પંડિત તુલસીરામ સામવેદ ભાષ્યકારની વિરુદ્ધ બોલવાનું કાંઈ નહીં સુજ્યું ત્યારે બડાઇ ફુંકતા કહેવા લાગ્યા કે, " એકવાર હું અને પંડિત રામમિશ્ર શાસ્ત્રી દિલ્હીના ભારત ધર્મ મહામંડળના અધિવેશન પરથી પાછા ફરતાં મેરઠ ગયા હતા, અને ત્યાં મારૂં વ્યાખ્યાન ધર્મ સભામાં થયું હતું. આર્ય્ય સમાજ મંદિરમાં મારાં વ્યાખ્યાનોના ખંડન માટે પંડિત તુલસીરામજી ઉભા થયા હતા. પણ ઉભા થતાંજ કહેવા લાગ્યા કે, ' એક તરફ ભારતનો સૂર્ય પંડિત રામમિશ્રશાસ્ત્રી, અને બીજી તરફ પંડિત ગોવિન્દરામશાસ્ત્રી કે જેના શિષ્યોની બરાબરી પણ હું નથી કરી શકતો, તેના વ્યાખ્યાનોનું ખંડન હું કેમ કરી શકીશ ? માટે જો મને સમાજથી કાઢવો હોય તો ભલે કાઢો ! ' એમ કહીને તેઓ બેસી ગયા. "

કુવામાં હોય તો હવાડામાં આવે.

ઠીક છે! જ્યારે એમજ હતું ત્યારે પંડિત પૂર્ણાનંદજીથી કેમ ડરી ગયા? જ્યારે પંડિત તુલસીરામ સ્વામી જે આર્યોમાં એક પ્રખ્યાત પંડિત છે તે તો આપના શિષ્યોની પણ બરાબરી નથી કરી શકતા, ત્યારે પૂર્ણાનંદજીની સામે થવામાં તો આપને કાંઇ પણ વિલંબ કરવો નહોતો જોઇતો. જ્યારે પંડિત તુલશીરામ–કે જે આપના શિષ્યો તુલ્ય પણ નથી, તેઓએ સામવેદનું ભાષ્ય કીધું છે; ત્યારે આપ તેના ગુરૂના ગુરૂએ કયા વેદનું ભાષ્ય કીધું છે? કે માત્ર સ્વમુખે લાડવા ખાઇ લેવાજ સહેલ છે!

તેઓ પંડિત તુલસીરામજીને પોતાનો મિત્ર જણાવતા હતા, અને કહેતા હતા કે, " મેં જ્યારે પંડિત તુલસીરામને પૂછ્યું કે, આ સામવેદનું ભાષ્ય કરવાનું તેં વળી શું ધતિંગ મચાવ્યું છે? ત્યારે તુલસીરામજી હાથ જોડી કહેવા લાગ્યા કે, 'ગુરૂવર્ય આ લીલા તો આપ જાણોછો જ, હું વધુ શું કહું."

સામવેદનું ભાષ્ય પણ જાણે વૈષ્ણવોની રહસ્ય ભાવના અને દ્વાદશકુંજ, અથવા વામીયોનો તંત્ર ગ્રંથ હોય કે જેની લીલા પંડિત ગોવિન્દરામજી જાણતા હતા! ઉચિત તો એમ હતું કે તેની લીલા પંડિતજી જાહેર કરત. પણ " કુવામાં હોય તો હવાડામાં પણ આવે." એટલું ન કહે તો પંડિતાઇ કેમ જાહેર થાય?

ઘરની ખાનગી વાતોનાં મેંણાં.

હજી પણ કાંઇ બાકી રહી ગયું હોય તેમ તેને પુરૂં કરવા સારૂં પંડિતજી બોલ્યા કે, "પં૦ તુલસીરામના ઘરમાં ખાનગી રીતે મૂર્તિ પૂજા થાય છે." વાહરે, પંડીતજી! જબરી તોપ ફોડી! લોકોના ઘરમાં જઇ ખાનગી વાતોનો પણ ખુબ પતો કાઢી આવ્યાછો!

એટલી પણ આપની મહેરબાની જે બીજી કોઇ ખાનગી વાતને આપે જાહેરમાં ન આણી !

સનાતની પંડિતોએ આ સારો રસ્તો શોધી કાઢયો છે કે, જ્યારે તેઓ હવે સિદ્ધાંત પર આક્ષેપ નથી કરી શકતા, અને કાંઇ કરે છે તો તરતજ મોં બંધ ઉત્તર મળે છે; ત્યારે " આર્ય પંડિતોના ઘરમાં ખાનગી રીતે એમ થાય છે, અને તેમ થાય છે " એવી બનાવટી વાતો કરવા લાગી ગયા છે! કોણ જાણે હવે પછી કેવી યુક્તિઓ કામે લગાડશે.

આડે ઉતરી ગયા.

નિયોગ સમય વિરૂદ્ધ હોવા છતાં સ્વામીજીએ " સત્યાર્થ પ્રકાશ " માં કેમ લખ્યો ? એ વિષય ઉપર વિવેચના કરતાં અમે ઘણાજ આડે ઉતરી ગયા. હવે પુનઃ તેજ નિયોગના વિષયપર આવીશું.

મહાભારતમાં નિયોગતો શું પણ વ્યભિચારને પણ સનાતન ધર્મ કહ્યો છે !

નિયોગ જો માત્ર સ્વામી દયાનંદેજ લખ્યો હોય, અને અમારા સનાતની ભાઇયોના માનનીય ધાર્મિક ગ્રંથોમાં નહી હોય તો તે જુદી વાત છે, પણ તેઓના મહાભારત જેવા માનનીય અને પુજનીય ગ્રંથમાં અધ્યાયના અધ્યાય અનેક નિયોગના દાખલાઓથી ભર્યા પડયા છે !

માનવ ધર્મ શાસ્ત્ર—કે જેને મનુસ્મૃતિ પણ કહે છે તે—ના નવમા અધ્યાયમાં અનેક શ્લોકો નિયોગનું વિધાન બતાવે છે. છતાં પણ અમારા ભાઇઓ, જાણે હમણાંજ આ વાતને છેડી સ્વામી દયાનંદે તેઓનો સનાતન ધર્મ બોળ્યો હોય, તેમ કોલાહલ મચાવા મંડી જાય છે.

અમે અત્રે માત્ર મહાભારતનાજ થોડા શ્લોકો ટાંકી બતાવીશું. જેમાં નિયોગ તો શું પણ એક સાથ પાંચ પાંચ અને સાત સાત પતી કરવાને, તેમજ એકજ સ્ત્રી સાથે દશ ભાઇઓના ગમનને પણ સનાતન ધર્મ કહ્યો છે!

અમારા કટ્ટર સનાતની ભાઇઓએ નિમ્નોક્ત શ્લોકો ધ્યાનથી વાંચવા જોઇએ કે ફરી તેઓ આર્ય્ય સમાજ—કે જે નિયોગને માત્ર આપત્કાળનો ધર્મ માને છે તેના ઉપર મિથ્યા ટીકા કરવાનું સાહસ નહીં કરે.

(જુવો મહાભારત આદિ પર્વ અધ્યાય ૧૯૬) રાજા દ્રુપદ કહે છે કેઃ—

अधर्म्मोऽयंमम मतो विरुद्धो लोकवेदयोः ।
नह्येका विद्यते पत्नी बहूनाम् द्विजसत्तम ॥ ७ ॥

અર્થાત્—એક સાથ એક સ્ત્રીના અનેક પતીયોનું હોવું મારી બુદ્ધિ પ્રમાણે તો લોક અને વેદથી વિરૂદ્ધ છે, અને અધર્મ છે. કેમકે હે દ્વિજોત્તમ! ઘણા પુરૂષોની એક સ્ત્રી નથી થઇ શકતી. ॥ ૭ ॥

આ સાંભળી ધર્મરાજ સત્યવાદી રાજા યુધિષ્ટર બોલ્યા કેઃ—

युधिष्टिर उवाच.

न मे वागनृतं प्राह नाधर्म्मे धीयते मतिः ।
वर्त्तते हि मनो मेऽत्रनैषोऽधर्मः कथञ्चन ॥ १३ ॥

અર્થાત્—મારી વાણી અસત્યને કદી કહેતી નથી, તેમ મારી બુદ્ધિ અધર્મમાં પ્રવૃત થતી નથી; તેથી આ કામ (એક સ્ત્રીએ અનેક પતી કરવા)માં કોઇપણ પ્રકારનો અધર્મ નથી. ॥ ૧૩ ॥

श्रूयते हि पुराणेऽपि जटिला नाम गौतमी ।
ऋषीनध्या सितवती सप्तधर्म्म भृतांवरा ॥ १४ ॥

અર્થાત્—કેમકે પુરાણોમાં સાંભળીએ છીએ કે, જટિલા નામની ગૌતમ ઋષિની પુત્રીએ સપ્ત ઋષિયો સાથે સહવાસ કીધો અર્થાત્ એકસાથ સાત પતિ કીધા. ॥ ૧૪ ॥

तथैव मुनिजा वार्क्षी तपोभि र्भावितात्मनः ।
सङ्गताऽभूद्दशभ्रातृनेकनाम्नः प्रचेतसः ॥ १५ ॥

અર્થાત્—એવીજ રીતે મુનિજા વાર્ક્ષી નામની સ્ત્રીએ પ્રચેતસ નામના દશ તપસ્વી ભાઇઓ સાથે ગમન કીધું. ॥ ૧૫ ॥

गुरो र्हि वचनं प्राहुः धर्म्यं धर्मज्ञसत्तम ।
गुरूणाञ्चैव सर्वेषां माता परमको गुरुः ॥ १६ ॥

અર્થાત્—ધર્મજ્ઞ લોક ગુરૂના વચનને ધર્મયુક્ત કહે છે, અને બધા ગુરૂઓમાં માતારૂપ ગુરૂજ શ્રેષ્ટ છે. ॥ ૧૬ ॥

साचाप्युक्तवती वाचं भैक्ष्यवद्भुज्यतामिति ।
तस्मादेतमहं मन्ये परं धर्मं द्विजोतम् ॥ १७ ॥

અર્થાત્—તે માતા અમને કહી ચુકી છે કે, " ભિક્ષા સમાન બધાઓ આ (દ્રોપદી)ને ભોગો " તેથી હું એને પરમ ધર્મ માનુંછું. ॥ ૧૭ ॥

कुन्त्युवाच.

एवमेतद्यथा प्राह धर्मचारी युधिष्ठिरः ।
अनृतान्मे भयं तीव्रं मुच्येऽहमनृतात्कथम् ॥ १८ ॥

અર્થાત્—કુંતી બોલી કે જેવું ધર્માત્મા યુધિષ્ઠિરે કહ્યું છે તેવુંજ ઠીક છે. અસત્યથી મને ઘણોએ ભય છે. હું અસત્યથી કેમ છુટીશ ? ॥ ૧૮ ॥

व्यास उवाच.

अनृतान्मोक्ष्यसे भद्रे धर्म्मश्चैव सनातनः ।
यथा च प्राह कौन्तेय स्तथा धर्म्मो न संशय ॥२०॥

અર્થાત્—ત્યારે વેદ વ્યાસજી કહેવા લાગ્યા કે, હે કુંતી ! તું અસત્યથી છુટીશ. કારણ કે જે કાંઇ રાજા યુધિષ્ઠિરે કહ્યું છે તેજ સનાતન ધર્મ છે, એમાં કાંઇ સંશય નથી. ॥ ૨૦ ॥

પ્યારા સનાતન ધર્માભિમાનીઓ ! જોઈ લીધું કે આપના મહાભારતમાં એક સ્ત્રીને અનેક પતીઓએ ભોગવવાનું નામજ સનાતન ધર્મ છે ! ત્યારે આપ નિયોગનું ખંડન કેમ કરો છો ? મહાભારતમાં અનેક નિયોગના દાખલાઓ તો શું પણ વ્યાભિચાર કરવાને જ સનાતન ધર્મ કહેલ છે. (જુવો મહાભારત આદિપર્વ અધ્યાય ૧૨૨)

पाण्डुरुवाच.

अथत्विदं प्रवक्ष्यामि धर्म्मतत्व न्निबोधमे ।
पुराणमृषिभि र्दृष्टं धर्म्मविद्भर्महात्माभिः ॥ ३ ॥

અર્થાત્—મહારાજા પાંડુ પોતાની સ્ત્રી કુંતીને કહે છે કે, ધર્માત્મા વિદ્વાન ઋષિઓએ જે પુરાણ ધર્મને જોયો, તે સનાતન પુરાણ ધર્મને હું કહુંછું; તે ધર્મને તું મારાથી જાણી લે ॥ ૩ ॥

तस्यैव धर्म्मं पौराणं तिर्य्यग्योनिगताः प्रजाः ।
अद्याप्यनु विधीयन्ते कामक्रोधविवर्जिताः ॥ ६ ॥

અર્થાત્—તે પુરાણ ધર્મ ને કામ ક્રોધથી રહીત પશુ પક્ષી આદિ પ્રાણી અદ્યાપી પર્ય્યન્ત પાળી રહ્યા છે. ॥ ૬ ॥

प्रमाणदृष्टो धर्म्मोऽयं पूज्यते च महर्षिभिः ।
उत्तरेषु च रम्भोरु कुरुष्वद्यापि पूज्यते ॥ ७ ॥

અર્થાત્—તે પુરાણ ધર્મને પ્રમાણિક જાણી મહર્ષિ લોક તેની પૂજા (સત્કાર) કરે છે. ઉત્તર કુરૂમાં હમણાં પણ આ ધર્મ ની પૂજા થઇ રહી છે. ॥ ૭ ॥

स्त्रीणामनुग्रहकरः सहि धर्म्मः सनातनः ।
अस्मिंस्तु लोके न चिरान्मर्यादेयं शुचिस्मिते ।
स्थापितायेन यस्माच्च तन्मे विस्तरतः शृणु ॥८ ॥

અર્થાત્—સ્ત્રીઓપર મહેરબાની કરવી એક સનાતન ધર્મછે. આ લોકમાં આ મર્ય્યાદા કાંઇ ઘણા દીવસોથી સ્થાપિત નથી થઇ, પણ જે પુરૂષ અને જે કારણથી સ્થાપિત થઇ છે તે મારાથી તું વિ-સ્તાર પૂર્વક શ્રવણ કર ॥ ૮ ॥

बभूवोद्दालको नाम महर्षिरितिनः श्रुतम् ।
श्वतकेतुरितिख्यातः पुत्रस्तस्याऽभवन्मुनिः ॥ ९ ॥

અર્થાત્—ઉદ્દાલક નામે એક ઋષિ થયા. તેનો પુત્ર શ્વેતકેતુ નામક એક મુનિ થયો ॥ ૯ ॥

मर्यादेयं कृतातेन धर्म्म्या वै श्वेतकेतुना ।
कोपात् कमलपत्राक्षी यदर्थस्तन्निबोध मे ॥ १० ॥

અર્થાત્—તે શ્વેતકેતુએ કોપથી આ ધર્મ મર્યાદા સ્થાપિત કરી, તે શ્વેતકેતુને તું મારાથી સાંભળ. ॥ ૧૦ ॥

श्वेतकेतोः किलपुरा समक्षं मातरंपितुः ।

जग्राहब्राह्मणः पाणौ गच्छाव इति चाब्रवीत् ॥ ११ ॥

અર્થાત્—શ્વેતકેતુ અને શ્વેતકેતુના પિતા ઉદ્દાલકની સન્મુખ એક બ્રાહ્મણ, શ્વેતકેતુની માતાનો હાથ પકડી બોલ્યો કે, "ચાલો હું અને તું બન્ને ગમન કરીએ." ॥ ૧૧ ॥

ऋषिपुत्रस्ततः कोपं चकाराऽमर्षचोदितः ।

मातरं तां तथा दृष्ट्वा नीयमानां बलादिव ॥ १२ ॥

અર્થાત્—બળાત્કારથી માતાને લઇ જતો જોઇને શ્વેતકેતુએ ક્રોધમાં આવી કોપ કીધો. ॥ ૧૨ ॥

क्रुद्धमान्तु पिता दृष्ट्वा श्वेतकेतु मुवाचह ।

मा तात कोपंकार्षीस्त्वमेष धर्म्मः सनातनः ॥ १३ ॥

અર્થાત્—શ્વેતકેતુને ગુસ્સામાં જોઇ મહર્ષિ ઉદ્દાલકજી બોલ્યા કે હે તાત ! ક્રોધ નહીં કર. કેમકે આ સનાતન ધર્મછે. ॥૧૩॥

(આ શ્લોકમાં પતી અને પુત્રના દેખતાં સ્ત્રીની સાથે ગમેતે ગમન કરે, તેનું નામજ સનાતન ધર્મ છે! છતાં પણ અમારા નામધારી સનાતની ભાઇઓ લજીત નથી થતા ! ! !)

अनावृता हि सर्वेषां वर्णानामङ्गना भुवि ।

यथा गावः स्थितास्तात स्वे स्वे वर्णे तथा प्रजाः १४

અર્થાત્—હે પુત્ર ! જેવી રીતે ગાયો, બળદ આદિ બધા સ્વતંત્ર છે. તેવીજ રીતે પૃથ્વીપર બધા વર્ણોની સ્ત્રીઓ પણ સ્વતંત્ર

છે, અર્થાત્ કોઇના પણ બંધનમાં નથી. ॥ ૧૪ ॥

पत्या नियुक्ता या चैव पत्नी पुत्रार्थ मेवच ।
न करिष्यति तस्याश्च भविष्यति तदैवहि ॥ १९ ॥

અર્થાત્—પતીની આજ્ઞા લઇને જે સ્ત્રી નિયોગ કરી પુત્રોત્પત્તિ નહી કરશે, તે સ્ત્રીને ભ્રુણહત્યાનું પાપ લાગશે. ॥ ૧૯ ॥

सौदासेन च रम्भोरु नियुक्ता पुत्र जन्मनि ।
दमयन्ती जगामर्षि वशिष्ठमितिनः श्रुतम् ॥ २१ ॥
तस्माल्लेभे च सा पुत्र मश्मकं नाम भाविनी ॥ २२ ॥

અર્થાત્—અમે સાંભળ્યું છે કે, રાજા સૌદાસે દમયંતીનો વશિષ્ટ ઋષિ સાથે નિયોગ કરાવ્યો, અને દમયંતીએ વશિષ્ટ ઋષિ સાથે ગમન કીધું, અને વશિષ્ટ ઋષિથી દમયંતીને અશ્મક નામે પુત્ર ઉત્પન્ન થયો. ॥ ૨૨ ॥

अस्माकमपि ते जन्म विदितं कमलेक्षणे ।
कृष्णद्वैपायनाद्धीरो कुरूणां वंशवृद्धये ॥ २३ ॥

અર્થાત્—અને કુરૂ કુળની વૃદ્ધિને માટે વેદવ્યાસજીથી અમારો જન્મ થયો છે એતો તું પણ જાણે છે. ॥ ૨૩ ॥

अत एतानि सर्वाणि कारणानि समीक्ष्यवै ।
ममैतद्वचनं धर्म्यं कर्तुमर्हस्य निन्दिते ॥ २४ ॥

અર્થાત્—આ બધાં કારણોને વિચારી મારા ધર્મ યુક્ત વચનાનુસાર તું પુત્રોત્પતિ માટે નિયોગ કર ॥ ૨૪ ॥

ऋतावृतौ राजपुत्रि स्त्रिया भर्ता पतिव्रते ।
नातिवर्तव्य इत्येवं धर्म्मं धर्म विदोविदुः ॥ २५ ॥
शेषेष्वन्येषु कालेषु स्वातन्त्र्यं स्त्री किलार्हति ।
धर्म्ममेवं जनाः सन्तः पुराणं परिचक्षते ॥ २६ ॥

અર્થાત્—હે પતિવ્રતે રાજપુત્રિ ! ધર્મને જાણનારાઓ એને ધર્મ કહે છે કે, પ્રત્યેક ઋતુકાળમાં સ્ત્રી પોતાના પતીને છોડીને પર પતીની પાસે ન જાય, પરન્તુ ઋતુકાળને છોડી અન્યકાળોમાં સ્ત્રીઓ સ્વતંત્ર છે. સન્ત લોકો એને પુરાણ (સનાતન) ધર્મ કહે છે ॥ ૨૫ ॥ ૨૬ ॥

આ અન્તિમ શ્લોકમાં તો ઋતુકાળને છોડી, અન્યકાળોમાં સ્ત્રીને ગમે તેની સાથે ગમન કરવાની છુટી છે. એમ આપનું મહાભારત બતાવે છે. છતાં પણ "સત્યાર્થ પ્રકાશ" જેવા પાખંડ નાશક ગ્રંથને વ્યભિચાર વર્દ્ધક કહેતાં શરમ પણ નથી આવતી !

"સત્યાર્થ પ્રકાશ" વ્યભિચાર અને ગર્ભપાતોને અટકાવવા માટેજ નિયોગ બતાવે છે, ત્યારે આપનો અત્યન્ત માનનીય ગ્રંથ મહાભારત તો વ્યભિચારનેજ સનાતન ધર્મ સિદ્ધ કરે છે !

પદ્મ પુરાણમાં એક કન્યાના એકવીસ વિવાહ.

આપનું પદ્મ પુરાણ તો એક કન્યાના એકવીસ વિવાહ કરવાની પણ છુટી આપે છે. લંબાણુના ભયથી તે તમામ શ્લોકો અત્રે નથી લખી શકતા. જેઓને જોવાની ઇચ્છા હોય તેઓએ પદ્મપુરાણ ૨ ભૂમિખંડ અધ્યાય ૮૫ શ્લોક ૫૦ થી ૭૦ સુધીમાં જોઇ લેવું–ત્યારે સત્યાર્થ પ્રકાશમાં અમારનું નામ જોતાંજ કેમ સુતક લાગી જાય છે ?

મહાભારત, પદ્મપુરાણ અને મનુસ્મૃતિ આદિ ગ્રંથોને તો જ-વાદો, પણ આપણા આધુનિક સનાતની પંડિતો શું કહે છે ? તે તરફ તો દૃષ્ટિ નાખો !

આધુનિક સનાતની પંડિતોની નવીન ધર્માજ્ઞા.

મુરાદાબાદથી પ્રગટ થતા "સનાતન ધર્મ પતાકા" નામના માસિક પત્રમાં, તેના સમ્પાદક (ઋષિ કુમાર) પંડિત રામસ્વરૂપ શર્મા પુનર્વિવાહનું ખંડન કરતાં લખે છે કેઃ—

॥ क्या करना चाहिये ॥

" वहुतसे गृहस्थोंकी विधवा लडकियें कुसंगवश कुमार्गमें पडजाती हैं इस कारण उसके कुटुम्बियोंको निगाह नीची करनी पडती है, उस समय कलियुगी दुर्तोंकी चढ वनती है और कहते हैं कि—अगर इसका पुनर्विवाह कर देते तो ऐसा क्यों होता, ईश्वर ऐसा अवसर किसी धार्मिक गृहस्थके यहां न लावे, माता पिता और सास सुसरको चाहिये कि—विधवा बेटीको सत् उपदेश देकर धर्म प्राणा बनावें, यदि प्रबल कुसंग वश उसके कुमार्गगामिनी होनेका सन्देह हो तो उसकी इच्छानुसार किसीके यहां बैठ जाने देयँ परन्तु श्रोत्री शंकरलालकी तरह उसका विवाह नाम धर कर शास्त्रको बदनाम नाहि करना चाहिये । "

(જુવો "સનાતન ધર્મ પતાકા" વર્ષ ૮ અંક ૧૨ મો, માઘ સંવત ૧૯૬૩–જાનેવારી સને ૧૯૦૭ નો અંક પૃષ્ટ ૨૪)

કેમ સનાતની ભાઇઓ! છે કબુલ? આપનો ઋષિકુમારતો પુનર્વિવાહ શાસ્ત્ર વિરૂદ્ધ બતાવે છે, અને વિધવા છોકરી કુસંગમાં પડે તો તેને તેની ઇચ્છાનુસાર ગમે તેના ઘરમાં બેસાડી આવવાની આજ્ઞા આપે છે!

ત્યારે વેશ્યાપણા ઉપર વળી શીંગડાં ઉગતાં હશે!

ઉત્તમ તો એમ છે કે તેને બજારમાં દુકાન માંડી દઇ તેની દલાલી વિધવા વિવાહના વિરોધીઓને આપવી જોઇએ!

એક આર્ય્ય કવીએ કેવું સત્ય કહ્યું છે કેઃ—

"नियोगको तो समजें हतक आबरु ये,
(ગર્ભ) पर हमलका गिराना सनातन धर्म!"

ધન્ય છે! ઋષિકુમાર પંડિત રામ સ્વરૂપજી! ધન્ય છે!!! આપની સલાહ તો સો ટચના સોનાની! આવી યોગ્ય ધર્મ વ્યવસ્થાઓની તો આપે એક ખાસ નવીન સ્મૃતિ બનાવવી જોઇએ!

બસ, ભારત વર્ષનો બેડોજ પાર! અને સનાતન ધર્મના જય જયકાર!!! અમને એ વાતનો અત્યન્ત શોક છે કે, જ્યારે અમારા ભાઇઓ નિયોગપર એટલી બધી સખ્ત ટીકા કરતા હતા, ત્યારે તે વિષય ઉપર શાસ્ત્રાર્થ કરવાને કેમ કટિબદ્ધ નહીં થયા?

નિયોગપર શંકા હતી તો શાસ્ત્રાર્થ કેમ નહીં કીધો?

અમે તો તેઓને, અમારી તરફથી લખાયલા પત્ર નં. ૫ મામાં ફેબ્રુઆરીની ૯ મીએ, તથા પત્ર નં. ૬ ઠ્ઠામાં ફેબ્રુઆરીની ૧૨

મીએ સાફ લખ્યું હતું કે, " જો તમોને ' સ્વમન્તવ્યા મન્તવ્ય પ્રકાશ ' પર કાંઈ શંકા હોય તો તે ઉપર શાસ્ત્રાર્થ કરવાને અમે તૈયાર છીએ !" (જુવો અમારા તરફથી લખાયલો પત્ર નં. ૫ મો તથા ૬ ઠ્ઠો.)

"સ્વમન્તવ્યા મન્તવ્ય પ્રકાશ" એ સ્વામી દયાનંદે "સત્યાર્થ પ્રકાશ" ના અંતમાં લખી તેમાં આર્યોનાં બાવન મન્તવ્યો જણાવ્યાં છે. તેમાં નિયોગ ૪૭ મું મન્તવ્ય છે. જેમાં સ્વામીજીએ નિયોગને આપત્ધર્મ દર્શાવેલો છે. છતાં પણ અમારા સનાતની ભાઇઓએ અમને તે પત્રનો ઉત્તર પણ નહીં લખ્યો. જેથી એમજ સિદ્ધ થાય છે કે, તેઓ શાસ્ત્રાર્થ દ્વારા કોઇપણ વાતનો નિર્ણય કરવા નહોતા ચાહતા. માત્ર પોતાના ઘરમાંજ બેસી મોંની મીઠાઇ ખાઇલેતા હતા. શાસ્ત્રાર્થ કરવા બહાર પડેજ કેમ ? બહાર પડેતો ઘરનું ભોપાળુ ઉઘાડું પડી જાય. માટે " બાંધી મુઠીજ લાખની."

ઊંધું ન સમજી લેશો.

અમે નિયોગપર શાસ્ત્રાર્થ કરવાને તૈયાર હતા, તેથી કોઇ ભાઇએ એમ નહીં સમજી લેવું કે નિયોગને અમે પ્રચલિત સમયાનુકૂળ માનીએ છીએ. અમે આગળ પણ જણાવી આવ્યા છીએ કે, નિયોગના નિયમોનું પ્રચિલત સમયનાં વિષયાસક્ત પુરૂષ સ્ત્રીઓથી પાલન થઇ શકે તેમ નથી. આતો જ્યારે વર્ણાશ્રમ ધર્મનું યથાવત્ પાલન થાય ત્યારેજ નિયોગ—કે જે આપત્કાળનો ધર્મ છે અને જેનો અભિપ્રાય પાપોને રોકવાનો છે—તે બુદ્ધિ સમ્મત અને ઉચિત માલુમ પડયા વગર નહીં રહે.

આજ કાલ વર્ણાશ્રમના અભાવમાં લોકો વિવાહના ઉદ્દેશનેજ નથી સમજતા. તેઓના રસિક મસ્તકમાં વિવાહ વિષયાસક્તિનું એક

સાધન છે. જ્યારે તેઓ વિવાહનેજ વિષયાશક્તિનું સાધન માને છે, ત્યારે તેઓથી આશા રાખવી કે તેઓ નિયોગની ઊત્તમતાને સમજી શકે, એ અમારીજ ભૂલ છે ! પણ તે અશાસ્ત્રોક્ત છે, એમ તો કહેવાયજ નહીં. તેથીજ અમે શાસ્ત્રાર્થ દ્વારા તેને શાસ્ત્રોક્ત સિદ્ધ કરવાને તૈયાર હતા.

આર્ય્ય સમાજના સિદ્ધાંત બાવન મન્તવ્યોજ છે!

આર્ય્ય સમાજના સિદ્ધાંત "સ્વમન્તવ્યામન્તવ્ય પ્રકાશ" માં જણાવેલાં બાવન મંતવ્યો છે. તેના ઉપર તો અમારા સનાતની ભાઇઓ આક્ષેપ કરીજ નથી શકતા! જેથી તેઓ વારંવાર સ્વામી દયાનંદ અને તેઓના લેખોપરજ આક્ષેપ કરે છે. સ્વામી દયાનંદે "સત્યાર્થ પ્રકાશ"ના ઉપસંહારમાં બાવન મન્તવ્યો એટલા માટેજ લખ્યાં છે કે, વૈદિક સિદ્ધાંત અન્ય પંથોની સદ્રશ કોઇ મનુષ્યની પૂજાનો પંથ ન બની જાય. તેથીજ તેઓએ પોતાના સમ્પૂર્ણ લેખોનું ઉક્ત બાવન મંતવ્યો દ્વારા સંશોધન કરી દીધું છે. તે છતાં પણ સનાતની પંડિતોના, સ્વામીજી તથા તેઓના લેખોપરના આક્ષેપો તદન અયુક્ત અને અસત્ય હોવાથી, લોકોના મન ઉપર આર્ય્ય સમાજની વિરૂદ્ધ ખોટી અસર ન પડે તેથીજ ઉત્તરમાં અમને કાંઇ લખવું પડયું છે.

આ પુસ્તક લખવાનું કારણ.

યદપિ કટ્ટર સનાતની પંડિતોના આક્ષેપોના ઉત્તર શ્રીમાન્ પંડિત તુલસીરામ સ્વામી સામવેદ ભાષ્યકાર, તથા શ્રીમાન્ પંડિત આર્ય્ય મુનીજી—પ્રોફેસર સંસ્કૃત ફિલૉસોફી દયાનંદ એંગ્લોવૈદિક કાલેજ લાહોર—તરફથી અત્યન્ત વિદ્વત્તા અને શાસ્ત્રીય પ્રમાણોથી અપાઇ ગયા છે. તેમજ વળી અનેક આર્ય્ય સમાજો

તથા આર્ય્ય પુરૂષો તરફથી ન્હાનાં, ન્હાનાં ટ્રેકટોદ્વારા પણ તેઓની અનેક શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું છે. તથાપિ તેઓ તો ફરી ફરીને તેના તેજ આક્ષેપો કરતા આવે છે. જેથી શ્રીમાન્ પંડિત ગોવિન્દરામજી બરેલી નિવાસીયે જે આક્ષેપો પોતાના નગર-કહ્રાનાં વ્યાખ્યાનોમાં આર્ય્ય સમાજપર કીધા છે, તેના ઉત્તરમાંજ આ નાનકડું પુસ્તક લખવું પડયું છે.

મનુસ્મૃતિનો શ્લોક હોવા છતાં, આર્ય્ય સમાજ સાથે કેમ લડો છો ?

પંડિતજીનો વિધવાના નિયોગ ઉપરાન્ત બીજો આક્ષેપ એ હતો કે, "સ્વામીદયાનંદે, 'પતિ પરદેશ જાય તો સ્ત્રીએ બીજાની સાથે નિયોગ કરી લેવો' એમ લખ્યું છે." પરન્તુ અમને અત્યન્ત શોકથી લખવું પડે છે કે, શ્રીમાન્ પંહિત ગોવિંદરામજીએ સત્યાર્થ પ્રકાશ વાંચતી વેળા-એ આંખે પાટા બાંધી દીધેલા હોવા જોઇએ. નહીંતો તેઓ સ્પષ્ટ જોઇ શકત કે તે શ્લોક દયાનંદે પોતે નથી બનાવ્યો, પણ તેઓની માનનીય મનુસ્મૃતિનાજ ૯ મા અધ્યાયનો (૭૬ તથા ૮૧ મો) શ્લોક છે. કૃપા કરી આંખો ખોલી મનુસ્મૃતિમાં જોવું !

ઋષિ દયાનંદ તો મનુસ્મૃતિ આદિ ગ્રંથોને માત્ર વેદાનુકૂળ હોવાથી સાક્ષીવત્ પ્રમાણ, અને વેદ વિરૂદ્ધ અપ્રમાણ માને છે, પણ આપને તો અક્ષર પ્રત્યક્ષર માન્ય છે. ત્યારે આપ એમાં વાંધો કેમ ઉઠાવોછો ? આ વાત નિયોગ સાથે સંબંધ રાખતી હોવાથી તેનો ખુલાસો આગળ થઇ ગયો છે. માટે અહીંયાં વિશેષ લખવાની અમે કાંઇ આવશ્યક્તા નથી જોતા. પણ અમારા ભાઇયોને જરા વિચારવું જોઇયે કે બીજાના ઉપર એકદમ આંખો મીંચી આક્ષેપો કર્યા પ-

હેશમાં પોતાના ધાર્મિક ગ્રંથોનું અવલોકન કરવું વિશેષ લાભકારક છે.

મહાભારતમાં સ્પષ્ટ જણાવે છે કે, પાંડુરાજાની પત્ની કુંતી અને માદ્રીએ પોતાના પતિના જીવતાંજ તેની આજ્ઞાથી નિયોગ કરી પાંચ પાંડવોને ઉત્પન્ન કીધા હતા. એવાં જો દ્રષ્ટાંતો લખવા બેસીએ તો હજારો દ્રષ્ટાંતો મળી આવે, પણ તે પ્રચલિત સમયથી વિરૂદ્ધ હોવાનું તો અમે આગળ બેવાર જણાવી આવ્યા છીએ.

સત્યાર્થ પ્રકાશની પ્રથમાવૃત્તિ વિષે ખુલાસો.

પંડિત ગોવિન્દરામજીએ "સત્યાર્થ પ્રકાશ" ની પ્રથમાવૃત્તિ ઉપર જે જે આક્ષેપો કીધા હતા તેનો ઉત્તર લખવો વૃથા છે. કારણ કે તેમાં લખવા અને શોધવા વાળાઓની ભુલોથી ઘણીજ અશુદ્ધિઓ રહી ગઇ હતી. તેની સ્વામીજીને ખબર પડતાંજ તેઓએ એકદમ તેનું વેચાણ બંધકરી, અને બાકી રહેલી કોપીઓને બાળી દીધી હતી, અને તે વિષે યજુર્વેદના ભાષ્યમાં નોટીસ દઇ દીધી હતી. તે નોટીસની નકલ અમે નીચે આપીયે છીએ.

विज्ञापन ।

सबको विदित हो कि जो २ बातें वेदोंकी और उनके अनुकूल हैं उनको मैं मानता हुं, विरुद्ध बातोंको नही. इससे जो २ मेरे बनाये सत्यार्थ प्रकाश व संस्कार विधि आदि ग्रन्थोंमें गृह्य सूत्र और मनुस्मृति आदि पुस्तकों के वचन बहुतसे लिखे हैं, वे उन २ ग्रन्थों के मतों को जताने के लिये लिखे हैं। उनमें से वेदार्थ के अनुकूलका साक्षी-

वत प्रमाण और विरुद्धको अप्रमाण मानता हूं। जो २ बात वेदार्थ से निकलती हैं उन सबको प्रमाण करता हूं क्योंकि वेद इश्वर वाक्य होनेसे सर्वथा मुजको मान्य है और जो २ बृह्मासे लेकर जैमिनि मुनि पर्य्यन्त महात्माओं के बनाये वेदानुकूल ग्रंथ है, उनको भी मैं साक्षी के समान मानता हूं और जो सत्यार्थ प्रकाश के ४२ पृष्ट और २५ पंक्तिमें " पितर आदिकों मेंसे जो कोई जिता हो उसका तर्पण न करै और जितने मर गये है उनकातो अवश्य करे" तथा पृष्ठ ४७ पंक्ति २१ " मरे हुवे पितरोका तर्पण और श्राद्ध करता है" इत्यादि तर्पण और श्राद्ध के विषयमें जो छापा गया है सो लिखने और शोधनेवालोंकी भुलसे छप गया है। उसके स्थानमें ऐसा समजना चाहिये कि जीवितोकी श्राद्धसे सेवा करके नित्य तृप्त करते रहना यह पुत्रादिका परम धर्म है और जो २ मर गये हो उनका नहीं करना क्योंकि नतो कोई मनुष्य मरे हुवे जीव के पास किसी पदार्थको पहूंचा सक्ता है और न मरा हुआ जीव पुत्रादिके दिये पदार्थोंको ग्रहण करसक्ता है। इससे यह सिद्ध हूवा कि जीते माता पिता आदिकी प्रीतिसे सेवा करनेका नाम तर्पण और श्राद्ध है अन्य नहीं। इस वि-

षयमें वेद मंत्रादिका प्रमाण भूमिका के ११ अङ्क के पृष्ठ २८१ से लेकर १२ अङ्क के पृष्ठ २६७ तक छपा है, वहां देख लेना ।

બ્રાહ્મણોએ શું નથી કીધું?

અમે અમારા વાચકોનું, વિજ્ઞાપનના જે શબ્દોની નીચે અમે લીટી કરી દીધી છે તે ઉપર ખાસ ધ્યાન ખેંચીએ છીએ! ઉક્ત વિજ્ઞાપનથી સિદ્ધ થાય છે જે, સ્વામીજી વેદવિરૂદ્ધ કોઇપણ વાતને નહોતા માનતા. અને સત્યાર્થપ્રકાશની પ્રથમાવૃતિમાં જે ભુલો થઇ હતી, તે લખવા અને શોધવા વાળાઓની ગફલતથીજ થઇ હતી. સ્વામીજી પોતે તે સમય હિંદીભાષા સ્પષ્ટ નહોતા જાણતા. કારણ કે તેઓની જન્મ ભૂમિની ભાષા ગુજરાતી હોવાથી, તેમજ તેઓનું પઠન પાઠન તથા વ્યાખ્યાન વગેરે સંસ્કૃતમાંજ થતું હોવાથી તેઓ સંસ્કૃતમાં કહેતા હતા, અને લખનારા પંડિતો તેનું અનુવાદ કરી હિંદીમાં લખતા હતા.

તે પંડિતોએ કદાચિત જાણીજોઇ અશુદ્ધિઓ રાખી હોય તોપણ થઇશકે તેમ છે. કારણ કે તે દિવસોમાં સ્વામીજીની પાસે અગ્રગણ્ય પંડિત ભીમસેનજી હતા. જેઓ હમણાં—આર્ય્યસમાજે કાઢી મૂકયાથી—કટ્ટર સનાતની થયા છે. અને પોતાના પરમપૂજ્ય ગુરૂ સ્વામી દયાનંદ—કે જેઓના શિષ્ય હોવાનું તેઓ અભિમાન ધરાવતા હતા તેઓને ગાળોદઇ, પોતાની કૃતઘ્નતા, નિમકહરામી તથા ગુરૂ દ્રોહીપણાનો પરિચય આપી રહ્યાં છે. તે અથવા તેવાજ બીજા કોઈ પેટાર્થી પંડિતે પોતાના લેટર બોકસની વિરૂદ્ધનાં લખાણો જોઇ તે રદ કરવાસારૂં અથવા સ્વામીજીને લોકોમાં હલકા પાડવાના વિચારથી

કંઈ ગડબડાધ્યાય કર્યો હોય, તો તે શું અસંભવિત છે ?

પાપી પેટનેખાતર સ્વાર્થી બ્રાહ્મણોએ શું નથી કીધું ? અનેક મત મતાંતરોના પ્રપંચ કોણે ચલાવ્યા ? સંસ્કૃતભાષા ભણવાથી સર્વ સાધારણને કોણે રોકયા ? મુસલમાનો સાથે લડવા સમય કોણે મૂહર્ત, અને પ્રારબ્ધની સાંકળમાં ક્ષત્રી નરેશોને બાંધી રાખ્યા હતા ? રાજા લોકોથી યુદ્ધ છોડાવી કોણે ઘંટા વગડાવ્યા ? કળિયુગ કળિયુગ કરી કોણે દેશની ઉન્નતિને રસાતળમાં પહોચાડી ? કોણે અમોને મહા પ્રસાદોના સ્વાદો ચખાડી બકરી જેવા બનાવી દીધા ? કોણે વૈકુંઠ અને ગૌલોકાદિ પરલોકના લોભ બતાવી, આલોકમાં અમારાં ધન માલ લુંટી લીધાં ? કોણે છુતછાત અને ચુલા ચૌકાનું ધતિંગ મચાવી અમારો ચૌકો કરી દીધો, અને અમને ચુલ્લામાં નાંખી દીધા ? કોણે અમને યંત્ર, મંત્ર અને જ્યોતિષના ઝઘડાઓમાં મૂર્ખ, વહેમી અને અસભ્ય બનાવી દીધા ? કોણે બાળવિવાહનો પ્રચાર કરી, પુનર્લગ્નને રોકી, ભારતવર્ષમાં સાઠ લાખ વિધવાઓ અમારી વજ્રમય કઠોર છાતીપર બેસાડી દીધી ? કોણે સમુદ્ર યાત્રાથી અમને વંચિત કરી, સભ્ય સમાજમાં અમારૂં મોં કાળું કરાવ્યું ? અને અહા ! કયા ધુર્ત, પ્રપંચીઓ અદ્યાપી પર્યન્ત આ પ્રકાશના સમયમાં પોતાના સ્વાર્થ સાધવાના લોભથી અમને અંધકાર તરફ ખેંચી રહ્યા છે.

બસ એજ કતિપય દુરાગ્રહી બ્રાહ્મણો છે ! જેઓ ધર્મનો ધોખો દઇ હિંદુ જાતિનું (પરલોકનો ભય બતાવી) સર્વ નાશ કરવા ચહાય છે !!!

ઋષિ દયાનંદે જ્યારે પહેલવહેલાં સંસ્કૃતમાં ભાષણો આપવાં શરૂ કીધાં ત્યારે તેઓ એમજ સમજતા હતા કે, પંડિત લોકો મારૂં

સાંભળી, લોકોમાં જઇ પ્રચાર કરશે. પરન્તુ સ્વામીજીને જ્યારે પાછળથી લોકોએ જણાવ્યું કે, "આપનાં વ્યાખ્યાનોની તો ઉલટી અસર થાયછે. આપ સંસ્કૃતમાં શ્રાદ્ધ મૂર્તિ વગેરેનું ખંડન કરોછો; પણ બ્રાહ્મણ લોકો ગામમાં જઇ ફેલાવેછે કે, 'આ સન્યાસી કહેછે કે, ખુબ બ્રાહ્મણોને ભોજન કરાવો અને ઠાકુરજીનાં દર્શનો કરો.' માટે જો આપ હિંદીમાં વ્યાખ્યાન આપો તો લોકોને ઘણોજ લાભ થશે." તત્પશ્ચાત સ્વામીજીએ ભાષામાં વ્યાખ્યાનો આપવાં શરૂ કીધાં હતાં.

સ્વામી દયાનંદને આર્યસમાજ વૈદિક માર્ગ દર્શક માને છે!

જ્યારે અમારા ભૂદેવો એક સાંભળી બીજુ ફેલાવતા, અને મહાન અત્યાચારો કરતા પણ પરમાત્માનો ડર નહોતા રાખતા, ત્યારે તેઓનાજ અંશો કાગળ કલમ હાથમાં હોવાથી જાણીજોઈ ઉલટું લખે તો થઇ શકે તેમ છે. તથાપિ જો અમારા ભાઇઓની એજ હઠ હોય કે તે સ્વામીજીની ભૂલ હતી, તો તેમાં પણ આર્ય્ય ધર્મને કંઇ હાની નથી.

આર્ય્યસમાજીઓ સ્વામીજીને કંઇ ઇશ્વરાવતાર નથી માનતા કે તેમનાથી ભૂલ થાયજ નહિ. આર્ય્યસમાજ સ્વામીજીની આગલી વાતોને શું કરશે ? સ્વામીજી નાનપણમાં પિતાને ઘેર મૂર્તિપૂજક હતા, પશ્ચાત્ નવીન વેદાંતી થયા હતા, અને કેટલાક દીવસ શૈવપણ રહ્યા હતા. પણ પાછળથી તેઓને વેદ પ્રાપ્ત થવાથી તેઓએ સત્ય વૈદિક ધર્મની રોશની જગતને દર્શાવી હતી. આર્ય્યસમાજ દયાનંદ માર્ગપર નહિ પણ વેદમાર્ગપર આરૂઢ છે! દયાનંદને આર્ય્યસમાજ એક મહા પુરૂષ અને વૈદિક માર્ગદર્શક માને છે.

"નમસ્તે" નો અર્થ "તારો સત્કાર કરૂંછું." થાય છે!

આર્ય્યસમાજીઓ પરસ્પર નમસ્તે કરેછે, તે પણ જાણે કોઇ મહાન દોષ હોય, એમ અમારા ભાઇઓ સમજે છે. ઘણાક બુદ્ધિમાનો તો નમસ્તેનો અર્થ ન–મસ્તે એટલે "માથુંજ નથી" એમ કરેછે, તો કેટલાકો નમસ્–તે અર્થાત્ "તારા પ્રત્યે નમુંછું" એમ કહી આર્ય્યોપર કટાક્ષ કરવા મંડી જાયછે કે, "આર્યસમાજીઓ મોટાને નમસ્તે કહે તે તો ઠીક પણ પિતા પુત્રને અને પુરૂષ સ્ત્રીને પણ નમસ્તે કહે એ અયુક્ત છે."

અમે કહીએ છીએ કે તે સાહેબો પણ નમસ્તેનો બરાબર અર્થ નથી સમજતા. નમઃ શબ્દનો અર્થ એ નથી કે તેના પગ આગળ જઇ માથું ટેકવું. પણ નમઃનો અર્થ સત્કાર થાય છે. નમસ્તેનો અર્થ એ થાય છે કે "તારો સત્કાર કરૂંછું." (જુઓ યજુર્વેદ અધ્યાય ૧૬ મંત્ર ૩૨)

नमो ज्येष्ठाय च कनिष्ठाय च नमः पूर्वजाय चापरजाय च नमो मध्यमाय चापगल्भायच नमो जघन्याय च बुध्न्यायच ॥

પદાર્થઃ—હે મનુષ્યો તમે (**ज्येष्ठाय**) મોટા અથવા અત્યન્ત વૃદ્ધો (**च**) અને (**कनिष्ठाय**) નાના અથવા અતિ બાળકોનો (**नमः**) સત્કાર (**च**) તથા (**पूर्वजाय**) વડીલભાઇ વા બ્રાહ્મણ (**च**) અને (**अपरजाय**) નાના ભાઇ વા નીચનો (**च**) પણ (**नमः**) સત્કાર (**मध्यमाय**) બન્ધુ, ક્ષત્રી વા વૈશ્ય (**च**) અને (**अपगल्भाय**) સરળ સ્વભાવવાળા (**च**) એ બધાઓનો (**नमः**) સત્કાર (**च**) અને (**जघन्याय**) નીચ કર્મ કર્તા શુદ્ર

વા મલેચ્છ (**च**) તથા (**कुल्याय**) વિદ્વાન વા દાતા પુરૂષનો (**नमः**) સત્કાર કરો ॥ ૩૨ ॥

જો નમઃ નો અર્થ પગે પડવું, અથવા માથું ટેકવુંજ થતું હોય, તો શું વેદ ભગવાન નાના, મોટા, વિદ્વાન, મૂર્ખ, મલેચ્છ, શુદ્ર વગેરે બધાઓને પગે પડવાની આજ્ઞા આપે છે? પણ નહિ. નમઃ નો અર્થ સત્કાર થાય છે ન કે પગે પડવું. વેદ આજ્ઞા આપેછે કે સર્વનો સત્કાર કરો!

મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયના ૫૬ મા શ્લોકમાં લખ્યુંછે કેઃ—

यत्र नार्यस्तु पुज्यन्ते रमन्ते तत्र देवताः

પુજાનો અર્થ પણ સત્કાર.

અર્થાત્ જે કુળમાં સ્ત્રીઓનું પુજન થાય છે તે કુળમાં દેવતા રમે છે. તો શું મનુ મહારાજ સ્ત્રીઓની આગળ આરતિ ઉતારવાનું લખે છે? નહિ, નહિ! પુજા એટલે સત્કાર. જે કુળમાં સ્ત્રીઓનો સત્કાર થાયછે તે કુળમાં દેવતા રમે છે. અર્થાત દેવ સંતાના પુરૂષો પ્રગટ થાય છે. ”

અર્થોનો અનર્થ કરવાથી થયલી અધોગતિ.

મિત્રવર્ય! નમસ્તે—અર્થાત્ તારો સત્કાર કરૂંછું. રાજાની નમસ્તે પ્રજાને પ્રતિપાળનાર્થ છે, તેવીજ રીતે મોટાની નમસ્તે નાનાને આશીર્વાદાત્મક છે. શબ્દોના અર્થનું ખરૂં તાત્પર્ય ન સમજવાથી આટલી અધોગતીએ તો પહોંચ્યા! હજીપણ તેજ પુછડાને પકડી રહ્યા છીએ. વેદમાં તો મનુષ્યોથી લઇને પશુ, પક્ષી અને વૃક્ષાદિ સુધાંને નમઃ શબ્દથી પુજવામાં આવ્યા છે. ત્યારે શું બધાને જઇ પગે લાગવું? પણ એમ સમજવું એ આપણી ભૂલ છે. વૃક્ષોનો સત્કાર તેને જલાદિ

સીંચન કરવું તે છે. તેમજ પશુ પક્ષીયોનો દાણા ચારાથી સત્કાર
થાય છે. નહિ કે તેની આગળ માથું ટેકવાથી.

નમઃ અને પૂજાનો અર્થ ન સમજવાથી આજ આપણે દ-
રીયાનું પુજન તેમાં ચોખા, પૂષ્પ નાંખવાથી, અને ગંગાદિ નદીઓ
આગળ આર્તિ ઉતારવાથી કરી રહ્યા છીએ. પણ પૂજાનો ખરો
અર્થ સમજનારા યુરોપ ન શો તેના ઉપર મોટાં મોટાં જંગી
વહાણો અને મનવારો ચલાવી ભૂમિના શહેનશાહો થઇ બેઠા છે.

અશ્વ અને અસ્ત્ર શસ્ત્રોનું પૂજન જ્યારે આપણા ક્ષત્રી નરેશો,
માત્ર દશેરાને દીવસે તેનાપર પુષ્પ ચડાવવા અને ટીલાં ટપકાં કર-
વામાં સમજી પરાધિન થઇ રહ્યા છે. ત્યારે તેના ખરા પૂજનનું
તાત્પર્ય સમજનારી આપણી પ્રતાપવંતી બ્રિટિશ ગવરન્મેન્ટ લાખો-
નાં સૈન્યો ઉભાં કરી પૃથ્વીના ચતુર્થ ભાગનું રાજ્ય ભોગવી રહી છે.

પુજાનો ખરો અર્થ ન સમજવાથી તો આજે આપણા અનેક
વેપારીયો પાસે ધર્માદા લાખો રૂપ્યા જમે હોવા છતાં, છડે ચોક
ગૌવધ થઈ રહ્યો છે. છતાં પણ ગૌરક્ષાર્થ કાંઇ આપતાં પેટમાં
દુઃખે છે. વેશ્યાઓ ભલે હજારો લઇ જાય!

મહાશયો ? ગૌનું પૂજન એ નથી કે, તેનું પૂછડું લઇ મોંઢા
ઉપર ફેરવવું! અથવા તેની આગળ જઇ માથું ટેકવું! પણ ખરી
ગૌભક્તિ તો તેજ છે કે તેઓના ઉપર ફરતી તરવારનો અટકાવ
કરવા યોગ્ય ઉપાયો કામે લગાડવા.

સ્વામી દયાનંદ ગૌરક્ષક હતા.

અમને અત્યંત શોકથી લખવું પડે છે કે, તેઓ પોતે ગૌરક્ષા
અથવા ગૌપૂજાનો વાસ્તવિક અર્થ ન સમજતાં,
સ્વામી દયાનંદપર ખોટું કલંક લગાડતાં કહે
છે કે, "સ્વામી દયાનંદે લખ્યું છે કે, ગાય
જ્યારે બુઢી થાય ત્યારે તેને કાપી ખાઇ જવી."

અફસોસ ! ધિક્કાર છે ! તે દુષ્ટોની બુદ્ધિ ઉપર ! કે જેઓ એવી રીતે મિથ્યા બકવાદ કરે છે ! સ્વામી દયાનંદ તો ઉલટું તે પ્રશ્નનો ઉત્તર આપતાં, તેઓ કૃત "ગૌ કરૂણાનિધી" નામના પુસ્તકના ૧૦ મા પાનામાં લખે છે કેઃ—

"जैसे दोष उपकार करनेवाले माता पितादिके वृद्धावस्थामें मारने और उनके मांस खानेमे हैं वैसे उन पशुओंकी सेवा न कर मारके मांस खानेमें है। और जो मरे पश्चात उनका मांस खावे तो उसका स्वभाव मांसाहारी होनेसे अवस्य हिंसक होके हिंसारूपी पापसे कभी न बच सकेगा इस लिये किसी अवस्थामें मांस न खाना चाहिये.

ભારત વર્ષમાં જો કોઇએ પણ પ્રથમ ગોરક્ષણી સભાઓ સ્થાપન કરી ગાયોના પોષણનો ઉપાય કીધો હોય, તો તે મહર્ષિ દયાનંદજ હતા.

મહાત્મા ગૌતમ બુદ્ધ પશ્ચાતના ત્રણ હજાર વર્ષોમાં જો કોઇએ પણ યજ્ઞમાં પશુ હિંસાથી વિરૂદ્ધ જઇ **अहिंसा परमो धर्मः** નો સિદ્ધાંત પ્રવર્તાવ્યો હોય, તો તે ઋષિ દયાનંદજ હતા !

અહા ! એવા એક મહાત્માને ગૌભક્ષણની આજ્ઞા આપનાર કહેનારાઓ દુષ્ટતા નહીં તો બીજું શું કરે છે ?

તેઓએ તો ખાલી હાથે સન્યાસાશ્રમમાં લાખો મનુષ્યોની સહીઓથી ગૌવધ અટકાવવા માટે નામદાર વાઇસરાયને અરજી પણ

કીધી હતી. ત્યારે આપ અને આપના લક્ષાધિ પતિઓએ શું કીધું છે? કે માત્ર મહાત્માઓની નિંદા કરતાંજ આવડે છે?

ટાઢ જાય રૂવે અને આદત જાય મુવે!

પણ કહેવત છે કે "સ્વભાવનું ઓસડ નથી." તેમ અમારા ભાઇઓનો પણ મહા પુરૂષોપર કલંક લગાડવાનો સ્વભાવ થઈ રહ્યો છે. શ્રી કૃષ્ણમહારાજ-જેને આર્ય્ય સમાજ એક મહા પુરૂષ માને છે, અને હિંદુઓ જેને ઇશ્વરાવતાર માની નિત્યપ્રતિ તેમના ગુણગાન કરે છે, તે ગુણગાનનો કૃપા કરી જરા નમુનો તો જુઓ:

गोपाल कामिनी जार श्चोरजार शिखामणिः ।

અર્થાત્—ગોપોની સ્ત્રીઓનો યાર અને ચોરો તથા વ્યભિચારીઓનો શિરોમણી અર્થાત્ સરદાર! (ગોપાલ સહસ્રનામ શતક ૧૦ શ્લોક ૧૩૬)

ધન્ય છે, મહાશયો! આપની સ્તુતીઓની સભ્યતાને!

એવી રીતે લખવા બેસીએ તો અમારા ભાઇઓની બુદ્ધિમતાના હજારો નમુના મળી આવે. જ્યારે તેઓ શ્રીકૃષ્ણ મહારાજને વ્યભિચારી કહેતાં તો શું-પણ અહા! શી અધમતા!!! મહર્ષિ બ્રહ્માને પુત્રીપર મોહિત થયલા કહેતા પણ લજીત નથી થતા, ત્યારે તેઓ જો સ્વામી દયાનંદપર કાંઇ કલંક લગાડવા કોશેશ કરે, તો શુ કાંઈ આશ્ચર્ય છે? પણ યાદ રાખવું કે જ્યાં સુધી તે મહર્ષિનો સ્મર્ણ સ્તંભ આર્ય્ય સમાજ હયાત છે, ત્યાં સુધી તેઓ કદી પણ પોતાની યુક્તિઓમાં ફાવનાર નથી.

નમસ્તેના આક્ષેપનો ઉત્તર લખતાં, સ્વામીજીના ગૌરક્ષાના વિષયમાં ઉતરી પડયા, હવે પુનઃ તેજ વિષયપર આવીશું. નમઃ શબ્દનો અર્થ સત્કાર થાય છે તે તો અમે આગળ જણાવી આવ્યા. પણ કદાચિત કોઇ એમ કહે કે, જ્યારે આપણા આટલા—જય શ્રીકૃષ્ણ, જય શ્રીવલ્લભ, જય ગોપાળ, રામરામ આદિ પરસ્પર મળવા સમયના શબ્દો છે, ત્યારે નવીન નમસ્તે શબ્દ કહેવાની શી આવશ્યકતા? પણ તેઓ સાહેબો પણ જો દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરે તો તરતજ જણાઇ આવે કે, ઉક્ત શબ્દો આધુનિક અને નમસ્તેજ સનાતન છે.

જય ગોપાળ આદિ શબ્દોથી નમસ્તેજ ઉત્તમ તેમ સનાતન છે!

જય શ્રીવલ્લભ એ શબ્દ વલ્લભાચાર્યના સમયથી અથવા ચારસો વરસથી પ્રચલિત થયો. અને જય શ્રીકૃષ્ણ, જય ગોપાળ આદિ શબ્દો જો કૃષ્ણનાજ સમયથી માની લઇયે તો દ્વાપરના અંતથી શરૂ થયા. પરમાત્મા ન કરે, કોઇને ઘેર રામ બોલો ભાઇ રામ બોલાય! પણ કદાચિત રામરામ પણ સત્કાર સુચક શબ્દ માની લઇયે તો તે ત્રેતાથી અથવા રામચંદ્રના સમયથી પ્રચલિત થયો. ત્યારે શા માટે તે શબ્દનો પ્રયોગ ન કરીએ કે જે ખુદ શ્રી રામચંદ્રજી અને સીતાજી પરસ્પર બોલતા હતા. (જુઓ ઉતર રામ ચરિત્ર.)

देविनमस्ते ! ऋषे नमस्ते ! रघुकुलदेवते नमस्ते !

મિત્રવર્ય! જો પક્ષપાતનો ત્યાગ કરી વિચાર કરો, તો વેદમાં તો શું પણ આપના અનેક ઇતીહાસ પુરાણોમાં પણ નમસ્તે શબ્દ-

નોજ સત્કાર સમય પ્રયોગ થયલો છે. તેમજ વળી પરસ્પર મુલાકાત કરવા સમયતો સત્કાર ઘોતક શબ્દથીંજ ઉપચાર થવો જોઇયે. જય ગોપાળ, રામરામ આદિ શબ્દોથી તો સત્કાર સૂચક ભાવાર્થ નીકળતોજ નથી.

કદાચિત સલામ કહીયે તો તેપણ તેરસો વરસ થયાં મહમદ પેગમ્બરના સમયથી બોલવામાં આવે છે. તેમજ વળી તે મહોમેદન શબ્દ હોવાથી અમારા હિંદુઓને તો માન્યજ નથી. તેથી સિદ્ધ થાય છે કે સત્કાર સૂચક કોઇપણ શબ્દ હોય તો તેજ નમસ્તેજ છે.

નમવુંજ મહાત્માઓનું ભુષણુ છે.

તે છતાંપણ અમારા ભાઇઓ નમસ્તેનો અર્થ નમવુંજ સમજતા હોય તોપણ કંઇ હાનિ નથી. કહ્યું છે કે **"नमे सो उंचा होय."** વિવેકી જનો તો નમવામાંજ પોતાની મોટાઇ સમજે છે.

" सम्पत को स्वाद शीश सबते नवाइए "

અમારા વિચાર પ્રમાણે તો **" शुष्क काष्टंच मूर्खश्च न नमन्ति कदाचन "**

આર્થત્—સુકી લાકડી અને મૂર્ખ કદીપણ નથી નમતા. બાકી વિદ્વજ્જનો તો નમવુંજ પોતાનું ભુષણ સમજે છે. કેમકે નમ્રતા જેવો બીજો એકે સદ્‌ગુણ નથી.

છતાં પણ જો દુરાગ્રહજ હોય તો જોઇલ્યો તમારૂં શ્રીમદ્‌ભાગવત.

प्रणमेदण्डवद्‌भूमावश्व चाण्डाल गोखरम्

ભાગવતની અયુક્ત આજ્ઞા.

આશ્લોકમાં તો ચંડાળ અને ગધેડા સુધાંને પણ દંડવત કરવા કહેલું છે—એટલે જો વખતે

કીચડ હોય તોપણ ભોંયઉપર લાંબા થઇ સુઇજવાનું કહ્યું છે ! તેનું કેમ કરવું ? માટે દુરાગ્રહ તજી સત્યનુંજ ગ્રહણ કરવું જોઇએ.

બ્રાહ્મણોને પગે લગાડયા વગર ચેનજ નથી પડતું

પણ અમારા ભૂદેવોએ પગે લગાડયાનો સ્વાદ ચાખેલો હોવાથી તેઓને નમસ્તેનો ઉત્તર નમસ્તેમાંજ આપવો કેમ ગમે ? ભૂદેવોને તો જ્યારે પગે લાગીએ ત્યારેજ તેઓને આનંદ થાય. અને લટકતાં મટકતાં ઉત્તર આપેકે, "ભાગ્યવાન સુખી રહો." અથવા "યજમાન ચિરંજીવ."

જાણે શુક્રાચાર્ય થઇ બેઠા હોય અથવા મૃત સંજીવિની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હોય તેમ જીભના વાકયથી ચિરંજીવ કરી દે છે. અથવા સુખ એવી તુચ્છ વસ્તુ છે જે માત્ર પગે લાગતાંજ નિરક્ષર ભટજીએ આપી દીધું ! પછી ગમે તો પંડિતજીના કુટંબનો સમુળગો નાશ થઇ ગયો હોય ! અને ખાવાને એક સુકી બદામ પણ ન હોય ! તોપણ પગે લાગતાંજ ચિરંજીવ અને સુખ તો વહેંચ્યાજ કરશે. જાણે કોઇ અમૃત કુપ પ્રાપ્ત થઇ ગયો હોય અથવા સુખની જાગીર મળી ગઇ હોય તેમ આખો દહાડો અમરતા અને સુખ તો ફેંકતાજ જશે, પણ ગપોડપંચોને પુછો તો ખરા કે ભાઇ ! જે અમરતને માટે યોગીઓ મહાન દુઃખોને સહન કરતા, તપ કરતાંજ જન્મ વિતાડે છે તે અમરતાસૂચક ચિરંજીવ વાક્ય આખો દીવસ બકતાં લજ્યા પણ નથી આવતી ? સવારે આપ જેને ચિરંજીવ કહો તે સાંજે સ્વર્ગ ધામે પહોંચી જાય ! ત્યારે એ આશિર્વાદનો ઉપયોગ શું ?

પણ તેઓને લજ્યા આવેજ કેમ ! તેઓને તો ગમે તેમ ભોળા યજમાનોને ખુશ કરી ટકાજ પ્રાપ્ત કરવા છે. જો ચાર પૈસા પણ મળવાની આશા હોય તો પંડિતજી ટેલ ચાકરી કરવાને પણ તૈયાર થાય "लारी बांदी पैसा नर, पीर बवर्ची भिस्ती खर." પણ પગે લાગતાં તો તેજ ચિરંજીવ આદિ વાકયો પોતાના (ઉંટમુખ) શ્રીમુખથી ફેંકયાજ કરશે, જે મહાન યોગીરાજાના મુખથી નીકળતાં હોય તોપણ દુર્લભ છે. અફસોસ એ મનિ પર ! !

એ પૈસા આપી ગમે તે કામ કરાવી લો !

પંડિત ગોવિન્દરામજી તો આર્ય્યસમાજને એ વાતથી પણ વગોવતા હતા કે, " તે હિંદુ શબ્દનો અર્થ કાલો તથા કાફર કરે છે. " તેઓ શ્રી વળી પોતાની અગાધ વિદ્વતાનો પરિચય દેતાં એમ પણ કહેતા હતા કે, " હિંદુનો અર્થ જ્યારે કાફર આદિ છે ત્યારે આર્ય્ય સમાજીઓ તો કાફરોનાજ સન્તાન છે. "

હિંદુ શબ્દનો અર્થ કાલો તથા કાફર થાયછે.

ધન્ય છે પંડિતજી ! આપની બુદ્ધિમતાને !

જ્યારે આપ હિંદુ શબ્દપર એટલાબધાં મોહિતછો, ત્યારે શાસ્ત્રો તો શું પણ તમારા પુરાણોમાંથી તો હિંદુ શબ્દ બતાવી આપો ! અને પુરાણોને પણ બાજુપર મૂકીએ તો કવી કાલીદાસનાં કાવ્યોમાં પણ હિંદુ શબ્દ નહીં નીકળે.

મહાશયજી ! હિંદુ શબ્દ ફારસી છે. પરસ્યન ડિક્ષનરીમાં તેનો અર્થ કાલો તથા કાફર છે. જેવી રીતે આપણે દ્વેષને લીધે મુસલમાનોને મલેચ્છ કહીએ છીએ. તેમ તેઓએ પણ મુસલમાની રાજ્યમાં આપણને હિંદુ પદવીથી ન વાજ્યા હતા.

ભુલ જણાવનાર-નો ઉપકાર કેમ નથી માનતા?

આર્ય્ય સમાજે હિંદુઓની ભુલ જણાવી કહ્યું કે, આપણું નામ હિંદ નહીં પણ આર્ય્ય છે, તો એમાં એટલું બધું શું ખોટું કીધુ? પોતાની ભૂલ જણાવનારનો ઉપકાર ન માનતાં ઉલટું તેને ગાળો આપવી એના કરતાં વધુ શી કૃતઘ્નતા હશે? કૃપા કરી ગમે તે સંસ્કૃત કોષમાંથી હિંદુ શબ્દ બતાવી આપો પછી ગમે તેટલી ગાળો આપજો. અદ્યાપી પર્યન્ત સંસ્કાર, સંકલ્પ આદિમાં તો "ભરત ખંડે, આર્ય્યાવર્તે" જ બોલો છો! "હિંદુસ્તાને" કેમ નથી કહેતા? ત્યારે માઠું કેમ લગાડો છો? અમે તો લાખો સ્થળે "આર્ય્ય" નામ બતાવી આપવાને તૈયાર છીયે.

દુરાગ્રહીઓને સીધી વાત સમજાતીજ નથી!

પંડિતજી વળી સ્વામી દયાનંદ ઉપર એક મહાન આક્ષેપ કરતાં કહેતા હતા કે, "જ્યારે સ્વામી દયાનંદ બાળ બ્રહ્મચારી હતા, ત્યારે તેઓએ ગર્ભાધાન વિધિમાં જે મુખથી મુખ અને આંખથી આંખ ઇત્યાદિ બાબતો લખી છે, તે ક્યાંથી જાણી?"

હવે જો કોઇ સનાતની પંડિત કોઇને ઉપદેશ કરતો હોય કે, "ભાઇ! ચોરી વ્યભિચારાદિ કુકર્મો નહીં કરો." તો શું તેનાથી એમ પુછવા જવું કે, "પંડિતજી! આપ ક્યાં ચોરી કરી જેલ યાત્રાનો અનુભવ લઇ આવ્યા છો, અથવા વ્યભિચાર કરી પ્રમેહની પીડા ભોગવો છો!" અફસોસ! જે વાત એક સાદી બુદ્ધિથી સમજાય તે પંડિતોને પણ સ્વાર્થાંધતાને લીધે સમજવી કઠણ થઇ પડી છે!

ચરક, સુશ્રુતાદિ મહાન વૈદ્યોએ જે ગર્ભ આદિની વ્યાધિઓની ઔષધિઓ બતાવી છે, તેઓએ શું ગર્ભ ધારણ કરી જોયો હતો !

સ્વામીજી અનેક સંસ્કૃત ગ્રંથોનું અધ્યયન કરતા હતા, જેથી તે ગ્રંથોના આધારે તેઓ લખતા હતા. પરન્તુ જો પંડિત ગોવિન્દરામજીએ બૃહદારણ્યકોપનિષદ્ બ્રા ૪ જોયું હોય તો "**अथया मिच्छन पमेंदधितेति तस्यामर्थ मुखे नमुखं संधाय**" ઇત્યાદિથી સાફ સમજાઈ જાત કે તે સ્વામીજીએ નવું નથી કાઢયું, પણ જેમ શંકરાચાર્યજીએ ભાષ્ય કર્યું છે, તેમ સ્વામી દયાનંદે પણ લોકોના લાભાર્થે તે લખ્યું છે. પણ જ્યાં દુરાગ્રહ હોય ત્યાં સીધી વાત સમજાયજ કેમ ! તેઓને તો ગમે તેમ કરી સ્વામીજી ઉપર આક્ષેપોજ કરવા છે.

સ્વામી દયાનંદ માતાની છ પેઢીઓ અને પિતાનું ગોત્ર છોડી વિવાહ કરવાનું કહે છે !

હજી પણ કોઈ આક્ષેપ કરવો બાકી રહી ગયો હોય તેમ પંડિતજી કહેતા હતા કે, "સ્વામી દયાનંદે તો બેનની સાથે વિવાહ કરવાની પણ છુટી લખી હોત, પણ માત્ર પ્રીતિ નહીં રહે તેથીજ તેણે મનાઇ લખી છે."

ગમે તે કારણથી મનાઇ તો લખી છે ને ? આપના ભાગવતની પેઠે બેનની સાથે વિવાહ કરવાની છુટી તો નથી લખી ? પહેલાં અમે અમારા સુજ્ઞ વાંચકોને સ્વામીજીના લેખોના ઉતારા બતાવીશું, તત્પશ્ચાત શ્રીમદ્ભાગવતની લીલા તરફ દ્રષ્ટિ કરીશું.

સ્વામી દયાનંદ સત્યાર્થ પ્રકાશના ૭૭ પૃષ્ટમાં લખે છે કે:—

"जो कन्या माताके कुलकी छः पीढियो म न हो और पिताके गोत्रकी न हो उस कन्यासे विवाह करना उचित है"

સ્વામીજીએ એટલું લખી તેનાં કારણો જણાવ્યાં છે કે, અમુક અમુક કારણોથી નજદીકમાં વિવાહ નહીં કરવો જોઇએ. સ્વામીજી ધર્મ પ્રચારક હતા. સમસ્ત મનુષ્યોની શંકાઓનું સમાધાન કરવું તેઓનો મુખ્ય હેતુ હતો. કારણ કે તેઓ માત્ર ભારતવર્ષમાંજ નહીં પણ યૂરોપ, અમેરિકા આદિ ખંડોમાં—બલ્કે સમગ્ર ભૂમંડળમાં વૈદિકધ્વની ફેલાવવાને આતુર હતા. જેથી પ્રત્યેક મનુષ્યની શંકાઓનું સમાધાન થઇ જાય, એવા પ્રકારની તેઓના લેખોની શૈલી છે. પ્રત્યેક વિષયનો તેઓએ પોતેજ પ્રશ્ન ઉઠાવી નીચે તેનો ઉત્તર આપી દીધો છે. બધા માણસો કંઇ મુઢ નથી હોતા કે બસ, " ડોસી તું કહે સો સચ." સ્વામીજીએ કહ્યું, અને તેઓએ માની લીધું!

કદાચિત આપણે ભારત વાસીઓ "નજદીકના સંબંધમાં વિવાહ કેમ ન કરવો?" એ શંકા ન કરીએ! પણ યૂરોપ આદિ દેશોના વિદ્વાનો—કે જેઓને ક્રિશ્ચિયન મતથી સંતોષ નથી તેઓ—ને જો વૈદિક ધર્મ તરફ ખેંચવા હોય તો, તેઓના તો પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર હોવોજ જોઇએ. અને આપણને પણ તેનાં કારણોની ખબર હોવી જોઇએ. એજ કારણથી, "પ્રીતિ નહીં રહે, કંકાસ થતો રહે, સન્તાન ઉત્તમ ઉત્પન્ન નહીં થાય" વગેરે નજદીકના વિવાહથી આઠ દોષો સ્વામીજીએ બતાવી અંતમાં લખ્યું છે કે:—

"इत्यादि कारणोसे पिताके एक गोत्र माताकी छः पीढी और समीप "देशमे विवाह करना अच्छा नहीं ॥"

સ્વામી દયાનંદ તો પિતાનું ગોત્ર અને માતાની છ પેઢી મુકી તો શું પણ સમીપ દેશમાં પણ વિવાહ કરવાની મનાઇ લખે છે. ત્યારે આપણે તો માતાની બે પેઢીઓ પણ નથી મુકતા. અને આપના શિરતાજો, મહારાજા ધિરાજો વલ્લભકુળના બાળકો તો મામાની દીકરી સાથે જ—જે વાસ્તવમાં બહેનજ છે—વિવાહ કરે છે. છતાં પણ તે સારૂં! અને સ્વામીજીએ માતાની છ પેઢીયો સુધી મનાઇ લખી અને માત્ર તેનાં કારણો લખ્યાં તે ખરાબ કીધું!

પુષ્ટિમાર્ગીય મહારાજો મામાની દીકરી સાથે વિવાહ કરે છે.

મહાશયો! કારણો જાણવામાં પણ શ્રીમાનોને સુતક લાગી ગયું કે શું? કોઇપણ વાતની હાનિ, લાભ જણાવવામાં દોષ છે? ધન્ય છે! પોતાનાં હાથે પોતાનું પોત ખોલોછો! સૂર્યની તરફ ધુળ ફેંકતાં સામી મોંમાંજ આવે છે.

ભાગવત સહોદરભાઇ સાથે બેનના વિવાહનું વર્ણન કરેછે!—જુઓ હવે આપ શ્રીમદ્‌ભાગવત સ્કંધ ૪, અધ્યાય ૧ લો, શ્લોક ૧ થી ૬ સુધી.

मैत्रेय उवाच ॥

मनोस्तु यतरूपायां तिस्रः कन्याश्च जज्ञिरे ।
आकूतिर्देवहूसिश्च प्रसूतिरिति विश्रुताः ॥ १ ॥

અર્થાત્—મનુને શતરૂપા નામે રાણીથી આકૂતિ, દેવહુતિ અને પ્રસૂતિએ ત્રણ કન્યાઓ ઉત્પન્ન થઈ. ॥ ૧ ॥

आकूतिं रुचये प्रादादपि भ्रातृमतीं नृपः ।
पुत्रिका धर्ममाश्रित्य शतरूपानु मोदितः ॥ २ ॥

અર્થાત્—યદપિ આકૂતિને ભાઈ અર્થાત્ મનુને પુત્ર હતો તથાપિ મનુએ પોતાની રાણી શતરૂપાના કહેવાથી પોતાની આકૂતિ નામે કન્યા રૂચિ ઋષિને પુત્રિકા ધર્મની રીતિથી દીધી. ॥ ૨ ॥

(જેને પુત્ર નહીં હોય તે પોતાની કન્યા, જમાઇને એ શરતથી આપે કે એમાંથી જે પુત્ર થાય તે મારો. એ શરતને પુત્રિકા ધર્મ કહે છે.)

प्रजापतिः स भगवान रुचिस्तस्यामजीजनत् ।
मिथुनं ब्रह्मवर्चस्वी परमेण समाधिना ॥ ३ ॥

અર્થાત્—બ્રહ્મ તેજવાલા ભગવાન પ્રજાપતિ રૂચિ ઋષિએ તેમાં પરમેશ્વરના પરમ ધ્યાનથી એક મિથુન ઉત્પન્ન કીધો ॥ ૩ ॥ (મિથુન એટલે એક પુરૂષ તથા એક સ્ત્રી.)

यस्तयोः पुरुषः साक्षाद्विष्णुर्यज्ञस्वरूपधृक् ।
या स्त्री सा दक्षिणा भूतेरंश भूताऽनपायिनी ॥ ४ ॥

અર્થાત્—જે તેમાં પુરૂષ થયો તેતો સાક્ષાત યજ્ઞમૂર્તિ વિષ્ણુ ભગવાન હતો, અને જે સ્ત્રી થઇ તે વિષ્ણુ ભગવાનની સદા સાથે રહેવાવાળી દક્ષિણા નામે લક્ષ્મીની અંશરૂપ હતી. ॥ ૪ ॥

आनिन्ये स्वगृहं पुत्र्याः पुत्रं विततरोचिषम् ।
स्वायंभुवो मुदा युक्तो रुचिर्जग्राह दक्षिणाम् ॥ ५ ॥

અર્થાત્—તે અતિ તેજસ્વી પોતાની કન્યાના પુત્રને (દોહીત્રને) સ્વાયંભુવ મનુ પોતાને ઘેર લઇ આવ્યો, અને રૂચિ ઋષિએ આનંદ પૂર્વક દક્ષિણા નામે કન્યા લીધી. ॥ ૫ ॥

तां कामयानां भगवानुवाह यजुषां पतिः ।
तुष्टायां तोशमापन्नोऽजनय द्वादयात्मजान् ॥ ६ ॥

અર્થાત્—તે દક્ષિણા નામે કન્યાનું (તેના સગાભાઇ) યજ્ઞ મૂર્તિ ભગવાને પાણી ગ્રહણ કીધુ, અને આનંદયુક્ત તે દક્ષિણામાંથી બાર પુત્રો ઉત્પન્ન કીધા. ॥ ૬ ॥

ભાગવત કોણ વાંચે છે?

અહા! શી અધમતા! શી નીચતા! સગાભાઇ સાથે એનનો વિવાહ! અને તેમાંથી વળી બાર પુત્રોની ઉત્પત્તિ હજીપણ અમારા ભોળા ભાવિકો–તો શું પણ અક્કલના શત્રુ અને વિદ્યાના વેરીયો કહે છે કે, ભાગવત પાંચમો વેદ છે!

અફસોસ! એવી ભ્રષ્ટ શિક્ષાઓના ભંડાર પુસ્તકને પાચમો વેદ કહેનારાઓને લજ્જા પણ નથી આવતી! પણ અત્રિસ્મૃતિમાં કેવું સત્ય લખ્યું છે કેઃ—

वेदैर्विहीनाः प्रपठन्ति शास्त्रं शास्त्रेण हीनाश्च पुराण पाठाः।
पुराण हीनाः कृषिणो भवन्ति भ्रष्टास्ततो भागवता भवन्ति॥

અર્થાત્—વેદથી હીન થયેલા લોક શાસ્ત્ર વાંચે છે, શાસ્ત્રથી હીન થયેલા પુરાણ વાંચે છે, પુરાણથી હીન થયેલા હળ ખેડે છે, અને સૌથી પતીત–ભ્રષ્ટ–થયેલા લોક ભાગવત વાંચે છે.

સત્ય શોધકોએ ઋષિ દયાનંદના ગ્રંથો વાંચવા જોઇયે!

હવે અત્રે પંડિતજીના અક્ષેપોનો ઉત્તર સમાપ્ત કરતાં તેઓનાજ ઉટપટાંગ વ્યાખ્યાનોની સમાલોચના કરીશું. આર્ય્ય સમાજપરના આ ક્ષેપો સાંભળી જે મહાશયો માત્ર એમજ સમજી રહ્યા છે કે, સ્વામી દયાનંદે તદન અયુક્ત લખ્યું છે; તેઓએ કૃપા કરી સ્વામીજી કૃત સત્યાર્થ પ્રકાશ, ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા, સંસ્કારવિધી, ગૌ કરૂણાનિધી આદિ પુસ્તકો વાંચવા તસ્દી લેવી.

આ નાનકડા પુસ્તકમાં તે તદર્થિના વિચારો દર્શાવવા, તેવુંજ અશકય છે, કે જેવું એક લોટામા સમુદ્રનું તમામ જલ ભરી દેવાની કોશેશ કરવી.

સ્વામીજીકૃત પુસ્તકો વાંચવાથી સજ્જનોને ખાત્રી થઇ જશે કે સ્વામીજીએ પાખંડ મત નથી ચલાવ્યો, પણ પાખંડોનું જોર શોરથી ખંડન કરી સત્ય વૈદિક ધર્મનો પ્રચાર કીધો છે. જેથીજ સ્વાર્થીયો અધર્મ યુક્ત આ જીવકા બંધ થવાના ભયથી સ્વામીજીના ગ્રંથો વિરુદ્ધ લોકોને બહેકાવે છે. તેઓ સારી પેઠે સમજે છે કે, " જેણે સ્વામીજીના ગ્રંથો ન્યાય દૃષ્ટિથી વાંચી લીધા, અને પક્ષપાત ત્યજી વિચાર કીધો તે કદી પણ અમારા પંજામાં ફસનાર નથી. "

પંડિતજીની સભ્યતા ! ! !

તદોપરાન્ત પંડિત ગોવિન્દ રામજીએ, જે આર્ય્ય સમાજ તથા સ્વામી દયાનંદને અશ્લીલ શબ્દોમાં ગાળો દીધી હતી કે, " આર્ય્ય સમાજીયો કુતરા અને ગધેડાની ઓલાદ છે. આર્ય્ય સમાજી બહાર જાય અને તેને બે કલાક વાર લાગે તો તેની સ્ત્રી ભલે બીજાની સાથે બુરૂ કર્મ કરી લે. " વગેરે દુષ્ટ વાકયોનો અથવા એમ કહીયે કે નાલાયકીનો ઉત્તર, નાલાયક થઇ તેજ અશ્લીલ ભાષામાં આપવાનું અમારૂં કામ નથી. આ શુભ અને સભ્ય વાકયો તો સનાતની પંડિતોના મોંમાં શોભે ! માટે પંડિતજીની તે સભ્યતા પંડિતજીનેજ મુબારક હો ! ! ! પરમાત્મા આર્યોનુ તે–અ–સભ્યતાથી રક્ષણ કરો !

પંડિત ગોન્દિરામના ઉટપટાંગ અને પરસ્પર વિરૂદ્ધ વ્યાખ્યાનોની સમાલોચના.

એક જુઠને છુપાવવા માટે સો જુઠ બોલવા પડે છે.

પ્રિય પાઠક! શ્રીમાન્ પંડિતજીના પ્રથમ દીવસના વ્યાખ્યાનની સમાલોચના અમે એજ ભાગના આરંભમાં કરી આવ્યા છીએ, કે જે વ્યાખ્યાન તદન પક્ષપાતથી રહીત હતુ. તત્પશ્ચાંત પંડિતજી સ્વેચ્છાથી અથવા લોકોના બહેકાવાથી ગમે તેમ હો પણ–જુઠને સાચ સિદ્ધ કરવા પ્રયત્નો કરવા લાગ્યા હતા. જેથી તેઓ પોતાના બોલોને પોતેજ કાપતા હતા. તેઓ એટલું તો પરસ્પર વિરૂદ્ધ બોલ્યા હતા કે, તેઓના ઉટપટાંગ વ્યાખ્યાનોના ખંડનમાં અમને ભાગ્યેજ એક શબ્દ પણ કહેવો પડે. તેઓના બોલોજ તેઓના ખંડનમાં પર્યાપ્ત છે. જેથી તેઓના વ્યાખ્યાનોની ક્રમઃવાર સમાલોચના નહી કરતાં, માત્ર તેઓએ કેટલો પરસ્પર વિરૂદ્ધ બકવાદ કીધો છે તેજ જણાવી શું.

આર્ય્ય સમાજીયો જો સનાતનીયોના વ્યાખ્યાનમાં શંકા કરે તો તેઓને પીટવા જોઇયે

પંડિતજીના કુલે સાત વ્યાખ્યાનો અમે નોટ કીધા છે. જેમાંનું પહેલું વ્યાખ્યાન અમે આગળ જણાવી આવ્યા છીએ. અને બીજા છ દિવસોમાં, પાંચ દીવસ તો મૂર્તિપૂજા પરજ વ્યાખ્યાન ચાલ્યું હતું, અને છઠ્ઠે દીવસે અવતાર ઉપર થયું હતુ અને તે દીવસે અમે શંકા નિવારણાર્થ પંડિતજીને વિનંતી કીધી હતી પણ તેનો ઉતર નહીં મલ્યો, તે તો અમે આગળ જ-

ણાવી આવ્યા. સાતમે દીવસે અમે કોઇ કારણને લીધે નહોતા ગયા પણ અમને અમારા મિત્રો તરફથી ખબર મળી કે, પંડિતજીને અત્રેના શેઠીયાઓએ અનહદ ઠપકો દીધો કે, "તમારે આર્ય્ય સમાજીયોની શંકાઓનો ઉતર આપવો જોઇતો હતો." જેથી પંડિતજી અત્યન્ત ગુસ્સામાં આવી, સભામાં ધાંટા પાડી કહેવા લાગ્યા કે, "મને ખબર ન હતી કે તમારા હાથ કાપેલા છે. અન્ય દેશોમાં જો આર્ય્ય સમાજીયો એમ ઉભા થઇ શંકા કરે તો સનાતન ધર્મિયો તેજ વખતે તેઓને પીટી નાંખે. પણ જ્યારે તમે પોતે રાજી છો કે હું તેઓની શંકાઓનો ઉત્તર આપું, ત્યારે ભલે આવે હું ઉત્તર આપીશ, પણ પુરાણો અનુસાર. કારણ કે અમે પુરાણોને માનીયે છીયે. અને હું જે તેઓને પુછીશ તેનો તેઓએ વેદાનુસાર ઉત્તર આપવો."

સનાતન ધર્મનો સિદ્ધાંત લઠ્ઠામાર!

પંડિતજીના ઉક્ત વચનોથી આપ સમજી શકશો કે તેઓ અમને શંકા સમાધાન માટે નહીં પણ શાસ્ત્રાર્થ માટે બોલાવતા હતા. શંકા સમાધાનની એ રીતિ નથી કે અમે કાંઇ શંકા કરીયે તો પંડિતજી પણ અમારાથી પુછે ! પંડિતોનું તો કામ છે કે સાધારણ લોકોની શંકાઓ નિવારણ કરવુ. પણ પંડિતજીતો ઉલટું અમને પુછવા ચાહતા હતા તે પણ ઠીક, પણ તેઓએ સભામાં સનાતની ભાઇયોને એકદમ ઉશ્કેરી મુક્યા હતા, જેથી અમને ત્યાં જતાં ડર લાગ્યો.

સનાતન ધર્મનો સિદ્ધાંત તો અમે આગળથીજ જાણી બેઠા હતા, કારણ કે એકવાર જ્યારે અત્રેના એક સુયોગ્ય પંડિત શ્રીમાન્ શિવદયાલથી સ્થાનિક સમાજના મંત્રી શ્રીમાન્ નરસિંહલાલે

પ્રશ્ન કીધો કે, " મહારાજ ! આપના ધર્મનો સિદ્ધાંત શો છે ? " તો તરતજ રોકડો ઉત્તર મળ્યો કે " લઠ્ઠામાર. "

નોટીસ તો અગાઉથીજ મળેલી ! તેમાં પણ વળી પંડિત ગોવિન્દરામની ઉશ્કેરણી ! તેથી અમે સભામાં જવું માંડીવાળ્યું હતું.

કાશી કરવત ખાયા ફિર મોચીકા મોચી !

પણ અમે સાંભળતા હતા કે તત્પશ્ચાત પંડિતજીએ મૃતકશ્રાદ્ધ વિષય ઉપર પાંચ સાત દીવસ લગણ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રથમ તો તેઓએ બ્રાહ્મણોના લેટર બાકસને એકદમ ઉડાડી દેતાં કહ્યું હતું કે, " મૃતકોનુ શ્રાદ્ધ અગ્નિ દ્વારા થાય છે. " પણ પાછળથી પાંચ સાત બ્રાહ્મણોએ જઇ પંડિતજીને પોતાની આ જીવિકા ઉપર લાત નહીં મારવાની વિનતી કીધી. જેથી પંડિતજીએ અન્તિમ દીવસે બતાવ્યું કે, " બ્રાહ્મણોનુ મુખ પણ અગ્નિ છે. "

અમને આશ્ચર્ય લાગે છે કે, જ્યારે બ્રાહ્મણોનુ મુખ પણ અગ્નિ છે, ત્યારે બળી કેમ નથી મરતા ? ધન્ય છે ! " કાશી કરવત ખાયા ફિર મોચીકા મોચી ". આટલા દહાડાની મહેનત બધી ફોગટ ગઇ ! જ્યારે એમજ હતું ત્યારે પ્રથમથીજ ટુંકમાં કેમ નહી પતાવી દીધું કે, " ભાઇ ! લેટર બાકસદ્વારા મૂડદાઓને જઇ પહોચશે. " મતલબ એ વ્યાખ્યાનો અમે પ્રત્યક્ષ નહી સાંભળેલા હોવાથી તે વિષે વધુ કાઇ લખી નથી સકતા, જેથી અત્રે માત્ર મૂર્તિપૂજા તથા અવતારનું ખંડન પંડિતજીના વાકયોથીજ કરી બતાવીશું, કે જે વાક્યોને તેઓ મંડન કરવાના કામમાં લેતા હતા.

વ્યાખ્યાનનો આરંભ !

ભોળા ભાવિકોને "હરે રામ હરે કૃષ્ણ" નો પાઠ ભણાવી રહ્યા પછી પંડિતજીએ વ્યાખ્યાનનો આરંભ કરતાં કહ્યું કે, "ઇશ્વરને શરીર નથી, તેથી તેની મૂર્તિ કહેવી ઠીક નથી. શરીર ધારી એક દેશી થાય છે. ઇશ્વર સર્વ વ્યાપક છે. વેદ ભગવાન કહે છે કે, તે પરમાત્મા શબ્દ નથી, સ્પર્શ નથી, રૂપ નથી, રસ નથી, ગંધ નથી. અનંત, અનાદિ એવો જે શ્યામ સુદર છે તેની ઉપાસના કરવાથી જ મોક્ષ મળે છે."

પૂર્વ પક્ષનો ધ્વની

હજી ઉક્ત વાક્યો પંડિતજીએ પુરા પણ નહોતા કીધા, એટલામાં ત્યાં બેઠેલો ભૂદેવોની જાણે પેટી ચોરાઇ ગઇ હોય તેમ એકદમ "પૂર્વપક્ષ પૂર્વપક્ષ" ના અવાજો કરવા લાગ્યા. પંડિતજીતો ચેતી ગયા કે મારૂં આ કથન રિઝર્વડ કલાસના શ્રોતાઓને નથી ગમ્યું. જેથી તરતજ તેઓએ પોતાના બોલો બદલી નાંખ્યા. નહીંતો તેઓના બોલવાનો એજ ભાવાર્થ સમજાતો હતો કે, તેઓ રામકૃષ્ણની મૂર્તિ સિદ્ધ કરશે પણ તેને ઉશ્વરની મૂર્તિ નહીં કહેશે. ખરે ! તે તો ઠીક પણ પંડિતજીની ઉક્ત વાક્યોની પરસ્પર વિરૂદ્ધતા તો જુઓ ! તેઓ કહે છે કે "તેનુ રૂપ નથી એવો જે શ્યામ સુદરછે."

અમે તેઓને એટલુંજ પુછીશું કે, જ્યારે તેનુ રૂપ નથી ત્યારે તેને શ્યામ સુદર કહેવું મિથ્યા બકવાદ નથી ? શ્યામતા તો રૂપ છે ! પણ કહેવત છે કે, "કુંભારનુ મન હાંડલામાં."

ગમેતે પ્રકારની મૂર્તિ બનાવી પુજવાની આજ્ઞા !

પંડિતજી મૂર્તિપૂજા તો સિદ્ધ કરવા બેઠા ! પણ જ્યારે જોયું કે સનાતન ધર્મ તો ખીચડી મત છે. તેમાં તો હજારો પ્રકારની મૂર્તિઓ છે. તેમજ વળી દેવતાઓની સાથે દેવીયોની પણ છે. ત્યારે તાણી તુણી કહેવા લાગ્યા કે, "પ્રત્યેક મનુષ્યની પ્રકૃતિ જુદા જુદા પ્રકારની થાય છે. તેથી જેમ પ્રત્યેક મનુષ્યને એક પ્રકારના લુગડાં આદિ નથી રૂચતા તેમ એક પ્રકારની ઇશ્વર પૂજા પણ નહી રૂચશે. તેમજ પ્રત્યેક મનુષ્યના નર, નારી અને નપુંસક જાતિના પ્રથક પ્રથક ગ્રહો થાય છે. તેથી જેની પોતાના ગ્રહ અનુસાર જે જાતિના દેવતામાં પ્રતીત લાગે તેણે તે પ્રકારની મૂર્તિ બનાવી પૂજવી."

ઇશ્વરને પણ પંડિતજીએ લુગડાં લતાં જેવો બનાવ્યો!!! ઇશ્વરના ખરૂ મહત્વ જાણવાની શિક્ષા તો બહુ ઉત્તમ ! પણ પંડિતજીને એટલું જણાવવું આવશ્યક હતું કે, નપુંસક જાતિના દેવતાની મૂર્તિ ક્યાં છે? અને કેમ બનાવવી જોઇયે, અને તેનુ શું નામ રાખવું જોઇયે ? નરનારી જાતિના દેવી દેવતાઓ તો અમે ઘણા સાંભળ્યા, પણ નપુંસક જાતિના દેવતાની લીલા તો પંડિત ગોવિન્દરામથીજ સાંભળી !!!

શાલીગ્રામની ગોળ મૂર્તિજ ઇશ્વરની છે !!!

ઉપલા બોલોમાં તો પંડિતજી ગમે તે પ્રકારની મૂર્તિ બનાવી પૂજવાની આજ્ઞા આપે છે, અને આગળ ચાલતાં એના ખંડનમાં પોતેજ બોલવા લાગ્યા કે, "ઇશ્વર નિરાકાર છે, માટે તેની મૂર્તિ તો આંખ, નાક, કાન વાળી થઇ શકેજ નહીં. ઇશ્વરની ખરી મૂર્તિ તો શાલીગ્રામની મૂર્તિ ગોળગોળ છે, તેજ છે.

કહો હવે કઇ આજ્ઞાનુસાર વર્તિયે ? ગમે તે પ્રકારની નર, નારી અને નપુંસક જાતિના દેવતાને પૂજીયે, કે ગોળગોળ આંખ, નાક અને કાન વિનાના શાલીગ્રામને પૂજીયે ?

તેઓએ " ઇશ્વર સર્વ વ્યાપક છે તેથી મૂર્તિમાં પણ છે. " એ સિદ્ધ કરવાને અનેક યુક્તિઓ કામે લગાડી હતી. પણ તેનો અમે કયાં ના પાડીયે છીયે ! એતો સર્વે કબુલ કરે છે કે, ઇશ્વર સર્વ વ્યાપક હોવાથી મૂર્તિ તો શું પણ એક પરમાણુંમાં પણ છે. પણ આગળ વધતાં તેઓએ ઇશ્વરની સર્વ વ્યાપક્તા પોતેજ નષ્ટ કરી નાંખી.

ઇશ્વર સર્વ વ્યાપક હોવાની કોણ ના પાડે છે?

તેઓએ કહ્યું કે, " તેની ખરી મૂર્તિ તો વૈકુંઠમાંજ છે. જેવી રીતે શહેનશાહ એડવર્ડ લંડનમાં હોય તેની સતા તેના સમગ્ર રાજ્યમાં છે. "

ઇશ્વરની સર્વ વ્યાપકતાનો નવો નમુનો !

વાહજી વાહ ! દ્રષ્ટાંત તો ઠીક આપ્યુ ! ઇશ્વરને પણ રાજા જેવોજ એક દેશી ગણ્યો ! ! ! મહારાજા એડવર્ડ એકલો સમગ્ર રાજ્યમાં સતા ચલાવવાને અશક્ત છે ! ત્યારે શું ઇશ્વર પણ અશક્ત છે ? શું તે સર્વ વ્યાપક નથી ? મહારાજા એડવર્ડના અનેક સતા ધારીયો રાજ્ય ચલાવી રહ્યા છે, ત્યારે ઇશ્વરનો કયો સતા ધારી રાજ્ય ચલાવે છે ? શહેનશાહ એડવર્ડ અને તેના સત્તાધિશો તો લાખો—બલ્કે કરોડો છુપા પાપો જોઇ નથી શકતા. ત્યારે શું ઇશ્વર પણ તે નથી જોઇ શકતો ? ઇશ્વરને સર્વ વ્યાપક નહીં પણ માત્ર વૈકુંઠમાંજ માનીને તો આટલી અધોગતીએ પહોંચ્યા ! ઇશ્વરની કલ્પેલી! મૂર્તિને એક ઓરડામાં બંદ થયેલી સમજી બહાર જે કુકર્મો તેજ

મંદિમાં થાય છે ! તે એવીજ અવળી શિક્ષાનું નહીં તો બીજું શાનું ફળ છે ?

જુવો વળી એજ વાતનું ખંડન ! ઉપર કહી આવ્યા કે, "ઇશ્વરની મુર્તિ વૈકુંઠમાં છે." અને આગળ આવતાં કહેવા લાગ્યા કે, "ઇશ્વર તો સાક્ષાતરૂપે સૂર્યમાં બિરાજમાન છે. સાઇન્સ સાબિત કરે છે કે સૂર્યની અંદર અંધકાર છે. માટે તેમાં જે તેજ ઝળકી રહ્યુ છે, તે સાક્ષાત શ્રી શ્યામ સુંદરની પુંડરીક–સફેત કમળ જેવી બે આંખો ચળકી રહી છે."

ધન્ય છે મહારાજ ! સાઈન્સનો પણ ઠીક અભ્યાસ કીધો !
સૂર્યને અંધકાર માનનારા પોતેજ અંધકારમાં
ઉભરાઈ જતો સા પડેલા છે. ખગોલ વિદ્યાના સંસ્કૃત ગ્રંથો અને
ઈન્સનો અભ્યાસ!!! સાઇન્સ બતાવે છે કે સૂર્ય સ્વઃપ્રકાશ છે.
તેમજ વળી તેમાં, તમારા શ્યામ સુંદરની બે સફેત કમળ જેવી આંખો ચમકી રહી છે, તેથી તો એજ સિદ્ધ થાય છે કે, તમારો શ્યામ સુંદર માત્ર સૂર્યમાંજ છે. અન્ય સ્થળે તો નથી ? કદાચિત આપ એમ કહો કે, તેમાં અધિક અંશમાં હોવાથી તે વધુ પ્રકાશે છે. પણ વધુ અંશનું તો આપ નામ પણ નથી લેતા. કહો છો કે માત્ર તેની આંખો ચળકી રહી છે. કદાચિત તેમાં વધુ અંશમાં હોવાનું કહો તો પણ ઇશ્વરની એક રસતાનું ખંડન થઈ જાય છે.

પોતે શ્યામ અને મારે સૂર્ય જેવો ચળકાટ ! એ તો ગોવિન્દરામજીના ન્યાય શાસ્ત્રનીજ બલીહારી છે !!!

પત્થરમાંથી ઇશ્વર બનવાની મિથ્યા

પરમાત્મા સર્વ વ્યાપક હોવાથી પત્થરની મૂર્તિ પણ ઇશ્વર જ છે, એમ સિદ્ધ કરવામાં પણ તેઓએ કાંઇ થોડો શ્રમ નહોતો લીધો. તે વિષે તેઓએ એક આશ્ચર્ય કારક દ્રષ્ટાંત આપતાં કહ્યું હતું કે, "ઇશ્વિર સર્વ વ્યાપક હોવાથી પત્થરમાં પણ છે. જેમ તિલમાં તેલ હોવા છતાં માત્ર તેને ઘાંચીજ કાઢી શકે છે, તેમ ઇશ્વર પણ પત્થરમાં હોવા છતાં, તેને માત્ર જેપુર આદિ સ્થળોના કારીગરોજ પ્રગટ કરી શકે છે. જેવી રીતે પત્થરમાં ગાય ઘાસ, ફુલ, ફલ સર્વ મોજુદ છે, પણ કારીગર વિના પ્રગટ થઇ નથી સકતા. તેવીજ રીતે તેમાં ઇશ્વરની મૂર્તિ પણ મોજુદ છે. પણ કારીગર વિના પ્રગટ થઇ નથી શકતી."

પત્થરની ગાયો, ઘોડાઓ ઘરપર કેમ નથી બાંધતા?

લીલા સોહી તો અજબ નમુનાની બતા! જેમ તેલનુ ઉપાદાન કારણ તિલ અને નિમિત કારણ ઘાંચી છે, અને પત્થરના રમકડાંનો ઉપાદાન કારણ પત્થર અને નિમિત કારણ કારીગર છે, તેમ શું ઇશ્વરનો પણ નિમિત કારણ કારીગર, અને ઉપાદાન કારણ પત્થર છે? આગળ તો જણાવી આવ્યા કે તે અનાદિ છે, અહીયાં વળી તેનો બનાવનાર કયો છો! આપના કથનથી તો મૂર્તિ અને ઇશ્વરનો પોતામાં કાંઇ-પણ સંબંધ નથી ઠરી શકતો? ગાય આદિના દ્રષ્ટાંતથી જે સાબિત કરોછો તે તો એક, બે વર્ષનો બાળક પણ જાણે છે કે, આ રમકડું છે અને સાચી ગાય તો બીજી થાય છે.

જો એમજ હોય તો ખાલી ગાયો ઘોડા ઘરપર રાખી ફોગટનો ખર્ચ કેમ રાખોછો? પત્થરના બનાવી રાખોદો! પણ જ્યારે

જાણોછો કે પત્થરની ગાયથી દુધ મળનાર નથી, અને પત્થરના ઘાસને ગાય ખાનાર નથી, ત્યારે મુઢમતી કેમ થયાછો ?

પંડિતજીના કહેવાપરથીજ મૂર્તિપૂજકોને વિચાર કરવો જોઇયે કે, જો પત્થરનું ફુલ બનાવી રાખ્યે તો તેના ઉપર ભમરો કદીપણ નહી બેસશે, પણ જો બાજુમાં સાચુ ફુલ રાખ્યુ હોય તો તેનાપર જ બેસશે. તો જ્યારે જુવો છો કે, પત્થરની કોઇ વસ્તુથી ફળ નથી મળતુ. માત્ર છોકરાંનાં રમકડાં છે, ત્યારે પત્થરના ઇશ્વરથી કેમ ફળની આશા રાખી બેઠા છો? શું ભમરા જેટલી પણ સમજણ નથી ધરાવતા ?

કદાચિત આપ એમ કહો કે, "અન્ય ચીજો આપણી પાસે છે અને ઇશ્વરને નથી જોઇ શકતા. અથવા નથી મળી શકતો, ત્યારે પત્થરપર ભરોસો રાખ્યા વગર છુટકો જ નથી."

ભાગવત મૂર્તિપૂજાનું ખંડન કરે છે !

તો તેના ઉત્તરમાં એજ કહેવાનું કે, જ્યારે હમણા આંબા નથી મળી શકતા, ત્યારે કેમ મદ્રાસઆદિ સ્થળોથી મંગાવોછો ? અને નહીં તો સાચા આંબા પેદા થાય ત્યાં સુધી તેની વાટ જોઇ બેસો છો ! પત્થરના બનાવી કેમ નથી ખાતા ?

અફસોસ ! !! કે જ્યારે આપ આંબ મેળવવા માટે પણ અનેક પ્રયત્નો કરો છો! મદ્રાસ લખોછો ! મુંબઇ લખોછો ! ફાંફાં મારોછો ! ત્યારે શું પરમાત્માને જાણવા માટે તેટલો પણ પ્રયત્ન નહીં કરવો જોઇયે ?

મિત્રવર્યો ! પત્થર જેવા હૃદયના નહીં થાઓ ! આપને આપના મૂર્તિ મંડનના વ્યાખ્યાનોજ સિદ્ધ કરી બતાવે છે કે, ભુલમાં ભમી રહ્યા છો !

ઇશ્વર અને પત્થરની મૂર્તિનો પોતામાં કાંઇ પણ સંબંધ નથી. માત્ર ઇશ્વર સર્વ વ્યાપક હોવાથી કોઇપણ સ્થળ તેના વગર ખાલી નથી. તેથી જડ મૂર્તિ પૂજવી, એ કોઇપિણ પ્રકારે સિદ્ધ નથી થઇ શકતું. મૂર્તિ પૂજાનું તો શ્રીમદ્ ભાગવતમાં પણ સખ્ત શબ્દોમાં ખંડન થયલું છે. (તે વિષેના બે શ્લોકો આ પુસ્તકના પત્રવ્યવહાર વિભાગમાં, અમારા તરફથી લખાયલા અન્તિમ પત્ર નં૦ ૭ માં લખાયલા છે, ત્યાં જોવા કૃપા કરવી.)

ખોટી ખુશામદ.

તેઓ વૈષ્ણુવોની ખુશામદ કરતાં બોલવા લાગ્યા કે, "મૂર્તિ સારી અથવા નરસી બનવાનો આધાર બનાવનારની ભાવના ઉપર છે. જુવો મુંબાઇના લક્ષ્મીનારાયણ તથા શ્રી નાથજીને કારીગરે પવિત્ર ભાવનાથી બનાવેલા હોવાથી તે મૂર્તિયો કેવી ચિતાકર્ષક છે કે લાખો મનુષ્યો તે જોવા જાય છે."

બકરૂં કાઢતાં ઉંટ પેઠું.

પણ ઉક્ત વાકયોથી તો "બકરૂં કાઢતાં ઉંટ પેઠું." વૈષ્ણવોના શ્રીનાથજીની સુંદરતાની તો પ્રશંસા થઇ, પણ તેઓનું "શ્રીનાથજીનું પ્રાગટય" રદ થઇ ગયું. તેમાં તો લખ્યું છે કે, "શ્રી નાથજી ગિરરાજ પર્વતમાંથી એમજ આપો આપ પ્રગટ થયા છે." વળી તેની સુંદરતાની તારીફ કરવી એ મનુષ્ય શક્તિથી બહાર છે. અમે જાતે જોઇ આવ્યા છીએ, અને તેના ચિત્રો બજારમાં વેચાય છે તેથીજ સર્વને ખાત્રી થઇ જશે કે, તેના જેવી કદરૂપી, બેડોળ મૂર્તિ કોઇ ભાગ્યેજ હોય.

વિલાયતવાળા મૂર્તિયો બનાવે છે, તે શું ભાવનાથી બનાવે છે? સાહેબો ! ભાવના બાવના તો કાંઈ નથી. માલપર મીઠાઇ છે. જેવા

પૈસા ખર્ચો તેવી મૂર્તિ મળે. દોઢીયાની ત્રણ અને સેંકડો રૂપ્યાવાળી મૂર્તિયોથીજ જણાઇ આવશે કે પૈસાની રમત છે. ભાવના તો બધી પૈસા ખરચવામાં છે.

પહેલે રૂચી અનુસાર, પછી શાલીગ્રામ, તે પછી પત્થરમાંથી કારીગર બનાવે એમ મૂર્તિપૂજાના ત્રણ વેશ તો પંડિતજીએ બદલ્યા; હવે ચોથાની વારી છે.

ચોથા વેશની વારી.

એક વેદમંત્ર બોલી પંડિતજી કહેવા લાગ્યા કે, "વેદ ભગવાન ફરમાવે છે કે, ઘોડાની લીદમાં દુધ મેળવીને મૂર્તિ બનાવો!"

સલાહ તો પહેલા નંબરની! પણ જો મનુષ્યની લીદમાં ગટરનું પાણી મેળવી મૂર્તિ બનાવે તો તે સૌથી ઉત્તમ!

મહારાજ! આપ ગમેતેમ બોલો પણ વેદ ભગવાનને કેમ કલંકિત કરોછો? એક સામવેદના મંત્રનો ઉલટો સુલટો અર્થ કરી પંડિતજી બોલ્યા કે, "જ્યારે કોઇ આફત આવનાર હોય છે ત્યારે મૂર્તિયો હસવા લાગે છે."

મૂર્તિ પૂજકોની ઉલટી રીતિ.

અમે તો જોઇયેછીએ કે દુષ્કાળ, પ્લેગ, ધર્તિકંપ આદિ મહાન આફતો આવે છે, પણ મૂર્તિયો તો કાંઇ બોલતીજ નથી. બીજાઓપરની આફત તો ઠેકાણે રહી, પણ જ્યારે ખુદ મૂર્તિયોપર આફત આવનાર હોયછે ત્યારે કેમ નથી હસતી? સોમનાથના મંદિર અને મૂર્તિના ચુરેચુરા થઇ ગયા! કરોડોની મિલકતો લુંટાઇ ગઇ કાશીવિશ્વનાથની મૂર્તિ કુવામાં પડી અને મંદિરમાંથી મસજીદ બની! તે છતાં પણ મૂર્તિ બીચારીઓએ તો ચાંની ચું પણ નહીં કરી.)

આફ્ત સમય રડવાનુ તો અમે આખા જગતમાં જોયું છે, પણ અમારા મૂર્તિપૂજકોની રીતિજ ઉલટી ! જે તેઓની મૂર્તિયો વળી હસવા લાગશે !

મહારાજ ! આગલા વખત પસાર થઈ ગયા જ્યારે આપ સાહેબોની ઉલટી સુલટી બકવાદો કામ કરતી હતી ! આ પ્રકાશના જમાનામાં એવી બેહુદી વાતો માનનારા પણ કોઈ અક્કલના શત્રુઓજ નીકળશે.

અકબરના દ્રષ્ટાંતથી અવતારનુ મંડન.

અકબર બાદશાહના દષ્ટાંતથી પંડિતજીએ અવતાર સિદ્ધ કરતાં કહ્યું કે, " અકબર, બીરબલને હમેશાં પુછ્યા કરતો હતો કે, ' તમારા ઇશ્વરને અવતાર લેવાની શી આવશ્યકતા હતી ? '—ટુંકામાં પતાવ્યે તો—બાદશાહની તે શંકા સમાધાન કરવા સારૂં, બીરબલે એકવાર બાદશાહના દીકરા સલીમનુ બનાવટી પુતળુ તેની દાસીથી નદીમાં ફેંકાવી દીધુ. બાદશાહ પણ નદીપર સહેલ કરતો હોવાથી પોતાના છોકરાને નદીમાં પડતો જોઇ કુદી પડયો. તરતજ ખલાસીઓ પણ બાદશાહની પછવાડે કુદી પડયા, અને બાદશાહ તથા બનાવટી પુતળાને બહાર લઈ આવ્યા. બીરબલે જણાવ્યું કે, ' જેમ અનેક ખલાસીયો મોજૂદ હોવા છતાં, પોતાના પુત્રને ઉપાડી લેવા સારૂં આપ નદીમાં કુદી પડયા, તેમ તે ઇશ્વર પણ પ્યારા ભકતોપર દુઃખ જોઇ અવતાર ધારણ કરે છે. ' માટે રામકૃષ્ણાદિ જે થયા છે તે સાક્ષાત પરમાત્માનાજ અવતારો છે. "

ઠીક છે ! મહારાજ ! જ્યારે એમજ છે તો મુસલમાનોના સમયમાં કે, જ્યારે સહસ્ત્રો મનુષ્યોના યજ્ઞોપવિત નિત્યપ્રતિ ઉતારવામાં આવતા હતા, લાખો આર્ય્ય બાળાઓની લાજ લુંટવામાં આવતી હતી, નિર્દોષ મનુષ્યોને હાથીના પગતળે કચડાવી મારવામાં આવતા હતા, અને ગગનવત્ મંદિરોને મસજીદનું રૂપ આપવામાં આવતું હતું, લાખો મૂર્તિયોનું ચુર્ણ કરવામાં આવતું હતું તે સમય આપનો ઇશ્વર કયાં જઇ સુઇ રહ્યો હતો ?

મહાન અત્યાચારોના સમયમાં ઇશ્વર અવતાર કેમ નથી લેતો ?

હાય ! દુર્દશા !!! આજે પણ આ પવિત્ર ભારત ભૂમિમાં નિત્ય પ્રતિ લાખો ગાયો કપાય છે, ત્યારે તમારો ઇશ્વર કેમ નથી અવતાર લેતો ?

જ્યારે ઇશ્વરનો અવતારજ " **यदा यदाही** " ગીતાજીના શ્લોક અનુસાર અધર્મના નાશ કરવાર્થે થાય છે, એમ આપ કહો છો. ત્યારે કલિયુગમાં અધર્મ વિશેષ છે કે સત્યયુગમાં વિશેષ હતો ?

આપના પુરાણો પુકારી રહ્યા છે કે, સત્યુગમાં ધર્મ પુરા સો ટકા, ત્રેતામાં પોણો સો, દ્વાપુરમાં પચ્ચાસ અને કલિયુગમાં માત્ર પચ્ચીસ ટકાજ રહેશે ! તો હવે એજ વિચારવાનુ કે, જ્યારે ગત્ ત્રણ યુગોમાં અધર્મ વિશેષ ન હોવા છતાં ત્રેવીસ અવતારો ઠોકી દીધા ! અને કલિયુગ–કે જેમાં પોણો સો ટકા અધર્મ માનો છો તેમાં માત્ર એકજ કલંકી અવતાર ! અને તે પણ વળી થશે !

જુવોછો કે લખાઇ ગયું તે લખાઇ ગયું, અને હવે લખીશું તો કોઇ માનશેજ નહી. અને જેઓએ મધુસુદન સંહિતા આદિમાં પોતાને અવતાર ઠોકી દીધા તેઓની પોલ જાહેર થઇ ગઇ, તેથી

જ ચુપ કરી બેઠાછો! નહીંતો ચોવીસમાંથી ચોરાસી કરતાં આપ-
ને શી વાર લાગે છે!

અદ્વૈત મતનું મંડન!

આગળ ચાલતાં પંડિતજીએ પોતેજ અવતારોનું ખંડન કરી દીધું! તેઓ સ્વયં એ વાતમાં શંકા ઉઠાવી કહેવા લાગ્યા કે, "આ સમગ્ર જગત બ્રહ્મજ બ્રહ્મ છે, અમે બ્રહ્મ, તમે બ્રહ્મ, દિવાલ બ્રહ્મ, બતી બ્રહ્મ, પશુ બ્રહ્મ, પક્ષી બ્રહ્મ અને જે જોઇ રહ્યા છીયે તે બધુ બ્રહ્મજ બ્રહ્મ છે. તો જ્યારે ઇશ્વર દિવાલ, બતી, પશુ પક્ષી સુધાં બની ગયો છે, ત્યારે શું તે રામકૃષ્ણાદિ નથી થઇ શકતો?"

ત્યારે અવતારોમાં વિશેષતા શી રહી?

અમે પંડિતજીને એટલુંજ પુછીશું કે જ્યારે અમે, તમે, પશુ પક્ષી બધા બ્રહ્મજ બ્રહ્મ છઇએ, ત્યારે અવતારોમાં વિશેષતા શી રહી? શું માત્ર ગોપીયોના ચીર હરવા, અને માખણ ચોરાવવાની કે?

અમને તો બહુ આશ્ચર્ય લાગતું હતું કે પંડિતજી ભાંગ બાંગ તો નથી પીઆવ્યા! હજી શંકરાચાર્યના અદ્વૈતવાદનું મંડન કરતાં પાંચ મિનિટ પણ નહીં થઇ એટલામાં તેનુ ખંડન કરવા લાગી ગયા.

પાંચ મિનિટમાં મંડનનું ખંડન થઇ ગયું!

તેઓ પોતેજ શંકા ઉઠાવી તેનો ઉતર આપવા લાગ્યો કે, "કદાચિત કોઇ શંકા કરે કે ઇશ્વર જ્યારે જન્મે છે ત્યારે મરતો પણ હશે. પણ તેઓએ જાણવું જોઇયે કે, ગીતામાં સ્પષ્ટ લખ્યું છે કે જીવ, બ્રહ્મ અને પ્રકૃતિ ત્રણે અનાદિ છે. જીવાત્માને કોઇ મારી, બાળી નથી શકતું. માત્ર શરીરથીજ તે પ્રથક થાય છે, અને નવીન શરીર ધારણ કરે છે."

મહેરબાનજી ! એમાં પહેલે તો આપે જીવ, બ્રહ્મ અને પ્રકૃતિને અનાદિ કહી અદ્વૈતવાદનું તો ખંડન કરી દીધું–કે જેને મંડન કીધે આપને પુરી પાંચ મિનિટ પણ નહોતી થઇ. બીજુ "જીવાત્મા મરતો નથી શરીરથી પ્રથક થાય છે." આપના એમ કહેવાથી તો અવતાર જીવાત્માનોજ સિદ્ધ થાય છે, પરમાત્માનો નહી. કારણ કે શરીર તો જીવાત્મા ત્યાગે છે. એ વાત તો પ્રાણી માત્ર સાથે સંબંધ રાખે છે, ઇશ્વરાવતારનું મંડન એથી વળી કેમ થયું ?

મેંઢાઓનાં ટોળાં તરતજ ઓળખાઇ જાય છે !

પંડિતજીએ તો તેજ વખતે જણાવી દીધું કે, "કલકતામાં મારૂં વ્યાખ્યાન ઓર ઢંગનું થાય છે. હું સોસાઇટી જોઇ લેકચર આપું છું."

સત્ય છે ! મહારાજ ! છે પણ તેમજ. કલકતા જેવા નગરમાં એવી બકવાદ આપ કરો પણ કેમ ! અને કદાચિત કરો પણ, તો તેજ વખતે શ્રોતાઓ ફિસાદ મચાવી વ્યાખ્યાન ઉડાવી ન નાંખે ? ત્યાંતો તરતજ રોકડું પકડાવી દે કે મહારાજ ! એવી બેહુદી બકવાદ ઘેર જઈ કરજો !

પંડિતજી ! આપને એટલા માટે પણ ધન્યવાદ છે કે, આપ મેંઢાઓના ટોળાં ને તરતજ ઓળખી લોછો !

મૂર્તિ પૂજા સિદ્ધ કરવાની નવીન ફિલો સોફી ! આગલી બધી રદ !

આગળ વધતાં મૂર્તિ પૂજાની આગલી બધી ફિલાસોફી રદ કરી નવીન ફિલાસોફી બતાવવા લાગ્યા કે, "ઇશ્વર ચર્મ ચક્ષુઓથી નથી જોઇ શકાતો. તેથી મહાન્ યોગીયોને જેમ યોગ દ્વારા દર્શન થયા, તેમ તેઓના વર્ણનથી લોકોએ મૂર્તિ બનાવી."

આ કથનથી તો અવતારવાદ સઘળો રદ થઇ ગયો. જ્યારે તે ઇશ્વર ચર્મ ચક્ષુઓનો વિષય નથી ત્યારે રામ કૃષ્ણને તો લોકો જોતા હતા. તેમજ વળી જો આપના કથનાનુસાર રામકૃષ્ણજ ઇશ્વર હોય, તો યોગીયોને યોગાભ્યાસ દ્વારા તેને જાણવાની શી આવશ્યકતા?

જ્યારે યોગીયોએ યોગ દ્વારા જોઇ ઇશ્વરની મૂર્તિ વર્ણન કીધી, ત્યારે બધી મૂર્તિયો એક પ્રકારની કેમ નહીં બની? કદાચિત આપ એમ કહો કે "તેઓને જુદી જુદી રીતે દર્શનો થયા."

તો શું–જગન્નાથની લંગડી મૂર્તિ, અને કાશીની નગ્ન મૂર્તિ જે એક હાથમાં લિંગ અને બીજા હાથમાં જીભ પકડી રહી છે–એવા બેહુદા દર્શનો પણ યોગીયોને થયા હશે? હમણા જે પાદુકાઓ પુજાય છે, તે પાદુકાઓના દર્શન કયા યોગીને યોગ દ્વારા થયા?

ઇશ્વરને જાણવાનો માર્ગ યોગ છે!

મહાશયજી! ઇશ્વરને જાણવાનો રસ્તો યોગજ છે. બાકી બીજી તો બધી પેટ ભરવાની વાતો છે! ગમે તેટલું આડું અવળું જોવા છતાં પણ આવીને ઠેકાણેજ ઉભા રહો છો. પોતેજ કબુલ કરો છો કે, "તે પરમાત્મા ચર્મ ચક્ષુઓનો વિષય નથી. યોગીયોએજ તેને યોગ દ્વારા જાણ્યો!"

તેઓએ ઇશ્વરની સર્વ શક્તિમતાનુ વર્ણન કરતાં જણાવ્યું કે,

ઇશ્વર સર્વશક્તિમતાનો દુરોપયોગ નથી કરતો.

"તે શ્યામ સુંદર સર્વ શક્તિમાન હોવાથી ગમે ત્યારે શરીર ધારણ કરી શકે છે, અને અનેક શરીરો બનાવી શકે છે. જેમ તેણે ગોપીયોની સાથે રાસક્રિડા કરવા સમય પોતાના જેવા અનેક કૃષ્ણો બનાવ્યા હતા, ઇત્યાદિ."

પ્રથમ તો એજ વિચારવાનું કે, ઇશ્વરને શરીર ધારણ કરવાની શી આવશ્યકતા ? કે જ્યારે તેનો સમગ્ર કાર્યભાર વિના શરીરે ચાલી રહ્યો છે ! શરીર ધરવાથી તો ઉલટો એક દેશી થઇ જશે. તેમજ ઇશ્વરની સર્વ શક્તિમતાનો કાંઇએ અર્થ નથી થતો કે, તે ગમે તો પોતાના નિયમથી પણ ઉલટો ચાલી શકે !

શું જો ઇશ્વર પોતે મરી જવા ચહાય તો મરી શકશે ? અથવા પોતાના જેવો બીજો ઇશ્વર બનાવવા ચહાય તો બનાવી શકશે? અથવા કોઇ પણ જીવને પોતાની હદથી દેશ નિકાલ કરવા ચહાય તો કરી શકશે ? કદીજ નહી ! કારણ કે એવી કોઇ પણ જગા નથી જે તે બ્રહ્માંડ પતિની હદ નહીં હોય, અને જ્યાં તે વ્યાપક નહીં હોય !

ઇશ્વરની સર્વ શક્તિમતાનો એજ અર્થ થાય છે કે, તે સર્વ શક્તિમાન હોવાથી પોતાના કાર્યમાં કોઇની પણ સહાયતા નથી લેતો ! જે લોકો એમ ધારી બેઠા છે કે, " તે સર્વ શક્તિમાન હોવાથી પોતાના નિયમથી વિપરીત જઇ ગમે તેમ વર્તી શકે છે. " તેઓના સમજવાની ભુલ છે. મહાત્મા તુલશી દાસજી કહે છે કેઃ—

" તુલશી રેખા કર્મકી મિટા ન શકે રામ,
મિટાને કો તો સમર્થ હૈ પર સમજ કિયા હૈ કામ. "

કર્મની રેખા સાથે એ વાતનો સંબંધ હોય અથવા ન હોય એ જુદી વાત છે. પણ એટલું તો સાદી બુદ્ધિથી સમજી શકાય તેમ છે કે, તે પરમાત્માએ સમજીને સૃષ્ટિ નિયમ બનાવ્યા છે. જો તેને પણ રોજ હેર ફેર કરવી પડતી હોય તો ઇશ્વર અને મનુષ્યમાં તફાવત પણ શો રહ્યો ?

જ્યારે શ્રી કૃષ્ણ ઇશ્વરાવતારજ સિદ્ધ થઇ નથી શકતો, ત્યારે તેણે રાસક્રિડા સમય પોતાના જેવા નવીન કૃષ્ણો બનાવ્યા એ વાતજ અસંભવિત છે. અને કૃષ્ણ મહારાજ જેવો પરમ યોગી, ધર્મ પરાયણ અને બુદ્ધિમાન મહાત્મા ગોપીયો સાથે રાસક્રિડા ખેલે એ વળી તેથી પણ વિશેષ અસંભવિત છે. એ તો માત્ર વામમાર્ગીયોએ સ્વાર્થ સાધવા સારૂ ઘુસાડેલા, (પુરાણોના) ગપાટાજ હોવા જોઇયે.

ઘુસાડેલા ગપાટા.

અજામિલનો દ્રષ્ટાંત આપતાં પંડિતજીએ જણાવ્યું કે, " એકજ વાર તે સ્યામ સુંદરના નામ લેવાથીજ મૂક્તિ થઇ જાય છે." વળી તેજ વખતે થોડીવાર પછી કહેવા લાગ્યા કે, "વોહી નજરે આતા હૈ મસજીદ ઔર બુત ખાનેમેં. અર્થાત ઇશ્વિર સર્વ સ્થળે વ્યાપક છે. પણ જેમ મેંદીનો રંગ મસળવા વગર પ્રગટ નથી થતો, તેમ ઇશ્વર પણ અભ્યાસ વગર પ્રાપ્ત નથી થતો. પત્થર જેવી છાતી કરો ! દુઃખો સહન કરો ! અભ્યાસ કરો ! ઇશ્વર મળી જશે ! "

એકજવાર નામ લેવાથી મુક્તિ !

હવે બિચારા વૈષ્ણવો કઇ વાતને માને ? પત્થર જેવી છાતી કરી દુઃખો સહન કરે ! અથવા મૂર્તિપૂજા કરે ! શું કરે ? જ્યારે તેઓને એકજવાર સ્યામ સુંદરના નામ લેવાથી મૂક્તિ મળી જશે ! ત્યારે એટલી માથાકુટ કરે કોણ ? બોલો:—

હવે વૈષ્ણવો બીચારા શું કરે ?

" હરે રામ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે. હરે કૃષ્ણ હરે રામ, રામ રામ હરે હરે. " બોલો ! જોરથી બોલો ! એવા ધાંટા

પાડો જે મેગુ ધોવાળાની દુકાન સુધી સંભળાય ! અને ગણુંજ ફાટી જાય ? બસ, પછી જોઇ લ્યો રંગ ! બેડોજ પાર !

" જેમ નચાવીએ તેમ નાચેરે, મોટા ભાઇ ફક્કડ મારા. "

દુકાનદારોનેજ પ્રપંચો કરવા પડેછે !

સ્વામી દયાનંદના વેદાર્થ પર કટાક્ષ કરતાં શ્રીમાન્ પંડિતજીએ જણાવ્યું કે, " વેદના અર્થ બધા આચાર્યોને અનુકૂળ આવે તેમ નથી. માટે દ્વૈત, અદ્વૈત બન્નેને અનુકૂલ આવે તેમ કરવા જોઇયે. અને તે બંને પ્રકારના અર્થો માનવા જોઇયે, અને તે પ્રમાણે વ્યવસ્થા કરવી જોઇયે. "

પંડિત સાહેબજી ! આતો જેને દુકાનો માંડવી હોય તેનાથી જ એવા પ્રપંચો અને મિથ્યાવાદો થાય. આગળ જો કોઇએ તેમ નહીં કર્યું હોય તો આપ હવે સનાતન ધર્મ–પચ કલ્યાણી ખીચડીમત–માટે તેવા મન માનીતા અર્થ કરજો ! પુછશે કોણ ? " **ब्रह्म वाक्यं जनार्दनः** " દોસી તું કહે સો સચ !

જેનો વિવાહ તેનાં ગીત !

એક વેદ મંત્રનો અર્થ કરતાં પંડિતજી બોલ્યા કે, " હું શંકરાચાર્ય, માધવાચાર્ય, રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય આદિ બધા આચાર્યોને અનુકૂળ અર્થ કરી શકું છું. તેમ વળી રોજ નવા નવા ઢંગના અર્થ પણ કરી શકું છું. પણ આજે સાંભળનારા બધા વલ્લભાચાર્યના અનુયાયી બેઠા છે તેથી તેજ મતને અનુસાર અર્થ કરીશ. "

શાબાસ ! ઉસ્તાદી પણ ઠીક શીખ્યા છો ! જો એમ નહીં કરો તો દક્ષણા મળે જ કેમ ? એ તો કહેવત છે કે, " જેનો વિવાહ તેનાં ગીત. "

આગળ વધતાં વળી તેઓએ જણાવ્યું કે, " કૃષ્ણચરીત્ર તથા શ્રીમદ ભાગવત પણ વેદથી **બેહજાર રૂપ્યાની દક્ષણાથી** સિદ્ધ કરી શકું છું, પણ રૂપ્યા **ગમેતે વેદાનુકૂળ થઇ શકેછે!** બેહજાર આપવા પડશે ! "

રકમતો ભારી થઇ ગઇ ! જો શ્રીમાને સો બસો સુધી કહ્યું હોત તો વખતે કોઇ એવો રાસલીલાનો પ્રેમી નીકળી પણ આવત, જે ભાગવતને વેદોથી સિદ્ધ થયલો માનત. પણ આટલી મોટી રકમ આપે કોણ ? જો તેટલી રકમ આપનાર કોઇ નીકળે તો ભાગવત તો શું પણ તે ધણીને પણ આપ વેદોથી સિદ્ધ કરી શકો ! મહારાજ ! આપનાથી બધુંએ થાય !

વ્યાખ્યાનોમાં આપ " અગસ્ત્ય ઋષિ સમુદ્રને અંચળીમાં રાખી પાન કરી ગયા, જીનભરાજાએ ગંગાજી પી જંગથી નીકાળી દીધી, વિશ્વામિત્ર કૂતરો બની સ્વર્ગમાં ગયો. " વગેરે અનેક ઉટપટાંગ દ્રષ્ટાંતો આપી કહેતા હતા કે, " અમારા પુરાણોમાં જે લખેલું છે તે બધું અમને માન્ય છે. " અને પત્રમાં લખ્યું હતું કે, " પુરાણ આદિમાં જે વેદથી વિરૂદ્ધ છે તે અપ્રમાણ છે. "

હવે અમે કઇ વાતપર ભરોસો રાખ્યે ? ત્યારે કહો કે આપનાથી **શું નહીં** થઇ શકે ? બધુએ થાય ? મહારાજ ! પેટાર્થીઓથી બધુંએ થાય !

પૌરાણિક, અસંભવિત અને સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગપોડાઓને સિદ્ધ કરવામાં પણ પંડિતજીએ કાંઇ થોડી બુદ્ધિમતા **એક ઢેડ ઔર** નહોતી વાપરી ! તેઓએ કહ્યું કે, " આજ **દુસરા કસાઇ !** કાલના સાઇન્સવાળાઓ મહાભારતપર શંકા કરે છે કે, ' દ્રોણાચાર્ય ગાગરથી ઉત્પન્ન થયા,

દ્રોપદી અગ્નીમાં પડી બહાર નીકળતી હતી, કુંતીએ કુંવારાપનમાં-જ કર્ણને જન્મ દીધો હતો. ઇત્યાદિ બધી વાતો અસંભવિત છે.' તો અમે તેઓને પુછીશું કે બ્રહ્મા આદિ દેવતાઓ, કોઇ વાયુથી, કોઇ કમળથી તો કોઈ સમુદ્ર આદિથી કેમ ઉત્પન્ન થયા ? તેવીજ રીતે ઉક્ત વાતો પણ સમજીલો."

વાહજી વાહ ! શંકા સમાધાન તો ઉજળુ દુધ જેવુ ? ગપોડાનુ સમાધાન પણ ગપોડામાં ? મહાશયજી ? આપના આ સમાધાનના દાખલાઓને માને છે કોણ ?

એક દીકરાએ માને પુછ્યું કે, "મા ! કૌન અરજા મૈ કિ મેરા ભાઈ ?" માએ ઉત્તર દીધો કે, "બેટા ! દોનો સરખે ! એક ઠેડ ઔર દુસરા કસાઈ !"

કોઇએ એક ગપોડશંખને પુછ્યું કે "ભાઇ ! તું કહે છે કે, 'મારો બાપ પૃથ્વી ઉપાડતો હતો' તે કેમ ઉપાડતો હતો, અને પોતે કયાં ઉભો રહેતો ?"

ઉત્તર મલ્યો કે, "જેમ મારો દાદો ઉપાડતો હતો તેમ !" ત્યારે તમારા દાદાએ કેમ ઉપાડી ? તો કહેવા લાગ્યા કે, "જેમ મારા દાદાનો બાપ ઉપાડતો હતો તેમ !"

અમે ધારીયે છીએ કે પંડિતજીના ઉક્ત પ્રશ્નોના સમાધાન કરવાની ફિલાસોફી એ કરતાં વધારે વજનદાર ભાગ્યેજ હોય !

સાઈન્સની આલોચના કરતાં અટકી પડયા!

પંડિતજી સાઇન્સ ઉપર પણ પોતાની ખફગી ઉતારવામાં કાંઇ પછાત નહોતા પડયા. તેઓએ જણાવ્યું કે, "સાઇન્સની આલોચના વખત મળયો તો બીજીવાર કરીશ. એ વાતો તો માથા ફોડની છે. એવી મોટી મોટી વાતો હું કલકતામાં કરૂંછું."

ત્યારે અહીંયાં શું માત્ર નોતરૂંજ આપતા હતા કે ? ઉચિત તો એમ હતું કે સાઇન્સની આલોચના અહીંયાંજ કરીનાંખી હોત, તો તાળીઓના ગડગડાટ સાથે સાર્થક થઇ જાત ! કલકતા જેવા નગ-રમાં એવી સાઇન્સના ખંડનની બકવાદો કોણ સાંભળવા આવશે ?

તેઓ હિંદુઓની વડાઇ કરતાં કહેવા લાગ્યા કે, " જો હિંદુ અને મૂર્તિ, મંદિર ભારતવર્ષમાં નહોત તો મહમુદ આવતજ કેમ ? તમોને કાફર જાણી મુસલમાનો ચડાઇ લાવ્યા હતા ! "

હિંદુઓને કાફિર જાણી મુસ-લમાનો આવ્યા હતા !

મહારાજ ! જ્યારે સમજોછો પણ ! ત્યારે લોકોને કેમ ખાડા-માં ઉતારોછો ? જો તે વખતે હિંદુઓએ કાફિરપણું (નાસ્તિકતા) ગ્રહણ ન કીધું હોત, તો ખરેખર મહમુદ આવતજ નહીં. પણ એક ઇશ્વરપરથી વિશ્વાસ ઉઠાવી પત્થરો સાથે માથાફોડ કરતા જોઇ-નેજ તો મહમદ આવ્યો હતો !

અનેક સંપ્રદાયો અને અનેક મૂર્તિયોનાં મંદિરોને લીધે વધેલો આપસમાં ઇર્ષા, દ્વેષ; અને ઇશ્વરને ભુલીજવાથી આવેલું વહેમીપણું જોઇનેજ તેણે લાગ સાધ્યો હતો !

હવે પણ કાંઇ એકજ સૃષ્ટિકર્ત્તાને જાણીલઇ આપસમાં પ્રીતિ, સંપથી વર્તો તો પણ સારૂં ! નહીંતો હજીએ કોણજાણે કેવી આ-ફતો આવશે ! બહારથી ભલે સનાતન ધર્મ બનાવી લીધો છે, પણ માંહે રહેલો પરસ્પર વિરૂદ્ધ સંપ્રદાયોનુ વેર તો કોઇ કાળે પણ જ-નાર નથી ! જ્યાંસુધી બધા હિંદુઓ વેદની શરણ લઇ એકજ સિ-દ્ધાંતપર વર્તવા કટિબદ્ધ નહીં થાય, ત્યાંસુધી સંપની આશા રાખવી મૃગ તૃષ્ણાવત્ છે.

પંડિતજીએ એક પગલું આગળ વધતાં જણાવ્યું કે, " શું મહમદની પેઠે તમો પણ મૂર્તિયોનું ખંડન કરવા આવ્યાછો ? મૂર્તિયોનું ખંડન કરવું તો ઇસાઇ તથા મુસલમાનોની નકલ છે. " (એમ તેઓએ છેલ્લા પત્ર નાં૦ ૫ માં પણ લખ્યું છે. ત્યાં જોવા કૃપા કરવી !)

મુસલમાન તથા ઇસાઇયોનું અનુકરણ કોણ કરેછે?

અમને અત્યન્ત શોક છે કે, જે મંડળની પહેલા વ્યાખ્યાનમાં પંડિતજીએ મુક્ત કંઠથી પ્રશંસા કીધી હતી; અને હિંદુઓને ઇસાઇ તથા મુસલમાન થવાથી બચાવનાર, તથા ઇસાઇ, મુસલમાનો સાથે વેદધર્મની રક્ષાર્થે શાસ્ત્રાર્થો કરનાર તરીકે જાહેર કીધો હતો, તેજ મંડળને મુસલમાન, ઇસાઇયોનું અનુકરણ કરનાર કહેતાં તેઓ લજીત પણ નહોતા થતા. પણ કહેવત છે કે " **स्वार्थी दोषं न पश्यति.** "

શ્રીમાન્ પંડિતજી તથા સનાતન ધર્મીયોએ જાણવું જોઇએ કે, અમે તો જોઇ રહ્યા છીએ કે મુસલમાન અને ઇસાઇયોની નકલતો આપ કરી રહ્યા છો ! પછી તેઓએ આપની નકલ કીધી છે, અથવા આપ સાહેબોએ તેઓની નકલ કીધી છે તે તો ઇશ્વર જાણે ! પણ સરખામણી કરતાં તો પુરાણી, કિરાની અને કુરાની એકજ ત્રાઇ સીકલના ત્રણ ચાક લાગે !

ઇસાઇયો જે રૂસલમ આદિને; મુસલમાનો મક્કા, કરબલ્લા આદિને; અને આપ સાહેબો જગન્નનાથ, નાથદ્વારા આદિને પાપ દુર થવાના પવિત્ર તીર્થો માનોછો ! ત્યારે બતાવોકે આર્ય્ય સમાજે કયા સ્થળને પાપનાશક તીર્થ માન્યુ છે ?

ઇસાઇયો પોપો અને પાદરીઓના, મુસલમાનો પીરો અને મુલ્લાંઓના, અને આપ સાહેબો મહા પ્રભુઓ અને મહારાજો આદિના—પછી ગમે તો તેઓ કાળા અક્ષરને કુટી મારતા હોય—દોડવા દોડોછો—બલ્કે તેઓના ગુલામ બની રહ્યા છો ! ત્યારે આર્ય્ય સમાજે કોને પોતાના સ્વર્ગે પહોંચાડનાર ઠેકેદારો માની લીધા છે ?

જેમ પંડિતજી કહેતા હતા કે, " બંગાળમાં બ્રહ્મો સમાજીયો સુધાં રસ્તે ચાલતાં બ્રાહ્મણોના પગમાં પડી જાય છે, અને અત્યન્ત કાલાવાલા કરી કહે છે કે, 'તે સ્યામ સુંદરને અમારી શિફારસ કરો !" જાણે બ્રાહ્મણો સ્યામ સુંદરના એજંટો થઇ બેઠા હોય ! વાત કરતાં લજ્જા પણ નથી આવતી !

આર્ય્ય સમાજ તો માત્ર વિદ્વાન અને સત્યવાદી ધર્મ પ્રેમીઓનેજ પુજનીય ગણે છે. ગમે તેવો વિદ્વાન કેમ ન હોય, જરા પણ સમાજના નિયમોથી વિરૂદ્ધ ચાલતાંજ બેલાતો મારી પ્રથક કરી દેવામાં આવે છે ! જોઇલ્યો ભીમસેનના હાલ ! હમણા ગમે તેમ ડંફાસો મારતો હોય પણ અનેકવાર માફીયો માગ્યા છતાં પણ સમાજે તેને પાછો સ્વીકાર્યો જ નહીં ! શામાટે ? માત્ર એકજવાર વૈદિક ધર્મ વિરૂદ્ધ નિંદિત કર્મ કરવા માટે જ !

આપ તો અદ્યાપી પર્ય્યન્ત અધમતાની સ્થતિએ પહોંચાવનારા ઠગ ગુરૂઓને પણ માથાના મુગટ માની બેઠાછો !

રોમન કેથોલિક ઇસાઇયો મરીયમ અને ઇસુ આદિની મૂર્તિયોને, મુસલમાનો તાબુતો અને કબરોને, અને આપ સાહેબો લાખો પ્રકારની પાષાણની મૂર્તિયોને ઇશ્વર માની પૂજી રહ્યા છો ! ત્યારે આર્ય્ય સમાજે કઇ પાષાણ મૂર્તિને પોતાનો ઇષ્ટદેવ માની લીધો છે ?

ઇસાઇયો ઇસુને ઇશ્વરનો પુત્ર, મુસલમાનો મહમદને ઇશ્વરનો રસુલ, અને આપ રામ, કૃષ્ણ, મચ્છ, કચ્છ, વરાહ આદિને ઇશ્વરના અવતાર માની બેઠાછો ! ત્યારે આર્ય્ય સમાજે કોને ઇશ્વરનો સગો અથવા અવતાર સિદ્ધ કીધો છે ?

આર્ય્ય સમાજ તો સર્વ કોમોને સત્યમાર્ગ બતાવેછે

એવી રીતે જો સરખામણી કરવા બેસીયે તો અનેક વાતોનો મેળ મળી આવે. પણ સઘળી વાતોનો સારાંશ ઉપલા વિષયોમાં આવી જાય છે. અમારા ન્યાયી બન્ધુઓ વિચાર કરશે કે, ઇસાઇ અને મુસલમાનો સાથે કોણ વિશેષ મળીતાપણું રાખે છે ?

આર્ય્યસમાજ તો હિંદુ, મુસલમાન અને ઇસાઇયોને સત્ય વૈદિક સનાતન ધર્મનો માર્ગ દર્શાવી રહ્યો છે. અને ઉપલી ત્રણે કોમોમાં રહેલી ખરાબીયો જાહેર કરી, તેને ત્યાગી દેવાની વિનતી પણ કરી રહ્યો છે !

છતાં પણ પોતાનો દોષ બીજાઓપર આટોપી દેવો, એ તો પોતાની પોલ હાથે કરી જાહેર કરવાનો રસ્તો છે.

સનાતનધર્મ પશુ હત્યાને વેદોક્ત કર્મ માને છે.

પંડિતજી તો હિંસા પણ વેદોક્ત કર્મ માનતા હતા. તેઓએ જણાવ્યું કે, "વેદમાં જ્યારે હિંસા છે ! ત્યારે શું જૈનિયોના આક્ષેપોથી અમે હિંસા છોડી દઇશું ?" તેમજ વળી તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, "અગ્નીહોત્ર કરનારે દરવર્ષે કમમાં કમ બે પશુઓ અવશ્ય હોમવાં જોઇયે !"

અહા ! બોલતાં લજ્જા પણ નથી આવતી ! જે વેદોને આપ ઇશ્વર વાક્ય માનોછો તેમાં વળી હિંસા બતાવવી, એ તો જાણી જોઇ વેદોને અન્યાયીઓ કૃત સિદ્ધ કરવું છે. શું ઇશ્વર પણ આપના જેવો હત્યારો છે જેણે યજ્ઞોમાં પશુ હોમવાની આજ્ઞા આપી જ્યારે હિંસાને આપ વેદોક્ત કર્મ માનોછો ત્યારે તે વિષય ઉપર આર્ય્ય સમાજ સાથે શાસ્ત્રાર્થ કેમ નથી કરતા ? અનેક સ્થળોએ આપના પંડિતો એ વિષય ઉપર શાસ્ત્રાર્થ કરવાને કટિબદ્ધ થતાજ નથી !

જ્યારે પશુ કાપી યજ્ઞમાં હોમવાથી તેને સ્વર્ગ પ્રાપ્ત થયલો માનોછો ! ત્યારે પોતાના માતા પિતાને અથવા પોતાને ખુદને કાપી કેમ નથી યજ્ઞમાં હોમાવતા ? તો સુગમ રીતિએ સ્વર્ગ પ્રાપ્ત થઇ જાય !

એ વિષયપર અમારા વૈષ્ણવ ભાઇયોએ ખુબ વિચાર કરવાનો છે કે, જેને આપ સનાતન ધર્મ માનો છો તે પશુ કાપવાની પણ આજ્ઞા આપે છે ! તેમ અમારા બ્રહ્મદેવોએ પણ જાણવું જોઇયે કે પંડિતજી તો કહી ગયા છે કે, " જે બ્રાહ્મણ અગ્નિ હોત્ર નથી કરતો તે શુદ્ર તુલ્ય છે. અને જેમાં વર્ષ દહાડે બે પશુઓ હોમવામાં નથી આવતા તે અગ્ની હોત્રજ નથી. "

હવે ગમે તો અગ્નિ હોત્ર ન કરી શુદ્ર તુલ્ય બનો ! અને ગમે તો બે પશુઓને દર વર્ષે હોમી હત્યારા થાઓ ! ધન્ય છે ! સનાતન ધર્મની શિક્ષાને !

ચોર કોટવાળને દંડે !

ઋષિ દયાનંદ " **अहिंसा परमो धर्म** " નો સિદ્ધાંત બતાવી વેદોને હિંસાથી રહિત સિદ્ધ કરે છે. છતાં પણ તેના વિષે ખોટી સાચી વાતો ફેલાવી તેને હિંસક સિદ્ધ કરો છો ! અને પોતે જાહેર સભામાં બોલી જાઓ છો કે, યજ્ઞાદિમાં

પશુ હોમવામાં પાપ નથી! ધન્ય છે મહારાજ ! આ સમજજ એવો છે જે "ચોર કોટવાળને દંડે !"

પંડિત ગોવિન્દરામજી પોતે રામા નંદી હોવાથી વલ્લભાચાર્યોની પોલ ખોલવા પણ નહોતા ચુકયા. ધુનમાં ને ધુનમાં તેઓએ જણાવી દીધું કે, "બ્રહ્મ સંબંધ કાંઇ વેદોક્ત સંસ્કાર નથી. વેદોક્ત સંસ્કાર તો યજ્ઞોપવીત છે. બ્રહ્મ સંબંધ લીધા વગર તેની સાથે ખાનપાનાદિ વ્યવહાર નહીં રાખવો, એ ભુલ છે."

બ્રહ્મ સંબંધ વેદોક્ત સંસ્કાર નથી!

એવી રીતે જો પંડિતજીના વ્યાખ્યાનો માંની ન્હાની ન્હાની વાતોની સમાલોચના કરવા બેસીયે તો એવા બે પુસ્તકો ભરાય. જેથી ખાસ તેજ વાતોની આલોચના કરવામાં આવી છે, કે જે વાતો જોર દઇ પંડિતજી જણાવતા હતા, અને તેઓના વ્યાખ્યાનોમાં મુખ્ય મુખ્ય હતી.

તેઓએ પોતાને પોલીશ અને આર્ય્ય સમાજીયોને ચોર જણાવતાં કહ્યું હતું કે, "જો ચોરોનો ભય નહીં હોય તો પોલીશ સાવચેતી રાખે પણ કેમ ?"

ખરો ચોર કોણ?

તેઓએ જો એમ કહ્યું હોત કે, "લાતો મારી જગાડનારા આર્ય્ય સમાજીયોએ જો આપણો ભરનિંદ્રામાં અસુખ ન કીધો હોત તો આપણે આળસુઓ જાગીયે પણ કેમ ?" તો બેશક બંદ બેસતું હતું. પણ ઉપરોક્ત કથન તો તેઓ શ્રીઓનેજ લાગુ પડે છે !

લુંટી ખાનારા ચોર, અને તેથી બચાવનારને પોલીશ કહેવામાં આવે છે. હવે કોણ ચોર છે જે જગતને લુંટી ખાય છે? અને કોણ પોલીશ જે તેઓની ફરેબ જાલમાંથી છુટવાનો લોકોને ઉપદેશ કરી રહ્યા છે ?

પક્ષપાત રહિત પુરૂષો એકજ અવાજે કહી દેશે કે, લુંટીખાનારા ચોર અને ઠગોથી લોકોને બચવાનો ઉપદેશ તો આર્યસમાજ અનેક સંકટો સહ્યા છતાં પણ કરી રહી છે ! અને જે ચોરો છે, તે તો જગજાહેર છે. "પાયપિંડ લાયલિંડ ટકો હિતધર" એ તે ઠગોનું મૂલમંત્ર છે !

કટાઇ જવું તો લોઢાનો સ્વભાવિક ગુણ છે !

તેઓ પહેલે તો આર્ય સમાજીયો સાથે સુલેહ સંપ કરી ચાલવાની સનાતની ભાઇયોને શીખામણ આપતા હતા. અને દ્રષ્ટાંત તરીકે જણાવતા હતા કે, "આર્ય સમાજીયો તો વેદને માનનારા—આસ્તિક છે. પણ બેંગાળમાં તો બ્રહ્મો સમાજીયો જેઓ વેદોને પણ નથી માનતા, તેઓની સાથે પણ ત્યાંના સનાતનીયો સંપ કરી ચાલે છે. આ સમય વિરોધનો નહીં પણ સંપ કરી ચાલવાનો છે, વગેરે."

પણ લોઢું ગમે તેટલો ચળકાટ મારતું હોય, પણ કટાઇ જવું એ તેનો સ્વભાવિક ગુણ છે. તેમજ પંડિત ગોવિન્દરામજી પણ ગમે તેટલો સંપથી વર્તવાનો ઉપદેશ કરતા હતા, પણ તેઓ સ્વભાવિક રીતે દ્વેષ અને ઇર્ષાના ઘરરૂપી સાંપ્રદાયીક શિક્ષામાં ઉછરેલા હોવાથી, છેલ્લે અંતે પોતાનો દ્વેષ પ્રગટ કર્યા વગર નહોતા રહ્યા, અને આર્ય સમાજીયોને તેઓએ પરમ શત્રુ તરીકે જાહેર કીધા હતા.

એકજ પાયાપર ઘડાયલી ત્રિપુટી !

સનાતની ભાઇયોને તો તાળીઓ પીટતાં જ આવડે ! આજે એક વાત કહી કાલે તેની વિરૂદ્ધ બીજી વાત કહી દો તો પણ તાળીઓનો ગડગડાટ ! "ભેંસની આગળ ભાગવત !"

પણ જ્યાંને ત્યાં, નેતા—વક્તા અને શ્રોતાઓની ત્રિપુટી એકજ પાયા ઉપર ઘડાયલી ત્યાં વળી તાળીઓની શી મણા હોય ?

સાચી શીખામણ આપવા પણ નહોતા ચુકયા !

ગમે તેટલું અયુક્ત બોલ્યા છતાં પણ વચ્ચે વચ્ચે તેઓ શ્રોતાઓને સત્ય શીખામણ આપ્યા વગર નહોતા રહ્યા. સ્વદેશાભિમાની થવાની; સ્વદેશી વસ્તુઓ વાપરવાની; સંધ્યા, અગ્નીહોત્રાદિ કર્મ કરવાની અને અનાથાલયો સ્થાપી નિરાધાર બાળકોને આશ્રય આપવાની તેઓ ખાસ જોર દઇ ભલામણ કરતા હતા. માનસિક સેવા અત્યુત્તમ છે, વેદને નહીં જાણનાર બ્રાહ્મણ શુદ્ર તુલ્ય છે એમ તેઓ વારંવાર પુકારી પુકારી કહેતા હતા. તેઓએ વાત ઉપર પણ ઘણો જોર દેતા હતા કે, "ધાર્મિક વિષયોમાં અવસ્ય શંકા કરવી જોઇયે. જેમ કસોટી વગર સોનું નથી પરખાઇ શકાતું, તેમ બુદ્ધિરૂપી કસોટીપર ચડયા વગર—સત્ય—ધર્મની પણ પરિક્ષા નથી થઇ શકતી."

શંકા કરેજ કોણ?

એમ તો આર્ય્ય સમાજ પણ કહે છે! પણ એવી વાતોને સમજનાર હતુ કોણ ? ત્યાંતો માત્ર આર્ય્ય સમાજને એક બે ગાળો મળી એટલે જોઇ "લ્યો તાળીઓનો રંગ! શંકા કરેજ કોણ ?

"वडे कहे सो कीजिये."

પંડિતજીએ આર્ય્ય સમાજપર કટાક્ષ કરતાં કહ્યું હતુ કે, "આર્ય્ય સમાજીયો અગ્ની હોત્રાદિથી વાયુની શુદ્ધિ, માર્જનથી આળસ નિવૃતિ, આચમનથી કફ નિવૃતિ માને છે, વગેરે."

પણ તે સમય કોઇ એવો માતાનો પુત્ર નહીં ઉભો થયો જે

પ્રશ્ન કરે કે, "મહારાજ! ત્યારે આપતો સમજાવો કે તેમ કરવાનું શું કારણ હશે?"

સ્વર્ગના લોભથી કર્ત્તવ્ય મુઢ થઈ ગયા છે!

અમને તો અત્યન્તાશ્ચર્ય લાગે છે કે, જે વૈદિક કર્મોને અમે માન્યે છીએ તેને તેઓ પણ માને છે. છતાં પણ તેઓ કટાક્ષ કરતાં કેમ નથી શરમાતા? શું તેઓ માર્જન, આચમનાદિ નથી કરતા? તેઓ પણ કરે છે તો સહી પણ આર્ય્ય સમાજ માત્ર તેના ખરા કારણો બતાવે છે, તેથીજ તેઓને માઠું લાગી જાય છે.

તેઓ તો દરેક વાતમાં સ્વર્ગ પ્રાપ્તિ અને પાપનિવૃત્તિ વગર બીજું કાંઇ જાણતાજ નથી. વૈકુંઠ અને ગૌલોકની આશાથી તેઓ એટલા તો કર્ત્તવ્ય મુઢ થઈ ગયા છે કે, દેશોન્નતિ અથવા આત્મોન્નતિ નીતો વાતજ નથી સમજતા. જે કર્મોના આપણે પ્રત્યક્ષ ફલ જોઇ રહ્યા છીએ, તેનાથી માત્ર "સ્વર્ગજ મળશે" એ વગર બીજો એક અક્ષર પણ નથી જાણતા.

દ્વિતીય ભાગની સમાપ્તિ.

હવે આ દ્વિતીય ભાગને સમાપ્ત કરતાં એટલુંજ જણાવીશું કે, પંડિતજીએ અવતાર અને મૂર્તિ પૂજાની પુષ્ટિમાં અનેક વેદમંત્રોના પ્રમાણો પણ આપ્યા હતા. પણ જે મંત્રોથી તેઓ મૂર્તિ અને અવતાર સિદ્ધ કરતા હતા તે મંત્રોનો સ્વામી દયાનંદે બીજાજ પ્રકારનો અત્યંત યુક્તિ પૂર્વક અર્થ કીધો છે.

અમે તે મંત્રો, પ્રથમ બન્ને પક્ષના અર્થ સાથે અત્રે છાપી દેવાનો વિચાર રાખ્યો હતો, પણ પુસ્તકનો આકાર અમે ધાર્યું હતુ

તે કરતાં અત્યંત વધી ગયો છે. તેમજ અમારા દેશવાસી ભાઇયો કાંઇ બધા સંસ્કૃતજ્ઞ નથી હોતા, જેથી કદાચિત એમ પણ કહી ટાળી દે કે, દયાનંદે અર્થો બદલી નાંખ્યા." જેથી માત્ર યુક્તિ પૂર્વકજ પંડિતજીના વ્યાખ્યાનોની સમીક્ષા કરવામાં આવી છે. જો પંડિતજી શાસ્ત્રાર્થમાં ઉતર્યા હોત તો આપે જણાઇ આવત કે તે મંત્રોનો શો અર્થ થાય છે! અસ્તુ.

પણ અમને અત્યની આશ્ચર્ય લાગે છે કે, શ્રીમાન્ પંડિતજી જે વિષયોની પુષ્ટિમાં અનેક વેદમંત્રો બોલી જતા હતા, તેજ વિ- ષયોને વેદોક્ત સિદ્ધ કરવાથી કેમ હઠી ગયા? તેઓની સઘળી વાતો અમે સ્વીકાર્યા છતાં પણ અન્તિમ પત્રનો અમને ઉત્તરજ નહીં મલ્યો!

અફસોસ! સદ્ અફસોસ! શું ડંફાસો માત્ર ભોળા ભાવિકો સુધીજ હતી કે? પણ ઘરમાં વડાઇ કરતાં કોને નથી આવડતી? બધાઓને!

દ્વિતીય ભાગ સમાપ્ત.

॥ ओ३म

તૃતીય ભાગ.

સનાતન ધર્મ સભાનો સિદ્ધાંત.

અને

આર્ય્યસમાજથી ઉપજેલો મી. કીકલાનો કચવાર !

સનાતનધર્મ એટલે શું ?

પ્રિય વાંચકવૃન્દ ! સનાતનધર્મ સભાના સિદ્ધાંત વિષે કાંઇ વિવેચન કરીયે, તેથી પ્રથમ એ જાણવું આપણને અત્યાવશ્યક છે કે, સનાતનધર્મ એટલે શું ? સનાતન શબ્દનો વાસ્તવિક અર્થ શો થાય છે ? અને હાલમાં જે સનાતન ધર્મનો ઢોલ વગાડવામાં આવે છે—અર્થાત્ ધર્મસભા વાળાઓ જેને સનાતન ધર્મના નામથી પોકારે છે, તે વાસ્તવિક સનાતન ધર્મથી કેટલો વિપરીત છે !

"સનાતન ધર્મ" એ શબ્દ સમુદાયમાં બે પદ છે. એક "સનાતન" તથા બીજો "ધર્મ" શુભ કર્મજન્ય લોક પરલોકના સુખનો જે સાધક હોય તેને ધર્મ કહે છે, અને "સનાતન" શબ્દનો એ અર્થ થાયછે કે, જે સર્વદા વિધમાન રહે, જેના આદિ અન્ત નહિ હોય.

"સનાતન ધર્મ" એ વાક્યનો એ અર્થ છે કે, જે ધર્મ સર્વદા એક રસ ચાલતો આવતો હોય, અને જે ધર્મની ઉત્પતિ તથા વિનાશ ન હોય, તે ધર્મને સનાતન ધર્મ કહે છે.

ખીચડી મતનું આડંબર !

પણ હાલમાં પરસ્પર એક બીજાથી વિરૂદ્ધ શૈવ, શાક્ત, ગાણપત, વૈષ્ણવાદિ સમ્પ્રદાયો; તથા દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટા દ્વૈતે અને શુદ્ધાદ્વૈત આદિ અનેક મતોના શંભુમેળાનું નામ "સનાતન ધર્મ" રાખવામાં આવ્યું છે. અને આ બનાવટી સનાતની ધર્મને વેદોક્ત સનાતન ધર્મના નામથી પ્રસિદ્ધ કરી લોકોની આંખોમાં ધુળ છાંટવામાં આવે છે. પણ યાદ રાખવું જોઇયે કે, આ ખીચડી મતનું મિથ્યા આડંબર ઘણા વખત સુધી ટકી શકે તેમ નથી.

અંધ વિશ્વાસીઓની અક્કલ !!!

આ ચવચવના મુરબ્બા મતમાં અનેક લોકો સમ્મિલિત છે. જેમાંનો ઘણોખરો ભાગ તો કાળા અક્ષરને કુટીમારનારોજ છે. અને તેઓજ વિદ્યાના વેરીઓ આધુનિક સનાતન ધર્મપર અંધ વિશ્વાસ રાખેછે. તેઓ તો ગંદા રોજગારના ધંધાના ફંદામાં આંધળા થઇને એટલા તો મુઢ બની ગયલા હોયછે કે, સાર અસાર જાણવાની પણ શક્તિ નથી ધરાવતા. ધર્મ કઇ ચીડીયાનું નામ છે? તેની તો તેઓ સ્વપ્ને પણ કલ્પના નથી કરતા. માત્ર અંધ પરમ્પરાથી ચાલતી આવેલી રીતિ રસમોનેજ તેઓ સનાતન ધર્મ માની બેઠા છે.

ખાડામાં ઉતરનારાઓના ચાર વિભાગ.

બાકી જે સુશિક્ષિત વર્ગ જાણીજોઇ આ પચરંગી પંથમાં ભાગ લે છે, તેમાં ચાર પ્રકારના મનુષ્યો જોવામાં આવે છે. એક તો ભિક્ષુક બ્રાહ્મણો કે જેઓની આજીવિકાજ મૂર્તિ પૂજા, નવ ગ્રહ પૂજા, તીર્થ યાચના, મુડદાઓના નામનું અન્ન ખાવા તથા જન્મપત્રીઓ જોવાપરજ બંધાયલી છે. તેઓ આ વિના પરિશ્રમના ધંધાને મુકી નિર્દોષ જીવિકા ઢુંઢવાનો ભાર માથે ઉપાડી સત્ય સનાતન વૈદિકધર્મનો સ્વીકાર કેમ કરશે ? આ ઠગાઇનો તો વૈદિકધર્મ વેરી છે !

બીજા જે કામધંધા અને નોકરી ચાકરીવાળા બ્રાહ્મણો એમાં સમ્મિલિત છે તેઓ પોતાના ભાઇયોની આ મુફતખોરીની વિરૂદ્ધ જઇ તેઓના અવકૃપાપાત્ર થવા નથી ઇચ્છતા. જેથી તેઓને પણ લાચારીએ એ ખીચડી મતની શરણમાં રહેવું પડ્યું છે.

અને ત્રીજો વર્ગ, જે બ્રાહ્મણો સિવાય બીજા વર્ણોના લોકોનો સ્વતંત્ર આજીવિકા ધરાવવા છતાં એ ધર્મમાં ભાગ લે છે, તે ડર પોકોનો છે. તેઓ પોતાના સગા સંબંધીઓના ડરથી આ પચરંગી પંથોના રાંભુમેળાથી છુટીજ નથી શકતા.

અને ચોથો વર્ગ જે આ સનાતન ધર્મના અનુયાયી કહેવડાવવાનો અભિમાન રાખે છે, તે સ્વાર્થી તથા માનપાનના ભુખ્યાઓનો છે. જેમાંના કેટલાકોની આજીવિકાનો આધાર, આ ધર્મના અંધ શ્રદ્ધાળુ નિરક્ષરોપરજ હોય છે, જેથી તે બીચારાઓનો— પાપી પેટની ખાતર—તેઓની પછવાડે ખાડામાં ઉતર્યા વગર છુટકોજ નથી.

જ્યારે કેટલાકો માત્ર—ધણાઓ તેમજ પૈસાદારોના—તેજમાં અંજાઈ જઇ માનપાનની આશાથી તેઓની સાથેજ સમ્મિલિત રહે છે. ખુશામતખોરીથી મળતા માનને; તેમજ મેઢાઓની સાથે મેઢું થઈ ચાલવાને તેઓ કીર્તિ સમજે છે.

કીર્તી સંપાદન કરવાની સલાહ.

અમને પણ તે કીર્તી સંપાદન કરવાની અમારા પરમ હિતૈષી મિત્રો તરફથી ન નામા હેંડબિલો, અને છુપા ન નામા પત્રોદ્વારા સલાહ આપવામાં આવે છે. નનામા હેંડબીલદ્વારા સંકેતમાં સૂચના કરનાર મી. દ્વિજકુમાર, અને છુપા પત્રદ્વારા ખુલેખુલી સૂચના કરનાર " એક ગુપ્ત (ચોર મંડળનો સભાસદ " છે. પણ તેઓ શ્રીઓ પોતે તે કીર્તી મેળવવામાં કેટલા ફતેહમંદ થયા છે? તે પોતાના મનમાંજ સમજતા હશે?

અમે તેઓના હેંડબીલ અને પત્રની સમીક્ષા કરીએ તેથી પ્રથમ મી૦ કીકલાની ધમકીનો ઉત્તર આપવો આવશ્યક સમજીયે છીયે.

મી૦ કીકલાને નહીં પણ ધર્મસભાને ઉત્તર !

જો મી૦ કીકલાએ આર્ય્ય સમાજની વિરૂદ્ધ ગમે તેટલું બોલ્યા છતાં માત્ર સનાતન ધર્મ સભાના આરંભત્રિવેશનમાં સ્થાનિક સમાજને ધમકી ન આપી હોત, તો તેઓના અન્ય બકવાદના ઉત્તરમાં અમને લખવાની કાંઇ પણ આવશ્યક્તા નહતી. કારણ કે એવા રસ્તે ચાલતાં બકવાદ કરનારાઓના જો આર્ય્યસમાજ ઉત્તર લખવા બેસે તો ખરેખર આર્ય્ય સમાજીઓને કોઇ દીવસ લુગડાં પણ ઉતારવા પડે. તેમજ વળી એવા ફોગટીયાઓના બેઢંગા બોલો ઉપર કોઇ ધ્યાન પણ આપતું હોય એમ નથી લાગતું. જે બુદ્ધિમતાના બોલોનો નમુનો પાછળથી બતાવીશું.

પણ સનાતન ધર્મસભાની સ્થાપનાને દીવસે તેઓએ જે ધમકી આપી હતી તે સનાતન ધર્મસભા ઠઠ્ઠા તરફથીજ સમજી તેનો ઉત્તર લખવો આવશ્યક છે.

મી૦ કીકલાની મીથ્યા ધમકી.

મી૦ કીકલાએ આર્ય્ય સમાજીયોનુ પોતાની વડાઇ અને વિદ્વતા તરફ ધ્યાન ખેંચતાં કહ્યું કે, "હવે તેઓએ એમ નહીં સમજી લેવું કે, તેઓના લેખોનો કોઈ ઉત્તર આપનાર છેજ નહીં. પણ તેઓએ યાદ રાખવું કે, જો તેઓના તરફથી એક પુસ્તક અથવા હેંડબીલ અમારી વિરૂદ્ધમાં પ્રગટ થશે તો અમે એ દ્વારા ઉત્તર આપીશું. પહેલા જ્યારે 'ભાટિયાઓની ગુરૂ ભક્તિ' સમાજના મંત્રી તરફથી પ્રગટ થઈ હતી ત્યારે અમારી કોઇ સભા યા સોસાઇટી નહોતી, પણ હમણા તે કાયમ છે."

શું સભાવગ ઉત્તર નહી લખાય?

અમે મી૦ કીકલાજીને પુછીયે છીએ કે સભા અને સોસાઇટીની કોઇ પુસ્તક અથવા હેંડબીલના ઉત્તર લખવા માટે શી આવશ્યકતા? હમણા જે "નગર ઠઠ્ઠાના સત્ય ધર્મ જીજ્ઞાસુઓને બે બોલ" શીર્ષક હેંડબીલ આપના તરફથી પ્રગટ કરવામાં આવ્યું હતું, તે કઇ સભા તરફથી હતું? ત્યારે જેમ વગર સભાએ આપે હેંડબીલ છપાવ્યું, તેમ કદાચિત "ભાટિયાઓની ગુરૂ ભક્તિ" ના પણ ઉત્તર છપાવી દીધો હોત, તો કોણ ના પાડનાર હતું? તેમજ ઉક્ત પુસ્તકમાં તો સનાતન ધર્મ સભા વિરૂદ્ધ કાંઇ પણ લખવામાં નથી આવ્યું. માત્ર ભાટિયા અને તેઓના ગુરૂઓની જ બલિહારીનુ વર્ણન છે. આપ પણ ભાટિયા તેમજ મહારાજોના ભક્ત તો છોજ! ત્યારે આપે કેમ ઉત્તર નહી લખ્યો?

હમણા પણ શું ખારૂં ખાટું થઇ ગયું છે? આગળ માત્ર "ગુરૂ-ભક્તિ" હતી પણ હમણા તેનીસાથે "ધર્મસભાનું ધતિંગ" મળી બે ચોપડીઓ થઇ છે! લખો બે ચોપડીઓનો—ચારમાં તો શું પણ એકમાં પણ—ઉત્તર! કે માત્ર એમજ ગપોડા હાંકતાં આવડે છે!

પુરાણો રાખજો તો પાખંડ જણાવવું સહેલ થાય!

પણ કૃપા કરી એટલો અમારા ઉપર અવશ્ય ઉપકાર કરજો કે, જ્યારે આપ સમાજ તરફથી પ્રગટ થયલા પુસ્તકોનો ઉત્તર લખવા બેસો તેથી પ્રથમ આપના માનનીય અને પૂજનીય ૧૮ પુરાણો, મહાભારત અને અન્ય સાંપ્રદાયીક ગ્રંથોનો જથ્થો મોજુદ રાખજો! તો અમારો પ્રત્યુત્તર પણ કાંઇ સફળ થાય. અમે આપના પુરાણોના દાખલા બતાવીએ તો પુરાણોના અનુયાયીઓને તરતજ જોઇ ખાત્રી કરવી સુગમ થઇપડે. અને હાલમાં જે લોકો "અમારો સનાતન ધર્મ, અમારો સનાતન ધર્મ" કરી કુદી રહ્યા છે તેઓ પણ જોઇ નિશ્ચય કરે કે, તેઓ જેને સનાતન ધર્મ માની બેઠા છે તે કેવા આશ્ચર્યકારક અને અશ્લીલ પ્રકારના સિદ્ધાંતો તથા લેખો ધરાવે છે.

અમે એ વાતમાં તો અત્યન્ત પ્રસન્ન છીએ કે, અમારા ભાઇયો અમારી સાથે હેંડબીલો અને ટ્રેક્ટોદ્વારા ધર્મચર્ચા ચલાવવી આરંભ કરે! તો અમને, તેઓને તેમજ જન સમુદાયને પણ તેમાં લાભ છે. પછી શાસ્ત્રાર્થોની પણ શી આવશ્યક્તા? શાન્તિપૂર્વક સાધારણ રીતે ધર્મવિચાર થતો રહેશે, અને લોકો વાંચતા રહેશે!

કહો મિત્ર! એથી વધારે સમાજને તે વળી શો લાભ થનાર છે? આમતો કોઇ સાંભળે અથવા—શેઠીયાઓની મુગલાઇના ડરથી ન પણ સાંભળે, પણ આમ વાંચશે તો જરૂર!

મી૦ કીકલા ફુ-લાઇ ગયા !

અમે ધારીયે છીએ જે મી૦ કીકલાએ એક હેંડબીલ પોતાના નામથી પ્રગટ કીધું, તેમજ વળી મી૦ દ્વીજ-કુમારના હેંડબીલમાં પણ તેઓના વખાણવા જા, તેથીજ તેઓએ ફુલાઇ જતાં કહેલું હોવું જોઇયે કે, " એકનો ઉત્તર બેમાં આપીશું." પણ તેઓને ફુલાઇ જવાનુ કાંઇ પણ કારણ નથી. કારણકે તે બન્ને હેંડબીલોમાં અમારી એકપણ વાતનો ઉત્તર નહતો. માત્ર ઓરતોની પેઠે સિઠણા અને મેંણાની શૈલીમાંજ તે બન્ને હેંડબીલો લખાયલા હતા.

સમાજના હેંડબીલનો સાર !

આર્ય્ય સમાજના તરફથી પ્રગટ થયલા " પૈરાણિક ઢોલકી પોલ " શીર્ષક હેંડબીલમાં શું લખેલું હતું, તેતો પ્રાયઃ સમગ્ર નગરઠઠ્ઠા વાસીયોએ વાંચ્યું હશે. તેથી તેનો સંપૂર્ણ ઉતારો નહીં આપતાં માત્ર સંક્ષેપમાંજ તેનો સાર જણીવીશું.

પ્રથમ તેમાં પંડિત ગોવિન્દરામજીના પરસ્પર વિરૂદ્ધ બકવાદોના બે ત્રણ નમુના દર્શાવી, અમારા ભાઇયોને માત્ર તાળીઓ પીટતાંજ આવડે છે, બીજું કાંઇ નથી સમજતા; તથા અમને સભામાં પ્રશ્ન કરવાની છુટીજ ન મળી; તથા અમારા બબુકદાસ ભાઇયો મારીને મુસલમાન કરવાની રીતિ અખત્યાર કરી રહ્યા છે; વગેરે વિષયોપર શોક પ્રગટ કરવામાં આવ્યો હતો.

અને કોઇને જોર જુલમથી પોતાની તરફેણમાં, હાનિ પહોંચાડવાનો ભય બતાવી ટકાવી રાખવા, એ શું સનાતન ધર્મ છે ? એ વિષે બે ત્રણ પ્રશ્નો પુછવામા આવ્યા હતા. ધીર પુરૂષો ન્યાય માર્ગથી કદી પણ નહીં હટશે, અને આર્ય્ય સમાજ પોતાનુ કામ કરતીજ જશે, એમ તેઓને ભાર દઇ જણાવવામાં આવ્યું હતું.

અને પંડિત પૂર્ણાનંદજી અમુક જગાએ, અમુક વિષયપર વ્યાખ્યાન આપશે, તે પ્રસંગે ગમે તે માણસની શંકા સમાધાન કરવામાં આવશે એમ જણાવી, અંતમાં પંડિત ગોવિંદરામજી વેદવિરૂદ્ધ બકી રહ્યા છે, તે માટે તેઓને શાસ્ત્રાર્થની ચૈલેંજ પુકારી પુકારી આપવામાં આવી હતી!

ઉચિતતો એમ હતું!

હવે કહો મી. કીકલાજી! તમો સાહેબોએ કઇ વાતનો ઉતર લખ્યો? આપને ઉચિત તો એમ હતું કે પ્રથમ પંડિત ગોવિન્દરામજીની બકવાદોના અમે જે નમુના દર્શાવ્યા હતા તે ખોટા છે, એમ સિદ્ધ કરત, અને શંકાનુ સમાધાન કરવું પંડિતજીને યોગ્ય હતું કે નહીં? તેનો પણ ઉતર લખત તથા ભોળા ભાટિયાઓની વર્તણુક અન્યાયી નથી, એમ સાબિત કરી બતાવત અને જે બાબતો અમે લખી હતી તે સનાતન ધર્મ છે કે નહીં? તેનો પણ ખુલાસો કરત. તો અમે પણ જાણી લીધું હોત કે, ના ભાઇ! ઉતર તો ઠીક મલ્યો.

મી૦ કીકલાના હેંડબીલનો સાર.

મી૦ કીકલાજી! આપે શું લખ્યું છે? તે તો જુવો! "અમુક અમુક પદવી વાળા પંડિત ગોવિન્દરામ વ્યાખ્યાનોનો વરસાદ વરસાવી રહ્યા છે. વરસાદ જ્યારે ખેતર, જંગલ અને દરીયામાં પડે છે ત્યારે તે સ્થાનને અનુકૂળ ઉત્તમ ફળો પેદા થાય છે. પણ કંટક વૃક્ષોપર પડવાથી કાંટાજ થાય છે. તેવીજ રીતે ગોવિન્દરામના વ્યાખ્યાનોથી સજ્જનોના હૃદયમાં પ્રેમ ફુટયો છે, અને તેઓ વ્યાખ્યાનો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે દુર્જનો ઇર્ષા, દ્વેષથી બકવાદમાં પડી ગયા છે. પવિત્ર ધર્મ સાથે પાખંડીઓ,

અને પંડિતો સાથે મૂર્ખાઓજ વેર કરે છે. તેઓ જે મતને લઇ બધાઓથી પ્રતિકૂળ ચાલે છે તે મતને વેદ સિદ્ધ કેમ નથી કરતા? તેઓ શાસ્ત્રાર્થ કરવાની આનાકાની કરશે તો પબ્લીક તેઓની પોલ જાણી જશે. જેનો સનાતન ધર્મપર ભરોસો છે તે કદી પાખંડને નહી પકડશે. અને તેજ સ્વધર્મથી તે કલ્યાણ પામશે. માટે સનાતની ભાઇયોએ તરત ધર્મ સભા સ્થાપન કરવી જોઇયે. ”

નામ લેતાં કેમ શરમાઇ ગયા?

કેમ મી૦ કીકલાજી ! બસ, એવાજ ઉત્તરોથી અમને ધમકી આપતા હતા કે ? આતો સીઠણા છે. અમારી વાતોમાંનો તો એકનો પણ ઉત્તર નથી !

શાસ્ત્રાર્થથી કોણ હટી ગયું ? અને અન્તિમ પત્રનો કોણે ઉત્તર નહીં લખ્યો ? કોનો મત પાખંડ સિદ્ધ થયો ? તે તો આપ જાણી ગયા હશો. નહીં તો કૃપા કરી આ પુસ્તકના ચતુર્થ ભાગમાં જોવા કૃપા કરજો !

સનાતન ધર્મ શો છે ? તે કૃપા કરી એજ ભાગમાં પાછળ જોવા તકલીફ લેશો તો આપને જણાઇ આવશે કે, કોનો મત ઢોલની પોલ છે ! પણ સ્વાર્થના ચશ્મા ઉતારી વાંચજો ! અમે અન્તિમ પત્રમાં શું લખ્યું છે, તે ઉપર પણ જરા ન્યાયની દ્રષ્ટિ નાંખશો. !

અમને એ વાતથી પણ અત્યન્તાશ્ચર્ય લાગ્યું છે કે, હેંડબીલમાં આર્ય સમાજનું નામ લખતાં પણ કીકલાજીને શરમ આવેલી લાગે છે. જો એમજ શરમાવું છે તો બહાર પડવાનુ શુ પ્રયોજન ? પણ સિઠણા આપનારને શરમ તો આવેછેજ !

મી૦ કીકલાજીની સભ્યતાનો એક બીજો નમુનો અમે અમારા પાઠકોની સન્મુખ રાખવા ઇચ્છીએ છીયે.

દુર્જન કોણ ?

તેઓ જ્યારે આર્ય્ય પંડિત પૂર્ણાનંદજીપર બીજો કોઇ આક્ષેપ નહી કરી શકયા ત્યારે પોતાની બુદ્ધિમતાનો પરિચય દેતાં બોલવા લાગ્યા કે, "એનું નામ છે 'પૂર્ણાનન્દ.' માટે તેની આગળ જો 'અ' લગાડીયે તો થાય 'અપૂર્ણાનન્દ.'"

કેમ ભાઇયો ! જાણી લીધી મી૦ કીકલાની સજ્જનતા ? અમને અત્યન્ત શોક છે કે, બીજાઓને દૂર્જન કહેવા પહેલાં તેઓએ પોતે સજ્જન થવું જોઇતું હતું આર્ય્ય સમાજ તરફથી પંડિત ગોવિંદરામના નામપર તો કાંઇ આક્ષેપ નહોતો થયો ! પણ તેઓના કામ (વ્યાખ્યાનદિ) પરજ આક્ષેપ થયો હતો–કે જેમ થવું અનુચિત નહતું. પણ કીકલાજી તો પંડિત પૂર્ણાનંદજીના નામપર પણ મશ્કરી ઉડાવતાં નહોતા ચુકયા.

એવા અનેક નમુના પ્રસ્તુત છે. પણ સ્થળ સંકોચતાને લીધે માત્ર તેઓની સજ્જનતાનો એકજ નમુનો બસ છે.

હવે મી૦ કીકલાના હેંડબીલની સાક્ષી પુરવા નીકળનાર મી૦ દ્વિજ કુમારના હેંડબીલ તરફ દ્રષ્ટિ કરીશું, કે જે હેંડબીલ માટે મી૦ કીકલાજી પણ અભિમાન ધરાવે છે.

દ્વિજ કુમારના હેંડબીલનો સાર.

મી૦ દ્વિજ કુમાર "નગર ઠઠ્ઠામાં પડેલા વિવિધ વરસાદો" શીર્ષક વિજ્ઞાપનમાં લખે છે કે, "ઠઠ્ઠામાં વરસાદો વરસી રહ્યા છે. એક તરફ ગોવિન્દરામના વ્યાખ્યાનોની, બીજી તરફ મેઘરાજાની અને

ત્રીજી તરફ હેંડબીલોની વૃષ્ટિ થઇ રહી છે. એક આર્ય્ય સમાજના મંત્રી નરસિંહલાલ તરફથી તથા બીજા મી૦ મગનમલ આસનમલ કીકલા તરફથી, એમ બે હેંડબીલો બહાર પડયાં છે. બન્નેનાં લખાણો તરફ લોકો આંખ ફેરવી, મનમાં તર્ક વિતર્ક કરી, વિચારો દર્શાવી રહ્યા છે. મોટું હેંડબીલ (સમાજનું) પરનિંદા આત્મસ્તુતિથી ભરેલું છે, અને કોમળ મગજના બાળકો તથા ભોળાઓની બુદ્ધિ ભેદનારૂં છે. નાનું (કીકલાનું) સમતામાં રહી, ગીતાજીના બે શ્લોકોથી જીતેન્દ્રિયતા આદિ ગુણો પ્રાપ્ત કરી, શંકાઓને મુકી જ્ઞાન લેવાનો માર્ગ બતાવે છે. બન્ને જણાએ વિદ્યા મેળવી છે પણ દરેકે પોતાની વિદ્યાનો જુદો જુદો ઉપયોગ કીધો છે. જેમકે દુધ ઉત્તમ વસ્તુ છે, પણ ખરાબ વાસણમાં રાખવાથી ફાટી જાય છે; તેમ વિદ્યા પણ જેવા પાત્રમાં આવે તેવો તેનો ઉપયોગ થાય છે. આશ્ચર્ય છે કે દરેક માણસ પોતાને ડાહ્યો સમજે છે. પણ ખરૂં ડહાપણ તે, જે લોકપ્રિય હોય. તે પુરૂષોને ધન્ય છે જેઓ કીર્તી લઇ જાય છે. ”

વળી મી૦ દ્વિજકુમાર મનુષ્ય જન્મની સાર્થકતા શામાં છે, તે વિષે કવી શામળભટનો એક છપ્પો ટાંકી ત્રણ વાક્યોના મોટા અક્ષરો તરફ લોકોનું ધ્યાન ખેંચે છે. “ કરો સદ્દગુરૂની સેવા, કર કીર્તીનો લોભ, ધ્યાન કરજે કુળ ધર્મે. ”

અંતમાં મી૦ દ્વિજકુમારે જાણે કોઇ મહાભારત લખાણ લખી દીધું હોય, અથવા બન્ને પક્ષના ગુણ દોષ જણાવી દીધા હોય તેમ વાચકને સંબોધી લખે છે કે, “ હવે શું કરવું તે તારા હાથમાં છે. જેમ તારી બુદ્ધિ તને નચાવે તેમ નાચ. પણ જો કદી તારી અક્કલ કામ ન કરી શકે તો સદ્દગુરૂની શરણે જા. ”

દ્વિજકુમારની દલાલી.

કહો પાઠક! હવે મી૦ દ્વિજકુમારના હેંડબીલને શી ઉપમા આપીએ? અમે તો જોઇએ છીએ કે, મી૦ દ્વિજકુમારજી તો કીકલાના હેંડબીલનીજ દલાલી કરવા નીકળ્યા છે. બાકી અમારી વાતોમાંની તો એકનો પણ ઉત્તર નથી.

જે બીચારાએ કાંઇ નહીં જોયું તેને તો એ હેંડબીલો પણ વરસાદરૂપે લાગે છે. પણ એમ ન લખે તો ત્રીજાનો ભાવ પુછે પણ કોણ?

મુલ્લાં ચોર અને બાંગો ગવા!

અમને તો અત્યન્તાશ્ચર્ય લાગે છે કે મી૦ દ્વિજકુમારજી—જે બન્ને હેંડબીલોનું જજમેંટ આપવા નીકળ્યા છે, તે તેમની પાસે કોણ માગવા ગયું હતું? અને વળી નામ પણ છુપાવી રાખ્યું! એમ-તો નહી હોય કે મુલ્લાં ચોર અને બાંગો ગવા.”

મી૦ દ્વિજકુમારજી! ઘુંઘટવાળનારે તો ઘરમાંજ બેસવું સારૂં છે. અને બહાર પડીએ તો બુરખો કાઢી નાંખવો જોઇએ!

દોઢડાહ્યો કોણ?

મી૦ દ્વિજકુમારજી પોતાના હેંડબીલમાં લખે છે કે, “પ્રત્યેક માણુસ પોતાને ડાહ્યો સમજે છે પણ ખરૂં ડાહપણ તે, જે લોકપ્રિય હોય.”

એથી તેઓ એમ સિદ્ધ કરવા ઇચ્છે છે કે, મી૦ કીકલા લોકપ્રિય હોવાથી તેણે જે હેંડબીલ કાઢયું તે ખરેખર ડાહપણનું કામ કીધું. અને શ્રીમાન્ નરસિંહલાલજી લોકપ્રિય નહીં હોવાથી તેઓને હેંડબીલ બહાર પાડવું યોગ્ય ન હતું.

અમને અત્યન્ત શોક છે કે મી૦ દ્વિજકુમાર જેમ કોઇ સભા, સોસાઇટીના નિયમથી અજાણે છે, તેમ તેઓએ તે વિષે પરપુછ પણ કીધી નથી.

પણ મી૦ દ્વિજકુમારજીએ જાણવું જોઇએ કે, જો નરસિંહલાલને—નામ માત્રનું—લોકપ્રિય થવું હોય, તો તે ધુર્તોની પોલ ખોલનાર મંડળ આર્ય્ય સમાજમાં પ્રવિષ્ટ પણ કેમ થાય ? તેઓના નામથી જે હેંડબીલ પ્રગટ થયું છે, તે કાંઇ તેઓએ ડહાપણ જાહેર કરવા નહીં, પણ તેઓ એક સભાના મંત્રી હોવાથી સભાનું પ્રત્યેક પ્રસિદ્ધ કામ તેઓના નામથીજ થવું જોઇએ.

પંડિત પૂર્ણાનંદજી આર્ય્ય સમાજ તરફથી શાસ્ત્રાર્થ કરવા આવ્યા હતા, તેઓ કેમ અને શા કારણથી આવ્યા છે ? અને પંડિત ગોવિન્દરામને શાસ્ત્રાર્થની ચેલેંજ શા સારૂ આપવામાં આવે છે ? તે સમગ્ર વાતોનો ખુલાસો પ્રજા સન્મુખ જાહેર કરવાને તેઓ બંધાયલા હતા. તેમાં તો તેઓએ ડહાપણ બતાવવાનો કાંઇ પણ ડોળ નથી કર્યો.

તેઓનું લખાણ તેઓ ખુદની સાથે નહીં પણ આર્ય્ય સમાજ સાથે સંબંધ રાખે છે, કે જેના તેઓ મંત્રી છે. પણ દોઢ ડહાપણ તો તમારા ડીકલાજી બતાવવા નીકળ્યા છે, કે જેની આપ સાહેબ સાક્ષી પુરવા બહાર પડયા છો.

પારકે વિવાહે અહેમક નાચે !

પ્રથમ જ્યારે પંડિત ગોવિન્દરામજીના વ્યાખ્યાનોનાં હસ્ત લિખિત વિજ્ઞાપનો શહેરમાં ચોંટાડવામાં આવ્યાં, તે મી૦ ડીકલાની સહી સાથે, અને સમાજના હેંડબીલના ઉત્તરમાં મેંણાં મારવામાં આવ્યાં, તેપણ તેઓનીજ સહી સાથે, તેમજ સનાતન ધર્મસભા સ્થાપન થવાને દીવસે વેદ ભગવાનની સ્વારીનાં વિજ્ઞાપનો નીકળ્યાં, તેમાં પણ મી૦ ડીકલાનીજ સહી !

હવે એજ વિચારવાનું છે કે, પ્રથમ તો જે મકાનમાં વ્યાખ્યાનો થયાં હતાં તે શ્રીમાન્ શેઠ હીરાનંદની માલકીનું હતું. તેમજ વળી પંડિત ગોવિન્દરામજીને મંગાવનાર તથા તેઓનાં વ્યાખ્યાનોની વ્યવસ્થા કરનાર પણ બીજાજ ગ્રહસ્થો હતા. શાસ્ત્રાર્થ માટે પત્ર-વ્યવહાર પણ શેઠ હિરાનંદ કારાણી તથા ગોવરધનદાસ વિષ્ણુદાસ સાથે ચાલતો હતો—જે બન્ને સદ્ગૃહસ્થો ધર્મસભાના રક્ષકો છે. અને ધર્મસભાના મંત્રીઓ પણ શેઠ તુલસીદાસ અને શેઠ થાવરદાસ નિયત થયા છે.

ત્યારે અમને અત્યન્તાશ્ચર્ય લાગે છે કે, મી૦ ઠીકલાનું "અમાં અમાં આંઉ ગોટથીયાં" કરી કુદી પડવાનું શુ કારણ હશે? તેઓ ન તો ધર્મસભાના ભાવિ મંત્રી અથવા પ્રધાન હતા, અને ન તો વ્યાખ્યાનોના વ્યવસ્થાપક હતા, અને ન તો શાસ્ત્રાર્થાદિ માટે પત્ર-વ્યવહાર ચલાવનાર હતા, ત્યારે તેઓનું શું લાગે વળગે? જે બધું "મૈંભી પાંચ સ્વારોમેંસે એક" બની પોતાનીજ સહીથી છપાવી આવતા હતા; ત્યારે દોઢ ડહાપણ ઉપર વળી શીંગડાં ઉગતાં હશે!

મી૦ દ્વિજકુમારના હેંડબીલની બીજી ઘણી વાતો "ગુપ્ત મંડળના સભાસદોના પત્ર સાથે મળતી છે. જેથી તેઓ બન્ને સાહેબોને સામટોજ ઉત્તર આપીશું.

ગુપ્ત મંડળનો એક (ચોર) સભાસદ!

સ્થાનિક સમાજના મંત્રી શ્રીમાન્ નરસિંહલાલને એક પ્રાઇવેટ પત્ર "ગુપ્ત મંડળનો એક સભાસદ" એ સહીથી મળ્યો છે. જેમાં કેટલુંક લખાણ અસભ્ય તેમજ અશ્લીલ હોવા ઉપરાન્ત તે નાલાયક મંડળનો (ચોર) સભાસદ, મંત્રીજીને સનાતન ધર્મ તરફ ખેંચવાને અનેક પ્રયત્નો કરતો જણાય છે.

યદ્યપિ અમે સારીપેઠે જાણીએ છીએ કે એવા બદમાશના પત્રનો ઉત્તર પુસ્તકમાં લખવો અનુચિત છે, તથાપિ તે કોઇ સનાતનધર્મનું પુંછડું હોય એમ તેના લખાણપરથી જણાય છે.

નાલાયક શીખામણપર કોણ ધ્યાન દેશે ?

પ્રથમ તો તે અક્કલના દુશ્મને એજ વિચાર કરવો જોઇતો હતો કે, જ્યારે કોઇને પણ પોતાના પક્ષમાં ખેંચવું હોય ત્યારે તેને મધુર ભાષામાં યુક્તિપૂર્વક તેના પક્ષની બુરાઇઓ અને પોતાના પણની ભલાઇઓ બતાવવી જોઇએ. અને પત્રમાં પોતાનું નામ જાહેર કરવું જોઇએ.

પત્ર લખનારની સભ્યતા અને પોતાના પક્ષની ભુલ જોઇ સામા ધણીનું પત્ર લખનાર તરફ લક્ષ ખેંચાય તેમ છે. પણ ખરાબ ગાળોથી ભરેલા પત્રમાં વળી શીખામણ લખવી, એના કરતાં વધુ મૂર્ખતા તો ભાગ્યેજ હોય.

કોણ એવો મૂર્ખ હશે કે જે નાલાયકની શીખામણ પર વિચાર કરશે અથવા ધ્યાન પણ દેશે ? શીખામણ ગમે તેવી મૂર્ખતાની હોય પણ તે સભ્ય ભાષામાં લખાયલી હોવી જોઇએ. અસ્તુ. પણ ચોરોના પત્ર વળી કેવા હશે ?

પણ અમારૂં તે નાલાયકની નફટતા સાથે કાંઇ કામ નથી. અત્રે અમે માત્ર તેની મૂર્ખતાનોજ ઉત્તર લખીશું કે, જે મૂર્ખતાનું લખાણ સનાતન ધર્મ સાથે સંબંધ રાખે છે.

આર્યોએ સચેત થવું જોઇએ !

એમાં કાંઇ સંદેહ નથી કે, જો કદી આ પાખંડ પ્રવર્તક નામ માત્રનો સનાતન ધર્મ પ્રબળ થયો તો એવા અનેક ગુપ્ત-ચોર મંડળો જાગશે. પણ એવા (ચોર) મંડળો જાગે તેથી પ્રથમ આર્યોએ સચેત થઇ એવા પાખંડીઓનાં

પોગળ જાહેર કરવાં જોઇએ! અને સાથે વળી શાણી સરકારે પણ એવા નાલાયક મંડળોની યોગ્ય રીતે તપાસ કરવી જોઇએ. કારણ કે એવા ધર્મ—તેમજ રાજદ્રોહી મંડળોથી રાજા પ્રજા બન્નેને હાનિ છે.

દક્ષિણાના ઘા ચમચમ્યા!

ચોર મંડળીના સભાસદ અને મી૦ દ્વિજકુમારને આર્ય્યસમાજ તરફથી પ્રગટ થયલા હેંડબીલથી અત્યન્ત દુ:ખ પહોચેલું લાગે છે. તે બન્ને મહાત્માઓ તે હેંડબીલને ભોળા ભાઇઓની બુદ્ધિ ભેદનારૂં સમજે છે. અને ચોર સભાસદ તો આગળ વધી એટલે સુધી જણાવેછે કે, "તે હેંડબીલથી વૈષ્ણવો અને પંડિત ગોવિંદરામ વચ્ચે કુસંપનું બીજ રોપાયું હતું."

પણ અમે એ વાત કદી પણ નહિ માનીશું. અમારા ભોળા વૈષ્ણવો એવા છેજ નહિ કે જે પંડિતો સાથે કૂસંપ કરે. તેઓ બીચારાઓને કોઇ પાંચ લગાવી જાય તો પણ દક્ષિણા આપીનેજ છુટવાના.

જો પંડિતજીને પૂર્તિ દક્ષિણા ન મગી હોત તો અમે પણ જાણીલેત કે આપનું લખાણ સત્ય છે. પણ પંડિત ગોવિન્દરામ તો તાજા થઇ ઉપડી ગયા છે. તત્પશ્ચાત જો અમારા ભાઇઓને દક્ષિણાના ઘા ચમચમ્યા હોય, અને ગોવિન્દરામની વિરૂદ્ધ બોલતા હોય તો તે થઇ શકે તેમ છે.

તે સમય તો સાફ ઘેટા બની ગયા હતા! અને હમણાં પશ્ચાતાપ કરેછે તે શા કામનો? "**पर अब रोये का भयो, जब चिडियां चुग गइ खेत!**" મી૦ ગુપ્ત સભાસદજી! "**गइ सो गइ अब रख रही को!**"

હજી પણ કાંઈ હાથથી નથી ગયું. જ્યારે અમારા ભાઇઓને ઘંટા નાદોનાજ વખાણ સાંભળવા છે, ત્યારે મંદિરોમાં હમણાં ઘંટા ક્યાં નથી વાગતા! ખાલી પડિતો મંગાવી પૈસા બરબાદ કરવા, અને વળી ચિત્તને પણ દુઃખાવવામાં શો લાભ?

પંડિતો મંગાવવામાં શો લાભ?

આજે પંડિત ગોવિન્દરામ જરા લોભી હતા, એટલે થપડ લગાવી પાછો મોંપર હાથ ફેરવી દેતા હતા; કાલે કોઇ આવે અને લોભી ન પણ હોય તો સમુળગુ બોપાળુ જાહેર થઈ પડે. માટે પંડિતો મંગાવવામાં સારજ નથી. " બાંધી મુઠી લાખની. "

હાં, એમ સ્વીકાર હોય તો બેશક મંગાવો, કે જો વચમાં દલાલો જઇ પોતાની દલાલી ન કરે અને તેની મરજી માફક તેને બોલવાની છુટી દેવામાં આવે; ત્યારેજ પંડિતો બોલાવવાનો પ્રયત્ન સફળ થાય !

પહેલાં સત્ય બોલવાની તેને મનાઇ કરશો, પછી તે બીચારાથી ભુલમાં સત્ય બોલાઇ જાય તો આપને માઠું લાગે: એટલે કહો કે પંડિત નાસ્તિક હતો. "ભાવી અથવા શ્રદ્ધા તો તેને હતીજ નહિ!" એમ કહેવું તે પણ દક્ષિણા આપ્યા પશ્ચાત ! એમ નવરંગી નાટક ભજવ્યા કરતાં તો પંડિતોને બોલાવવાજ ન જોઇએ.

બીચારા પંડિતો પણ શું કરે? પાંચસો પ્રકારના આપના મતો! તેનું નામ રાખી લીધું સનાતન ધર્મ ! હવે પંડિત બીચારો કોને કોને રાજી કરે? " ધોબીનો કૂતરો ન ઘરનો, ન ઘાટનો ન વાટનો ! "

મી૦ ગુપ્ત સભાસદજી! અમારા હેંડબીલથી આપ અ પ્રસન્ન થયા, તેથી શું આર્ય્ય સમાજ કોઇ હેંડબીલ અથવા પુસ્તક બહાર નહી પાડશે.

આર્યસમાજનું મુખ્ય કામ લોકોને ધુર્તોથી બચાવવાનું છે.

જો આપે એમ સમજી લીધું હોય તો ખરેખર આપની ભુલ છે. ઠગોની ઠગાઇ જાહેર કરવી, એ તો આર્ય્યસમાજનું કામ છે. ભોળા લોકો ચેતી ધુર્તોની ચુંગાળથી બચે, એટલા માટે તો આર્ય્ય સમાજના અનેક પ્રયત્નો ચાલી રહ્યા છે.

અમારા હેંડબીલની લોકોપર અસર થઇ, અને પેટાર્થી પંડિતનાં પોગળ જણાઇ ગયાં, એ અમને ખરેખર ખુશી થવા જેવી બીના છે.

મી૦ ગુપ્ત સભાસદ, મંત્રીજીથી પ્રશ્ન કરે છે કે, "સમાજમાં આવ્યા પછી આજ સુધીમાં તેં તારી કેટલી ઉન્નતી કીધી છે?"

ભલે સોનાની ચાંચ હોય, પણ કાગડો તે કાગડોજ!

ચોર મંડળના સભાસદજી! આપ ઘોડા ગાડીમાં ચડી ફરતા હશો, અને મંત્રીજી પાસે ઘોડાગાડી નથી, તેથી એમની ઉન્નતિ નહિ થયાનું આપ સમજો છો?

જો તેને ટકાજ જમા કરવા હોય તો સમાજમાં સામિલ પણ કેમ થાય? શેઠીયાઓની ખુશામદખોરીથી પાપી પેટ ભરવાની તેણે આશા મુકી છે ત્યારે તો સમાજમાં પ્રવિષ્ટ થયો છે.

આર્ય્ય સમાજી બીચારા એશઆરામની તો આશા જ નથી રાખતા. પચરંગી પકવાનો ખાઇ પાખંડ ફેલાવવા કરતાં, તેઓ

સુકી રોટલીથી સંતોષ પકડી સત્ય શ્રવણ કરાવવાને વધારે આતુર હોય છે.

આપની પાસે નરસિંહલાલ કરતાં ધનદોલત વધારે હશે એથી આપને ફુલાઈ જવાનું કાંઇ કારણ નથી. શાર્ઙ્ગધર પદ્ધતિમાં કહ્યું છે કેઃ—

इभतुरगरथैः प्रयांति मूढा
धनरहिता विबुधाः प्रयांति पद्भ्याम् ।
गिरिशिखरगताऽपि काकपंक्तिः
पुलिनगतैर्न समत्वमेति हंसैः ॥

અર્થાત્—કદી ધન મળી જવાથી મૂઢજન હાથી, ઘોડા તથા રથપર બેસી જાય, અને ધન ન મળવાથી વિદ્વર્જ્જન પગે ચાલે, તો પણ ગિરિશિખરપર બેઠેલા કાગડાઓ પંક્તિ, નદી કિનારે બેઠેલા હંસ સરખા થતા નથી.

નરસિંહલાલ કદાચિત ધનમાં આપની સાથે સરખામણી નહીં કરી શકશે, પણ ચોર મંડળના સભાસદ તરીકેની આપની જીંદગી કરતાં, તેની જીંદગી આર્ય્ય સમાજના મંત્રી તરીકે હજાર દરજ્જે ઉંચી છે.

મંત્રીજીને ધમકી આપતાં મી૦ ચોર સભાસદ લખે છે કે,

ઉંદરની તિક્ષણ દ્રષ્ટિ સિંહને શું કરશે ?

" યાદ રાખજે કે અત્રે એક ગુપ્ત મંડળ બે વર્ષથી ઉત્પન્ન થયું છે. તે તમારાં લખાણો તરફ બારીકીથી દ્રષ્ટિ કરી રહ્યું છે. "

જો એમ હશે તો આર્ય્ય સમાજને ખરેખર લાભ છે. જો ચોર મંડળ આર્ય્ય સમાજના લખાણો તરફ બારીકીથી ધ્યાન કરી

રહ્યું હશે, તો થોડાજ વખતમાં તે ચોર મટી શાહ થવાનો સંભવ છે. બાકી આર્ય સમાજને તેનાથી ડરવાનું કાંઇ કારણ નથી. શું થયું ? જો દરમાં છુપી બેઠેલો ઉંદર, વનમાં વિચરતા વનરાજ કેસરીપર આંખો ટમટમાવી રહ્યો હોય ! પહેલી ગર્જનાથી તે બહાર નીકળ્યો, તો બીજી ગર્જનાથી આપોઆપ અંદર સંતાઇ જશે.

પુરાણો પાખંડ પ્રવર્ત્તક છે !

આગળ ચાલતાં મી૦ ગુપ્ત સભાસદ પોતાના પ્રાઇવેટ પત્રમાં (મંત્રીજીને) લખે છે કે, "વેદ ધર્મનું પ્રતિપાદન કરનારા અને આખા ભારત વર્ષનું સાહિત્ય બતાવનારાં પુરાણોને જાણી જોઇ નિંદવાં એ તમારા માટે અસભ્યતા ભરેલી વર્તણુક છે."

મી૦ ગુપ્ત સભાસદજી ! જેમ આપ ધારોછો તેમ પુરાણો વેદ ધર્મનું પ્રતિપાદન કરનારાં નહીં, પણ તેનો નાશ કરનારાં–તેમજ પાખંડનું પ્રતિપાદન કરનારાં છે. આપશ્રીએ જો કોઇ પુરાણ વાંચ્યું હોત તો એમ કદી પણ નહીં લખત, પણ માત્ર કોઇની પાસેથી પુરાણોની પવિત્રતાની મિથ્યા પ્રશંસાજ સાંભળેલી લાગે છે.

જુગાર, ચોરી અને વ્યભિચારાદિ નીચ કર્મોનું જો કોઇ પણ ગ્રંથ શિક્ષણ આપતો હોય તો તે પુરાણોજ છે. પરસ્પર વિરૂદ્ધતા તો એટલી છે કે, વિષ્ણુ પુરાણની વાતનું શિવપુરાણ ખંડન કરી નાંખે, અને શિવ પુરાણની વાતને દેવી પુરાણ ઉડાવી દે ! વળી તેમાં આવેલી કથાઓ એવી તો ભ્રષ્ટ અને અશ્લીલ છે કે, નીતિમાન પુરૂષને પણ અનીતિમાન બનાવે.

શ્રીમદ્ ભાગવત ચતુર્થ સ્કંધમાં સગા ભાઇની સાથે બેનના વિવાહનું વર્ણન કરે છે. જે શ્લોકો અમે એજ પુસ્તકના દ્વિતીય ભાગમાં લખી આવ્યા છીએ.

૧૮ પુરાણોમાં આવેલા ગપોડાઓનું વર્ણન આહિંયાં કરવું અ-શક્ય છે. માટે કૃપા કરી આપ સાહેબે પ્રથમ ધ્યાન પૂર્વક પુરણો વાંચવાં, પછી તે કયા ધર્મનું પ્રતિપાદન કરે છે, તેનો તોલ કરવો.

આપ સમાજના મંત્રીજીને સદ્ગુરૂ કરવાની શિક્ષા આપવા નીકળ્યા છો, પણ આપ સાહેબે કયો ગુરૂ કીધો છે? તેનું નામ લખવું ઉચ્ચિત હતું. કે માત્ર કાનમાં ફુંક મારનારા વલ્લભકુળના બાળકોનેજ ગુરૂમાની લીધા છે!

મિત્રવર્ય! **परोपदेशे पाण्डित्यम्** નું ડોળ ઘાલી, બીજાઓને શીખામણો આપવા પહેલાં આપને કોઇ સદ્ગુરૂની શરણે જવું જોઇએ. તો જણાઇ આવશે કે પુરાણો વેદ ધર્મનું પ્રતિપાદન કરનારા નહીં, પણ તેની નિંદા કરનારાં છે.

વાંચ્યા પહેલાં વ્યર્થ બકવાદમાં પડી લખવું કે, "પુરાણોને નિંદવું અસભ્યતા છે." એ આપની અજ્ઞાનતા છે.

"નિંદા" શબ્દનો ખરો અર્થ.

અમે નથી સમજતા કે અમારા મિત્રો નિંદા શાને સમજે છે. કોઇને ખરેખરી વાત જણાવી દો, તો પણ કહેશે નિંદા. કોઇ પુસ્તકની ભુલ બતાવો, તો પણ કહેશે નિંદા! કોઇ બદરસમની બુરાઇ જાહેર કરો, તો પણ કહેશે નિંદા! ત્યારે અસત્યને ખુલ્લુ કરવું શી રીતે?

અમને અમારા ભાઇઓનો આ વિચિત્ર રંગ જોઇ અત્યન્તાશ્ચર્ય લાગે છે કે, તેઓ નિંદાનો ખરો અર્થ સમજતાજ નથી. "**अवास्तविक दोष कथनं निंदा**" અર્થાત્ કોઇના ખોટા દોષનું કથન કરવું નિંદા છે.

મહાશયો ! કોઇ પણ વાતને તેના યથાતથ્થરૂપમાં કહી દેવી, એનું નામ નિંદા નથી. નિંદા કરનારને તો સરકાર તરફથી દંડ મળે છે. નિંદા કરનાર ઉપર માનહાનિનો દાવો (લાયબલ) કરી શકાય છે.

પોતાની ભુલ જણાવનારને નિંદક નહીં, પણ પોતાનો મિત્ર જાણવો જોઇએ. પણ એવી સમજ આવે ક્યાંથી ? " અમે ખાડામાં પડયા હોઇએ ત્યાં જો અમને કોઇ કહેશે કે, ' ભાઇ ! ખાડામાં પડયા છો. ' તો તરતજ તેને કહીશું કે તું નિંદક છે. "

અમારા ભાઇઓનો વર્તાવ પણ એજ નમુનાનો છે. માટે તેઓએ નિંદા શબ્દનો અર્થ—તેમજ તાત્પર્ય સમજ્યા પહેલાં આર્ય્ય સમાજીઓને નિંદક કહેવા જવું, એ તેઓની ખરેખર ભુલ છે.

આર્ય્ય સમાજને અધર્મીઓની આવશ્યક્તા નથી.

આગળ ચાલતાં મી૦ ગુપ્ત સભાસદ, મંત્રીજીને, સમાજમાં એક પણ સભાસદ નહી વધવાનો ડર બતાવતાં લખે છે કે, " બીજા એકને પણ ઉમેરવા શક્તિમાન થશો નહી. કારણ કે નગરદફ્ઠાની ઘણીખરી ધર્મ ઉત્સાહી પ્રજા એજ મંડળમાં હસ્તિ ધરાવે છે. "

પરમાત્મા એવા ધર્મોત્સાહીઓથી સમાજનુ રક્ષણ કરો.

સાહેબજી ! તમારા મંડળની ધર્મોત્સાહી પ્રજાની સમાજને આવશ્યકતાજ નથી. જે મંડળનો તું એક સાધારણ સભાસદ પણ આવો નાલાયક અસભ્ય લેખક છે, તેમાં બીજા વળી કેવા ધર્મોત્સાહીઓ હશે ? અધર્મોત્સાહીયો હોય તો ભલે, બાકી ધર્મોત્સાહીઓ કદી પણ ચોરોની પેઠે ગુપ્ત મંડળમાં સમ્મિલિત થાયજ નહી. ધર્મીઓનું મંડળ ગુપ્ત હોયજ કેમ ? ગુપ્ત મંડળો તો ચોર, જુગારી, વ્યભિચારી અને નાલાયકોનાંજ હોય છે.

ચોર સભાસદના સ્વપ્નાની લ્હેર.

મી૦ ગુપ્ત સભાસદ વળી મંત્રીજીને આર્ય્ય સમાજી થવા વિષે ઠપકો આપે છે. અને સનાતન ધર્મમાં રહી વૈષ્ણવોની કુટેવો દુર કરવાની પ્રેરણા કરતાં લખે છે કે, "શું તમે જ્ઞાતિથી જુદા થઇને તેઓને સુધારવા શક્તિમાન થઇ શકશો ?"

પ્રથમ તો આર્ય્ય સમાજીઓને જ્ઞાતિથી જુદા સમજવા, એ મી૦ ગુપ્ત સભાસદની મોટી ભુલ છે.

મહાશયજી! કોઇપણ આર્ય્યસમાજી જ્ઞાતિથી જુદો નથી થયો. આર્ય્યસમાજીઓ સ્વજ્ઞાતિને તો શું, પણ સમગ્ર આર્ય્યાવર્ત વાસી-ઓને પોતાની ભારતમાતાના જણ્યા સહોદર ભાઇ, અને સમગ્ર પૃ-થ્વીનાં મનુષ્યોને કુટંબવત્ સમજે છે.

જ્ઞાતિથી પ્રથક થવું એ જુદી વાત છે, અને આર્ય્યસમાજમાં સમ્મિલિત થવું એ જુદી વાત છે.

હાં, જો મી૦ ગુપ્ત સભાસદજીને આર્ય્યસમાજ સ્થાપન થવા-થી દુઃખ લાગ્યું હોય, અને પોતાના સ્વપ્નાની લ્હેરમાં સમાજીઓને જ્ઞાતિથી પ્રથક થયલા સમજી બેઠો હોય તો કંઈ અશક્ય નથી. પણ તેમાં તેની મોટી ભુલ છે.

આર્ય્યસમાજ હિંદુઓનો શિક્ષક તેમજ પ્રાણદાતા છે.

તે સાહેબે વિચારવું જોઇએ કે, જો આર્ય્યસમાજ સ્થાપન ન થયો હોત, તો આજે આપની સનાતન ધર્મસભા કયાંથી આવ-ત ? પોતાના વડીલ બંધુના જ-ન્મ્યા પહેલાં તો તે જન્મતીજ નથી.

જો આર્ય્યસમાજ સ્થાપન ન થયો હોત, તો વેદ ભગવાનની સ્વારી કેમ નિકળત ? શુદ્ર મટી દ્વિજ બનવા જે પ્રયત્નો ચાલી

રહ્યા છે, અર્થાત્—પચ્ચાસ પચ્ચાસ વર્ષના બુઢા બાવાઓ—જેઓ-એ માત્ર “ જય જય ” કરવામાં પોતાનો જન્મ વિતાડયો તેઓને સંધ્યા શીખવાનું કેમ સુજત? પંડિતો કેમ આવત ? નાના મોટા નું વ્યાખ્યાતા થવાનું મન કેમ થાત? મૂડદા હિંદુ શેઠીયાઓ જેઓ માત્ર મહાપ્રસાદો લઇ પલંગોપર આળોટવામાંજ આનંદ માનતા હતા, તેઓને ધર્મનો ઉત્સાહ કેમ વધત ? ધર્મ જાણવાની જીજ્ઞાસા કેમ થાત?

મહાશયજી ! આર્ય્યસમાજ આપનો—અર્થાત્ હિંદુઓનો શિક્ષક સમાજ છે. ગમે તેટલા હઠ તથા દુરાગ્રહથી આનાકાની કર્યા છતાં પણ અંતે તેઓને પોતાના શિક્ષકની શિક્ષા માન્યા વગર છુટકોજ નથી. કાંઇ માનીલીધુ છે, અને બીજું માનશે એમાં કાંઇ સંદેહજ નથી.

આર્ય્યસમાજનું સ્થાપન થવું હિંદુઓને લાભદાયી છે—ફળપ્રદ છે. તેના સ્થાપન થવાથીજ તેઓ મૂડદામાંથી જીવતા થાય છે.

અહા! એવા એક પ્રાણદાતા-જન્મદાતા સમાજના સ્થાપન થવાથી આપને મી૦ ચોર સભાસદજી! દુઃખ લાગ્યું છે, એ ખરેખરે આપનાં મંદભાગ્ય છે.

આપ જો આર્ય્યસમાજનું અનિષ્ઠ ઇચ્છતા હશો, તો તે આર્ય્યસમાજનું નહીં, પણ તે ધર્મસભાનુંજ સમજજો. એટલું આપે ખાત્રીથી સમજવું કે, જો આર્ય્યસમાજ બંદ થયો યો સનાતનધર્મ સભાની તેજ વખતે છેલ્લી ઘડી સમજવી. જેમ તે પોતાના વડીલ ભાઇ પહેલાં જન્મતીજ નથી, તેમ તેના વગર ટકી પણ શકતી નથી. કારણ કે આર્ય્યસમાજ જ ધર્મસભાનું જીવન છે.

મેંઢાઓને મેંઢું બની સુધારવાની આશા મિથ્યા છે.

આપ જેમ ધારોછો તેમ વૈષ્ણવોથી અમે જરા પણ જુદા નથી થયા. પણ આર્યસમાજી થવાથી જો તેઓએ અમને જુદા થયલા માની લીધા હોય તો ખરેખરે તેઓ ભ્રમમાં પડી રહ્યા છે.

સનાતનધર્મ જે આર્યસમાજ બતાવે છે તે છે, અથવા હિંદુઓ કહે છે તે છે? તે પાછલથી બતાવીશું. પણ અત્રે માત્ર આપને એજ પ્રશ્ન કરીશું કે, વૈષ્ણવોની સાથે રહેવું આપ શાને સમજો છો?

શું તેઓની પોપલીલાઓમાં સમ્મિલિત થવાને?

જો તેઓની પોપલીલાઓમાં સાથે રહી તેઓની કુટેવો છોડાવવાની સમાજીયોને ભલામણ કરતા હો તો તે પણ આપની ભુલ છે. જો તેઓની સમગ્ર લીલાઓમાં સામિલ રહીએ તો તેઓ પોતાની વિરૂદ્ધ એક બોલ પણ બોલવા કેમ દે? શું હમણાં તેઓ શ્રીઓમાં સમાજી વિચારના નથી? તેઓ શું કરી શક્યા છે? અને આપ શું કરી શક્યા છો?

મિત્રવર્ય! તેઓ શ્રીઓમાં એક બે નહિ, પણ કોડીબંધ સમાજી વિચારના છે. પણ કાંઇ નથી કરી શકતા. મુંગે મોઢે હાજીહા કર્યા વગર બીચારાઓનો છુટકોજ નથી. એક પણ શબ્દ જો વૈષ્ણવ ધર્મની વિરૂદ્ધ મોંમાંથી નીકળી જાય, તો ઝટ કહી દેશે કે આ સમાજી છે!

ગોવિન્દરામની કોણે માની?

સાહેબજી! મેંઢાઓને હાંકનારા મેંઢાં નહીં, પણ માણસો જોઇએ! ગોવિંદરામ બીચારો આટલી બધી માથાકુટ કરી ગયો પણ તેની કોણે માની?

ગોવિન્દરામે કહ્યું " ઘંટા વગાડવા ધર્મ નથી. " ત્યારે શું તે બંદ થયા ?

ગોવિન્દરામે કહ્યું " નાયકાઓના નાચ નચાવવા અધર્મ છે." ત્યારે શું તે નાબુદ થયા ? ના, ના. આગળ કરતાં પણ એક રતી વધારે !

હજી ગોવિન્દરામને ગયે એક માસ પણ નથી થયો એટલામાં **" प्रथम ग्रासे मक्षिका पातः "** આગળ જે કદી ન થયેલું, તે પણ તેઓએ કરી બતાવ્યું !

મી૦ ગુપ્ત સભાસદજી ! કોઇ દીવસ આપે મંદીરોમાં વેશ્યાઓના નાચ સાંભળ્યા છે ? તે જોતો નથી કે આજે ભાટિયા કોમના આગેવાનો મંદિરોમાં નાચ નચાવવા લાગ્યા છે !!! એક આર્ય્ય કવીએ કેવું સત્ય કહ્યું છે કેઃ—

" आर्य्यसमाजोको बुरा बताना,पर रंडी नचाना सनातनधर्म।"

પંડિત ગોવિન્દરામે કહ્યું કે, " મંદિરો પછવાડે ખરચો, તે તે કરતાં પાઠશાળાઓમાટે ખરચો એ બહેતર છે. "

કહો સાહેબજી ! કોણે માન્યું ? ઉલટું હજારોના ખર્ચે ચાંદીના હિંડોળા બનાવી આપવાનો વિચાર ચાલી રહ્યો છે !

મિત્રવર્ય ! યાદ રાખજો, ફરી ફરી યાદ રાખજો કે, તેઓશ્રીઓ જેટલું સમાજીયોનું માનશે, તેટલું તેઓની સાથે રહેનારાઓનું માનનાર નથી.

આર્ય્ય સમાજની શિક્ષા અસરકારક છે. સ્વામી દયાનંદ તથા આર્ય્ય સમાજે પુકારી પુકારી જણાવ્યું કે, " જે સંધ્યા નથી કરતો તે શુદ્રવત્ છે. દ્વિજોનું કર્મ ઘંટ હિલાવવાનું નહીં, પણ સંધ્યા, અગ્નિહોત્રાદિ છે. "

બસ, આર્ય્ય સમાજનો પોકાર થતાંજ લોકો ચેતી ગયા, અને જે લોકો સંધ્યા માત્ર બ્રાહ્મણો માટેજ બતાવતા હતા તેઓ સ્વયં ક્ષત્રી અને વૈશ્યોને પણ તે કરવાનો ઉપદેશ કરવા લાગ્યા, અને તેમાં સફલતા પણ મેળવી શકયા, કે જે આગની ચિણગારી આજે તું નગરઠઠ્ઠામાં પણ જોઇ રહ્યો છે!

મીં૦ ગુપ્ત સભાસદજી! આર્ય્યસમાજની શિક્ષા ઉઠાવીને તો આપના પંડિતો અને મહારાજો ઉપદેશ કરવા લાગ્યા છે. નહીંતો કયા જમાનામાં તેઓ ઉપદેશ કરતા હતા? આપ ગમેતેમ સમજો પણ અમે તો જોઇ રહ્યા છીએ કે, આર્ય્યસમાજની એકે એક વાત તેઓ માનતા આવ્યા છે.

આર્ય્યસમાજના કહેવાથી તેઓના ઉપર જેટલી અસર થાય છે, તેટલી તેઓની સાથે રહેનારાઓ—અર્થાત્ તેઓની સંપૂર્ણ બાળલીલાઓમાં ભાગ લેનારાઓના કહ્યાથી નથી થતી. કારણ કે જ્યારે તેઓને ઉપદેશ કરનાર પણ તેજ ખાડામાં ઉતરેલો હશે, ત્યારે તેનું કહેવું તે વળી શી અસર કરશે?

મહાશયજી! ધુળ, ધુળથી નહિ, પણ પાણીથીજ ધોવાય છે. તેમ વૈષ્ણવો વૈષ્ણવોથી નહિ, પણ આર્ય સમાજથીજ શિક્ષા લેશે. માટે તેઓનો સુધારો કરવો હોય તો આર્ય્યસમાજી થવુંજ બહેતર છે, જે તેઓને સાચું કહેતાં શરમ પણ ન આવે, અને જાણીજોઇ પાખંડમાં રહેવાના પાપનુ ભાગી પણ ન થવાય!

પંડિત કોને કહેછે?

હજી પણ એક પગલું આગળ વધતાં મી૦ ગુપ્ત સભાસદ (મંત્રીજીને) લખે છે કે, "તમો શું કરવા સનાતન આર્ય્યધર્મ અને તેમાં રહેલા સઘળા વિદ્વાનો જેઓમાંથી ઘણાખરા એટલા સંસ્કૃત

વિદ્યા સંપન્ન છે કે, તેઓના જેવો આખા ભરતખંડમાં તો શું પણ આખી પૃથ્વીપર પણ મળવા મુશ્કેલ છે, તેઓને તમો ધિક્કારો છો. ”

અમને અત્યન્તાશ્ચર્ય લાગે છે કે, ઉપરોક્ત પત્ર મી૦ ચોર સભાસદે દારૂ બારૂની બાટલી અથવા ભાંગબાંગનો લોટો ચડાવીને લખ્યો છે કે શું ? તે અમને સમજજ નથી પડતી.

મી૦ ગુપ્ત સભાસદજી ! સનાતન આર્યધર્મને તો અમે માની રહ્યા છીએ, અને અમારા ભાઇયોને મનાવવા માટે તો આટલા પ્રયત્નો કરી રહ્યા છીએ, અને તેને લીધેજ તેઓના અકૃપાપાત્ર થવું પડ્યું છે.

વિદ્વાનોને તો અમે કદી પણ નથી ધિક્કારતા. ઉલટું તેઓનો આપના કરતાં પણ વધારે સત્કાર કરીયે છીયે. પણ હાં, વિદ્વાન હોય અને વિદ્યાનો દુરોપયોગ કરતો હોય તેને આર્ય્ય સમાજ તો શું પણ પ્રત્યેક સભ્ય પુરૂષ ધિક્કારશેજ !

માત્ર સંસ્કૃત ભાષા જાણવાથીજ તેને વિદ્વાનની પદવી આપવી, એ એક મૂર્ખતા છે. અમે તો તેને માત્ર તે ભાષા બકી જનાર પોપટ કરતાં વધુ પદવી નહિ આપી શકીશું. કહ્યું છે કેઃ—

सत्यं तपो ज्ञानमहिंसता च विद्वत्प्रणामश्च सुशीलता च ।
एतानि यो धारयते सविद्वान न केवलंयः पठते सविद्वान् ॥

અર્થાત્—સત્ય, તપ, જ્ઞાન અને અહિંસા; વિદ્વાનોના પ્રતિ પ્રણામ અને સુશીલતા; એને જે ધારણ કરે છે તેજ વિદ્વાન છે, માત્ર પઠિત (ભણેલો) વિદ્વાન નથી થઈ શકતો.

મિત્રવર્ય ? આર્ય્ય સમાજતો જેમાં ઉક્તગુણો જોય છે તેને જ વિદ્વાન સમજી પુજેછે—સત્કાર કરે છે.

આર્ય્ય સમાજ માત્ર વિદ્વાનોનો જ સત્કાર કરે છે.

બાકી જેઓ પાંચ પૈસા લઇ સવારના બોલ્યાપર સાંજે પાણી ફેરવી નાંખે, એક રૂપ્યો દક્ષણા લઇ ખોટી વ્યવસ્થાઓ લખી આપે એવા પેટાર્થીયો, ચારે વેદ અને સમગ્ર દુન્યાના સંસ્કૃત પુસ્તકો મોઢે કેમ ન બકી જાય ! તેઓની સાથે આર્ય્ય સમાજનું જરા પણ કામ નથી સુશ્રુતના સુત્રસ્થાનના ચોથા અધ્યાયમાં કહેલ છે કેઃ—

यथा खरश्चंदन भारवाही भारस्यवेता नतु चंदनस्य ।

અર્થાત્—જેમ ચંદનના ભારને વહન કરનાર ગધેડો, ભારને જાણનાર પણ ચંદનને જાણનાર હોતો નથી.

તેમજ સંસ્કૃત વિદ્યા ભણીને પણ લોકોને પાખંડ તરફ દોડાવતો હોય, પાપી પેટને માટે રોજ પાંચસો વાર જુઠું બોલતો હોય, પોતાની વડાઇ કરતાં ભર સભામાં અશ્લીલ શબ્દોથી વિદ્વાનોને નિંદતો હોય, દક્ષણા ઓછી ન મળે એ ભયથી રોજ પાંચ વેશો બદલતો હોય, આપલુસીખોર હોય, એવા એક પ્રપંચીને ચંદનનો ભાર ઉપાડનાર ગધેડા કરતાં વધુ ઉપમા આપવી અનુચિત છે. કારણ કે તે વિદ્યાના બોજને જાણે છે, પણ તેની સાર્થકતા અને રહસ્યને જાણતો નથી. પ્રસંગરત્નાવલીમાં કહ્યું છે કેઃ—

विद्यया विमलयाप्यलंकृतो दुर्जनः सदासि मास्तु कश्चन ।
साक्षरो हि विपरीततां गतः केवलं जगति सोऽपि राक्षसः ॥

અર્થાત્—નિર્મળ વિદ્યાવડે પણ શોભિતો કોઇ દુર્જન સભામાં ન હોજો ! કેમકે તે વિપરીતપણાને પામેલો સાક્ષર જગતમાં કેવળ રાક્ષસ જેવો છે.

તે સમય ક્યાં સુઈ રહ્યા હતા ?

પત્ર સમાપ્ત કરતાં મી૦ ગુપ્ત સભાસદ મંત્રીજીને પ્રેરણા કરે છે કે, " તમારે સમાજનું બોર્ડ તોડી સનાતન ધર્મની શરણે આવવું, અને લોકપ્રિય થવું જોઇયે. " અને અંતમાં જાણે તે ચોર સભાસદે મહર્ષિ ગૌતમ કૃત ન્યાય દર્શન મંત્રીજીના હાથમાં મુકયુ હોય તેમ લખે છે કે, " આ કાગળ વાંચીને એક કલાક એકાંતમાં બેસી વિચાર કરજો. "

પ્રથમ તો મી૦ ચોર સભાસદે જાણવું જોઇયે કે, એક માણસથી સમાજનુ બોર્ડ તોડાવાયજ નહીં. મંત્રીને જો સમાજથી પ્રથક થવું હોય તો તે પોતાનુ પદ ત્યાગ કરી શકે છે, પણ તેને સમાજનુ બોર્ડ તોડવાનો કાંઇ અધિકાર નથી, જ્યાં સુધી સર્વ સભાસદો સહમત નહીં થાય.

અફસોસ ! ! ! જ્યારે સમાજના સમગ્ર સભાસદોની સમ્મતિથી પંડિત ગોવિન્દરામજીને લખવામાં આવ્યું હતું કે, " જો મૂર્તિપૂજા, શ્રાદ્ધ તથા અવતારાદિ વેદથી સિદ્ધ કરી આપો તો અમે ઠઠ્ઠા સમાજનુ બોર્ડ તોડી સનાતન ધર્મની શરણુ લેવા ઉદ્યત છીએ. "

તે સમય મી૦ ગુપ્ત સભાસદજી ! આપ કયાં નિંદ્રાવશ પડી રહ્યા હતા ? જ્યારે આપની સમાજને બંદ કરાવવાની પ્રબળ ઇચ્છા હતી, ત્યારે તે સમયે શ્રીમાન્ પંડિતજીપર કેમ દબાણુ નહીં કીધું કે, ઉક્ત વાતો વેદથી સિદ્ધ કરી અમને સનાતન ધર્મમાં પ્રવિષ્ટ કરે !

પણ આપનો મત સનાતન ધર્મ હોય તો પંડિતજી શાસ્ત્રાર્થ પણ કરે ! તેઓ મનમાં સારી પેઠે સમજતા હતા કે, "જેના અમે વાજા વગાડી રહ્યા છીયે તે સનાતન ધર્મ નહીં, પણ લોકોને ઠગવાની એક દુકાનદારી છે."

મનમાં તો સમજતા હતા !

જો તેઓને વિશ્વાસ હોત કે એજ વેદોક્ત સનાતન ધર્મ છે, તો તેઓને શાસ્ત્રાર્થ કરવામાં શી હાની હતી ? પણ તેઓ જાણતા હતા કે, "આ સનાતન ધર્મ નહીં, પણ અનેક સંપ્રદાયો—બકરા મેંઢાના વાડાઓ—નો શંભુ મેળો છે. ન મળે એક પ્રકારનો સિદ્ધાંત ! ન મળે કાંઇ નિયમ ! ! !

"कहींकी ईंट कहींका रोडा, भानमतीने कुनवा जोडा ।"

સાચો સનાતન ધર્મ શો છે ?

"સનાતન ધર્મ" એ શબ્દનો ધ્વની આજ ચોતરફ ફેલાઇ રહ્યો છે. રામાનંદીને પુછો કયો ધર્મ પાળો છો ? તો કહેશે "સનાતન ધર્મ." વલ્લભીને પુછો કયો ધર્મ પાળો છો ? તો કહેશે "સનાતન ધર્મ." શિવમાર્ગી, દેવીમાર્ગી, ભૈરવનો પૂજારી, હનુમાનનો પૂજારી વગેરે ગમે તેને પુછો તો એજ ઉત્તર મળશે કે, "અમે સનાતન ધર્મ પાળી રહ્યા છીયે."

આર્ય્ય સમાજની વિરૂદ્ધ તે બધુ સનાતન ધર્મ !!!

સનાતન ધર્મ સભાના ઉપદેશકો ટુંકામાંજ પતાવી દેછે કે, "આર્ય સમાજની વિરૂદ્ધ તે બધું સનાતન ધર્મ ! ! !"

પરસ્પરની વિરૂદ્ધતા.

પ્રથમતો અમને એજ આશ્ચર્ય લાગે છે કે, આ પરસ્પરની અત્યન્ત વિરૂદ્ધતા ધરાવનારા સઘળા સંપ્રદાયોનું એકજ નામ "સનાતન ધર્મ" કેમ પડયું ? પદ્મપુરાણમાં તો લખ્યું છે કેઃ—

विष्णुंदर्शनमात्रेण शिवद्रोहः प्रजायते ।
शिवद्रोहांन्नसन्देहो नरकंयाति दारुणम् ।
तस्माच्च विष्णु नामापिन वक्तव्यं कदाचन ॥

અર્થાત્—વિષ્ણુના દર્શન કરવા માત્રથી શિવજીનો દ્રોહ થાય છે, અને શિવજીનો દ્રોહ થવાથી નિઃસન્દેહ તે પુરૂષ દારૂણ નર્કને પ્રાપ્ત થાય છે. માટે કદી પણ વિષ્ણુનું નામ પણ ન લેવું જોઇએ.

તેમજ વળી શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધના બીજા અધ્યાયના ૨૮ મા શ્લોકમાં લખ્યું છે કેઃ—

भवव्रतधरा ये चयेच तान्समनुव्रताः
पाखण्डिनस्ते भवन्तु सच्छास्त्रपरिपन्थिनः ॥ २८ ॥

અર્થાત્—જેઓ શિવજીનુ વ્રત ધારણ કરે છે, અને તેની સેવા કરે છે, તેઓ સત્ય શાસ્ત્રોથી ઉલટા ચાલવા વાળા પાખંડી થઈ જાઓ ॥ ૨૮ ॥

લખવા બેસીયે તો એવા સ્હસ્ત્રો દ્રષ્ટાંત મળી આવે, પણ નમુના ખાતર માત્ર બેજ શ્લોક બસ છે. એથી એજ સિદ્ધ થાય છે કે, પ્રત્યેક પુરાણ પોતાની દુકાનની જાહેર ખબર રૂપે છે. તેમાં પો-

તાના માલના વખાણ અને બીજા દુકાનદારોના માલની નિંદાજ જોવામાં આવશે. તેમજ વળી એકજ પુરાણમાં એક સ્થળે એક દેવતાની સ્તુતિ, તો બીજે સ્થળે તેજ દેવતાની નિંદા પણ દેખાશે !

એવા એક ઝઘડાળા સંપ્રદાયોના સમુદાયને સનાતન ધર્મ કહેવો, એ જાણી જોઇ લોકોની આંખમાં ધુળ છાંટવી નહીં તો બીજું શું છે ?

"સનાતન ધર્મ" નો આધુનિક અર્થ.

સનાતન ધર્મનો અર્થ પ્રારંભ વિનાનો, અર્થાત્ સૃષ્ટિની આદિના સમયથી ચાલતો આવેલો ધર્મ, એવો થાય છે. તે તો અમે આગળ જણાવી આવ્યા, પણ હમણા જો એ શબ્દનો અર્થ કરવા બેસીયે તો તેનો ત્રણ પ્રકારનો અર્થ થઇ શકે છે.

સનાતન ધર્મ એટલે આર્ય્ય સમાજની સાથે ઝઘડો કરવો અન્ધપરમ્પરાથી ચાલતી આવેલી મિથ્યા ક્રિયાઓ અને બદ રસમો ને ગધેડાની પુંછ પેઠે પકડી રાખવું, અને દાદો જો કુવામાં પડયો હોય તો પુત્ર તથા પૌત્રે પણ તેની પછવાડે ડુબી મરવું, એજ ત્રણ રીતનો અર્થ થાય છે.

અસ્તુ. ગમે તેમ હો, પણ અમને અત્રે માત્ર એટલુંજ જોવાની આવશ્યકતા છે કે, સનાતન ધર્મ વાસ્તવિક રીતે જે ધર્મ સભા માને છે તે છે, અથવા આર્યસમાજ કહે છે તે છે? જેથી તે ખીચડી મતની પરસ્પરની વિરૂદ્ધતા તરફ ન જોતાં, તે શંભુમેળાના સામટા સિદ્ધાંતનીજ સમાલોચના કરીશું !

સનાતન ધર્મના નવીન અને કલ્પિત સિદ્ધાંતો !

સનાતન ધર્મના મુખ્ય સિદ્ધાંતો તપાસતાં પ્રતીત થાય છે કે, તે બધા થોડા વખતના છે. મૃતક શ્રાદ્ધ, જડ મૂર્તિપૂજા, પુરાણ; વિષ્ણુ, મહાદેવ અને બ્રહ્માની ત્રિપુટી; તેના પંથો તથા સંપ્રદાયો એ સર્વ પ્રમાણમાં આધુનિક કાળના છે.

મૃતકશ્રાદ્ધ તર્પણ વિધીનો પ્રારંભ રાજા કર્ણના સમયમાં થયો, એમ પુરાણોમાંજ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. વેદમાં "શ્રાદ્ધ" શબ્દની ગંધ પણ નથી તો ક્રિયા તો કયાંથી જ હોય ? ત્યારે મૃતક શ્રાદ્ધ સનાતન કેવી રીતે થયું ?

તેવીજ રીતે યદપિ પાશ્ચાત્ય તથા આ દેશના વિદ્વાનો એક મતે સ્વીકારે છે કે, મૂર્તિપૂજા બુદ્ધના કાળપર્યન્ત નહોતી અને ત્યાર પછી તે બોદ્ધો તથા જૈનોમાં ઉત્પન્ન થઇ, અને હિંદુઓએ તે ફતેહમંદ થવાથી તેનું અનુકરણ કીધું. તથાપિ દુર્જન તોષન્યાયાનુસાર એમ પણ માની લઇયે કે, તેઓના ભાગવતાદિ પુરાણોમાં લખ્યાનુસાર મૂર્તિ પૂજા મહારાજા રામચંદ્રજીના સમય પછી ચાલુ થઇ, તો પણ તે સનાતન તો નથીજ ઠરી શકતી !

પુરાણ મૂળ શંકરાચાર્યના સમયમાં થોડાં ઉત્પન્ન થયાં હતાં, તે તો ઇતીહાસ સિદ્ધ છે. મનુના કાળમાં તે બીલકુલ નહોતાં. મનુસ્મૃતિમાં પુરાણો વિષે એક ફુટો અક્ષર પણ નથી. તથા તેઓ પણ કહે છે કે પુરાણો વેદવ્યાસના સમયના છે. કદાચિત તેમ પણ માની લઇયે તો તે પાંચ હજાર વર્ષનાજ થયાં. કાંઇ સનાતન તો નહીં જ કહેવાય !

બ્રહ્મા, વિષ્ણુ તથા શિવની ત્રિપુટીની કલ્પના પણ પૌરાણિક કાળની હોવાથી તે પંદરસો કરતાં વધુ વર્ષની નથી. વૈષ્ણવ તથા શૈવપંથો તો તેથી પણ ઓછા કાળના ખેલો છે, તે તો સર્વ સ્વીકૃત બીનાં છે. વલ્લભાચાર્યનો સંપ્રદાય તો પુરા પાંચસો વર્ષનો પણ નથી.

આ છતાં પણ પ્રચલિત હિંદુ ધર્મને નામે ઓળખાતા ધર્મને સનાતન કહેવો એ કેટલી ધૃષ્ટતા છે ?

એક કાળા આદમીને ચુનો લગાડી ગોરો વર્ણવો તેતો કાંઇક ઠીક, પરન્તુ તેના ઉપર ચળકતો કાળો ડામર લગાવી તેને સૂર્ય સમાન શ્વેત વર્ણવવાની અજ્ઞાનતા સાથેજ આ સનાતન ધર્મની વ્યાખ્યા સરખાવી શકાય !

ખરો સનાતન ધર્મ તો વૈદિક છે !

ખરો સનાતન ધર્મ તો વૈદિક છે, કે જેમાંથી આધુનિક તત્વ સર્વથા બાતલ કરવામાં આવ્યું છે. સત્યશ્રૌત તથા સ્માર્ત અર્થાત્ શ્રૃતિ સ્મૃતિનો શુદ્ધ ધર્મ તો આર્ય્ય સમાજનો જ છે. જેમાં નથી જડ મૂર્તિ કે નથી જડતર ગાદીગુરૂ, નથી કંઠી કે નથી રૂદ્રાક્ષની માળા, નથી મૃતકશ્રાદ્ધના પીંડો કે નથી પુરાણની ગપો.

વેદમાં માત્ર નિરાકાર સર્વ શક્તિમાન પરમાત્માની ઉપાસના, બુદ્ધિપૂર્વક વર્તન, પુરૂષાર્થપૂર્વક સદાચરણ તેનેજ આર્ય્ય સમાજ માને છે. પછી અજ્ઞાન જન સમુહ તથા મહાપ્રસાદોના લાલચુઓને તે રૂચે કે નહીં તેની તેને લેશ પણ દરકાર નથી.

દયાનંદ તેમજ આર્ય સમાજ સત્યનેજ સિદ્ધાંત માનેછે!

ઘણાક લોકો જેઓ આર્ય સમાજને સ્વામી દયાનંદનીજ મનઘડત કલ્પના માને છે, તેઓ ભ્રમમાં પડી રહ્યા છે. આર્ય સમાજ પોતાના નિયમાનુસાર સત્યનેજ સિદ્ધાંત માની રહ્યો છે, અને સત્ય ઋષિ દયાનંદ અથવા કોઇ ઋષિનો વારસો નથી.

અમે આ પુસ્તકના દ્વિતીય ભાગમાં સ્વામી દયાનંદના વાક્યો ટાંકી બતાવી આવ્યા છીએ કે તેઓએ કોઈ પણ મનઘડત સિદ્ધાંત નથી પ્રવર્તાવ્યો. તેઓ સત્યનેજ માનતા હતા કે જેને ઇશ્વરે વેદોમાં પ્રતિપાદન કીધું છે, અને જેને બ્રહ્માથી લઇ જૈમિનિ મુની પર્યન્ત સર્વ ઋષિગણ માનતા આવ્યા છે.

સત્ય ત્રણે કાળમાં એક રસ રહે છે, અને સર્વને માનવા યોગ્ય છે. બે અને બે મળી ચાર થાય છે, એને આદિ સૃષ્ટિથી લઇને આજ પર્યન્ત બધા વિદ્વાનો એમજ માનતા આવ્યા છે, અને માનશે પણ, એજ સત્ય સિદ્ધાંત છે. સત્ય કોઇ પણ એકલા પુરૂષનો નહીં પણ સર્વનો સિદ્ધાંત છે.

આર્ય સમાજના સિદ્ધાંતો સત્યસિદ્ધાંતજ છે, અને તેજ ઋષિ દયાનંદ અને મનુષ્ય માત્રના છે. માટે એમ કહેવું કે આર્ય સમાજ સ્વામી દયાનંદના નિજ સિદ્ધાંતને માને છે, અત્યન્ત મિથ્યા અને અસત્ય છે. ઋષિ દયાનંદ અને આર્ય સમાજ ઉભય સત્ય સિદ્ધાંત—જે વેદ પ્રતિપાદિત છે—માને છે અને એવી રીતે બધા બુદ્ધિમાનો માનશે.

દયાનંદ આર્ય્ય સમાજના નિર્માતા નહીં પણ પુનરોદ્ધારક છે !

પાંચ હજાર વર્ષ પહેલાં પાતાળ દેશ (અમેરિકા) નિવાસી આર્ય્યાવર્ત્તવાસીયો સાથે સંબંધ રાખતા હતા, પરન્તુ અવિદ્યાન્ધકાર વધવાથી લોકોએ જલયાત્રા કરવી છોડી દીધી, તેથી અમેરીકાવાળા યુરોપ અને આર્ય્યાવર્ત આદિ દેશોને, અને આ દેશ વાસીયો અમેરીકાવાળાઓને ભુલી ગયા, અને એવા અન્ધકારમાં પડ્યા જે એક બીજાની સ્થિતિથી પણ અનભિજ્ઞ થઇ ગયા. તેવા સમયમાં જે પુરૂષાર્થી કોલમ્બસે અમેરીકા ખંડનો પતો લગાવ્યો, તો એમતો નહીં કહેવાય કે તેણે અમેરીકાને હાથે બનાવ્યું.

તેવીજ રીતે પાંચ હજાર વર્ષ પહેલાં સમગ્ર ભૂમંડળમાં એકજ વૈદિક ધર્મનો ધ્વજા ફરકતી હતી, આર્ય્યધર્મ સભાઓ (આર્ય્ય સમાજો) મોજુદ હતી. પણ મહાભારતના યુદ્ધમાં ધર્માત્માઓના નષ્ટ ભ્રષ્ટ થયા પછી સમય આવ્યો કે જ્યારે લોકો " આર્ય્ય " નામની સાથે " આર્ય્ય સમાજ " તેમજ વૈદિક ધર્મને ભુલી ગયા. તે અંધકારના સમયમાં જો સ્વામી દયાનંદે આર્ય્ય સમાજ—કહો અથવા વૈદિક ધર્મનો પતો લગાવ્યો તો એમતો નહીં કહેવાય કે સ્વામીજીએ વૈદિક ધર્મના સિદ્ધાંતો સ્વયં બનાવ્યા.

જેવી રીતે કોલમ્બસ અમેરીકાનો નિર્માતા નહીં પણ શોધક હોવાથી તેનું નામ અમેરીકા સાથે જોડાયલું છે, તેવીજ રીતે ઋષિ દયાનંદ વૈદિક ધર્મ—આર્ય્ય સમાજ—ના નિર્માતા નહીં પણ પુનરોદ્ધારક હોવાથી તેઓનું નામ પણ આર્ય્ય સમાજ સાથે જોડાયલુંજ રહેશે.

ઋષિ દયાનંદનો મુખ્યોદ્દેશ્ય !

અમને એ વાતથી અત્યન્ત દુઃખ થાય છે કે, અમારા હિંદુ ભાઇયો સ્વામી દયાનંદના સિદ્ધાંતપર લેશ પણ વિચાર નહીં કરતાં તેને નવીન ધર્મ પ્રચારક સમજી પોતાનો પરમ શત્રુ માને છે, પણ જો તેઓ દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરે તો તેઓને જણાઇ આવશે કે સ્વામી દયાનંદે એક પણ નવીન સિદ્ધાંત નથી પ્રવર્તાવ્યો. પણ માત્ર અવિદ્યાએ કરી આપણામાં ઘર કરી બેઠેલી ખરાબીયોનો નાશ કરી, તેજ સનાતન વૈદિક ધર્મનો આપણને ઉપ-દેશ કીધો છે કે જેને આપણા પૂર્વજ ઋષિ મુનીયો માનતા આવ્યા છે.

ભારત વર્ષમાં જે ઇર્ષા, દ્વેષ અને કુસંપ ફેલી રહ્યો છે, તેનો નાશ થઇ ભારતવાસીયોની પરસ્પર ઐક્યતા થાય; અવિદ્યાનો નાશ થઇ વિદ્યાનો પ્રચાર થાય; ભારત વર્ષ જે એક સમય સમગ્ર ભૂમંડળનો શિરતાજ તેમજ શિક્ષક હતો, તેને પુનઃ તેજ પદવી પ્રાપ્ત થાય એજ તે મહાત્માનો મુખ્યોદેશ્ય હતો.

તેઓએ બાંધેલા આર્ય્ય સમાજના નિયમોમાં સ્થળે સ્થળે પરોપકાર, ઐક્યતા અને વિદ્યા વૃદ્ધિનો ઉપદેશ ઝળકી રહ્યો છે.

મૂર્તિ પૂજાનું ખં-ડન અપકાર નહીં પણ ઉપકાર માટે!

આર્ય્ય સમાજના દશનિયમોની સંક્ષિપ્તમાં વ્યાખ્યા કરતાં અ-મારા મિત્રોને બતાવીશું કે, સ્વામી દયાનંદે કો-ઇ પણ નવીન મત નથી ચલાવ્યો અને જે મૂર્તિ પૂજા, શ્રાદ્ધાદિના ખંડનને લીધે અમારા ભાઇયો સ્વામીજીને પોતાનો વેરી સમજી રહ્યા છે, તેઓને પણ ખાત્રી પૂર્વક જણાવીશું કે, ઉક્ત બાબતોનું ખંડન સ્વામીજીએ તેઓના અપકાર માટે નહીં પણ ઉપકાર માટે કીધું છે.

મૂર્તિ પૂજા જેમ અમારા સનાતની ભાઇયો હમણા કહે છે તેમ જો માત્ર ધ્યાન લગાડવાના સાધન તરીકે માનવામાં આવી હોત, તો સ્વામીજીને તેનાપર એટલા પ્રહારો કરવા ન પડત. પણ મૂર્તિ પૂજા દ્વારાજ ભારત વર્ષમાં ભ્રષ્ટાચાર ફેલ્યો હતો. મૂર્તિ પૂજાથી લોકો માત્ર આળસી અને નિરૂદ્યમીજ નહીં બન્યા પણ સાથેજ વિષયલંપટ બનવામાં પણ મૂર્તિ પૂજા તેઓને એક સાધન થઇ પડી. અમારા જે ભાઇયો મૂર્તિયોના મંદીરોમાં જતા હશે તેઓ સારી પેઠે સમજતા હશે કે, તે દર્શનનો સમય દેવના દર્શનનો નહીં, પણ ત્યાં દેવ દર્શનાર્થે પધારેલી દેવાંગનાઓના દર્શનનોજ થઈ પડે છે. ત્યાં જનારા માત્ર તેઓના અંગોના સ્પર્શનો આનંદજ નથી ભોગવતા પણ તેઓ (માંના ઘણા ખરાઓ) ને તેઓની લાજ લુંટવાનો પણ લાગ ફાવી જાય છે.

સેંકડો નહીં બલ્કે હજારો સરલ અને મધુર સ્વભાવવાળી નિષ્કપટ પવિત્ર કન્યાઓ–કે જેઓએ પતીના દર્શન સુધાં નથી કીધા તેઓ–નો પાખંડી ગુરૂઓ અને મુખ્યા, ભીતરીયાઓ દ્વારા પાતિવ્રત્ય નષ્ટ થવાનું મૂળ કારણ મૂર્તિના મંદિરો નહિં તો બીજુ શું છે?

અહા ! અદ્યાપી પર્ય્યન્ત મદ્રાસ તરફ સેંકડો મૂર્ખ માતા પિતાઓ પોતાની નિર્દોષ દીકરીઓને દેવને અર્પણ કરી દેવદાસી બનાવે છે. જેઓ સ્પષ્ટ રીતે કહીયે તો તે મંદિરોના પુજારીયોની ઉપપત્ની તરીકે રહી પોતાની જીંદગી વેશ્યાપણામાંજ ગુજારે છે. એ સઘળી વાતોની પ્રચારિકા અને ઉત્પાદિકા મૂર્તિ પૂજા નહીં તો બીજું કોણ છે?

બસ, એ સઘળી ભ્રષ્ટ ક્રિયાઓ તરફ દ્રષ્ટિ કરી સ્વામી દયાનંદે જોર શોરથી મૂર્તિ પૂજાનું ખંડન કીધું હતું. મૂર્તિપૂજાજ ભા-

રતની અવનતિનું મૂળ કારણ તેઓ સમજતા હતા તેથીજ પ્રાણ જવાનો પણ ડર લાગી મૂર્તિપૂજનને જડમુળથી નાશ કરવા તેઓએ ભગીરથ પ્રયત્નો કીધા હતા, અને તેમાં તેઓએ કેટલી સફળતા મેળવી હતી તે તેઓના જીવન ચરીત્રપરથીજ જણાઇ આવશે.

સડેલાને સ્થળે તાજાની ભરતી.

સ્વામી દયાનંદ એક સદ્વૈધ હતા. જ્યારે તેઓએ મૂર્તિપૂજારૂપી સડેલા માંસને રોગ ગ્રસ્ત હિંદુ ધર્મમાંથી કાપી નાખ્યું, ત્યારે તેને સ્થળે તાજુ માંસ ભરવા સંધ્યા, અગ્નીહોત્રાદિ દ્વારા ઇશ્વરોપાસના કરવાનો ઉપદેશ કીધો.

જ્યારે તેઓએ પત્થરની મૂર્તિ નહીં માનવાનું કહ્યું અને સાથે વળી મૃતકશ્રાદ્ધનું ખંડન કીધું, ત્યારે તેને સ્થળે તેઓએ માતાપિતા, ગુરૂ તથા આચાર્યાદિ સજીવ મૂર્તિ અર્થાત્ પિતરોનું શ્રાદ્ધ તર્પણ કરવાનો રસ્તો બતાવ્યો.

પિતર તેઓએ મુવાને નહીં પણ જીવતાનેજ માનવાનું શાસ્ત્રોથી સિદ્ધ કરી બતાવ્યું છે, અને તેઓની શ્રદ્ધાપૂર્વક સેવા કરવાનું નામ શ્રાદ્ધ સિદ્ધ કીધું છે.

કયો સનાતની ભાઈ છાતી ઠોકી કહેશે કે, સંધ્યા અગ્નીહોત્રાદિ પંચમહાયજ્ઞો સનાતન નહીં પણ નવીન કલ્પના છે? પ્રત્યેક સજ્જનને સ્વીકારવું પડશે કે મૂર્તિ, શ્રાદ્ધ નવીન, અને પંચ મહાયજ્ઞોજ સનાતન છે!

સ્વામીજીએ સંધ્યોપાસનમાંથી ભ્રષ્ટ તત્વ કાઢી નાંખ્યું.

અમારા ઘણા ભાઇયો વળી એમ પણ કહેછે કે, "સ્વામીજીએ સંધ્યામાંથી ઘણોક ભાગ કાઢી નાંખ્યો." બેશક સત્ય છે! તે વાત અમે પણ સ્વીકારીયે છીએ. હિંદુઓની એક બે નહીં પણ પચાસેક સંધ્યાઓ છે. હવે દયાનંદ કઇ સં-

ધ્યાને માને ? તેઓએ તો કોઇ પણ ઝઘડાની સંધ્યા નથી માની, માત્ર વૈદિક સંધ્યાજ માની છે. અને સાર્થક મંત્રો તેમજ ક્રિયાઓ રાખી બાકી ભ્રષ્ટાચાર કાઢી નાંખ્યો છે.

અમને અમારા એક મિત્ર તરફથી "**श्री लघु द्विजषट कर्म**" નામનું સંધ્યાનું પુસ્તક–જે હઠ્ઠાની સનાતન ધર્મ સભામાં લોકોને શીખવવામાં આવે છે તે મળ્યું, જેમાંનો શિખા બંધનનો શ્લોક નીચે પ્રમાણે છે.

" ओं उर्ध्वकेशि विरुपाक्षी मांस शोणित भोजने ।
तिष्ठ देवि शिखा मध्ये चामुडे ह्य पराजीते ॥

અર્થાત્—હે ઉર્ધ્વ કેશવાલી ! હે વીરૂપાક્ષી ! હે માંસ તથા રૂધીરને જમવા વાળી ! હે અપરાજીત ચામુંડે ! મારી શિખામાં તું રહે અને રક્ષણ કર."

આ એક નમુનો. પણ એવા અનેક નિરર્થક ઉટપટાંગ શ્લોકો!

ત્યારે શું એવા શ્લોકો ઇશ્વરોપાસનાના કહેવાય ? જ્યારે શિખા બાંધનાર માંસ અને રૂધીર ખાવાવાળી દેવીને પોતાના મસ્તકમાં બિરાજમાન કરશે, ત્યારે તે પોતે માંસ અને રૂધીરનો ભક્ષક થઇ જાય તેમાં શી નવાઇ ?

મિત્રવર્ય ! એવા શ્લોકો તો ઇશ્વરના પવિત્ર નામને કલંક લગાડનારા છે, બાકી ઉપાસના કરવાના તો નથી ! તેમજ વળી એક બીજી "**संध्योपासन–भाषा टीका**" નામની પંડિત યમુનાદતની બનાવેલી ચોપડીમાં જોશો તો જણાઇ આવશે કે, તેમાં અનેક પાપો સાથે લિંગેન્દ્રિયથી થયલુ પાપ પણ માત્ર આચમન કરવાથી જ નષ્ટ થઇ જવાનું લખે છે.

એક તો મૂર્તિપૂજકો નામન વિષય વાસનામાં તલ્લિન, તેમજ વળી તેઓને એ વિશ્વાસ કે સવારનું કીધેલું પાપ સાંજે આચમન કરવાથી નષ્ટ થઇ જશે ! ! ! એવી ઉલટી શિક્ષાથી વ્યભિચાર અને પાપ કર્મોની વૃદ્ધિ થાય તેમાં શી નવાઇ ? એ જાણી જોઇ લોકોને વ્યભિચારી અને પાપી બનવાની છુટી આપવી નહીં તો બીજું શું છે ?

ત્યારે જો એવા નિર્થક શ્લોકોને કાઢી સ્વામીજીએ શુદ્ધ વૈદિક સંધ્યાજ સ્વીકારી તો શું, ખોટું કહેવાય ? એકવાર અમે અમારા મિત્રોને સ્વામીજી પ્રણિત પંચમહાયજ્ઞ વિધી ખરીદી, સનાતની ભાઇયોની નિત્યકર્મ વિધીના ગ્રંથો સાથે સરખાવી જોવાની વિનંતી કરીયે છીયે. તો તેઓને તરતજ જણાઇ આવશે કે શુદ્ધ વૈદિક સંધ્યા કઇ છે !

કરવાના નહીં પણ માત્ર કહેવાના !!!

અમારા સનાતની ભાઇયો મુખથી ભલે એમ કહેતા હોય કે " અમે મૂર્તિમાત્ર ધ્યાનના સાધન તરીકે માન્યે છીએ." પણ જોવામાં તો એથી ઉલટું જ આવે છે. જેમ નાટકના આઠ પડદા, તેમ મૂર્તિઓના ભોગ, શ્રંગાર તેના વન્સમોરનો ધ્વની જયજય ને સીનસીનેરી જોવાની દોડાદોડ ! શું આ ધ્યાનનું સાધન છે ?

કુસંપનું મૂળ.

ભારતમાં જે અનૈક્યતા–કુસંપ ફેલ્યો છે તેનું મૂળ કારણ જ મૂર્તિપૂજા છે. જ્યાં એક ઇશ્વરને સ્થળે હજારો પ્રકારના ઇશ્વરો પૂજાય ત્યાં કુસંપ થાય તેમાં શું આશ્ચર્ય ?

કોઇ ઇશ્વરને ચતુર્મુખી માને છે તો કોઇ ત્રિમુખી, કોઇ ચતુર્ભુજ તો કોઇ અષ્ટભુજ, કોઇ લાલ તો કોઇ કાળો, કોઇ બાળ તો કોઈ વૃદ્ધ. જે લોકો જેવી જેવી મૂર્તિયો જુવે છે તેવા તેવા ઇશ્વરો કલ્પી રહ્યા છે.

સ્વામી દયાનંદે આ અનૈકયતાની જડમૂળ ઉખેડી ઐકયતા ફેલાવવા, અને આર્ય્ય સન્તાનને એકેશ્વરવાદી આર્ય્ય સમાજનો બનાવવા "**स पर्यगाच्छुक्रमकाय**" તથા **બીજો નિયમ !** "**न तस्य प्रतिमा अस्ति**" આદિ વેદ મંત્રોના ભાવાર્થને લઇ આર્ય્ય સમાજના બીજા નિયમની નિમ્ન લિખિત પ્રકારે રચના કીધી.

" ईश्वर सच्चिदानन्दस्वरूप, निराकार, सर्वशक्तिमान, न्यायकारी, दयालु, अजन्मा, अनन्त, निर्विकार, अनादि, अनुपम, सर्वाधार, सर्वेश्वर, सर्वव्यापक, सर्वान्तर्य्यामी, अजर, अमर, अभय, नित्य, पवित्र और सृष्टि कर्त्ता है उसीकी उपासना करनी योग्य है । "

સ્વામી દયાનંદે ભારતવાસીયોને અનેક શાસ્ત્રીય પ્રમાણોથી સિદ્ધ કરી બતાવ્યું કે, ઇશ્વર જડ નહીં પણ ચૈતન્ય છે. તેને પ્રાપ્ત કરવાનો માર્ગ ઘંટા વગાડવા નહીં પણ યમ નિયમોનું પાલન અને યોગાભ્યાસજ છે.

કયો સનાતની ભાઇએ સિદ્ધ કરવાને કટિબદ્ધ થશે કે, નિરાકાર ચૈતન્ય ઇશ્વરની જડમૂર્તિ બની શકે છે અને તેની પૂજાદ્વારા મનુષ્ય મોક્ષને પ્રાપ્ત થાય છે !

કયો નિષ્પક્ષપાતી મનુષ્ય એ સ્વીકાર પણ કરશે કે ઇશ્વરને નિરાકાર માનવો અર્વાચીન, અને તેની મૂર્તિ માનવી સનાતન સિદ્ધાંત છે !

બુદ્ધિમાનો તો અવશ્ય માનશે કે તે મહાન બ્રહ્માંડપતી, સર્વ વ્યાપક પરમાત્માની મૂર્તિ કલ્પવી, અજ્ઞાનતા છે.

આર્ય્ય સમાજનો પહેલો નિયમ એ છે કેઃ—" **સબ સત્ય વિદ્યા ઔર સત્ય વિદ્યાસે જો પદાર્થ જાને જાતે હૈ ઉન સબકા આદિ મુલ પરમેશ્વર હૈ ।** "

આર્ય્ય સમાજનો પહેલો તથા ત્રીજો નિયમ!

અને ત્રીજો નિયમ એ છે કેઃ—" **વેદ સત્ય વિદ્યાઓકા પુસ્તક હૈ. વેદકા પઢના પઢાના ઔર સુનના સુનાના સબ આર્યોંકા પરમ ધર્મ હૈ ।** "

આર્ય્ય સમાજનો ત્રીજો નિયમ જ્યારે વેદને સત્યવિદ્યાઓનું પુસ્તક બતાવે છે, ત્યારે પહેલો નિયમ સર્વ સત્ય વિદ્યાઓનું આદિ મૂળ પરમેશ્વરને માને છે. આ બન્ને નિયમોને સાથે લેતાં એજ અનુમાનપર આવવું પડે છે કે, વેદ ઇશ્વર વાક્ય છે. વેદને ઇશ્વર વાક્ય માનવામાં તો અમારા સનાતની ભાઇયો પણ કાંઈ ઇનકાર નથી કરતા. તેથી તેને સિદ્ધ કરવા વિશેષ લખવું વ્યર્થ છે.

વેદ જ્યારે ઇશ્વરની વાણી છે, ત્યારે માત્ર બ્રાહ્મણોનો તેના પર હક રહે અને અન્ય વર્ણો તે પવિત્ર વાણી શ્રવણ કરવાથી વંચિત રહે, એ ખરેખર હડહડતો અન્યાય છે. ઋષિ દયાનંદે યજુર્વેદ અધ્યાય ૨૬ મંત્ર ૨ " **યથમાંવાચં** " થી સિદ્ધ કરી બતાવ્યું કે, વેદો માત્ર બ્રાહ્મણોના રજીષ્ટર થયલા નહીં પણ મનુષ્ય માત્રને માટે છે.

એવો કોઇ પણ ઇશ્વરીય પદાર્થ નથી જે કોઇ ખાસ મનુષ્ય અથવા વર્ણને માટે રજીષ્ટર થયલો હોય. ઇશ્વર રચિત સર્વ પદાર્થો મનુષ્ય માત્રને માટે છે.

સૂર્યથી જ્યારે બ્રાહ્મણોના ઘરમાં રોશની થાય છે, જ્યારે કોઇ બીજાના ઘરમાં તેથી અંધકાર પણ કદી થયો છે? તેવીજ રીતે વાયુ, જળ આદિ પણ કોઇ ખાસ મનુષ્યને માટે નિર્માણ નથી થયા!

વેદોપર જ્યારે સ્વામી દયાનંદે મનુષ્ય માત્રનો હક બતાવ્યો ત્યારે લોકો પરોપકારાર્થે તેનાં ભાષ્ય પણ કીધાં!

સ્વામી દયાનંદે જ્યારે આર્ય્ય સમાજનો ત્રીજો નિયમ બનાવ્યો કે, "વેદોનું ભણવું ભણાવવું અને સાંભળવું સંભળાવવું આર્યો નો પરમ ધર્મ છે." ત્યારે આર્ય્ય સમાજ તે નિયમ માત્ર કાગળ પર લખીને બેસી ન રહ્યો, પણ તેને અમલમાં લાવવા હરિદ્વાર સિકંદરાબાદ, બદાંયુ, ગુજરાનવાલા આદિ સ્થળોએ ગુરૂકુળો ખોલી દીધા—જ્યાં પ્રત્યેક વર્ણના લોકો વેદાધ્યન કરે છે. અને વેદપ્રચાર ફંડ સ્થિર કરી અનેક ઉપદેશકો ને ભારતવર્ષમાં પ્રચાર કરવા નિયત કરી દીધા.

" સત્ય ગ્રહણ કરને ઔર અસત્યકે છોડનેમેં સર્વદા ઉદ્યત રહના ચાહિયે ! "

આર્ય્ય સમાજનો ચોથો નિયમ ! — એ આર્ય સમાજનો ચોથો નિયમ છે.

જૈની, મુસલમાન, ઇસાઇ અને હિંદુ લોકો એ નિયમની ઉત્તમતાને નથી સમજતા. અને તેઓ ભય રાખે છે કે જો આપણે એવો નિયમ માની લઇ શું તો આપણા મતમાં જે બીજા મિથ્યા નિયમો અને ક્રિયાઓ છે તે સર્વ નિર્મુલ થઇ જશે. પરન્તુ આ

ગૌરવ માત્ર આર્ય્ય સમાજનેજ પ્રાપ્ત છે કે, તે એ નિયમાનુ સાર સંવાદ અને શાસ્ત્રાર્થ કરવા માટે સર્વદા ઉત્તમ રહે છે. મહા ભારત આદિ પર્વ અધ્યાય ૨૮ ના ૧૭ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

सत्येन संवर्द्धयाते यो दमेन शमेनच ।
अहिंसया च दानेन तप्यमानः सनातनः ॥ १७ ॥

અર્થાત્—સત્યથી, દમથી, શમથી, અહિંસાથી, દાનથી અને તપથી જે ધર્મ વધે છે તેનેજ સનાતન ધર્મ કહે છે ॥ ૧૭ ॥

ગમે તે ગ્રંથ હોય અને ગમે તેનો લેખ હોય પણ તે વેદ વિરૂદ્ધ અસત્ય સિદ્ધ થવાથી તેને ત્યાગી દેવાને આર્ય્ય સમાજ પોતાને સદૈવ બંધાયલો છે.

આર્ય્ય સમાજનો પાંચમો નિયમ !

આર્ય્ય સમાજનો પાંચમો નિયમ એ છે કેઃ—" **સબ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અસત્યકો વિચાર કરકે કરને ચાહિયે ।** " આ નિયમમાં વ્યવહાર શુદ્ધિની શિક્ષા આપવામાં આવી છે.

ભારત વર્ષમાં દેશી લોકો મળી કરી મોટા મોટા કામ અને વ્યાપાર કેમ નથી કરી શકતા? એજ ઉત્તર મળશે કે, તેઓ પરસ્પર સત્ય વ્યવહાર નથી રાખતા !

ભાઇનો ભાઇપર, પિતાનો પુત્રપર, શેઠનો ચાકરપર સંપૂર્ણ વિશ્વાસ કેમ નથી રહેતો? સત્યતાના અભાવમાં !

ઐકયતાનો પોકારતો ચોતરફ થઇ રહ્યો છે, સંપ સંપ કરીને તો ભારત વાસીયો નાચી રહ્યા છે, પણ જે ઐકયતાનું મૂળ પરસ્પર સત્ય વ્યવહાર તેનાપર લક્ષજ નથી દેતા. કોઈ પેઢીદારની પાસે પાં-

ચસો રૂપિયા અનામત રાખે, અને રાખનારનો દેહાંત થઇ જાય, તો તે પેઢીદારના બાપના ! ઘણા જેઓ વિશેષ ઇમાનદાર છે તેઓ તો તેના જીવતાંજ–જો તેણે પાકો બંદોબસ્ત કરી લખાવી ન લીધું હોય તો–હજમ કરી જાય છે. દુકાન માંડતી વખતે તો ઘણા ખરાઓ એજ વિચારથી દુકાનનો આરંભ કરે છે કે, કોઇના દશ વીસ હજાર, લાખ બે લાખ હાથતળે આવી જાય તો તરતજ દેવાળું ફુંકી દઉં. શેઠનો એજ વીચાર કે હું તો કમાઉં ! ગુમાસ્તો ન કમાય તો પડે જહાંનમમાં !

વિચારનો વિષય છે કે, જ્યાં સુધી ભારતવાસીયો પરસ્પર સચ્ચાઇથી નથી વર્ત્તતા, ત્યાં સુધી દેશાભિમાનનો દાવો કરવા બહાર પડવું, તેઓને માટે લજ્જાસ્પદ બીના છે. ભાઇનું હાથે કરી ગળું કાપનાર દેશનું દુઃખ હૈયે ધરતો હોય એ અસંભવીત છે. સ્વદેશીના નામે વિલાયતી ચીજો વેચનારા દેશ દ્રોહીયોથી દેશનું શું કલ્યાણ થઇ શકશે ? કાંઇ પણ નહીં !

સ્વામી દયાનંદને વિશ્વાસ હતો કે, જ્યાં સુધી ભારત વાસીયો પરસ્પર ધર્મયુક્ત વ્યવહારથી નહીં વર્તશે, ત્યાં સુધી તેઓની ઉન્નતિ થવી અસંભવિત છે. તેથીજ તેઓએ આર્ય્ય સમાજના પાંચમા નિયમની રચના કીધી છે. અને તેની વ્યાખ્યામાં "વ્યવહાર ભાનુ" નામે એક લઘુ ગ્રંથ લખ્યો છે, જે પ્રત્યેક સજ્જનને વાંચવા યોગ્ય છે.

આર્ય્ય સમાજનો છઠ્ઠો નિયમ !

"સંસારકા ઉપકાર કરના આર્ય્ય સમાજકા મુખ્ય ઉદ્દેશ્ય હૈ અર્થાત્ શારીરિક, આત્મિક ઔર સામાજિક ઉન્નતિ કરના ! " એ આર્ય્ય સમાજનો છઠ્ઠો નિયમ છે.

જાપાનમાં ધાર્મિક કોન્ફરન્સ મળવાનું સાંભળી આર્ય સમાજીયો કેમ કુદી પડયા ? ત્યાં જવામાં તેઓને શો લાભ ? કાંઇ જ નહીં ! પણ સંસારનો ઉપકાર કરવો આર્ય સમાજનો છટ્ઠો નિયમ છે. યદપિ પુરતા સાધનો ના અભાવે તેઓ વિશેષ કાંઇ નથી કરી શકયા, તથાપિ સંસાર ભરમાં વૈદિક ધ્વની ફેલાવવાની તેઓની મહત્વાકાંક્ષા છે.

પચ્ચીસ અથવા તેથી પણ વધુ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરાવી ગુરૂકુળોમાં વિદ્યાધ્યન કરાવવું, એથી સિદ્ધ થાય છે કે આર્ય સમાજ શારીરિક તેમજ આત્મિક ઉન્નતિના સાધનો કામે લગાડી રહ્યો છે. સામાજીક ઉન્નતિ કરવામાં તેણે કેટલી સફળતા પ્રાપ્ત કીધી છે, તે તો અમારા ભાઇયો જોઇ રહ્યા હશે કે, પ્રત્યેક વાતમાં આર્ય સમાજનું અનુકરણ કર્યા વગર તેઓનો બીજો રસ્તોજ નથી.

આર્ય સમાજનો સાતમો નિયમ એછે કેઃ—" **સબસે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તના " ચાહિયે. "**

આર્ય સમાજનો સાતમો નિયમ !

એનો અભિપ્રાય એછે કે ધર્માત્મા મનુષ્યો, સજ્જન બંધુઓ અને મિત્રો સાથે પ્રેમ કરવો; મૂર્ખાઓ સાથે સહન શીળતાનો વર્તાવ અને ચોરાદિ દુષ્ટ પુરૂષોને ન્યાય પૂર્વક યથાયોગ્ય દંડ દેવો અથવા ન્યાયાલયથી દેવડાવવો જોઇયે. અને દીનો ઉપર દયા રાખવી જોઇયે.

અનાથોપર કર્મદ્વારા દયા કરવાના પ્રયોજનથી અજમેર, બરેલી, જાલંધર, ફીરોજપુર, મેરઠ આદિ અનેક નગરોમાં આર્ય સમાજે છોકરા તેમજ છોકરીયોને માટે અનાથાલયો સ્થાપન કીધાં

છે. તેની તરફ દયાની દ્રષ્ટિ રાખવી સજ્જનોનું કામ છે. મહાભારત આશ્વમેધિકપર્વ અધ્યાય ૩૯ માં કહ્યું છે કેઃ—

एष धर्मो महायोगो दानम्भूत दया थता ।
ब्रह्मचर्य्यन्तथा सत्यमनुक्रोशो धृतिः क्षमा ॥ ३२ ॥
सनातनस्य धर्मस्य मूलमेतत्सनातनम् ॥ ३३ ॥

અર્થાત્—એજ મોટો ધર્મ અને એજ મોટો યોગ છે કે દાન કરવું, સર્વ પ્રાણીઓપર દયા રાખવી, બ્રહ્મચર્યનું પાલન કરવું, સત્યનું સેવન કરવું, કૃપા કરવી, ધીરજ રાખવી અને ક્ષમા કરવી એજ સનાતન ધર્મનું સનાતન મૂલ છે.

આર્ય્ય સમાજનો આઠમો નિયમ !

“અવિદ્યા કાનાશ ઔર વિદ્યાકી વૃદ્ધિ કરની ચાહિયે”। આ આર્ય્ય સમાજનો આઠમો નિયમ છે. અને એજ નિયમના આશયને લઇને આર્ય્ય સમાજ મૂર્તિપૂજા, નાસ્તિકતા, માયાવાદ, જલ સ્થળ રૂપી તીર્થ અને ભ્રમજનક મત મતાન્તરોના મિથ્યા સિદ્ધાંતોનું યુક્તિ અને પ્રમાણદ્વારા ખંડન કરતો, તેને સ્થળે સાચા વિવેકનો પ્રચાર કરી રહ્યો છે.

અને અનેક સ્થળે કાલેજો, હાઇસ્કુલો, પાઠશાળાઓ, પુત્રી પાઠશાળાઓ અને કન્યા મહવિદ્યાલયો સ્થાપન કરી વિદ્યાનો પ્રચાર કરી કહ્યો છે.

આર્ય્ય સમાજનો નવમો નિયમ !

આર્ય્ય સમાજનો નવમો નિયમ એછે કેઃ—**“પ્રત્યેક કો અપની હી ઉન્નતિસે સન્તુષ્ટ ન રહના ચાહિયે કિન્તુ સબકી ઉન્નતિમેં અપની ઉન્નતિ સમજની ચાહિયે।”** આ નિયમમાં પરસ્પર અત્યન્ત પ્રેમથી ઉપકાર અથવા કાર્ય્ય કરવાની શિક્ષા આપવામાં આવી છે.

આજકાલ અમારા દેશવાસીયો જો સગાભાઇને પણ કુવામાં પડતો જુવે તો કહેશે કે, "આપણું તેમાં શું જાય છે?" અને આર્ય્ય સમાજીયોપર પણ એજ પ્રકારનું દબાણ ચલાવવામાં આવે છે કે, "તમે ભલે મનમાં સમજો પણ બીજાને કહેવામાં શો લાભ?" પણ તેઓએ જાણવું જોઇયે કે આર્ય્ય સમાજનો એ નિયમ છે કે, "પ્રત્યેકે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇયે, પણ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇયે."

બસ, એજ શિક્ષાને લઈ આર્ય્ય સમાજ માત્ર પોતાની ઉન્નતિથીજ સંતોષ નહીં પકડતાં જગતને પણ ઉન્નતિના સાધનો સમજાવવા અનેક પ્રયત્નો કરી રહ્યો છે. તેમાં તેને કષ્ટ પડે તો એ શું, અને સુખ મળે તોએ શું, કોઇ માની લે તો તોએ શું અને બે ગાળો દે તોએ શું. પણ મનુષ્ય માત્રની ઉન્નતિ જોવાનેજ તે આતુર છે.

આર્ય્ય સમાજનો દશમો નિયમ!

"સબ મનુષ્યોંકો સામાજિક સર્વ હિતકારી નિયમ પાલનમેં પરતંત્ર રહના ચાહિયે ઔર પ્રત્યેક હિતકારી નિયમમેં સબ સ્વતંત્ર રહેં।" આ આર્ય્ય સમાજનો દશમો નિયમ છે.

આ નિયમમાં પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર અને સર્વ હિતકારી નિયમમાં પરતંત્ર રહેવાની શિક્ષા છે.

પ્રત્યેક હિતકારી એટલે જેનો માત્ર તે વ્યક્તિ સાથે સંબંધ હોય, અને સર્વ હિતકારી એટલે જેની સાથે બીજાનો પણ સંબંધ હોય.

દાખલા તરીકે જો ચોરી, વ્યભિચાર, અસત્ય અને હિંસા આદિને લઇયે તો જણાશે કે, તેમ કરવાથી જન સમુહને હાનિ છે. જો આપણે ચોરી કરીશું તો ન માત્ર આપણેજ જેલ ભોગવીશું, પણ સાથેજ બીજાનો માલ અન્યાયથી ગ્રહણ કરી તેના મનને સંતાપ આપીશું! વ્યભિચાર કરવાથી ન માત્ર આપણે બળ, વીર્ય હિન થઇ શું, પણ સાથેજ બીજાઓની વહુ દીકરીઓને પણ બગાડીશું! અસત્ય બોલવાથી ન માત્ર આપણે જુઠા કહેવાઇ શું, પણ બીજાને પણ ધોખો દઇ, વિશ્વાસઘાત કરી તેને નુકશાન પહોચાડી શું! હિંસા કરવાથી ન માત્ર આપણે પાપી કહેવાઇ શું, પણ સાથેજ અન્ય પ્રાણીના પણ પ્રાણ હરણ કરી તેને કષ્ટ પુગાડી શું! દારૂ અથવા કેફી પદાર્થના સેવનથી ન માત્ર આપણેજ ગટરોનો આનંદ લઇ લાતો ખાઇ શું, પણ સાથેજ કેફની ધુનમાં લાજ, શરમ મુકી કાંઇનું કાંઇ કરી નાંખીશું!

સઘળી વાતોનો સાર એટલોજ કે, જેથી બીજા કોઇને હાની પહોંચતી હોય અથવા સંતાપ થતો હોય, તે કામ કદી પણ નહીં કરવું જોઇયે. અને જે કામ કરવાથી કોઇને લેશ માત્ર પણ હાનિ ન થાય, તે કામમાં સ્વતંત્ર રહેવું જોઇયે. કહ્યું છે કેઃ—

अकृत्यं नैव कर्त्तव्यं प्राण त्यागेऽप्युपस्थिते ।
नच कृत्यं परित्याज्य मेष धर्मः सनातनः ॥४२॥ (पञ्च तन्त्रे)

અર્થાત્—પ્રાણાન્ત કષ્ટ ઉપસ્થિત થવાપર પણ જે અકૃત્ય ન કરવું અને કર્ત્તવ્ય કરવું તેનેજ સનાતન ધર્મ કહે છે ॥ ૪૨ ॥

હવે આર્ય્ય સમાજના દશ નિયમોના પ્રસંગને સમાપ્ત કરતાં અમને એટલું જણાવવું આવશ્યક છે કે, અમારા બ્રાહ્મણ ભાઇયો તરફથી આર્ય્ય સમાજ ઉપર એ આક્ષેપ કરવામાં આવે છે કે, "સ્વામી દયાનંદ અને આર્ય્ય સમાજ બ્રાહ્મણોના વૈરી છે, અને તેઓને દાન આપવાથી વિરૂદ્ધ છે."

શું સ્વામી દયાનંદ બ્રાહ્મણોના શત્રુ હતા!

અમને એનો ઉત્તર આપતાં સાફ ખુલા શબ્દોમાં જણાવવું પડશે કે, તેઓનો એ આક્ષેપ તદન મિથ્યા અને અસત્ય છે. સત્ય પુછો તો સ્વામી દયાનંદ બ્રાહ્મણોના શત્રુ નહીં પણ એક મહાન હિતેચ્છુ હતા. અનેક સ્થળે તેઓને દાન આપવાનું અને સન્માન કરવાનું લખ્યું છે. (જુવો સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૩૬૨)

"સુપાત્રોં કો પરોપકારીયોં કો પરોપકારાર્થ સોના, ચાંદી હીરા, મોતી, માણિક, અન્ન, જલ, સ્થાન, વસ્ત્રાદિ દાન અવશ્ય કરના ઉચિત હૈ કિન્તુ કુપાત્રોં કો કભી ન દાન દેના ચાહિયે।"

સ્વામીજીના ઉક્ત લેખથી સિદ્ધ થાય છે કે, તેઓ સુપાત્રો અને પરોપકારીયોને તો હીરા, મોતી અને સોના ચાંદી સુધાં દાન આપવાની વિરૂદ્ધ ન હતા; પણ કુપાત્રોને દાન દેવાને બેશક વિરૂદ્ધ હતા. તેઓ જન્મથીજ નહીં પણ કર્મથી બ્રાહ્મણ માનતા હતા.

એક પિતા પોતાના પુત્રને કહે છે કે, "તું ગમે તો ભણીને વિદ્વાન થા, અને ગમે તો મૂઢ રહે પણ તને હું મોજ શોખના સાધનો પુરા પાડતો રહીશ—અર્થાત્ તને ધન દોલત આપતો રહીશ." ત્યારે બીજો એક પિતા તેથી વિરૂદ્ધ જઇ પોતાના પુત્રને કહે છે કે,

"જ્યાં સુધી તું વિદ્યા સંપાદન કરી યોગ્ય પુરૂષ—કર્ત્તવ્ય પરાયણ નહીં બનીશ, ત્યાં સુધી તને હું એક સુકી બદામ પણ આપનાર નથી."

અમે અમારા સુજ્ઞ બન્ધુઓને પુછીયે છીયે કે, ઉક્ત બે પિતાઓમાંથી કયો પિતા પોતાના પુત્રનો હિતેચ્છુ, અને કયો શત્રુ છે?

સર્વ સજ્જનો એકજ અવાજે સ્વીકાર કરશે કે, જે પિતા પોતાના પુત્રને વિદ્યાધ્યયન કર્યા વગર એક પાઇ પણ આપવાની ના પાડે છે તેજ પુત્રનો હિતેચ્છુ, અને જે તેને મૂઢ રહ્યા છતાં પણ ગાડી ઘોડે ફેરાવવાની પ્રતિજ્ઞા કરે છે તેજ પુત્રનો શત્રુ છે. વગર શ્રમે જેને સુખના સાધનો પ્રાપ્ત થઇ જશે, તેને શ્રમ્ લઇ વિદ્યાધ્યયન કરવાની શી આવશ્યક્તા? તેવીજ રીતે સ્વામી દયાનંદ બ્રાહ્મણોને ત્યાં સુધી કાંઇ આપવાની ચોખી ના પાડે છે કે, જ્યાં સુધી તેઓ વેદ ભણી બ્રાહ્મણોના ગુણ કર્મ ધારણ ન કરે.

સ્વામીજી બ્રાહ્મણોની વિરૂદ્ધ નહી, પણ જેઓ બબરચીયોના કામ કર્યા છતાં બ્રાહ્મણ હોવાનો દાવો કરે છે. તેઓની બેશક વિરૂદ્ધ હતા. તેઓએ જો બ્રાહ્મણોને પોપ આદિ વિશેષણોથી સંબોધી, તેઓની ભ્રષ્ટ લીલાઓની વિરૂદ્ધ સખ્ત ભાષામાં લખ્યું; તો તે કાંઇ તેઓના બુરાને માટે નહિ, પણ ભલાને માટેજ! કહ્યું છે કેઃ—

"કડવા બોલી માવડી અને મીઠાં બોલા લોક,
કડવું હિત કરશે સદા અને મીઠાં જાશે ફોક."

રસ્તામાં છોકરાઓ મસ્તી કરી રહ્યા છે! એટલામાં એક પુરૂષ આવતાંજ એક છોકરાને બે ખાસડાં મારી ઘરભણી રવાને કરેછે, બીજાને સખ્ત રીતે ધમકાવે છે, અને ત્રીજાને સમજુતીથી ધમકી દઇ, બાકીનાઓને બીજી વાર મસ્તી ન કરવાની શીખામણ દે છે!

હવે પ્રશ્ન ઉઠેછે કે, તે પુરૂષનો તે છોકરાઓ સાથે શો સંબંધ?

પણ વિચાર કર્યાથી જણાઇ આવેછે કે, જે છોકરાને તેણે બે લાતો મારી તે તેનો પોતાનોજ પુત્ર હતો, અને જેને તેણે સખ્ત રીતે ધમકાવ્યો તે તેનો સગો, અને જેને શાન્તિપૂર્વક સમજાવ્યો તે પડોસી, અને બાકીનાઓની સાથે તેનો વિશેષ સંબંધ નહિ હોવાથી માત્ર હિતેચ્છુ તરીકે તેઓને શીખામણના બે બોલો કહ્યા.

તેવીજ રીતે સ્વામી દયાનંદ પોતે બ્રાહ્મણ હોવાથી તેઓને બ્રાહ્મણો વિષે ઘણું લાગી આવતું હતું. તેથીજ તેઓએ બ્રાહ્મણોને ખુબ સખ્ત ભાષામાં સંબોધી સચેત કીધા, ક્ષત્રીયો અને વૈશ્યોને તેથી શાન્ત ભાષામાં સમજાવ્યા, અને અન્ય કોમોને માત્ર હિતેચ્છુ તરીકે શીખામણવા બે બોલોજ કહ્યા. તેઓને વિશ્વાસ હતો કે બ્રાહ્મણોની દુર્દશાથીજ ભારતની દુર્દશા છે.

એક સમય હતો કે જ્યારે બ્રાહ્મણોને ચક્રવર્તિ મહારાજાઓ રાજ્ય સિંહાસનપરથી ઉઠી સન્માન આપતા હતા! અને એક આ સમય છે કે જ્યારે ઝાડુ કાઢવા અને રોટલી પકાવવાનુ શુદ્રનુ કામ કરવા સમયજ બ્રાહ્મણોને બોલાવવામાં આવેછે!

એક તે સમય હતો કે જ્યારે લાખોની દક્ષણા મળવા છતાં પણ આજીવિકાથી વધુ લેવાને તેઓ સાફ ના પાડતા હતા! અને એક આ સમય છે કે જ્યારે "પૂણ્ય ફળે અને ધર્મ રહાય" કરી આખો દહાડો માથાફોડ કરે ત્યારે પાંચ પૈસા મુસ્કેલીથી પ્રાપ્ત થાય. તેમાં પાંચસો સ્થળે અપમાન ખમવું પડે. "મહારાજ! માથું નહિ દુખાવો! હમણા ફુરસદ નથી!" એવા હજાર જગ્યાએથી તોછડા ઉત્તર મળે!! છતાં પણ તેજ અધમતાનો ધંધો!

બસ, એજ કારણોને લીધે ઋષિ દયાનંદ બ્રાહ્મણોને અત્યન્ત તિક્ત ભાષામાં સંબોધી કહેતા હતા કે, "ઉઠો ! જાગો ! આ અધમતાથી મૂક્ત થઇ, વિદ્યા સંપાદન કરી તેજ સ્થિતિને પહોંચો ! જે સ્થિતિને તમારા વડીલ ઋષિ મુનીયો પહોંચ્યા હતા !"

બ્રાહ્મણોના ખરા શત્રુઓ !

કોણ કહેશે કે ઋષિ દયા નંદનો આ ઉપદેશ તેઓના હિતનો નહીં પણ હાનિનો છે ? પ્યારા બ્રાહ્મણ ભાઇયો ! તમારો શત્રુ આર્ય્ય સમાજ નહીં પણ હિંદુઓજ છે કે, જેઓ તમોને આ અધમતાથી મૂક્ત કરવા ઇચ્છતાજ નથી ! તમો જો વિધ્યા સંપાદન કરી ખરા બ્રાહ્મણત્વને પ્રાપ્ત થાઓ, તો તેઓની રસોઇ કોણ કરશે ?

અમને એ જાણી અત્યન્ત હર્ષ થયો છે કે અમારા ઘણા સનાતની ભાઇયો આર્ય્ય સમાજની શિક્ષા લઇ, એજ વાત ઉપર જોર દે છે કે, બ્રાહ્મણ જન્મથી નહીં પણ કર્મથીજ થઇ શકે છે !

ધર્મ સભામાં મત ભેદ.

અત્રે નગરઠઠ્ઠાની સનાતન ધર્મ સભામાં એક લુહાણા ગૃહસ્થે વ્યાખ્યાન આપતાં "**जन्मना जायते शुद्रो**" એ શ્લોકનો આશય લઇ જન્મથી નહીં પણ કર્મથી જાતિ સિદ્ધ કીધી હતી, પણ ભૂદેવોને તે રૂચ્યુ જ નહી. એકદમ સ્થાનિક ધર્મ સભાના-મહ-મહા-મહે-મહૈ-મહોપદેશક મુરલીધર દાસાત્મજ પરમાનન્દ શર્મા તેની વિરૂદ્ધ જન્મથી જાતિ સિદ્ધ કરવાને કટિબદ્ધ થયા.

સાંભળેલા શબ્દો !

અનાયાસે જે સમયે ઉક્ત શર્માજીનું તે વિષય ઉપર વ્યાખ્યાન થઇ રહ્યું હતું, તે સમયે અમે પણ ત્યાંથી આવી નીકળ્યા, અને શર્માજીનો અવાજ સાંભળી ઉભા રહ્યા. પરમાનંદજી નીચલો શ્લોક બોલી તે ઉપર વ્યાખ્યા કરી રહ્યા હતા. શર્માજી બોલ્યા કેઃ—

पतितोऽपि द्विज श्रेष्ठो न च शूद्रो जितेन्द्रियः।
निर्दुग्धा चापि गौः पूज्या न च दुग्धवती खरी ॥

અર્થાત્—શુદ્ર ભલે જીતેન્દ્રિય હોય તો પણ પતિત બ્રાહ્મણ તેથી ઉત્તમ છે, જેમ દુધવાળી ગધેડી કરતાં વિના દુધવાળી ગાય પૂજનીય છે.

પરમાનંદજી એટલું બોલ્યા કે બસ, સાંભળી લ્યો તાળીઓનો ગડગડાટ ! ! !

ત્યાં બેઠેલાઓ ને શું? "મીયાં મરે તો ભી હલવા ખાના ! બીબી મરે તો ભી હલવા ખાના !" કોઇ વિષયનું મંડન કરો તો પણ તાળીઓ ! અને તેજ વિષયનું ખંડન કરો તો પણ તાળીઓ ! સમજવા, વિચારવાની માથાકુટ કરે કોણ ?

પતિત દ્વિજની યાદગીરી.

પરમાનન્દ શર્માજીના શ્રી મુખથી ઉક્ત વચનો સાંભળી અમને મરહુમ આસન શેખ—જે પુષ્કરણો બ્રાહ્મણ હોઇ પાછળથી મુસલમાન થયો હતો, અને બબરચીની દુકાન માંડી બેઠો હતો—યાદ આવી ગયો. મનમાં તેના મૃત્યુનો શોક થયો.

અહા ! જો આ સમય તે બીચારો જીવતો હોત તો પરમાનન્દ શર્માજી અવશ્ય ચાલીને તે પતિત દ્વિજની પૂજા કરત ! અસ્તુ ગત વાતનો શોક કરવો વૃથા છે. હજી પણ કાંઇ હાથથી નથી ગયું. જો એવો કોઇ બજો પતિત દ્વિજ નજરે આવી ગયો તો તરતજ પરમાનંદજીને તેની પૂજા કરવાની વિનંતી કરીશું.

અમને એથી બહુ આશ્ચર્ય લાગે છે કે જ્યારે વિદ્વાન અને મૂર્ખ બ્રાહ્મણ સર્વ સમાન છે, ત્યારે કોઇ પૂજા પાઠના પ્રસંગે કોઇ રસોઇયા બ્રાહ્મણને કેમ નથી બોલાવતા? ત્યાં તો માત્ર તે ક્રિયા જાણનારને જ બોલાવવામાં આવે છે.

બબરચી બ્રાહ્મણ થઇ શકશે?

પરમાનંદ શર્માજી આર્ય્ય સમાજીયોપર પણ પોતાનો ગુસ્સો ખાલી કર્યા વગર નહોતા રહ્યા. તેઓ કહેતા હતા કે, " માત્ર કર્મથી બ્રાહ્મણ માનવો, આર્ય્ય સમાજીયોની વાત છે. આપણે તો ગમે તેવો હોય પણ બ્રાહ્મણને પૂજનીયજ ગણવો જોઇયે. "

અમે મી૦ શર્માજીને માત્ર એટલુંજ કહીશું કે, જ્યારે ગમે તેવો બ્રાહ્મણ પૂજનીય છે, ત્યારે હવે પછી કૃપા કરી ભાગવતની કથા વાંચવાની આપ તસ્દી નહીં લેશો!

યદ્યપિ આપના ઇશ્વરરૂપ ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યે ચોરાસી વૈષ્ણવોની વાર્તામાં પદ્મનાભદાસ ને કથા કરવાનો ધંધો અધમ જાણી, કથા ન કરવાનો ઉપદેશ કીધો છે, તથાપિ આપ અદ્યાપી પર્ય્યન્ત પોતાના આચાર્યની આજ્ઞાથી વિરૂદ્ધ જઇ કથા વાંચો છો! પણ હમણા આપ પોતાના ગુરૂની આજ્ઞાનુસાર કથા કરવા નહીં જતાં આપને બદલે કોઇ બબરચીને મોકલી દેજો કે જઇ ભાગવતની કથા શ્રવણ કરાવે. તો તેજ વખતે ખબર પડી જાય કે, નામનુ માન છે કે કામનું? સાથે વળી શર્માજીને એટલું જાણવું પણ આવશ્યક છે કે, માત્ર કથા કરયાથીજ બ્રાહ્મણ નથી બની જવાનું, જ્યાં સુધી બ્રાહ્મણોના સંપૂર્ણ ગુણ કર્મ નહીં હોય.

અમારા ભાઇયો ગમે તેટલા અભણ, કર્મહિન માત્રના બ્રાહ્મણોને પણ બ્રાહ્મણ સિદ્ધ કરવા બેસે, પણ અમેતો એમજ કહીશું

કે, તેઓ જાણી જોઇ પોતાના ભાઇયોના શત્રુ બને છે. અને તેઓને મૂર્ખ તથા આળસી રહેવા ઉત્તેજન આપે છે.

શર્માજીનું સત્યવક્તાપણું !

સત્યવકતાપણું વળી કેટલું જે ઉક્ત શ્લોક વિષે શર્માજી કહેતા હતા કે, " મનુસ્મૃતિ જેને દયાનંદીયો પણ માને છે, તેનો આ શ્લોક છે. "

અમે શર્માજીને પુછીયે છીયે કે તે શ્લોક મનુસ્મૃતિમાં કયે સ્થળે લખેલો છે? જો તેઓ નહીં બતાવી શકે! તો શું મિથ્યા બોલવું બ્રાહ્મણોનો ધર્મ છે? તે શ્લોક કયા ગ્રંથનો છે તેની જ્યારે શર્માજીને ખબર નથી, ત્યારે મનુસ્મૃતિનું નામ લેવાની શી આવશ્યક્તા હતી? જો એમજ શ્લોક બોલી જાત તો તેઓને કોણ પુછનાર હતું?

તેમજ તેઓશ્રીનું આ કથન પણ તદન અયુક્ત છે, " આર્ય સમાજીયોને સંપૂર્ણ મનુસ્મૃતિમાન્ય છે. "

તેઓએ જાણવું જોઇયે કે મનુસ્મૃતિમાં જે વેદ વિરૂદ્ધ પ્રક્ષિપ્ત ભાગછે તે આર્ય્ય શમાજને માન્ય નથી. તેમજ વેદાનુકુળ હોવાથી મનુસ્મૃતિનો તો શું પણ ગમે તે ગ્રંથનો લેખ હોવ તે આર્ય્ય સમાજને માન્ય છે.

વ્યાખ્યાનોનોછેકો લેવાનો પ્રયત્ન!

વિચારવાનો વિષય છે કે જે સાહેબ સ્થાનિક સમાજના મંત્રી ને એટલો પણ ઉત્તર ન આપી શકયો કે, " કારણો કેટલા છે? " તે સનાતન ધર્મ સભાના ઉપદેશક હોવાનો દાવો રાખી સ્હેજ.પર વ્યાખ્યાન આપવા સમય ગમે તેમ બકી જાય, અને કોઇ ભાટિયો અથવા લુહાણો ગૃહસ્થ સભામાં પોતાના

વિચારો જણાવે તો તેની પણ વિરૂદ્ધ જાય, અને કહે કે " તમે શીખી પછી વ્યાખ્યાન આપજો. (જાણે પોતે મહાન વેદ વેત્તા થઇ બેઠા હોય) જ્યાં સુધી ઉપદેશક મંડળીની આજ્ઞા ન થાય, ત્યાં સુધી કોઇએ વ્યાખ્યાન આપવું નહી. "

એ બીના ખરેખર સનાતન ધર્મ સભાને શરમાવનારી છે. બ્રાહ્મણોના ભણવા અને કથા કરવાના ઠેકાનો સમય વીતી ગયો છે. આ સમયમાં પ્રત્યેક જણને પોતાના વિચારો દર્શાવવાની છુટ છે. પણ અમારા ભૂદેવો ને એજ ડર લાગે છે કે, લેટર બોકસની વિરૂદ્ધ કાંઇ બોલાઇ ગયું, અને લોકોની શ્રદ્ધા ઉડી ગઇ તો કોદાળી લઇ હળજ ખેડવુ પડશે. તેથીજ બીજા વર્ણોના લોકોને બોલવાથી રોકવાના પ્રયત્નો કરે છે.

મનુ સ્મૃતિમાં કર્મથી જ બ્રાહ્મણ માનેલ છે

શ્રીમાન્ પરમાનંદ શર્માએ ધ્યાનમાં રાખવું જોઇયે કે, જે મનુસ્મૃતિનો–બનાવટી–આશ્રય લઇ આપ જન્મથી બ્રાહ્મણ સિદ્ધ કરવા કુદી રહ્યા હતા, તે મનુસ્મૃતિ તો વેદ વેત્તા બ્રાહ્મણનેજ બ્રાહ્મણ કહે છે, અને કર્મથી જ જાતિની ઉચતા બતાવે છે. (જુઓ મનુસ્મૃતિ અધ્યાય બીજો શ્લોક ૧૫૫–૧૫૭–૧૫૮)

विप्राणां ज्ञानतो ज्येष्ठ्यं क्षत्रियाणां तु वीर्यतः ।
वैश्यानां धान्य धनतः शूद्राणामेव जन्मतः ॥ १५५ ॥

અર્થાત્બ્રાહ્મણોની જ્ઞાનની અધિકતાથી મોટાઇ થાય છે, અને ક્ષત્રીયોની પરાક્રમથી, વૈશ્યોની ધન ધાન્યની સમૃદ્ધિથી અને શુદ્રોની જન્મથી ॥ ૧૫૫ ॥

આ શ્લોકમાં તો મનુ મહારાજ સાફ જણાવે છે કે જન્મથી મોટાઇ માત્ર શુદ્રોનીજ થાય છે. બાકીના ત્રણ વર્ણોની શ્રેષ્ટતા તો ગુણોથીજ ગણાય છે.

यथा काष्टमयो हस्ती यथाचर्ममयो मृगः ।
यश्च विप्रोन धीयानस्त्रयस्ते नाम बिभ्रति ॥ १५७ ॥
यथा षण्ढोऽफलः स्त्रीषु यथा गौर्गविचाफल ।
यथा चाज्ञेऽफलं दानं तथा विप्रो नृचोऽफलः ॥१५८॥

અર્થાત્—જેવી રીતે લાકડાનો હાથી, તથા ચામડાનુ હરણ અને અભણ, બ્રાહ્મણનો પુત્ર, એ ત્રણે નામ માત્રને ધારણ કરે છે; જેવી રીતે સ્ત્રીયોમાં નપુંસક નિષ્ફળ અને ગાયમાં ગાય, તથા અજ્ઞાનીમાં દાન નિષ્ફળ છે તેવીજ રીતે વેદ રહીત બ્રાહ્મણ નિષ્ફળ છે. ॥ ૧૫૭ ॥ ॥ ૧૫૮ ॥

મનુસ્મૃતિના ઉક્ત શ્લોકોથી સ્પષ્ટ જણાઇ આવે છે કે, અજ્ઞાનીને દાન દેવું નિષ્ફળ છે, તેમજ વેદ વિનાનો બ્રાહ્મણ પણ નિષ્ફળ છે !

અમને અત્યન્તાશ્ચર્ય લાગે છે કે, શ્રીમાન્ પરમાનન્દ શર્માજી પોતાના ઘરનાં પુસ્તકો પણ પુરી રીતે તપાસી જોયા વિના એમજ ધડ પુંછ વિનાનુ જેમ આવે તેમ બોલવા મંડી જાય છે.

શર્માજીનું મિથ્યા દ્રષ્ટાંત !

શ્રીમાન્ શર્માજીને એ વાતથી પણ અનભિજ્ઞ નહીં રહેવું જોઇયે કે, ગાય અને ગધેડીના દ્રષ્ટાંતથી કાંઇ બ્રાહ્મણ જન્મથી સિદ્ધ નથી થઇ શકતો. ગાય અને ગધેડી વિજાતિય છે. જેમ ગધેડી, ગાય નથી બની શકતી, તેમ ગાય, ગધેડી પણ નથી બની શકતી.

જેમ ગધેડો ગાયથી સન્તાનોત્પત્તિ નથી કરી શકતો, તેમ બળદ ગધેડીથી પણ સન્તાનોત્પત્તિ નથી કરી શકતો.

પણ બ્રાહ્મણ અને અન્ય વર્ણો તો સજાતિય છે. જેમ બ્રાહ્મણ મુસલમાન, ઢેડ, કસાઇ થઇ શકે છે, તેમ અન્યવર્ણો પણ ગુણ કર્માનુસાર બ્રાહ્મણ થઇ શકે છે. જેમ બ્રાહ્મણ કોઈ અન્ય વર્ણની સ્ત્રી સાથે વિવાહ કરી સન્તાનોત્પત્તિ કરી શકે છે, તેમ અન્ય વર્ણનો પુરૂષ પણ બ્રાહ્મણી સાથે વિવાહ કરી સન્તાનોત્પત્તિ કરી શકે છે. કારણ કે બધા વર્ણો વાસ્તવમાં એકજ મનુષ્ય જાતિ છે.

પ્રકાશના સમયમાં કર્માનુસારજ પદવી મળે છે.

મહાશયજી! મનુષ્યોના બ્રાહ્મણાદિ જે ચાર વર્ણ થયા છે, તે કાંઇ કોઇને માથે શીંગડાં છે અને કોઇને માથે નથી, એથી નહીં પણ ગુણ કર્માનુસારજ પ્રથક પ્રથક નામ પડયા છે.

જેવી રીતે ડાકટરનો છોકરો બેરીસ્ટર બને તો તેને કોણ ડાકટર કહેશે? અને જડજનો છોકરો જો બબરચીનો ધંધો કરે તો તેને કોણ જડજ કહેવા જશે?

મિત્ર વર્ય! જેવી રીતે હમણા અંગ્રેજોમાં ધર્મોપદેશકોને રેવરંડ અને લશકરીયોને લેફટેન્ટ વગેરે ઉપાધીયો આપવામાં આવે છે, તેવીજ રીતે પ્રાચીન સમયનાં વિધ્યા ભણી ભણાવનારાઓને બ્રાહ્મણ, રાજ્ય કાર્યભાર ચલાવનારાઓને ક્ષત્રિ, વ્યાપારાદિ કરનારાઓને વૈશ્ય અને દાસત્વ કરનારાઓને શૂદ્ર કહેતા હતા. પણ અવિદ્યાન્ધકાર વધવાથી પિતાને મળેલી ઉપાધી પુત્રેજ ધારણ કરી લીધી. તે દીવસોથીજ જન્મથી જાતિ માનવામાં આવે છે. પણ વજીરનો દીકરોજ બાદશાહનો વજીર બને તે સમય વીતી ગયો છે. આ પ્રકા-

શના સમયમાં તો વિદ્યાનુંજ માન છે. ઉપાધી કાંઇ બાપીકી મિલ્કત નથી જે પુત્ર અવશ્ય ધારણ કરશે. જો તેને પિતાથીજ ઉપાધી ધારણ કરવી હોય તો પિતા જેવા કામો કરી બતાવે.

મોતીની પરીક્ષા ઝવેરીજ કરી શકે છે.

અમને અત્યન્ત શોકથી લખવું પડે છે, જે સજાતિય અને વિજાતિય સમજવા જેટલું પણ જ્ઞાન નથી ધરાવતો, તે સનાતન ધર્મ સભાના સ્ટેજપર ઉભો થઇ મહર્ષિ દયાનંદની સંસ્કૃત વ્યાકરણની ભુલો કાઢે, એ તો મોતીની પરિક્ષા ગોચી કરવા જાય એના જેવીજ બેહુદી બીના છે એક આર્ય્ય કવીએ કહ્યું છે કેઃ—

**"नहीं वेद विद्या पढनेसे काम, गपोडे सुनाना सनातनधर्म।
कहे हमतो पैदा हुए खास मुखसे, य्योंही ब्राह्मण बनजाना
सनातन धर्म ॥"**

આર્ય્ય સમાજ કાંઇ જીન, ભુત નથી પણ દેશોપકારક મંડળ છે !

આર્ય્ય સમાજના નિયમ અને તેનો ઉદેશ્ય અમે સંક્ષેપમાં જણાવી આવ્યા. હવે અમે માત્ર એટલું જ અમારા સનાતની વૈષ્ણવ ભાઇયોથી જાણવા ઇચ્છીયે છીએ કે, આર્ય્ય સમાજમાં તેઓએ એવુ તે કયું ભુત જોયુ છે ? જે લોકોને ખાઇ જવાના ભયથી ત્યાં આવવા જવાની પણ પોતાના લાગતા વળગતાઓને મનાઇ કરી દીધી છે !

અમને અત્યન્ત શોકથી લખવું પડે છે કે, અમારા ઘણા ભાઇયો આર્ય્ય સમાજને કોઇ મહાન આફત સમજી બેઠા છે. પણ તે તેઓના સમજવાની ભુલ છે.

હા, આર્ય્ય સમાજ તે ધુર્તોને માટે બેશક એક કાળરૂપ છે જેઓ ઠગાઇની દુકાન માંડી બેઠા છે. પણ તેઓને માટે તો આશીર્વાદ રૂપ છે જેઓ અંધકારમાં પડી ઠગોથી લુંટાઇ રહ્યા છે. પણ જો તે ઠગાઇના દુકાનદારો પણ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરે તો તેઓને પણ જણાઇ આવશે કે, યદપિ હમણા આર્ય્ય સમાજ તેઓને કાળરૂપે લાગે છે, પણ આ ખરી પરીણામ તો તેઓને માટે પણ ફળદાયક લાવનાર છે. સમય આવે તેઓ પોતે આર્ય્ય સમાજનો ઉપકાર માનતાં કહેશે કે, " તેના પુરૂષાર્થથીજ અમે આ નીચ ધંધાથી બચી ઉચતામાં પ્રવર્ત થયા. "

ભાટિયાઓની બે સમજ !

અમને અમારા ભાટિયા ભાઇયોની બુદ્ધિપર પણ અત્યન્તાશ્ચર્ય લાગે છે કે, તેઓ આગામ (ઠઠ્ઠા) માં આર્ય્ય સમાજ સ્થાપન થયા પછી પોતાની ધર્માન્ધતાનો પરીચય દેવાથી નથી ચુકયા. તેઓના તરફથી વારંવાર એવા તો બે હુદા અને અયોગ્ય ઠરાવો કરવામાં આવે છે જે, અત્યન્ત મૂર્ખ અને અધમતાની સ્થિતિએ પહોંચેલા મનુષ્યોના ઠરાવોને પણ પાછા હટાવે.

ધર્માંધતાની ધુનમાં ને ઝુનમાં તેઓ કાયદાની હદ પણ ઓળંગી જાય છે. દાખલા તરીકે તેઓના ઠરાવોના બે ચાર નમુના અમારા વાંચકોની સન્મુખ રજુ કરવા માંગીયે છીએ.

તેઓનો મુખ્ય ઠરાવ એ છે કે, આર્ય્ય સમાજમાં જવું જ નહીં ! જો જાય તો બિરાદરી બહાર ! એ તો ઠીક પણ તેની સાથે વળી આર્ય્ય સમાજને દાન પણ નહી દેવું, આર્ય્ય સમાજીયો પાસે ઉભા પણ ન રહેવું, અને તેઓની સાથે બોલવું પણ નહીં, આ-

ર્ય સમાજીયો ને પોતાની પાસે કામ ધંધે પણ નહીં લગાડવા!

હજી પણ એક મહાન બુદ્ધિ મતાનો ઠરાવ એ કે (જોરજુલમથી) મહારાજોના પંથમાં રહેવું, તેઓને ભેટો આપવી, દર્શને જવું વગેરે, વગેરે!!!

. ઉક્ત ઠરાવો કરતી વખતે કોઇ એમ પુછે કે, "આર્ય્ય સમાજમાં જવાથી શી હાની અથવા પાપ છે? તો બસ, એજ ઉત્તર મળે છે કે, "અમે વધુ નથી સમજતા. કાંતો આ લખતપર સહી આપો, કાંતો બિરાદરીથી પ્રથક થાઓ."

અમારા ઘણાક સમાજી બન્ધુઓ તરફથી એમ પણ વિંનતી કરવામાં આવી કે, જેમ આ લખતપર આપ સહીયો લ્યો છો તેમ એક એવું લખત આપને કરવુ જોઇયે કે, "જે વ્યભિચાર કરે, જુગાર રમે, ચોરી કરે, માદક દ્રવ્યો-શરાબ આદિ-નું સેવન કરે તેને પણ બિરાદરી બહાર કરવો જોઇયે."

તો એજ ઉત્તર મળ્યો કે, "જો તમારે પણ દારૂ પીવો હોય, ચોરી, વ્યભિચાર કરવો હોય તો ભલે જઇ કરો! તેની કોણ ના પાડે છે? માત્ર આર્ય્ય સમાજમાં ન જાઓ! બીજું ગમે તેમ કરો! તેથી બિરાદરી તમને નથી રોકતી!!!"

કોણ કહેશે કે આ સભ્ય પુરૂષોનો ઉત્તર છે? હાય! હિંદુજાતિ! તારી અવનતિનું જો કોઇ પણ કારણુ હોય તો એજ વ્યભિચારી અને નાલાયક કોમ છે, જે તમને અધમતાની સ્થિતિએ-રસાતળે-પહોંચાડી રહ્યા છે.

બસ, એવા ના લાયકીના ઉત્તરો સાંભળી અમારા ઘણા ભાઇયો આ નફટ તેમજ આડકતરી રીતે દુષ્કૃત્યોને ઉત્તેજન આપનારી મંડળીયોને અન્તિમ પ્રણામ કરી ચાલ્યા આવ્યા. અને ઘણાક

નબળા મન વાળાઓએ તેઓના ઉક્ત ઠરવો સ્વીકારી સમાજમાં આવવું જવું બંધ કરી દીધું.

યદપિ તેઓ કાંઇ સમાજના સભાસદો નહીં પણ માત્ર હિતેચ્છુઓજ હતા, તથાપિ તેઓના આવવા જવાથી પણ તે બિરાદરીઓના અગ્રગણ્યોને પેટમાં ખુચતું હતું પેટની ખાતર સમાજના વિરોધીઓ તો ઘણા હોય છે, પણ પરમ શત્રુઓ તો તેજ બને છે જેઓ વ્યભિચારી હોય છે. જો તેઓના આનંદના સ્થાનરૂપ મંદિરોનું ખંડન થઈ જાય, તો તે બીચારાઓ કયાં જઇ સુંદરીઓના સ્પર્શરૂપી મોજ માણશે? બસ, એજ વિચારથી તેઓ સમાજના કટ્ટર વેરી બને છે.

અમે અમારા વાંચકોને એટલું પણ જણાવવું આવશ્યક સમજીયે છીયે કે, બિરાદરોથી પ્રથક થવું તેઓએ ન્યાતથી પ્રથક થવું નહીં સમજી લેવું. કારણ કે આ ગામમાં બિરાદરી કાંઇ ન્યાત, પંચાયત અથવા મહાજનને નથી કહેતા, પણ દશ પંદર અથવા તેથી વધુ ઓછા પુરૂષોની મંડળીને બિરાદરી કહેવામાં આવે છે. જેઓમાં કેવા સભ્ય પુરૂષો અગ્ર ભાગ લેનારા હોય છે તે તો અમે ઉપર જણાવી આવ્યા, જેથી તેવા ભ્રષ્ટોના સંસર્ગથી દુર થતાં સમાજીક ભાઇયોએ કાંઈ વિશેષ હાનિ નહીં સમજી વધુ પગલું ન ભર્યું.

કયો બુદ્ધિમાન પુરૂષ કહેશે કે અમારા ભાટિયા ભાઇયોની ઉક્ત વર્તણુક બુદ્ધિ મતાની છે? અમે ધારીયે છીયે કે કોઇ પણ સુશિક્ષિત પુરૂષને ને અક્કલમંદોની ઉક્ત વર્તણુકથી હાસ્ય આવ્યા વગર નહી રહે તો શું પણ સાથેજ તેઓની દુર્દશાપર રૂદન આવ્યા વગર પણ નહીં રહે.

હવે આ બુદ્ધિમાન ભાટિયાઓની વર્તણુંકના પ્રસંગને સમાપ્ત કરતાં એટલુંજ જણાવીશું કે આર્ય્ય સમાજે કોઇ પણ પ્રકારનો નવીન મત ન ચલાવતાં, માત્ર વર્તમાન હિંદુ ધર્મમાં રહેલો ભ્રષ્ટ અને આધુનિક તત્ત્વ દુર કરી તેને શુદ્ધ વૈદિક ધર્મ બનાવવા ચહાય છે, તેની સાથે દ્વેષ કરવો એ તો જાણી જોઇ રોગની ઔષધી કરનાર વૈદની સાથે શત્રુતા કરવા જેવું છે.

સનેપાતમાં મિત્ર પણ શત્રુ સમજાયછે.

અમને અત્યન્ત દિલગીરીથી લખવું પડે છે કે હિંદુ કોમ અદ્યાપી પર્યન્ત એટલા સુધારા વધારા અને પ્રકાશના સમયમાં પણ મૃતઃપ્રાયજ રહી છે.

એક દરદી જો પોતાની ચિકત્સા કરનાર વૈદને, વહાડ કાપના દુઃખથી બે ચાર ગાળો પણ આપે તો આપણે કહીશું કે તે ખરેખર રોગી છે. પણ તેજ દરદી જો વૈદને પોતાનો શત્રુ સમજી અત્યન્ત ભયાનક રોગના સમયમાં પણ તેની ચિકત્સા કરવીજ અનાવસ્યક સમજે તો નિસંદેહ તેને શુદ્ધ બુદ્ધ વિનાનુ મુડદુજ કહેવું પડશે.

અમારા હિંદુ ભાઇયોની પણ તેજ દશા જોવામાં આવે છે. પોતાના શુભેચ્છક આર્ય્ય સમાજને શત્રુ સમજવોજ સિદ્ધ કરી બતાવે છે કે, તેઓ મુડદા સ્થિતિમાં છે.

આર્ય્ય સમાજે જો શ્રાદ્ધ અને મૂર્તિપૂજાનું ખંડન કીધું, તો એમતો નહીં કહેવાય કે તેની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ નહી રાખવો ! જે યુક્ત વિષયોનું ખંડન આપને દુઃખ કર લાગતું હોય તો તે રહેવા દઇ બીજી વાતોનો લાભ ઉઠાવો !

માનો ન માનો તમારી મરજી.

જો આપને મૃતક શ્રાદ્ધ અને મૂર્તિપૂજા કરવીજ છે, તો આર્ય્ય સમાજ ક્યાં લાઠી મારી તે છોડાવે છે ! આર્ય્ય સમાજ તો માત્ર ઉપદેશ કરે છે. માનો ન માનો તે આપની મરજી પર આધાર છે. માત્ર તે ખંડન ન રૂચવાથી તેની સાથે વૈરભાવ રાખવો, એતો મહા અજ્ઞાનતા છે.

ઘણા ખરા દોઢ ડાહ્યાઓ તો વળી એમ પ્રશ્ન કરવા મંડી જાય છે કે, "શું ત્યારે તમારા બાપદાદા મૂર્ખ હતા ? જેઓ પોતાની જુની ક્રિયાઓ માનતા આવ્યા છે ! અને તમે નવીન સમાજી થવા નીકળ્યા છો !"

શું તેઓ મૂર્ખ હતા.

યદપિ અમે તેઓને એજ ઉત્તર આપીએ છીયે કે, ભાઇ ! આર્ય્ય સમાજ તો ઉલટું આપના કરતાં હજાર ગણા જુના—વૈદિક-ધર્મને માને છે ! તેની એક પણ ક્રિયા નવીન તો બતાવો ! પણ તેઓની તેજ વાત કે, શું ત્યારે તમારા બાપદાદા મુર્ખ હતા ?

તો હવે અમે પણ તેઓને એમજ પ્રશ્ન કરી શું કે, આપના દાદા પરદાદા શું મુર્ખ હતા ? જેઓ સતીયો, શાહપરીયો, કબરો, તાબુતો, શેખાલીઓ અને પીરો વીગેરેને માનતા હતા, અને હમણા તમે પુષ્ટિ માર્ગીય મંદિરોને માનવા નિકળ્યા છો !

આટલા વરસ થયાં આપના બાપદાદાઓને "સનાતન ધર્મ સભા" સ્થાપન કરવાનું નહીં સુજ્યું અને આપ સાહેબોએ તે સ્થાપન કીધી ! ત્યારે શું તેઓ બેવકુફ હતા ?

જેઓના બાપદાદાઓએ જન્મજ "જય જય" કરવામાં વીતાડયો, તેઓ હમણા સફેદ વાળ ઉગ્યા પછી સંધ્યા શીખવા નીકળ્યા છે ! ત્યારે શું તેઓના બાપદાદા મૂર્ખ હતા ? કે જેઓએ સં-

ધ્યા નહી શીખી ! અને શું તેઓ પણ એટલા દીવસ લગી મુર્ખ રહ્યા હતા જેઓ હમણા પુત્ર પોત્રાના ધણી થયા પછી સંધ્યા શીખવા નીકળ્યા છે ?

શું તેઓના બાપદાદા મૂર્ખ હતા ? કે જેઓને લેકચર આપવાનું નહીં સુજ્યું અને હમણા તેઓ લેકચરો આપવા નીકળ્યા છે !

જેઓએ હમણા સ્ત્રીયોને વરઘોડા પછવાડે ગાતાં ગાતાં ચાલવાની રૂઢિ બંદી કીધી છે, તેઓના બાપદાદાએ કેમ ન કીધી ? શું તેઓ મુર્ખ હતા ?

મિત્રવર્ય ! અમે તો કહીયે છીયે કે ન તેઓ મૂર્ખ હતા, અને ન આપ મુર્ખ છો ! આ તો સદૈવ પ્રકાશ થતાં અંધકારનો નાશ થાય છે, અને અનેક વાતોનુ પરિવર્તન થતું રહે છે. તેમજ વળી આર્ય્ય સમાજે તો એક પણ નવીન સિદ્ધાંત નથી કાઢયો ! તેજ આપણા પ્રાચિન વેદ શાસ્ત્રો ! અને તેજ આપણા પ્રાચિન મહાશયો ! છતાં પણ જેઓ માનતાજ નથી તેઓએ કૃપા કરી ઉપલા પ્રશ્નોનો ઉત્તર આપવા અનુગ્રહ કરવો !

હવે આ વિષયને વધુ ન લંબાવતાં અમે સનાતન ધર્મ સભાને બે બોલો કહેવા ઇચ્છીયે છીયે કે, પ્યારી ધર્મ સભા ! હજી એવો સમય નથી આવ્યો જે તું એકદમ આર્ય્ય સમાજથી જુદા છેડા કરે ! હજી તને તારા શિક્ષક પાસેથી ઘણુંએ શીખવાનું છે. તું જેટલું શીખી તેથીજ માત્ર તને સંતોષ પકડવો જોઇયે, પણ હજીએ આગળ વધવું જોઇયે !

સનાતન ધર્મ સભાને સંપની શિક્ષા.!

તું તારા ઉપદેશકો અને અનુયાયીઓ પાસેથી સંપના વ્યાખ્યાનો અપાવે તે શા કામના ! જ્યાં સુધી તું તારા શિક્ષક–વડિલ

બન્ધુ આર્ય્ય સમાજ સાથે દ્વેષ વધારી રહી છે. માત્ર વ્યાખ્યાનો થવાથી કાંઈ સંપવૃદ્ધિ નથી થતી, જ્યાં સુધી તે સંપની સામગ્રી એકત્રિત નહી થાય.

પ્યારી ધર્મ સભા! જો તે સામગ્રીને સમજવા જેટલી તારામાં શક્તિ ન હોય તો તું તારા પિતા ઋષિ દયાનંદના ગ્રંથોનું અવલોકન કર! તો તને જણાઇ આવશે કે તું માત્ર સંપનું નામ લે છે, પણ કામ તો તેને કાપવાનુ કરી રહી છે.

જો તું ઋષિ દયાનંદના ઉપદેશ તરફ દ્રષ્ટિ કરે, તો તને જણાશે કે ઐકયતાનું મૂળ સાધન તો એકજ ઇશ્વરને માનવું છે! શું તે ઉપર કોઇ દિવસ તેં વિચાર કીધો છે? તું તો અનેક કલ્પિત ઇશ્વરોને માની રહી છે. એક નિરાકાર પરમાત્માને જાણવું તો દુર રહ્યું, પણ તારી મૂર્તિયો પણ પાચ હજાર પ્રકારની છે!

ઐકયતાનું બીજું સાધન, એકજ ભાષા અને એકજ લીપીનો પ્રચાર છે! શું તું નથી જોતી? કે મહર્ષિ દયાનંદ પોતે ગુજરાતી હોવા છતાં તેઓના સમગ્ર ગ્રંથો હિંદી ભાષા અને નાગરી અક્ષરમાં લખાયલા છે. અને આર્ય્ય સમાજ પણ તેજ ભાષાનો પ્રચાર કરી રહ્યો છે. કારણ કે તેજ ભાષા સુગમ તેમજ મધુર હોઇ આખા ભારતવર્ષમાં પ્રચલિત થવાને યોગ્ય છે, એમ સમસ્ત વિદ્વાનો સ્વીકારી ચુકયા છે. શું તેં એ વિચારને કોઇ દીવસ તારા હૃદયમાં સ્થાન દીધું છે?

ઐકયતાનું ત્રીજું સાધન એ છે કે, પરસ્પર રોટી બેટી વ્યવહારની જેટલી બની શકે તેટલી મોકળાઇ કરવી જોઇએ! શું એ વિષે તારા મનમાં તેં કદી સંકલ્પ પણ કીધો છે?

જો નાની નાની વાતોને જવા દઇયે તો ઐક્યતાનું ચોથું પણ મૂલ સાધન, એકજ ધર્મનું માનવું અર્થાત એકજ પ્રકારના ધાર્મિક સિદ્ધાંતો છે. તેની તો તારામાં લેશ માત્ર ગંધ પણ નથી. તું તો સાતસો પ્રકારના સિદ્ધાંતોની સંદુક છે. તો કહો પ્યારી બેન! ઐક્યતા ક્યાંથી થશે? શું માત્ર વાતો કરવાથી? કદી પણ નહીં!

ભોળી ભગિની! જો તારે ઐક્યતાજ કરવી હોય તો પહેલાં તું વિરોધ વધારનારા પુરાણોના પોથાને અન્તિમ તિલાંજલી આપી ફક્ત વેદોનીજ શરણ લે! તત્પશ્ચાત સાંપ્રદાયીક ઝઘડાઓના મૂર્તિપૂજાને મુકી એકજ નિરાકાર પરમાત્માની ઉપાસના કર! એકજ ભાષાના પ્રચારપર તન, મન, ધન ન્યો છાવર કર! પરસ્પર રોટી બેટી વ્યવહારની સંકોચતાનો સંહાર કર! ધાર્મિક સિદ્ધાંતો એકજ પ્રકારના નિયત કર! અને સાથે વળી સભાના નિયમો પણ અતિ ઉદાર દૃષ્ટિથી બાંધ! પછી જોઇ લે કે ઐક્યતા કેમ વધે છે!

તું યાદ રાખજે કે જ્યાં સુધી આર્ય્ય સમાજનું સંપૂર્ણ રીતે અનુકરણ નહીં કરે, ત્યાં સુધી તું કોઇ પણ પ્રકારની સફળતા નહીં મેળવી શકીશ! બહાર તું ગમે તેટલા થીગડાં દઇશ પણ તારી આંત્તરિક પોલ પ્રગટ થયા વગર રહેશેજ નહીં! માટે ઉત્તમ ઉપાય તો એજ છે કે આર્ય્ય સમાજ સાથે ભ્રાતૃ ભાવ ધારી તારામાં રહેલી ઉટપટાંગ અને મિથ્યા ક્રિયાઓને અસ્ત કરવાનો પ્રયત્ન કર!

પ્યારી ધર્મ સભા! તને આર્ય્ય સમાજથી ઘણું શીખવાનુ છે.

શીખવી જોઇતી સભ્યતા.

હજી તને સભાસદો સંચય કરવાની પણ પુરી માહિતી નથી, તો તું બીજું શું કરી શકીશ? સભાસદો મેળવવાનો કાંઇએ રસ્તો નથી કે ચોપડો બગલમાં મારી આખા ગા-

મમાં ફેરી કરવા નીકળવું, અને સાથે વળી દબાણુથી સમજાવી પટાવી તેઓના નામો દફતરમાં દાખલ કરવા! અને સભાસદો સંગ્રહ કરવાનો એ પણ રસ્તો નથી કે, ધાંટા પાડી પોકારવું કે, "કોણ લે છે રૂપિયાવાળી ફર્સ્ટ કલાસની ટીકીટ! અને કોણ લે છે આઠ આના વાળી સેકન્ડ, અને ચાર આના વાળી થર્ડ કલાસની ટિકીટ!" એ તો જાણી જોઈ ધર્મ સભાના નામને કલંક લગાડવા જેવી બીના છે. ધર્મ સભાઓમાં તો પાંચ રૂપ્યા માસિક ભરનાર અને પાંચ પૈસા ભરનાર સર્વ સમાન છે. ફર્સ્ટ અને સેકન્ડ કલ્લાસનો ભેદ જો ધર્મ સભાઓમાં પણ રખાય, તો બાકીની સોસાઇટીઓ અને ધર્મ સભાઓમાં ફેર પણ શો રહ્યો?

પ્યારી બેન! તે સભાસદોમાંથી તું શું ઉન્નતિની આશા રાખે છે કે જેઓએ તારાથી એટલો પણ પ્રશ્ન ન કીધો કે, "તારો સિદ્ધાંત શો છે? અને નિયમો શા છે?"

ઉંટ ઉંટ કે આસરે બાંધી જાત કટાર.

બસ, "બાવો નાચ્યો એટલે બોદલી પણ નાચી." એક મોટા માણસે નામ નોંધાવ્યું તો દશ પુંછડા પણ પાછળથી કુદી પડયા!!!

જ્યાં સુધી સંપૂર્ણ સિદ્ધાંત સમજ્યા વિના માત્ર એમજ દેખા દેખીએ તારામાં સભાસદો પ્રવિષ્ટતા રહેશે, ત્યાં સુધી તું કોઇપણ ઉંચકામ હાથે નહીં ધરી શકીશ. માટે સર્વથી પ્રથમ તું ઝઘડાઓને મુકી એકજ સિદ્ધાંતની અનુયાયિની બન! અને તારા સભાસદોને તેથી સૂચિત કર!

એ વાતથી પણ તને અનભિજ્ઞ નહીં રહેવું જોઇયે કે, માત્ર ઘણા પૈસા આપનારજ સભાનો પ્રધાન નથી થઇ શક્તો, જ્યા સુધી તે પ્રધાન પદ ચલાવવા જેટલી સંપૂર્ણ યોગ્યતા ન ધરાવતો હોય.

સત્કાર ધનનો નહી પણ યોગ્યતાનો હોવો જોઇયે !

ઉદાર મનથી કોઇ સભાને ઘણું દ્રવ્ય દાન આપવું એ જુદી વાત છે, અને પ્રધાન પદ ચલાવવા જેટલી યોગ્યતા ધરાવવી એ જુદી વાત છે.

અમને અત્યન્ત શોક છે કે શ્રીમાન પંડિત ચૈતન રામજી પોકારી પોકારી કહેતા હતા કે, " જે ઘણા પૈસા આપશે તેજ ધર્મ સભાનો સભાપતી (પ્રેશીડેન્ટ) થશે. " અને હમણા પણ ધર્મ સભા સ્થાપન્ન થયા પછી પ્રધાનનું નામ પ્રસિદ્ધિમાં નથી આવ્યુ ! એમ સંભળાય છે કે, જે ફંડમાં વધારે ફાળો ભરશે તેજ પ્રધાન થશે.

અફસોસ ! ધર્મ સભાને સ્થાપન્ન થયે આટલા દીવસ થયા, પણ પ્રધાનપદ ઘણા પૈસા આપનાર સુધી મુલતવી રહ્યું ! શુ ધર્મ શભાની આવર્તણુક પ્રધાનપદ લીલામ કરવા જેવી નથી ? પ્રિય બેન ! તું ખાત્રીથી સમજજે કે:—

अपूज्या यत्र पूज्यन्ते पूज्यानांच व्यतिक्रमात् ।
त्रीणि तत्र भविष्यन्ति दुर्भिक्षं मरणं व्यथा ॥

અર્થાત—જ્યા અપૂજનીય પુરૂષોનો (ધનના લોભે અથવા અવિદ્યાએ કરી) સત્કાર, અને પૂજ્ય-યોગ્ય પુરૂષોનો તિરસ્કાર થાય છે; ત્યાં (દુર્ભિક્ષ) દુષ્કાળ, (મરણ) મહામારી અને (વ્યાથા) વિવિધ પીડા એ ત્રણ આફતો અવશ્ય આવે છે.

શું ભારત વર્ષમાં પ્લેગ, દુષ્કાળ અને ધર્તિકંપ આદિ મહાન આફતો એ વાતની શિક્ષા નથી કે, મુર્ખોનો સત્કાર અને ધર્મા-ત્માઓનો તિરસ્કાર થઇ રહ્યો છે, અને ભારત વાસીયો અવિદ્યામાં પડી કર્મહીન થઇ ગયા છે !

ઇશ્વર પાસે શુભ આરાધના !

પ્રિય બેન ! વધુ શું લખીયે ? તું સ્વયંસુજ્ઞ છે ! સાર અ-સાર સર્વ સમજે છે. માત્ર તારા સ્વભાવનું સાર હઠ નથી મુકતી. તે પણ ઇશ્વરે જો તને સારી બુદ્ધિ બક્ષી તો જેમ કેટલીક બાબતોમાં આર્ય્ય સમાજનું અનુકરણ કી-ધું છે, તેમ બાકીની વાતોનું પણ કરી અને પોતાના જ્યેષ્ટ બંધુ સાથે અવશ્ય મળી જઇશ. ઇશ્વર તને સદ્બુદ્ધિ બક્ષે ! આમીન !

ભ્રમ ભંજન !

અમે અમારા તે બન્ધુઓનો પણ સંશય ટાળવા ઇચ્છીયે છીયે કે જેઓ એમ કહે છે કે, " આર્ય્ય સમાંજ બીજાઓને તો એક સંપ કરી ચાલવાનું કહે છે પણ સ્વયં બે પાર્ટીયો ધરાવે છે "

અમે ખાત્રીથી કહીયે છીએ કે જે સાહેબો એમ સમજી બેઠા છે કે, " આર્ય્ય સમાજના બે પક્ષ છે " તેઓ ભ્રમમાં પડી રહ્યા છે. સમગ્ર ભારત વર્ષની આર્ય્ય સમાજો એક સિદ્ધાંત અને એક જ નિયમોપર આરૂઢ છે. પણ હાં, માત્ર પંજાબના કતિપય નગરોમાં ત્યાંના આર્યોનો પોતામાં કાંઇ ખાસ બાબતોથી અણબનાવ થવાથી તેઓ પ્રથક પ્રથક કામ કરી રહ્યા છે. પણ સિદ્ધાંતતો સર્વેનો એકજ છે.

એકજ સ્ટેજપર ઉભા રહી બન્ને પક્ષોના ઉપદેશકો ધર્મોપદેશ કરે છે. જે દશ નિયમોને એક પક્ષ માન્ય રાખે છે, તેજ દશ નિ-

યમોને એક પક્ષ માન્ય રાખે છે, તેજ દશ નિયમોને બીજો પક્ષ માને છે. બન્ને પક્ષોના તેજ બાવન મંતવ્યોને પોતાનાં સિદ્ધાંત માને છે, અને એકજ વેદ માર્ગપર આરૂઢ છે.

મિત્રવર્ય ! કોઈ ખાસ વ્યક્તિઓનો પોતામાં કોઇ નજીવાં કારણોથી અણ બનાવ થાય એ જુદી વાત છે, અને ધાર્મિક સિદ્ધાંતોમાં મત ભેદ હોય એ જુદી વાત છે.

પંજાબના આર્યોમાં જો કોઈ સ્થળે અણુબનાવ બન્યો તો પણ તે હજી હિંદુપણાનો રહેલો અંશજ સમજવો જોઇયે. પણ જ્યારે બન્ને પક્ષ એકજ નિયમ અને એકજ સિદ્ધાંતથી બંધાયલા રહી ઋષિ દયાનંદના ઉદ્દેસ્યોની પૂર્તિ કરી રહ્યા છે, અને એકજ વેદમાર્ગના યાત્રીયો છે. જો આજે બે વ્યક્તિઓમાં અણબનાવ થયો તો કાલે પોતેજ નિવેડો કરી લેશે.

ધાર્મિક વિરૂદ્ધતાનો ઝઘડો નથી પતતો.

પણ નિવેડો તો તે ઝઘડાનો નથી થતો, જેના ધાર્મિક સિદ્ધાંતોમાં ભિન્નતા હોય. એક કહે કે મારી વિષ્ણુની મૂર્તિને માન! તો બીજો કહે કે મારા ભૈરવને! અને ત્રીજો કહે શંકરને તો ચોથો કહે ગણપતીને! પાંચમો કહે સિહવાહિની ને, તો છટ્ટો કહે કાલિકાને! સાતમો કહે ગીરધરજીની પાદુકાઓને, તો આઠમો કહે મદન મોહનની મૂર્તિને !

આતો નમુના માત્રના દાખલાઓ છે. પણ એવી હજારો વાતો જેમાં મત ભેદ છે. તો કહો બન્ધુ ! કે સંપ ક્યાંથી થશે? માટે સર્વેથી પ્રથમ એકજ સિદ્ધાંતપર આરૂઢ થવું જોઇયે!

અમારા ઘણા ભાઇયો વળી આર્ય્ય સમાજપર એ પણ આક્ષેપ કરે છે કે, " સ્વામીજીકૃત સત્યાર્થ પ્રકાશના લેખોમાં આર્ય્ય સમાજ તરફથી દિન પ્રતિદિન પરિવર્તન થતું રહે છે–અર્થાત્ સત્યાર્થ પ્રકાશ હમેશા બદલાતો રહે છે. "

"સત્યાર્થ પ્રકાશ" વિષે શંકા.

યદપિ આ કાંઇ આર્ય્ય સમાજપર કલંક લગાડનાર આ ક્ષેપનથી, પણ તેના ગૌરવનું ભાન કરાવનાર આક્ષેપ છે. કેમકે આ સૌભાગ્ય તો આર્ય્ય સમાજનેજ પ્રાપ્ત થયેલુ છે જે કોઇ પણ વાત અયોગ્ય લાગતાં તેને તિલાંજલી દેવા ઉદ્યત રહે છે. તથાપિ અમે અમારા ભાઇયોને ખાત્રી પૂર્વક જણાવીએ છીયે કે, સત્યાર્થ પ્રકાશની પ્રથમાવર્તિ–કે જેમાં લખવા અને શોધવાવાળાઓની ગફલતથી ભુલો રહી ગઇ હતી, અને સ્વામી દયાનંદે દ્વિતીયાવર્તિમાં તેનું સંશોધન કર્યું હતું. તત્પશ્ચાત સત્યાર્થ પ્રકાશમાં આર્ય્ય સમાજ તરફથી કાંઇ પણ પરિવર્તન નથી થયું.

હાં, એટલું બેશક ને જે સત્યાર્થ પ્રકાશની પાંચ દશ હજાર કાપીયોની એક આવાર્તિ ખપી જવાંથી બીજી છપાય છે. એમ ક્રમે સાત આવર્તિઓ છપાઇચુકી છે. તેમાં પ્રત્યેક જુની આવાર્તિમાં જે છાપવામાં પાઠભેદ અથવા કાનામાત્રાની ભુલ રહી ગઇ હોય છે, તે નવીન આવાર્તિમાં તેનું સંશોધન કરી સુધારવામાં આવેછે; કે જેમ થવું અનુચિત નથી, અને પ્રત્યેક ગ્રંથની બીજી આવર્તિમાં કર્તા અથવા છાપવા વાળાઓ તરફથી થતું રહેછે.

યદપિ આર્ય્ય સમાજે સત્યાર્થ પ્રકાશમાં કાંઇ પરિવર્તન નથી કીધું—કેમકે તેને સ્વામીજીનો કોઈ પણ લેખ અયુક્ત પ્રતીત નથી થયો. તથાપિ જો તેને કોઇ સ્થળે અયુક્ત લખાણ વિદિત થવાથી

પરિવર્તન કરે પણ, તો તે તેના માટે કાંઈ દુષણ નહિ પણ સુ-ષણ છે. કારણ કે સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ એ આર્ય્ય સમાજનો ચોથો નિયમ છે.

આતો જેઓ પોતાના સંપ્રદાય પ્રવર્તક આચાર્યોને સાક્ષાત ઇશ્વર માનેછે તેઓના માટેજ દુષણ છે. આર્ય્ય સમાજ કાંઇ દયાનંદને ઇશ્વર નથી માનતી જે "**बाबा वाक्यं प्रमाणं**" કરી, જે તેઓએ લખ્યું તેનાપર કાંઇ વિચાર નહિ કરશે. તે તો વેદાનુકુળનું ગ્રહણ અને વેદ વિરૂદ્ધનો ત્યાગ કરવાને સદૈવ ઉધત છે.

હવે આ પુસ્તકના તૃતિય ભાગને સમાપ્ત કરતાં અમારી

તૃતિય ભાગની સમાપ્તિ અને સનાતન ધર્મપર શંકા !

ધર્મસભાના સનાતન ધર્મપરની એ ચાર શંકાઓનું સમાધાન કરવાર્થે, અમે ભારત ધર્મ મહા મંડળો અને સનાતન ધર્મ મહા સભાઓના મહા મહોપદેશકો, મહા પ્રધાનો, મહા મંત્રીયો, મહા સભાસદો અને મહા લાગતા વળગતાઓને નિમ્ન લિખિત પ્રશ્નોના ઉત્તર આપવાની વિનંતી કરીયે છીએ !

પ્રશ્ન પેહેલો.

સ્ત્રીઓના પૂનર્લગ્નને સનાતનધર્મ સભા શાસ્ત્રોક્ત માનેછે કે નહિ ? સારસ્વત બ્રાહ્મણ અને લુહાણા આદિ જ્ઞાતિઓમાં પૂનર્લગ્નની છુટ છે, અને પુષ્કરણા બ્રાહ્મણ તથા ભાટિયા આદિ જ્ઞાતિઓમાં પૂનર્લગ્ન કરનારને ન્યાત બહાર કરવામાં આવે છે! હવે આ બેમાંથી કયો સનાનત ધર્મ ?

જો સનાતન ધર્મ પૂનર્લગ્નની છુટી આપતો હોય તો ભાટિયા આદિ જ્ઞાતિયો કેમ સનાતન ધર્મની આજ્ઞાનું ઉલંઘન કરેછે ? ત્યારે

તો તેઓને સનાતની ધર્મી નહિ કહેવા જોઇયે! અને જો સનાતન ધર્મ પૂનર્લગ્નની છુટી ન આપતો હોય તો સારસ્વત બ્રાહ્મણ અને લુહાણા આદિ ગ્નાતીઓના લોકો કેમ સનાતનધર્મી થાય ?

પ્રશ્ન બીજો—સનાતનધર્મ સભા માંસ ખાવું અને દેવતાઓને ભોગ આપવા ધર્મ માનેછે કે અધર્મ ?

માંસનું નામ સાંભળી વૈષ્ણવોનું કોમળ હૃદય ગભરાઇ જાયછે ત્યારે દેવી તથા ભૈરવ પંથીઓ છડે ચોક બકરાઓનો દેવતાઓને ભોગ આપી તેનો પ્રસાદ અંગીકાર કરેછે. ત્યારે એ બેમાંથી કયો સનાતન ધર્મ ?

જો સનાતન ધર્મસભા માંસ ખાવું ધર્મ માનતી હોય તો વૈષ્ણવો કેમ તેનાથી ઘૃણા કરેછે, અને ઠાકોરજીને તેનો ભોગ નથી લગાવતા ? અને જો અધર્મ સમજતી હોય તો દેવી પંથીઓ વિગેરે સનાતન ધર્મી કેમ થયા ?

પ્રશ્ન ત્રીજો. શૈવો કહેછે કે રૂદ્રાક્ષની માળા પહેરવી જોઇયે ! વૈષ્ણવો કહેછે તુળસીની કંઠી ! દેવી માર્ગીઓ કહેછે પત્થરના ડુમરા ! તેમજ વળી બધા પોતાની ગળમાળને વખાણી બીજાને ધિક્કારે છે. ત્યારે આ ત્રણેમાંથી કયો સનાતન ધર્મ ?

પ્રશ્ન ચોથો. સનાતન ધર્મ સભા મનુસ્મૃતિના શ્રાદ્ધ પ્રકરણને માનેછે કે નહિ ? જો માનતી હોય તો નિમ્નોક્ત શ્લોકો અનુસાર પિતરોની તૃપ્તિ કેમ નથી કરતી ? (જુવો મનુસ્મૃતિ અધ્યાય ત્રીજો શ્લોક ૨૬૭–૨૬૮–૨૬૯–૨૭૦–૨૭૧–૨૭૨)

तिलैर्व्रीहियवैर्माषैराद्भिर्मुल फलनवा ।
दतेन मासं तृप्यन्ति विधिवात्पिरो नृणाम् ॥ २६७ ॥
द्वौमासौ मत्स्यमांसेन त्रीन्मासान्हारिणेन्तु ।
और भ्रेणाथ चतुरः शाकुननाथ पञ्चवै ॥ २६८ ॥
षण्मासांश्छागमांसेन पार्षतेन च सप्तवै ।
अष्टौ वेणस्य मांसेन रौरवेण नवैवतु ॥ २६९ ॥
दशमासांस्तु तृप्यन्ति वराह महिषामिषैः ।
शशकूर्मयोस्तु मांसेन मासानेकादशैवतु ॥ २७० ॥
संवत्सरं तु गव्येन पयसा पायसेन च ।
वार्घ्रीणसस्य मांसेन तृप्तिर्द्वादश वार्षिकी ॥ २७१ ॥
कालशाक महा शल्काः खङ्गलोहामिषंमधु ।
आनन्त्या यैव कल्पन्ते मुन्यन्नानि च सर्वशः ॥२७२॥

અર્થાત્—તિલ, ધાન્ય, જવ, ઉડદ, જલ, મૂલ અને ફળ વિધિવત દેવાથી મનુષ્યોના પિતરો એક માસ સુધી તૃપ્ત રહે છે ॥ ૨૬૭ ॥

માંછલીના માંસથી બે મહીના સુધી અને હરિણના માંસથી ત્રણ મહીના, મેંઢાનાં માંસથી ચાર મહીના, પક્ષિઓના માંસથી પાંચ મહીના, અને બકરાંના માંસથી ૬ મહીના, ચિત્રમૃગના માંસથી સાત મહીના, એણ મૃગના માંસથી આઠ મહીના, અને રૂરૂ મૃગનાં માંસથી નવ મહીના, સુવર અને પાડાના માંસથી દશ

મહીના, સસલા તથા કાચબાના માંસથી અગ્યાર મહીના તૃપ્ત રહે છે ॥ ૨૬૮ ॥ ૨૬૯ ॥ ૨૭૦ ॥

ગાયનાં દુધથી વર્ષ પર્યન્ત, અને લાંબા કાનવાલા બકરાના માંસથી બાર વર્ષ તૃપ્ત રહેછે. કાલશાક, મહાશંલ્ક (નામે માછલીઓ) અને ગેંડા, લાલ બકરા, મધુ અને સંપૂર્ણ મુનિયોના અન્નથી અત્યન્ત તૃપ્ત થાય છે ॥ ૨૭૧ ॥ ૨૭૨ ॥

જ્યારે ગેંડા અને લાલ બકરા આદિના માંસથી બાર વર્ષ તો શું પણ અત્યન્ત તૃપ્તિ થઈ જાય, ત્યારે દર માસે વૃથા ખટપટ કરવાની શી આવશ્યકતા ?

કદાચીત કોઇ એ વાતનો એ ઉતર આપશે કે, " આ માંસનું વિધાન તો સત્યુગ માટે છે. " તો તેઓને અમે જણાવવા ઇચ્છીયે છીયે કે, મનુસ્મૃતિમાં એમ લખેલુંજ નથી. તેમ વળી સતયુગમાં તો કહોછો કે પાપ હતુંજ નહિ, ત્યારે માંસાહાર સત્યુગ માટે કેમ કહેવાય ? તથાપિ જો દુર્જન તોષ ન્યાયાનુસાર માની પણ લઇયે, તો એટલુંજ પુછીએ છીએ કે, જો માંસનું વિધાન સત્યુગ માટે છે તો કેમ શ્રાદ્ધને પણ સત્યગ સુધી મુલતવી નહિ રાખીયે. હમણા શ્રાદ્ધ વગર શું અટકી રહ્યું છે ? જે માંસ ખાશો સતયુગમાં ! અને લાડવા પુરી ખાશો હમણા ! !! તેનું શું કારણ?

હાલ તો અમે માત્ર આ ચાર પ્રશ્નોનાજ ઉતરાભિલાષી છીયે અને સાથે એટલું પણ જાણવા ઇચ્છીયે છીએ કે સનાતન ધર્મનો સિદ્ધાન્ત શો છે ?

જો અમને અમારા સનાતની ભાઇયો તરફથી ઉક્ત ચાર પ્રશ્નોનો યથોચિત, સંતોષ કારક ઉત્તર મળ્યો તો પ્રસંગોપાત પુરા-

ણોપરની શંકાઓ પણ નિવારણ કરતા રહીશું. આશા છે કે અ-
મારા સનાતની ભાઇયો અવશ્ય ઉત્તર આપશે !

તૃતીસ ભાગ સમાપ્ત.

॥ ओ३म ॥

ચતુર્થ ભાગ.

ઠઠ્ઠા આર્ય્ય સમાજને વૈષ્ણવો સાથે, શાસ્ત્રાર્થ માટે ચાલેલો પત્ર વ્યવહાર.

પ્રિય પાઠક ! પંડિત પૂર્ણાનંદજીના આગમનનો વૃતાંત તો દ્વિતીય ભાગમાં દર્શાવી આવ્યા. તેઓ ફેબ્રુઆરીની તા. ૨ જી એ બપોરે બે વાગે આવી પુગતાંજ તેજ દીવસે સાંજે સાડા ચાર વાગે પંડિત ગોવિન્દરામને શાસ્ત્રાર્થની ચૈલેંજ નિમ્નોક્ત પત્ર દ્વારા આપવા આવી હતી.

આર્ય્ય સમાજ તરફથી લખાયલો પત્ર નં. ૧ લો.

॥ ओ३म ॥

કાર્ય્યાલય આર્ય્ય સમાજ

ઠઠ્ઠા તા૦ ૨-૨-૧૯૦૭

શ્રીમાન માન્યવર પંડિત ગોવિન્દરામ શાસ્ત્રીજીના ! નમસ્તે ।

મિત્રવર્ય ! આપ અપને વ્યાખ્યાનો મેં આર્ય્ય સમાજ કે સિદ્ધાન્તોં કા ખણ્ડન કરતે હૈં, તથા આર્ય્ય સમાજીયોં કો કટુ શ-

ન્દોસે રમણ્ કરતે હૈં ઔ આપ જૈસે વિદ્વાનોં કો સર્વથા ઉચિત નહીં । અસ્તુ ।

આજ આર્ય્ય પ્રતિનિધી સભા પંજાબ કે ઉપદેશક શ્રીમાન્ પંડિત પૂર્ણાનન્દજી યહાં પધારે હૈં । યદિ આપ હૃદયસે આર્ય્ય સમાજકે સિદ્ધાન્તોંકે વિરૂદ્ધ હૈં તો આપકો ઉચ્ચિત હૈ કિ આર્ય્ય સમાજસે શાસ્ત્રાર્થ કરેં ।

શાસ્ત્રાર્થકે નિયમ તથા અન્ય પ્રબન્ધાદિકે વિષયમેં આપકે શાસ્ત્રાર્થ સ્વીકાર કરનેપર લિખા જાયેગા ॥

ભવદીય

નરસિંહલાલ, મન્ત્રી આર્ય્ય સમાજ, ઠઠ્ઠા—સિન્ધ.

ઉક્ત પત્રનો ઉત્તર કાંઇ પણ ન મળવાથી ત્રીજી તારીખે સાંજે ચાર વાગે બીજો એક પત્ર તેઓની સેવામાં મુકવામાં આવ્યો હતો. તેનો ઉતારો નીચે આપીએ છીએ.

આર્ય્ય સમાજ તરફથી લખાયલો પત્ર નં. ૨ જો.

॥ ओ३म ॥

કાર્યાલય આર્ય્ય સમાજ

ઠઠ્ઠા તા૦ ૩–૨–૧૯૦૭

શ્રીમાન્ પણ્ડિત ગોવિન્દરામ શાસ્ત્રીજી ! નમસ્તે ।

આપકો અચ્છી તરહસે જ્ઞાત હોગા કિ શ્રીમાન્ પંડિત પૂર્ણાનન્દજી યહાં કેવલ આપસે શાસ્ત્રાર્થ કરનેકે લિયેહી પધારે હૈ । કિન્તુ હમૈં શોક હૈ કિ આપકી સેવામેં ગત દિન પત્ર લિખનેપર ભી આપને કુછ ઉત્તર નહીં દીયા ।

અબ ઇસ પત્ર દ્વારા શ્રીમાન્‌કો વિજ્ઞપ્ત કિયા જાતા હૈ કિ યદિ આજ સાયં ૭ બજે તક હમેં આપકી ઓરસે કુછ ઉત્તર નહીં મિલાતો હમ સમજ લેંગે ઔર પબલિકકો સૂચિત કર દેંગે કિ આપ શાસ્ત્રાર્થ કરના નહિં ચાહતે હૈં ॥ ઇત્યોમ ॥

ભવદીય

નરસિંહલાલ, મંત્રી આર્ય્ય સમાજ ઠઠ્ઠા ।

બીજા પત્રના ઉત્તરની રાહ અમે તે પત્રમાં લખ્યાનુસાર સાયં સાત વાગ્યા સુધી તો શું, પણ બીજે દીવસે–એટલે તા૦ ૪ થીએ સવારે દશ વાગ્યા સુધી જોઈ; પણ તેઓ શ્રી તરફથી કાંઇ પણ ઉત્તર ન મળવાથી, અમે અમારી પ્રતિજ્ઞાનુસાર જાહેર પ્રજાને હેંડબીલ દ્વારા સૂચિત કરી દીધું કે, " પંડિત ગોવિન્દરામ શાસ્ત્રાર્થ કરવા નથી ઇચ્છતા. બસ, એમજ ખાલી ડંફાસો મારતા હતા. "

તે હેંડબીલનો સાર એજ પુસ્તકના ત્રીજા ભાગમાં આપવામાં આવ્યો છે.

પંડિત ગોવિન્દરામે જોયું કે, હવે તો તુટો ફુટો ઉત્તર આપ્યા વગર છુટકોજ નથી. નહીં તો જાહેર પ્રજા રેવડી ઉડાવશે. ત્યારે જેમ તેમ તેઓએ પોતાના છુટા છેડા કરી એક પત્ર અત્રેના બે સદ્‌ગૃહસ્થો શેઠ હીરાનન્દ વેરસીમલ ભાટિયા, તથા શેઠ ગોવરધનદાસ વિષ્ણુદાસ લુહાણાની સહીથી તા૦ ૪ થી સાંજે ૭ વાગે મુક્યો. તે પત્રની નકલ નીચે આપ્યે છીએ.

વૈષ્ણવો તરફથી આવેલો પત્ર નં૦ ૧ લો.

શ્રી હરયે નમઃ

શ્રીમન્‌ મન્ત્રીવર યથા યોગ્ય ।

આપને જો શાસ્ત્રીજીકે નામ પત્ર ભેજા વહ આપકો પંચોં કે નામ ભેજનાથા ભવિષ્યમેં આપ ગોવરધનદાસ વિષ્ણુદાસ, વા હીરાનન્દ વેરસીમલ કે નામ પત્ર ભેજના હમ લોગ શાસ્ત્રાર્થ કો સર્વથા સન્નદ્ધ હૈં આપ વિષય નિયત કીજે ઇતિશમ્

મિ. મા. વદિ ૬ ચન્દે સં. ૧૯૬૩

(આ બન્ને સહીયો વેપારીયોના અક્ષરોમાં છે.)

હીરાનંદ વેરસીમલ,

ગોવરધનદાસ વિષ્ણુદાસ.

ફક્ત પત્ર મલતાંજ તેના ઉત્તરમાં સમાજ તરફથી નિમ્નોક્ત ત્રીજો પત્ર તા૦ ૫ મીએ બપોરે બે વાગે શેઠ હીરાનંદ વેરસીમલ ને નામે મુકવામાં આવ્યો હતો.

આર્ય્ય સમાજ તરફથી લખાયલો પત્ર નં ૩ જો.

॥ ओ३म ॥

કાર્યાલય આર્ય્ય સમાજ.

ઠઠ્ઠા તા૦ ૫-૨-૧૯૦૭

શ્રીમાન્ શેઠ હીરાનન્દ વેરસીમલજી! નમસ્તે!

જ્ઞાત હો કિ પણ્ડિત ગોવિન્દરામ શાસ્ત્રીજીને આર્ય્ય શમાજકે સિદ્ધાન્તો પર બહોત આક્ષેપ કિયેથે, ઇસ લિયે આર્ય્ય સમાજને આપને પણ્ડિત કો શાસ્ત્રાર્થ કે લિયે બુલાયા હૈ!

હમને દો પત્ર પંડિત ગોવિન્દરામજી કો ભેજેથે, જિસકા ઉત્તર ઉક્ત પંડિતજીને કુછ નહીં દિયા! કિન્તુ હર્ષકા વિષય હૈ કિ ગત દિન સાયં ૬ બજે એક પત્ર આપકે, તથા શેઠ ગોવરધનદાસ

વિષ્ણુદાસકે હસ્તાક્ષર સે મિલા ! તદનુંસાર હમ આપકો લિખતે હૈ કિ આપ આર્ય્ય સમાજ કે પંડિત કે સાથ આપકે પંડિત ગોવિન્દરામજીકા શાસ્ત્રાર્થ કરાવેં ઔર નિશ્ચય કરેં, જો સત્ય હો સો ગ્રહણ કરેં અસત્ય કો ત્યાગ દેં !

ઔર જો આપને શાસ્ત્રાર્થ કે વિષયોં કા લિખા હૈ સો શાસ્ત્રાર્થ પરસ્પર કે વિરુદ્ધ વિષયોં પર હી હોગા ! યથા પાષાણાદિ મૂર્તિપૂજા, ઇશ્વરાવતાર, ગંગા યમુનાદિ નદિયોં કે સ્નાન સે મુક્તિ, મૂર્દોં કો પિતરમાન કર યહાંસે દિયા અન્નાદિ ઉનકો મિલનાં, પુષ્ટિ- જૈસી વેદ વિરુદ્ધ સમ્પ્રદાય કો વદાનુકૂલ માનના ઈત્યાદિ શાસ્ત્રાર્થ કે વિષય હૈ ?

ઇન વિષયો મેં સે જિસપર આપ ચાહેં શાસ્ત્રાર્થ કરને કે લિયે હમ સન્નદ્ધ હૈં ! શેષ રહે નિયમ, સો પત્રદ્વારા નિયત કરને મેં સમય લગ જાયગા ! અતએવ યદિ મિલકર નિયમ કરલેં તો અચ્છા હૈ ! આર્ય્ય સમાજકી ઔર સે મૈં (મંત્રી) ઔર ગોકલચન્દ ખુશાલચન્દ (પ્રધાન) યહ દો આદમી હૈં ! આપમેં સે કૌન સે દો આદમી નિયમ નિયત કરને મેં સમ્મિલિત હોંગે ? ઔર યહ ભી કૃપયા લિખેં કિ કિસ સ્થાનપર, કોનસે સમયપર આપ હમસે ઉક્ત કાર્ય્ય કે લિયે મિલેંગે ? ઇત્યોમ્ !

ભવદીય.

નરસિંહલાલ, મંત્રી આર્ય્ય સમાજ ઠઠ્ઠા !

ફક્ત પત્રના ઉત્તરમાં અમારા વૈષ્ણવ ભાઇયો તરફથી નિમ્નોક્ત પત્ર તેજ દિવસે રાત્રે ૮ વાગે મળ્યો.

વૈષ્ણવો તરફથી આવેલો પત્ર ના૦ ૨ જો.

॥ શ્રી ॥

સં. ૧૯૬૩ માઘ વદિ ૭ ભોમે.

શ્રીમાન્ નૃસિંહદાસજી આશી રાશિઃ પત્ર આપકા આયા વૃત્તાન્ત વિદિતહુવા મન્ત્રિવરજીને આપને પરસ્પર કે વિરુદ્ધ વિષય લિખે ઉન મેં સે આપને દયાનન્દ મત વેદ સિદ્ધ નહીં ઇસ વિષય કા નામ ક્યોં છિપા લિયા પાહિલે ઇસ વિષયપર શાસ્ત્રાર્થ હોગા યદિ આપ અપને મતકો સંહિતા ભાગ સે સિદ્ધ કર દેંગે તો પીછે ભગવદુપાસનાદિ વિષયોંપર વિચાર હોગા પહિલે આપ અપને કો વૈદિકતો સિદ્ધ કીજે જબતક આપના મત વૈદિક સિદ્ધ નહીં હોગા તબતક આપકો દૂસરો કાં કો અવૈદિક કહને કા અધિકાર નહીં ॥ જબ આપ ઇસ વિષયપર શાસ્ત્રાર્થ કરને કો ઉદ્યત હોવેગે તો હમભી દો મહાશય નિયમ નિયત કરને કો નિયત કર દેવેગેં દેખના એસા મત કરના કિકહીં કરાંચી કી તરહ શાસ્ત્રાર્થ સે હટ જાઓ ॥ ઇતિશમ્ ॥

(આ બન્ને સહીયો વેપારીયોના અક્ષરોમાં છે.)

હીરાનન્દ વેરસીમલ,

ગોવરધનદાસ વિષ્ણુદાસ.

ઉક્ત પત્રના ઉત્તરમાં નિમ્ન લિખિત પત્ર શ્રીમાન્ શેઠ હીરાનંદ વેરસીમલના નામે તા૦ ૬ ઠીએ બપોરે બે વાગે મુકવામાં આવ્યો.

આર્ય્ય સમાજ તરફથી લખાયલો પત નં૦ ૪ થો.

॥ ओ३म ॥

કાર્ય્યલય આર્ય્ય સમાજ
ઠઠ્ઠા તા૦ ૬–૨–૧૯૦૭

શ્રીમાન્ સેઠ હીરાનન્દ વેરસીમલજી ! નમસ્તે !

આપકા કૃપા પત્ર કલ રાતકો ૯ બજે મિલા, પઢકે આશ્ચર્ય હુવા ! આપ લિખતે હૈં કિ " પ્રથમ તુમ દયાનન્દ કે મત કો વેદ સિદ્ધ કરો " સો મહાશયજી ! યાદિ મૂર્તિપૂજા, અવતાર, શ્રાદ્ધાદિ વેદ સે સિદ્ધ હો ગયે તો આર્ય્ય સમાજ કે સિદ્ધાં કા આપ હી ખણ્ડન હો જાયગા !

પ્રથમ તો ઉન વિષયોં પર શાસ્ત્રાર્થ હોના ચાહિયે કિ જિન વિષયો કો ન માનને કે લિયે આપ આર્ય્ય સમાજ કો બુરા માન રહે હૈં ઔર હમ લોગોં સે વૈમનસ્ય બઢા રહે હૈ !

યદિ હમ લોગોં કો બિરાદરી સે પ્રથક કરને કા કોઇભી કારણ હોતો યહી કારણ હૈ કિ હમ પત્થર પૂજા નહીં કરતે ઔર પુષ્ટિમાર્ગકે ચિન્હ કંઠી, તિલકાદિ ધારણ નહીં કરતે.

યદિ હમ લોગોંકે ગાથ હમારે માતા પિતાદિકે વૈમનસ્ય બઢનેકા કોઇભી કારણ હો તો યહી કારણ હૈ કિ ઉનોંકા અટલ વિશ્વાસ હૈ કિ હમ ઉનોંકે દેહાન્ત પશ્ચાત શ્રાદ્ધાદિ કહીં કરેંગે !

અતએવ પ્રથમ તો અવતાર, પત્થર પૂજા, મૃતક શ્રાદ્ધ, પુષ્ટિમાર્ગકે ચિન્હ કંઠી તિલકાદિ, ગંગા સ્નાન સે મોક્ષ ઇત્યાદિ વિષયોં પરહી શાસ્ત્રાર્થ હોના ચાહિયે, કયોંકિ ઇનહી વિષયોંકે નિર્ણય હોનેકી અત્યન્તાવશ્યકતા હૈ ।

યદિ યહ સબ વિષય વેદ સિદ્ધ હો ગયે તો પીછે દયાનન્દકી અન્ય બાતોંસે હમારા કયા કામ હૈ ? બસ, શીઘ્રહી આર્ય્ય સમાજકા બોર્ડ તોડ, કંઠી તિલક ધારણ કર આપકે સાથ " સનાતન ધ-

ર્મકી જય " બોલ દેંગે। ઔર યદિ યહ વિષય વેદ વિરૂદ્ધ સિદ્ધ હુવે તો સ્વામી દયાનંદકે ઉન લેખોંપર શાસ્ત્રાર્થ કરનેકે લિયે હમ ઉદ્યત હૈં જો આપકો વેદ વિરૂદ્ધ પ્રતીત હો।

આર્ય્ય સમાજ સર્વથા વેદ સંહિતાઓંકો સ્વતઃ પ્રમાણ ઔર અન્ય ચાહેસો ગ્રંથ હો પરતઃ પ્રમાણ માનતા હૈ। યદિ કોઇ ભી ઋષિ દયાનન્દકા લેખ વેદ વિરૂદ્ધ સિદ્ધ હો ગયા તો ઉસે ત્યાગ દેનેકે લિયે ભી હમ ઉદ્યત હૈં। ક્યોંકિ " સત્યકા ગ્રહણ ઔર અસત્યકા ત્યાગ " યહ આર્ય્ય સમાજકા ચૌથા નિયમ હૈ।

સેઠજી ! યદિ પણ્ડિત ગોવિન્દરામજી શાસ્ત્રાર્થકી ટાલમ ટોલ કરે તો ઔર બાત હૈ, ક્યોંકિ ઉનકો " મૂર્દા સ્વર્ગ મેં જાય, ચહાય નર્કમેં જાય," અપની દક્ષણા સેહી કામ હૈ। કિન્તુ આપ જૈસે સત્ય ધર્મ કે જીજ્ઞાસુઓંકો અવશ્ય શાસ્ત્રાર્થ દ્વારા ઉન વિષયોંકા નિર્ણય કર લેના ચાહિયે કિ જીન વિષયોંમેં વિવાદ હો રહા હૈ।

હમેં પૂર્ણાશા હૈ કિ આપ અવશ્ય હમસે સમક્ષ મિલકર નિયમાદિ નિયત કર લેંગે, ઔર પત્રકા ઉત્તર શીઘ્ર દેંગે।

કરાચીમેં શાસ્ત્રાર્થસે કૌન હટ ગયે ? યહ સબ કરાચી વાસીયોંકો વિદિત હૈ। ઔર યહાં કૌન હટને કે પ્રયત્ન કર રહે હૈં સો તો આપ અપને મનમેં સમજતેહી હોંગે। ફલતઃ સબ આપકો માલુમ હો જાયગા, હમ બુદ્ધિમાનોંકો વિશેષ ક્યા લિખેં। સુજ્ઞેષુ કિમ્બહુના ॥

ભવદીય

નરસિંહલાલ, મંત્રી આર્ય્ય સમાજ ઠઠ્ઠા।

અમારા ઉક્ત પત્રના ઉત્તરમાં નિન્મોક્ત પત્ર વૈષ્ણવ ભાઇયો તરફથી અમને તા૦ ૭ મીએ રાત્રે ૮ વાગે મળ્યો.

વૈષ્ણવો તરફથી આવેલો પત્ર નં૦ ૩ જો.

॥ શ્રીઃ ॥

શ્રીમાન્ નૃસિંહદાસજી

આપકા પત્ર કાલ મધ્યાહ્નકે પશ્ચાત્ પ્રાપ્ત હુવા પઢકરમૈં ચકિત ૨ હોગયા એ કૈસી આશ્ચર્યમયી વાર્તા હૈ કિ જીસ દયાનન્દકે મતકો આપ વેદાનુકૂલ માનતે હૈં ઔર હમકો સવૈદિક સમજતે હૈ જીસકે ભરોસે આપને પિતૃ માતૃ ભક્તિકો ભી ત્યાગ દિયાહૈ જીસકે ફંદેમેં ફસે હુવે આપ આપને જ્ઞાતિકે પ્રતિકૂલ હોકર ચલ રહે હૈ જીસકો આપને અપને જીવનકા સર્વસ્વ સમજા હૈ જીસકે વિશ્વાસસે આપ સબ ધર્મોકી નિન્દાસે અપની વાણી પવિત્ર કર રહે હૈં જબ ઉસીકો વૈદિક સિદ્ધ કરનેમેં આપકો સંદેહ હૈ ઔર આપ ઉસ વિષયમેં શાસ્ત્રાર્થ કરનેસે બચતે હૈ ॥ તો ઇસસે તો સ્પષ્ટ વિદિત હોતા હૈં કિ આપકા મત કેવલ ઢોલકી પોલ હૈ દયાનન્દજીને શ્રીમદ્ભગવતકે નામસે જો પ્રલ્હાદજીકી કથા લિખી હૈ ઔર અક્રૂરજીકે વ્રજજાનેકે વિષયમેં (રથેન વાયુવેગેન જગામ ગોકલં વનમ્) યે શ્લોક લિખા હૈ યદિ આપ ઇત્યાદિ દોષોંકો શ્રીમદ્ભાગવતમેં દિખલા દેવેંગે તો હમ આપકો તથા આપકે ગુરુ દયાનન્દકો સત્ય વક્તા માન લેંગે બાકી શ્રીમહાપ્રભુ વલ્લભાચાર્યજીકા તો શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત હૈ યદિ આપકો ઉસ વિષયપર શાસ્ત્રાર્થ કરનેકી ઇચ્છા હો તો હમ તયાર હૈ। શુદ્ધાદ્વૈતકા વર્ણન અણુ ભાષ્યાદિ ગ્રંથોમેં હૈ આપકી ઇચ્છા હો તો ઉસ વિષયમેં વિચાર કીજૈ પરંતુ ઇન સબ બાતોંસે પહેલે આપકો અપનેકો વૈદિક સિદ્ધ કરના હોગા મંત્રિવર યદિ આપ કંઠીમાલા ભગવદુપાસનાદિમે વેદ વિરુદ્ધતા દિખા દેવેંગે તો હમ આ-

પકી બાત સત્ય માનેગે હમતો આપકી સભી બાતે પ્રાયઃ એસી દેખતે હૈ કિ જીનમે કોઇ ભી વેદકા પ્રમાણ નહી મિલતા યદિ આપકી ઇચ્છા હોગી તો હમ ઉન બાતોકો લિખ ભેજેંગે હમતો વેદ મન્વાદિ સ્મૃતિ ભાગવતાદિ પુરાણ ઔર ભારત રામાયણ ગ્રંથોકો પ્રમાણ માનતે હૈં ઇન્મે જો વેદ વિરૂદ્ધ અંશ હૈ સો અપ્રમાણ હૈ ઇસ લિયે હમકો સ્વમત સાધનમેં ઇન સબકા પ્રમાણ દેને ગે અધિકાર હૈ ॥ આપ કેવલ સંહિતા કોહી પ્રમાણ માન્તે હો એતદર્થ અપને મન્તવ્યો કે સિદ્ધ કરનેમેં આપ ઉસીકા પ્રમાણ દેસકતે હૈં ભાઇ હમારે યહાં કે ઉપદેશક એસે નહીં હૈ જો દશ ૨ ઔર બીશ ૨ રુપયે મહિનેપર ધર્મ બેચે એસે તો તુમારે હિ પણ્ડિત હૈ કિતને તુમારે નામી પંડિત સમાજ છોડ ૨ કર સનાતન ધર્મમેં ચલે આયે અબ આપકા ખંડન કર રહે હે શાસ્ત્રાર્થસે કોન હટતા હૈ યહ આપકા હૃદય જાનતા હોંગા ઔર પબ્લિક તો ખુબહી જાનતી હૈ સિવાય આપ સિંધ્શ દો ચાર સત્યવક્તાઓંકો છોડકર પબ્લિક તો સમાજીયો કોહિ કરાચીમેં શાસ્ત્રાર્થ ન કરનેકા દોષ દેતી હૈ ॥ આયુષ્મન્ ॥ યદિ ગંગા સ્નાનસે શુદ્ધિ નહીં હોતી તો (પાયુન્તે શુન્ધામિ) ઇસકી વ્યાખ્યા જો દયાનન્દજીને શિષ્યકે ગુપ્ત સ્થાન પવિત્ર કરનેકી લિખી હૈ ક્યા ઉસસે હોતી હૈ યદિ આપકો અપના મત વૈદિક સિદ્ધ કરનેકી શક્તિ હો તો ઇસ વિષયમેં શાસ્ત્રાર્થ કીજે નહીં તો વ્યર્થ પત્ર લિખકર હમારા સમય નષ્ટ ન કરિયે ॥ ઇતિ શમ્ ॥ સંવત્ ૧૯૬૩ માઘવદિ ૯ ગુરૌ

(આ બન્ને સહીયો વેપારીઓના અક્ષરોમાં છે.)

હીરાનંદ વેરસીમલ,
ગોવરધનદાસ વિષ્ણુદાસ.

અમા વૈષ્ણવ ભાઇયોએ ઉક્ત પત્રમાં અમારી પાસેથી ઘણા ખુલાસા માંગેલા હોવાથી, બીજે દિવસે એટલે તા૦ ૮ મીએ તેઓની સેવામાં તે પત્રનો ઉત્તર નહીં પુગાડી શકયા. કારણ કે ઉત્તર લખવામાં અત્યન્ત લંબાણુ થઇ ગઇ હતી. જેથી ત્રીજે દિવસે એટલે તા૦ ૯ મીએ સાંજે ૭ વાગે તેઓની સેવામાં નિમ્નોક્ત પત્ર મુકવામાં આવ્યો હતો.

આર્ય્ય સમાજ તરફથી લખાયલો પત્ર નં. ૫ મો.

॥ ओ३म ॥

કાર્ય્યલય આર્ય્ય સમાજ
ઠઠ્ઠા તા૦ ૯-૨-૧૯૦૭

શ્રીમાન્ શેઠ હીરાનંદ વેરસીમલજી ! નમસ્તે !

કૃપા પત્ર ૧ આપકા તા૦ ૭ રાત્રી કો આઠ બજે પ્રાપ્ત હુવા !

મિત્રવર્ય! જૈસે કિ આપ સમજતે હૈં વૈસે ઋષિ દયાનન્દને કુછ અન્ય આચાર્યોં કે સદૃશ કોઇ નવીનમત નહીં ચલાયા હૈ ! કિન્તુ ધુર્તોં કે જાલમેં ફંસે હુવે, ધર્મ કર્મસે ભ્રષ્ટ હોકર સંપ્રદાય રુપી જંજીર મેં બન્ધે હુવે, અન, ધન, આબરુ લુટને વાલે ગુરુઓં કે દાસ બને હુવે; પ્રમાદ કી નિન્દ્રા મેં પડે હુવે હમ આલસીયોં કો જગાકર, પુરાણરૂપી દીપક કો અસ્તકર વેદરુપી સૂર્યકા દર્શન કરા, વોહી શુદ્ધ સનાતન વૈદિક ધર્મકા હમે પતા બનાયા હૈ જિસકો હમારે સબ ઋષિમુની માન આયે હૈં !

મહાશયજી ! પિતૃ માતૃ ભક્તિ હમ લોગોને સ્વયં અપની ઇચ્છા સે ત્યાગ નહીં કી । કિન્તુ વહ સ્વાર્થીયોં કે બહેકાને સે સ્વયં હમારી સેવા અંગીકાર નહીં કરતે હૈ । શિશ્નોદર પરાયણ,

પરોક્ષફલદર્શક શ્રૃગાલગણ ઔર ઉચ્છિષ્ટ ભોજી પેટાર્થી કૌવોને ઉ-નોકો યોંહી સમજા દિયા હૈ કિ જો લડકા પિતાકે દેહાન્ત પશ્ચાત ઉ-નકા મૃતક શ્રાદ્ધાદિ નહીં કરતા—વા યોં કહીયે કિ બ્રાહ્મણોં કે પેટ-મેં હરામ કા ભુકમાં નહીં ડાલતા વહ ત્યાગને યોગ્ય હૈ! બસ, શે-ઠજી! યહી કારણ હૈ કિ જિસકે લિયે હમ પિતા પુત્રોં મેં વૈમન-સ્ય બઢા હૈ!

અબ રહીયહ બાત કિ હમકો અપને જ્ઞાતિકે પુષ્ટિ માર્ગીય લોગોં કે પ્રતિકૂલ ક્યોં હોના પડા! ઔર આર્ય્ય સમાજ કો ક્યોં અપના સર્વસ્વ માનના પડા! ઉસકા કારણ સુન લીજિયે! કિ હમ-ને વહાં ક્યા દેખા? ઔર યહાં ક્યા દેખા? જિસ લિયે હમેં પૌરા-ણિક ધર્મ છોડના પડા!

વહાં જબ કેવલ વેદરૂપી ઇશ્વરીય વાકય હી પ્રમાણ ભુત માને જાતે હૈ, તબ વહાં સેંકડો નહીં પ્રત્યુત હજારો નએ નએ ગ્રંથ મા-ને જાતે હૈ—કિ જિસમે ગપ્પ પુરાણ, ચૌરાસી વૈષ્ણવોકી વાર્તા, દ્વાદશ કુન્જ, રહસ્ય ભાવનાદિ સબકા સમાવેશ હો જાતા હૈ।

